શ્રીઆગમોદયસમિતિગ્રન્થોદ્ધારે ગ્રન્થાઙ્ક ૫૨

શ્રીબપ્પભટ્ટિસૂરિવર્યવિરચિત

ચતુર્વિંશતિકા

(સચિત્ર.)

શ્રીશારદા-સ્તોત્ર તથા શ્રીબપ્પભટ્ટિસૂરિચરિત્ર

સહિત.

અનુવાદક

પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા,

એમ. એ.

श्रीबप्पभट्टिसूरिवर्यविरचिता

पूर्वमुनिवर्यप्रणीतटीकायुता

चतुर्विंशतिका ।

श्रीबप्पभट्टिसूरिवरकृतश्रीशारदास्तोत्र-श्रीराजशेखरसूरीशविरचित-
श्रीबप्पभट्टिसूरिवर्यचरितरूपपरिशिष्टद्वयसमलङ्कृता

कापडियेत्युपाह्वश्रीरसिकदासतनुजनुषा एम्. ए.
इत्युपाधिविभूषितेन हीरालालेन

गुर्जरभाषानुवाद-विवरणपरिष्कृता संशोधिता च ।

प्रकाशयित्री—

शाह वेणीचन्द्र सूरचन्द्रद्वारा श्रीआगमोदयसमितिः ।

मुद्रितं—

मोहमय्यां निर्णयसागरमुद्रणालये रा० रा० रामचन्द्र येसू शेडगेद्वारा ।

प्रथमसंस्करणे प्रतयः १२५० ।

विक्रमसंवत् १९८२]　　वीरसंवत् २४५२　　[इ. स. १९२६

पण्यं रूप्यकषट्कम् ।

Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya Sagar
Press, 26–28 Kolbhat Lane, Bombay.

Published by Shah Venichand Surchand for S'ri Agamodaya Samiti
at the office of Sheth Devchand Lalbhai Jain Pustakoddhar
Fund, 114/116, Javeri Bazar, Bombay.

श्रीबप्पभट्टिसूरिवर्यविरचित

ચતુર્વિંશતિકા

(સટીક)

તેમજ પરિશિષ્ટ તરીકે

શ્રીબપ્પભટ્ટિસૂરિકૃત શારદા–સ્તોત્ર અને શ્રીરાજશેખરસૂરિકૃત શ્રીબપ્પભટ્ટિસૂરિચરિત્ર.

સંશોધન, ભાષાન્તર તથા વિવેચન કરનાર

પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.,

ન્યાયકુસુમાંજલિ, શૃંગારવૈરાગ્યતરંગિણી વિગેરેના અનુવાદક.

પ્રસિદ્ધિકર્તા

શાહ વેણીચંદ સૂરચંદ,

સેક્રેટરી, શ્રીમતી આગમોદય સમિતિ, મુંબાઈ.

પ્રથમ આવૃત્તિ—પ્રત ૧૨૫૦.

વિક્રમ સંવત ૧૯૮૨. વીર સંવત્ ૨૪૫૨. ઈ. સ. ૧૯૨૬.

મૂલ્ય રૂ. ૬-૦-૦.

શાહ વેણીચંદ સૂરચંદે શ્રીમતી આગમોદય સમિતિ માટે
નં. ૧૧૪/૧૧૬ જવેરી બજાર, મુંબાઈની શેઠ દેવચંદ
લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડની
ઑફીસમાંથી પ્રસિદ્ધ કર્યું.

વિષયાનુક્રમણિકા.

શ્રીમદ્ વિજયસિદ્ધિસૂરીશ્વરના પટ્ટધર શ્રીવિજયમેઘસૂરિજીનો

અભિપ્રાય.

શોભન-સ્તુતિની માફક આ સ્તુતિમાં પણ છેક ભાષાંતર અને વિવેચન સુધીનાં સ્તુતિનાં પ્રત્યેક અંગો બહુ સારી રીતે ગોઠવવામાં આવ્યાં છે. આ પુસ્તક પણ જનતાને તેવુંજ ઉપકારક થઇ પડે એ સંભવિત છે.

આવા અણમૂલા પ્રાચીન સાહિત્યના વિકાશ માટે આ સંસ્થાના ઉમંગી કાર્યવાહક ઝવેરી જીવણભાઇએ પ્રાચીન ભંડારોમાંથી સ્તુતિઓની મૂળ ટીકા તેમજ અવચૂરિની પ્રતો એકઠી કરી જે પ્રયત્ન ઉઠાવ્યો છે તે પ્રશંસાપાત્ર છે તેમજ સ્તુતિનો અન્વય, શબ્દ-કોષ, ગુજરાતી ભાષાંતર અને વિવેચન વિગેરે તૈયાર કરવામાં તથા તેમનાં પ્રત્યેક અંગોને સુઘટિત રીતે ગોઠવવામાં સાહિત્ય-રસિક શા. હીરાલાલ રસિકદાસનો પ્રયત્ન પણ પ્રશંસનીય છે.

શ્રીપુર
વિ. સં. ૧૯૮૨,
જ્યેષ્ઠ શુક્લ ૬.

લિ० મેઘવિજય.

श्री [illegible] नमः

આમુખ

શ્રીમહાવીર પ્રભુએ પ્રરૂપેલા જૈન સિદ્ધાંતોને લોકના કલ્યાણાર્થે પ્રખર પ્રતિભાશાલી ગણધર મહારાજાઓએ આગમરૂપે ગુંથ્યા હતા અને તેને પૂર્વાચાર્યોએ બાળજીવોના બોધને માટે સંસ્કૃત ભાષામાં ટીકા, ટિપ્પણ અને અવચૂરિ આદિથી વિભૂષિત કર્યા હતા.

આવા જૈન સાહિત્યને (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) કથાનુયોગ એમ ચાર વિભાગમાં વિભક્ત કરવામાં આવ્યા છે, પરંતુ આ પ્રૌઢ વિષયોના મહાન્ ગ્રન્થોનો અભ્યાસ કરવાનો સમય દરેક જીવને ઓછો રહેતો હોવાથી અલ્પાંશે પણ તેનો બોધ સામાન્ય જીવને થાય તેવા હેતુથી સ્તોત્રો, સ્તવનો અને સ્તુતિઓ જૂદા જૂદા વિષયો યુક્ત મુનિવર્યોએ રચ્યાં છે.

આવા હેતુપૂર્વક શ્રીમદ્ બપ્પભટ્ટિ સૂરિરાજે આ ચતુર્વિંશતિકા સ્તુતિરૂપે રચી છે, જે પૂર્વમુનિવર્યકૃત અવચૂરિસહિત જૈન શ્રેયસ્કર મંડળ, મ્હેસાણા તરફથી પ્રસિદ્ધ થઇ હતી. પરન્તુ તેને આ રૂપે બહાર મૂકવાની પહેલી તક અમને મળી છે, તેથી અમોને આનંદ થાય છે. આ પુસ્તક તૈયાર કરવામાં જૈન શ્રેયસ્કર મંડળ–મહેસાણાના સેક્રેટરી શેઠ વેણીચંદ સૂરચંદે પોતાના તરફથી પ્રસિદ્ધ થયેલા પુસ્તકનો ઉપયોગ કરવા રજા આપી હતી તેથી તેઓનો અત્રે ઉપકાર માનીએ છિયે. વળી જૈનાનન્દપુસ્તકાલય, સુરતના કાર્યવાહકો તરફથી મળેલી પ્રતિઓ બદલ તેમનો તથા અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારના કાર્યવાહકો તરફથી મળેલી પ્રતિ બદલ તેમનો પણ આભાર માનીએ છિયે. સંશોધનાદિ કાર્યમાં મદદ કરવા માટે આગમોદ્ધારક શ્રીમદ્ આનંદસાગરસૂરિના તથા પંન્યાસ શ્રીક્ષાન્તિવિજયના તથા મુનિરાજ શ્રીમાણિક્યસાગરના અમો અત્યન્ત ઋણી છિયે.

અમે સોળ વિદ્યા–દેવીઓ તેમજ ચોવીસ શાસન–દેવીઓ તથા બ્રહ્મશાન્તિ યક્ષ વિગેરેની પ્રતિકૃતિઓ ભગવાન્ શ્રીપાદલિપ્તસૂરીશ્વરપ્રણીત શ્રીનિર્વાણ–કલિકાના આધારે આલેખાવવા પ્રયત્ન સેવ્યો છે. એમાંથી જેટલી પ્રતિકૃતિઓ આ ગ્રન્થમાં આપવાનું બની શક્યું છે તેટલાનું એક સૂચી–પત્ર ૧૧મા પૃષ્ઠ ઉપર આપ્યું છે.

જે પ્રતિકૃતિઓ અત્ર આપવામાં આવી છે તે જૈનશાસનાનુરાગી દેવ–દેવીઓની હોવાથી જૈનો તેઓ પ્રત્યે બહુમાન ધરાવે એ સ્વાભાવિક છે અને જૈનો આવી પ્રતિકૃતિની આશાતના

ન થવા દે એ પણ સ્વાભાવિકજ છે. પરંતુ અન્યમતાવલંબીઓને પણ અમારી એ વિજ્ઞપ્તિ છે કે તેઓ પણ આ પ્રતિકૃતિઓ તરફ યોગ્ય સદ્ભાવ ધારણ કરશે, જેથી ભવિષ્યમાં આવી પ્રતિકૃતિઓ વગેરે પ્રસિદ્ધ કરતી વેલાએ અમારે સંકોચ રાખવો પડે નહિ.

આ સર્વ પ્રતિકૃતિઓને લગતો સર્વ પ્રકારનો હક્ક અમોએ આધીન રાખેલો છે તેથી વાંચક-વર્ગનું આ તરફ ફરીથી ધ્યાન ખેંચીએ છિએ.

આ અમૂલ્ય ગ્રંથનું સંશોધનાદિક કાર્ય સુરતવાસ્તવ્ય, પરમ જૈનધર્માવલંબી તેમજ સ્વર્ગસ્થ શ્રીમદ્‌વિજયાનન્દસૂરીશ્વર (આત્મારામજી મહારાજ) અને તેમના સ્વ૦ પ્રશિષ્ય મુનિરાજ શ્રીહર્ષવિજયને ગુરૂ તરીકે પૂજનારા અને તેઓશ્રીના પાદસેવનથી જૈનધર્મના તીવ્ર અનુરાગી બનેલા સ્વર્ગસ્થ રા. રસિકદાસ વરજદાસ કાપડિયાના જ્યેષ્ઠ પુત્ર પ્રોફેસર હીરાલાલ રસિકદાસ એમ. એ. દ્વારા કરાવવામાં આવ્યું છે. એઓએ પ્રસ્તાવના અને ઉપોદ્‌ઘાતમાં કર્ત્તાના જીવન વગેરેના સંબંધમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે તત્સંબંધે અત્રે લખવું અમે ઉચિત ધારતા નથી.

આગમોદયસમિતિ દ્વારા અત્યાર સુધીમાં મોટે ભાગે મૂલ ગ્રંથો બહાર પડતા હતા. પરંતુ સં૦ ૧૯૭૮ ની રતલામની સભામાં ભાષાન્તર આદિ છપાવવાનો ઠરાવ થયેલો હોવાથી તદનુસાર અમે વિશેષાવશ્યક ભાષાંતરનો ૧ લો ભાગ બહાર પાડ્યો હતો, જેનો ૨ જો ભાગ પણ અમે થોડા સમયમાં બહાર પાડવાના છિયે.

વિશેષાવશ્યકનું ભાષાંતર માત્ર ભાષાંતર તરીકેજ બહાર પાડવાનું બની શક્યું હતું, જ્યારે આ ગ્રંથ જૈન તેમજ જૈનેતર બંનેને અતિ ઉપયોગી થાય તેવી રીતે તૈયાર કરાવવામાં આવ્યો છે.

સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને સુગમતા થઇ પડે તેટલા માટે અન્વય, શબ્દાર્થ અને સમાસ-વિગ્રહ તેમજ જિનસિદ્ધાંતોથી અપરિચિત વર્ગને તે સમજવામાં સરલતા થાય તેટલા માટે સ્પષ્ટીકરણ બનતી કાળજી પૂર્વક તૈયાર કરાવ્યાં છે.

અમારા પ્રયાસની સફળતા પાઠક-વર્ગની પસંદગી ઉપર તેમજ આ ગ્રન્થના લેવાતા લાભ ઉપર રહેલી હોવાથી આ સંબંધે વિશેષ નિવેદન કરવાનું બાકી રહેતું નથી. પરંતુ જો આ પદ્ધતિ વિશેષ ઉપયોગી માલૂમ પડશે તો ભવિષ્યમાં આવી પદ્ધતિથીજ ગ્રંથો બહાર પાડવા અમારી પ્રબળ ઇચ્છા છે.

આવા ગ્રન્થો સંબંધે કાંઇ ન્યૂનતા આદિ માલૂમ પડે, તેમજ બીજી કાંઇ વિશેષ માહિતી દાખલ કરવાની રહી ગયેલી માલૂમ પડે તેમજ અન્ય પણ કાંઇ સૂચના કરવાની યોગ્ય લાગે તે જો પાઠકવર્ગ તરફથી અમને જણાવવામાં આવશે તો ભવિષ્યના ગ્રંથોમાં તેવો સુધારો કરવા અવશ્ય બનતું કરીશું. વિશેષમાં આ ચતુર્વિંશતિકાની સહદેવકૃત ટીકાની પ્રતિ જેમની પાસે હોય અગર ક્યાં છે તેની માહિતી હોય તે અમને જણાવવામાં આવેથી તે પણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન સેવવામાં આવશે.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલા આગમાદિ ગ્રન્થોને સુપરરૉયલ સાઇઝમાં ૧૨ પૈજી પોથી આકારે બહાર પાડવામાં આવે છે, જ્યારે **વિચારસાર–પ્રકરણ**ને ડેમી ૮ પૈજી પુસ્તક આકારે અને **વિશેષાવશ્યક** ભાષાંતરને સુપરરૉયલ સાઇઝમાં ૮ પૈજી પુસ્તકાકારે અને અંગ્રેજી ગ્રંથો ક્રાઉન ૧૬ પૈજી પુસ્તકાકારે બહાર પાડવામાં આવ્યા છે. આ ગ્રંથને ક્રાઉન ૮ પૈજી સાઇઝમાં પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને એને માટે ૪૮ રતલી ક્રોક્ષલી લાયન લેજર (Croxley Lion Ledger) જાતના કાગળો વાપરવામાં આવ્યા છે.

જે **આગમોદય સમિતિ** દ્વારા અપૂર્વ ગ્રન્થો બહાર પડ્યા છે તેનો સામાન્ય ઇતિહાસ આપવો એ અસ્થાને લેખાશે નહિ.

સ્થાપના—

આ સંસ્થાની સ્થાપના અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના **ભોયણી** ગામમાં સંવત્ ૧૯૭૧ના મહા શુદ ૧૦ (ઇ. સ. ૧૯૧૫ ની જાન્યુઆરીની ૨૫ મી તારીખ) ને સોમવારે કરવામાં આવી છે. આ **ભોયણી** ગામની ખ્યાતિ જૈનોના ઇતિહાસમાં ઘણી મશહુર છે, કારણકે આ ગામ ૧૯મા તીર્થંકર શ્રી**મલ્લિનાથ**ની યાત્રાનું ધામ છે. પંન્યાસ શ્રી**આનંદસાગર** (આગમોધારક શ્રી**આનંદસાગરસૂરીશ્વર**)ની સૂચનાથી સ્વર્ગસ્થ પંન્યાસ **શ્રીમણિવિજય**, પંન્યાસ શ્રીમેઘવિજય (આચાર્ય શ્રીવિજયમેઘસૂરિ) અને બીજા પ્રસિદ્ધ જૈન સાધુઓ અને ગૃહસ્થોની હાજરીમાં આની સ્થાપના કરવામાં આવી હતી.

ઉદ્દેશ—

(૧) ગીતાર્થ મુનિરાજ પાસેથી અન્ય મુનિવર્યો આગમોની વાચના લઇ તેનો અભ્યાસ કરી યથાર્થ સદ્‌બોધ મેળવે તથા (૨) વિદ્વાન્ મુનિરાજોની દૃષ્ટિ હેઠળ શોધાવીને જોઇતી સંખ્યામાં શુદ્ધ પ્રતો છપાવી તેનો પ્રચાર કરી શકાય એ ઉદ્દેશ લક્ષ્યમાં રાખીને આ સંસ્થા સ્થાપવામાં આવી છે.

કાર્ય–સિદ્ધિ—

પહેલા હેતુની પૂર્ત્તિ કરવા માટે પાટણ (ઉત્તર ગુજરાત), (ખેડા જીલ્લામાં) કપડવંજ, અમદાવાદ, સુરત, પાલીતાણા અને (માળવામાં) રતલામ આગમોની વાચનાનો પ્રબંધ યોજવામાં આવ્યો હતો આનો લાભ ઘણાં સાધુ–સાધ્વીઓએ લીધો હતો. બીજા હેતુની પૂર્ણતા માટે આ સંસ્થાએ આગમ વગેરે જૈન ધર્મનાં પુસ્તકો છપાવી બહાર પાડ્યાં છે, જેની વિગત અંતમાં (જાહેરાતમાં) રજુ કરવામાં આવી છે.

કાર્યવાહક મંડળ—

આ સંસ્થાના સર્વસાધારણ મંડળમાં ઘણા સભાસદો છે, તેમાં કાર્યવાહક મંડળના સભાસદો નીચે મુજબ છે.

૧.	શેઠ વેણીચંદ સુરચંદ	મેસાણા
૨.	,, મણીલાલ સુરજમલ જવેરી	પાલણપુર
૩.	,, [1]હીરાલાલ બકોરદાસ	રાધનપુર
૪.	,, ભોગીલાલ હાલાભાઈ	પાટણ
૫.	,, કુંવરજી આણંદજી કાપડિયા	ભાવનગર
૬.	,, ચુનીલાલ છગનલાલ શ્રૉફ	સુરત
૭.	,, કમળશીભાઇ ગુલાબચંદ	રાધનપુર
૮.	,, જીવણચંદ સાકરચંદ જવેરી	મુંબાઇ

કાર્યાલય—

થોડા વખત સુધી આ સંસ્થાની ઑફીસ જ્યાં આગમ વાચનાનું કાર્ય થતું હતું ત્યાં રાખવામાં આવતી હતી ને જરૂર પ્રમાણે બીજે સ્થળે સગવડ માટે ફેરવવામાં આવતી હતી. હમણાં આ સંસ્થાની મુખ્ય ઑફીસ મુંબાઈ જવેરી બજાર નં. ૧૧૪/૧૧૬ના મકાનમાં રાખવામાં આવેલી છે, જ્યારે આ સંસ્થાની ગ્રન્થોના વેચાણ માટેની શાખા સુરત ગોપીપુરા શેઠ દેવચંદ લાલભાઈની ધર્મશાળામાં રાખેલી છે.

અક્ષયતૃતીયા
વિક્રમ સંવત્ ૧૯૮૨.

જીવણચંદ સાકરચંદ જવેરી.
માનદ સેક્રેટરી.

---

૧ શ્રીયુત હીરાલાલ બકોરદાસના થયેલા અચાનક અવસાનની નોંધ લેતાં અમોને અત્યંત દિલગીરી થાય છે. અમે એઓશ્રીના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાન્તિ અર્પે એવું ઇચ્છીએ છિયે.

૧૪૦૭૭

પ્રતિકૃતિઓનું સૂચી-પત્ર

અંક	પ્રતિકૃતિ	
૧	શ્રુત-દેવતા	
૨	રોહિણી	(વિદ્યા-દેવી)
૩	પ્રજ્ઞપ્તિ	,,
૪	વજ્રશૃંખલા	,,
૫	વજ્રાંકુશી	,,
૬	અપ્રતિચક્રા	,,
૭	કાલી	,,
૮	માનવી	,,
૯	પુરૂષદત્તા	,,
૧૦	મહાકાલી	,,
૧૧	ગૌરી	,,
૧૨	ગાન્ધારી	,,
૧૩	માનસી	,,
૧૪	મહામાનસી	,,
૧૫	વૈરોટ્યા	,,
૧૬	અચ્છુપ્તા	,,
૧૭	અમ્બા	(શાસન-દેવી)



સમર્પણ.

શાન્તમૂર્ત્તિ વયોવૃદ્ધ દક્ષિણવિહારી મુનિરાજ શ્રી ૧૦૮

શ્રીઅમરવિજયજી,

ભરૂચ.

પ્રાચીન ગ્રન્થોના સંશોધનાદિ કાર્યમાં આપ તરફથી જે અમૂલ્ય સહાયતા
મળતી રહી છે તેના યત્કિંચિત્ સ્મરણ–ચિહ્ન તરીકે આ
ગ્રન્થ–રત્ન આપની અનુજ્ઞા વિના આપના કરકમળમાં
સમર્પી અંશતઃ કૃતાર્થ થવા અભિલાષા
રાખીએ છિયે.

જ્ઞાનપંચમી, રવિવાર,
વિ. સં. ૧૯૮૪.
મુંબઈ,
તા. ૩૦–૧૦–૨૭.

જીવણચંદ સાકરચંદ જવેરી
તથા
શ્રીઆગમોદય સમિતિના અન્ય માનદ મંત્રીઓ.

दक्षिणविहारी श्रीअमरविजयजी.



जन्म वि. सं. १९१५ फागण शुद पूनम, डभोइ.

दीक्षा वि. सं. १९३८ वैशाख शुद बीज, लुधिआना (पंजाब).

समर्पणम् ।

सुगृहीतनामधेयाः शान्तमूर्त्तयः वयोवृद्धा दक्षिणविहारिणः श्री १०८–

श्रीअमरविजयमुनिपुङ्गवाः !

प्राचीनग्रन्थसंशोधन-मुद्रणादिपुण्यकर्मणीह कृपापीयूषरसपेशलया भवदीयचक्षुषाऽनवरतं प्रापिताः स्मः साहाय्यतामभूल्याम्, तदीय-यत्किञ्चित्स्मृतिचिह्नरूपं ग्रन्थरत्नमिदं भवदीयाऽऽदेश-मन्तरेणाऽपि समर्प्य भवत्करकिशलयेऽशतः कृतार्थीभावमभिलषामो वयम् ।

सौभाग्यपञ्चम्याम्
१९८४ तमे विक्रमाब्दे.
मोहमयीनगर्याम्.

साकरचन्द्राऽऽत्मजजीवनचन्द्रादयः
श्रीआगमोदयसमितिकार्यवाहकाः.

પ્રસ્તાવના

શ્રીમાન્ **બપ્પભટ્ટિસૂરિ**કૃત આ **ચતુર્વિંશતિકા**ના ભાષાન્તરાદિકનો પ્રારમ્ભ ઇ. સ. ૧૯૨૩ ના ઉનાળાની રજા દરમ્યાન કરવામાં આવ્યો હતો, જોકે એ કાર્ય એ રજા પૂરી થયા બાદ પણ ચાલૂ રાખવામાં આવ્યું હતું. **વિલ્સન** પાઠશાળામાં ગણિત શીખવવાને લગતું મારૂં કાર્ય કરવા ઉપરાંત જે સમય મને મળતો હતો, તેનો ઉપયોગ ઘણે ભાગે આવા કાર્ય પરત્વે કરવામાં આવતો હતો.

આ ગ્રન્થમાં **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની જેમ પદચ્છેદાત્મક અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને શબ્દ-કોષ આપવામા આવ્યા છે, તેથી તે વિદ્યાર્થી-વર્ગને અભ્યાસ કરવામાં અનુકૂળ થઇ પડશે એવી આશા રાખવામાં આવે છે. વિશેષમાં આ કાવ્યની ટીકા પણ આ સાથે આપવામાં આવી છે, તેથી વિશેષ સુગમતા થવા સંભવ છે. આ ઉપરાંત જ્યાં જે વિષય સંબંધી સ્પષ્ટીકરણ કરવું ઉચિત લાગ્યું તેમ ત્યાં કરવામાં આવ્યું છે, પરંતુ કેટલાક વિષયોનું વિવેચન **સ્તુતિ-ચતુર્વિંશતિકા**માં કરેલું હોવાથી પુનરૂક્તિ થાય તેટલા માટે તે અત્ર આપવામાં આવ્યું નથી.

પ્રસંગાનુસાર શ્રીજિનપ્રભસૂરિકૃત **પાર્શ્વજિનસ્તોત્ર**, ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમાન્ **યશોવિજયે** રચેલ **આદિજિનસ્તવન** અને ઉપાધ્યાય શ્રી**વિનયવિજયે** રચેલ **ઋષભજિનસ્તવન**, પૂર્વમુનિવર્યકૃત [1]**અમ્બિકા-દેવી-કલ્પ** તેમજ શ્રીમદ્**બપ્પભટ્ટિસૂરિ**કૃત [2]**સરસ્વતીસ્તોત્ર** ભાષાંતર સહિત આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત આ કવીશ્વરનું ગદ્યમાં રચાયેલું ચરિત્ર (શ્રી**બપ્પભટ્ટિસૂરિચરિત**) પણ આપવામાં આવ્યું છે, એ અત્ર વિશેષતા છે.

---

૧ આની સંસ્કૃત છાયા આગમોદ્ધારક જૈનાચાર્ય **સાગરાનંદસૂરિ**જીએ તૈયાર કરી આપી હતી.

૨ મેં આ સ્તોત્રની પ્રત મેળવવા બહુ પ્રયાસ કર્યો હતો. એની એક પ્રત **રૉયલ એશિયાટિક સોસાયટી** (બૉમ્બે બ્રાન્ચ)ના પુસ્તકાલયમાં છે એવી ખબર મળતાં મેં ત્યાં તપાસ કરી, પરંતુ તે પ્રત ત્યાં છે એમ ઉલ્લેખ હોવા છતાં મળી નહિ. અહીંઆ તપાસ કરી તે પૂર્વે પ્રત માટે એક વાર **જૈનાનન્દ-પુસ્તકાલય** (સુરત)ના કાર્યવાહક ઉપર શ્રીયુત **જીવણચંદ સાકરચંદ ઝવેરી** દ્વારા પત્ર લખાવી પૂછાવ્યું હતું, પરંતુ પ્રત જડતી નથી એવો ત્યાંથી પ્રત્યુત્તર મળ્યો. આથી કરીને મેં ઉપર્યુક્ત સોસાયટીમાં ફરીથી તપાસ કરાવી અને સાથે સાથે એ સંબંધમાં આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી**સાગરાનંદસૂરિ**ને પૂછાવ્યું. તેમની સૂચનાનુસાર મેં **જૈનાનન્દપુસ્તકાલય**ના કાર્યવાહકને પત્ર લખ્યો એટલે તે પ્રત વિના વિલંબે મારા ઉપર તેમણે મોકલી આપી. આ પ્રત મળ્યા બાદ આ સ્તોત્ર વાંચતાં મને યાદ આવ્યું કે આ સ્તોત્ર તો મેં **જૈનસ્તોત્રસંગ્રહ**ના પ્રથમ ભાગમાં વાંચ્યું છે. ત્યાં એ સ્તોત્રનું **અનુભૂતસિદ્ધસારસ્વતસ્તવ** એવું નામ આપવામાં આવ્યું છે, પરંતુ ત્યાં તેના કર્તાના નામનો નિર્દેશ કરવામાં આવ્યો નથી એ વિચારણીય છે.

આ ચતુર્વિંશતિકા ઉપર કોઇએ અત્ર આપેલી કર્તાના નામ વિનાની ટીકા ઉપરાંત અન્ય કોઇ વૃત્તિ કે અવચૂરિ લખી છે કે નહિ એના ઉત્તર તરીકે નિવેદન કરવાનું કે આ કાવ્યને લગતી એક અવચૂરિનો પૂર્વાર્ધ મને અમદાવાદના ડહેલાના ભંડારમાંથી વર્ષા ઋતુ બેઠી તેવામાં મળી આવ્યો હતો. પરંતુ ચોમાસા દરમ્યાન ઉત્તરાર્દ્ધ નહિ મળી શકવાથી હું અહિંઆ આના કર્તાના નામનો ઉલ્લેખ કરી શકતો નથી.

આ કાવ્યને લગતી બીજી કોઇ અવચૂરિ હોય તો તે મારા જોવામાં આવી નથી. પરંતુ આ કાવ્ય ઉપર સહદેવે ૭૩૫ શ્લોક જેટલા પ્રમાણની એક વૃત્તિ રચી છે એમ જૈનગ્રન્થાવલી (પૃ૦ ૨૮૪) ઉપરથી જોઇ શકાય છે. મેં આ પ્રત મેળવવા ઘણે સ્થલે તપાસ કરાવી, પરંતુ તેમાં મને સફળતા મળી નથી.

આ ગ્રન્થના સંશોધનાર્થે શ્રીજૈનશ્રેયસ્કર મંડળ (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલા સ્તુતિ–સંગ્રહનો તેમજ જૈનાનન્દપુસ્તકાલય તરફથી મળેલી હસ્ત–લિખિત [1]પ્રતનો, સરસ્વતી–સ્તોત્રને સારૂ જૈનાનન્દપુસ્તકાલયમાંથી મળેલી [2]પ્રતનો, અનુયોગાચાર્ય (પં૦) શ્રીક્ષાન્તિવિજયે કોઇ પ્રત ઉપરથી કરેલા [3]ઉતારાનો અને [4]જૈનસ્તોત્રસંગ્રહનો અને શ્રીબપ્પભટ્ટિસૂરિચરિતને માટે અમદાવાદના ડહેલાના ભંડારમાંથી મળેલી [5]પ્રતનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

એ પણ નિવેદન કરવું આવશ્યક સમજાય છે કે મેં આ પુસ્તકની પ્રેસ–કૉપી તૈયાર કરીને મુનિરાજ માણિક્યસાગરજી ઉપર મોકલી આપી હતી. તેઓશ્રી આ સાદ્યન્ત તપાસી ગયા હતા. આ કાર્ય માટે તેમનો તેમજ પહેલી વારનું પ્રુફ તપાસવામાં મને સહાય કરવા બદલ આનન્દસાગરસૂરિજીનો હું અત્ર ઉપકાર માનું છું. વળી બીજી વારનું પ્રુફ જોઇ આપવાની ઉદારતા પન્યાસ શ્રીક્ષાન્તિવિજયે દર્શાવી હતી, તદર્થે હું તેમનો પણ ઋણી છું. વિશેષમાં, જોકે સમસ્ત પ્રુફો હું જાતે જોતો હતો છતાં છેવટનું પ્રુફ જોઇ જવાના કાર્યમાં મારા લઘુ બન્ધુ પ્રો૦ મણીલાલ તરફથી પણ મને મદદ મળતી

---

૧ અત્ર એ ઉમેરવું આવશ્યક છે કે લગભગ આ પુસ્તક પૂરૂં થવા આવ્યું હતું તેવામાં આ પ્રત મને મળી હતી, તેથી શુદ્ધિપત્ર તૈયાર કરવામાં તેમજ પાઠાન્તરો આપવામાં મેં એનો ઉપયોગ કર્યો છે. આ ચાર પત્રવાળી પંચપાઠી પ્રત છે અને તે સં૦ ૧૫૨૧ માં લખાયેલી છે, એમ તેની નીચે મુજબની—

"संवत् १५२१ वर्षे प्रथम वैशाख सुद १० शनौ श्री[illegible]"

—પંક્તિ ઉપરથી જોઇ શકાય છે.

૨-૪ આ ત્રણને સારૂ અનુક્રમે क, ख અને ग સંજ્ઞા રાખી છે.

૫ આ પ્રત જોઇએ તેવી શુદ્ધ નહિ હોવાથી તેની બીજી પ્રત લીંબડીના ભંડારમાંથી મેળવવા મેં પ્રયાસ કર્યો, પરંતુ હજી સુધી તે મને મળી નથી. વિશેષમાં આ પ્રતમાં કેટલેક સ્થલે અક્ષરો પણ છેકાઇ ગયેલા હતા એટલે જો સાગરાનંદસૂરિજીએ પ્રેસ–કૉપીનું સંશોધન કરવામાં મને સહાય ન કરી હોત તો આ કાર્ય કરવું મુશ્કેલ થઇ પડત.

હતી. આ ઉપરાંત મારે એ પણ ઉમેરવું જોઇએ કે શ્રીમાન્ વિજયમેઘસૂરિએ આ ગ્રન્થનું શુદ્ધિપત્ર તૈયાર કરવામાં મને સહાય કરી છે તે બદ્દલ હું તેમનો પણ આભારી છું.

આ પ્રમાણે આ ગ્રન્થમાં જેમ બને તેમ અશુદ્ધિ ઓછી રહે તે સારૂ તેમજ સંસ્કૃતના અલ્પ અભ્યાસીને તેમજ પાઠ્ય-પુસ્તક તરીકે આનો ઉપયોગ કરનારને પણ અનુકૂળતા કરી આપવા માટે મેં બનતો પ્રયાસ કર્યો છે. આ કાર્યમાં હું કેટલે અંશે ફળીભૂત થયો છું તે સૂચન કરવાનું કાર્ય મારૂં નથી. એથી કરીને મારા કાર્યમાં દૃષ્ટિ-દોષ કે મતિ-દોષને લઇને જે અપૂર્ણતા દૃષ્ટિ-ગોચર થાય, તેથી આ કવિરાજની કૃતિની કીંમત ઓછી ન આંકવી એટલી પાઠક-વર્ગને અંતમાં વિજ્ઞપ્તિ કરતો હું વિરમું છું.

ભુલેશ્વર, મુંબઇ,
વીર સંવત્ ૨૪૫૧.
આષાઢ કૃષ્ણ એકાદશી.

હીરાલાલ રસિકદાસ કાપડિયા.

ઉપોદ્ઘાત

ચતુર્વિંશતિકાને લગતી થોડીક માહિતી પ્રસ્તાવનામાંથી મળી શકતી હોવાથી આ ઉપોદ્ઘાતના પ્રારમ્ભમાં પ્રથમ શેનો ઉલ્લેખ કરવો વાસ્તવિક ગણાય એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આવી પરિસ્થિતિમાં **સરસ્વતી**ના વરદાનથી વિભૂષિત, વાદીરૂપ કુંજરને પરાસ્ત કરવામાં કેસરીના સમાન તેમજ ખાસ કરીને **આમ** નૃપતિને પ્રતિબોધ પમાડનારા તથા મંગલ–મૂર્ત્તિ એવા આ કાવ્યના કર્તા **શ્રીબપ્પભટ્ટિસૂરિ**નું જીવન–વૃત્તાન્ત રજુ કરવામાં આવે છે. આ સૂરિવરના ચરિત્ર ઉપર શ્રીચન્દ્રપ્રભસૂરિકૃત **પ્રભાવક–ચરિત્ર**માંનો **શ્રીબપ્પભટ્ટિ–પ્રબન્ધ**, આ ગ્રન્થના અન્તમાં આપેલું **શ્રીબપ્પભટ્ટિસૂરિચરિત**, શ્રીવિજયલક્ષ્મીસૂરિકૃત **ઉપદેશ–પ્રાસાદ**નો પ્રથમ વિભાગ તેમજ શ્રીમુનિસુન્દરસૂરિકૃત સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત એવો **ઉપદેશ–રત્નાકર** (પત્રાંક ૫૫–૬૦) એ ગ્રન્થો ઓછો વત્તો પ્રકાશ પાડે છે.

શ્રીબપ્પભટ્ટિસૂરિજીનું જીવન–વૃત્તાન્ત—

શ્રીબપ્પભટ્ટિના પિતાશ્રીનું નામ **બપ્પ** હતું, જ્યારે તેમની માતુશ્રીનું નામ **ભટ્ટિ** હતું. તેઓ જાતના ક્ષત્રિય હતા અને **પંચાલ** દેશમાં આવેલા [1]**દ્રમ્બાઉધી** નગરમાં વસતા હતા. તેમનો જન્મ વિ૦ સં૦ ૮૦૦ માં થયો હતો. શ્રીબપ્પભટ્ટિસૂરિ ૭ વર્ષની ઉમરના થયા, ત્યારે એક એવો પ્રસંગ બન્યો કે તેઓ તેમના પિતાશ્રીના શત્રુઓને મારવા જવાને તૈયાર થયા; તે વખતે આ સૂરિજી કે જેમનું જન્મ-નામ **સૂરપાલ** હતું તેમને તેમના પિતાશ્રીએ વાત્સલ્યભાવને લઇને રોક્યા. મારા પિતાશ્રી પોતે પણ શત્રુનો સંહાર કરવા તૈયાર થતા નથી અને ઉલટા મને રોકે છે એમ વિચારી રીસાઇને કોઇને પણ કશું કહાવ્યા વિના **સૂરપાલ** ત્યાંથી ચાલી નીકળ્યા અને **મોઢેરક** ગામમાં જૈનાલયમાં આવ્યા. ત્યાં **શ્રીવીરસ્વામી**ને વાંદવાને પધારેલા **શ્રીસિદ્ધસેનસૂરિ**ની સાથે તેમનો સમાગમ થયો. આ સૂરીશ્વરે તેમને પૂછ્યું કે તું કોણ છે અને અહિં કેમ આવ્યો છે? આના પ્રત્યુત્તરમાં તેમણે સત્ય હકીકત કહી સંભળાવી. તેમનો વૃત્તાન્ત સાંભળીને સૂરિજીને વિચાર આવ્યો કે ખરેખર મારા [2]સ્વમાનુસાર આ કોઇ દિવ્ય મૂર્ત્તિ છે અને તદનુસાર તેમણે તેને પોતાની પાસે રહેવા સૂચવ્યું. આ વાત સૂરપાલે સ્વીકારી અને તેમણે સૂરિજી પાસે અભ્યાસ કરવો પણ શરૂ

---

૧ **પ્રભાવક–ચરિત્ર** (પૃ૦ ૧૨૯)માં આને બદલે 'ડુવાતિધી' ગામનો ઉલ્લેખ છે, જ્યારે **ઉપદેશ–રત્નાકર** (પત્રાંક ૫૫)માં 'ડુમ્બાઉધી'નો ઉલ્લેખ છે.

૨ સૂરિજીએ રાત્રે યોગ–નિદ્રામાં એક સ્વપ્ન જોયું હતું. તેમાં તેમણે સિંહના બાળકને ચૈત્યના શિખર ઉપર ફાળ મારીને આરૂઢ થતો જોયો હતો.

કર્યો. તેઓ પ્રતિદિન એક હજાર શ્લોક કંઠે કરવા લાગ્યા. આવી તેમની તીવ્ર બુદ્ધિ જોઇને સૂરિજી બહુ પ્રસન્ન થયા.

કેટલાક સમય વીત્યા બાદ તેમની સાથે સૂરિજી વિહાર કરતા કરતા **દ્રમ્બાઉધી નગરે** પધાર્યા અને **સૂરપાલ**ના માતા-પિતા પાસે આ તેમના પુત્રની માંગણી કરી. આ તેમનો એકનો એક પુત્ર હોવાથી પ્રથમ તો તેમણે ના પાડી; પરંતુ સૂરિજીએ તેમને સમજાવ્યા કે આ પુત્ર દ્વારા જૈનશાસનનો ઘણો પ્રભાવ વધશે અને તેમ થતાં તમારી કીર્તિ પણ અમર થશે. આ સાંભળીને તેઓએ હા પાડી, પરંતુ એટલી સૂચના કરી કે અમારા પુત્રને દીક્ષા આપો ત્યારે તેનું નામ **બપ્પ-ભટ્ટિ** રાખશો. સૂરિજી વિહાર કરતાં પાછા **મોઢેરક** ગામમાં આવ્યા અને ત્યાં તેમણે **સૂરપાલ**ને વિ૰ સં૰ ૮૦૭ માં વૈશાખ શુક્લ તૃતીયાને[1] દિને દીક્ષા આપી. તેમને લોકો **ભદ્રકીર્તિ**ના નામથી ઓળખવા લાગ્યા, પરંતુ તેમનું **બપ્પભટ્ટિ** નામ પ્રસિદ્ધિમાં આવ્યું.[2] સંઘની પ્રાર્થનાથી સૂરિજી ચતુર્માસ ત્યાં રહ્યા.

બપ્પભટ્ટિની યોગ્યતા જોઇને એક દિવસે સૂરિજીએ તેમને **સરસ્વતી** દેવીનો મંત્ર આપ્યો. તેમણે આનો યથાવિધિ જાપ જપ્યો, તેથી રાત્રિએ ગંગા નદીમાં નિર્વસ્ત્રા સ્નાન કરતી દેવી તેમની સમીપ આવીને ઊભી રહી. એને જોઇને તેમણે મુખ ફેરવી નાંખ્યું. એટલે **સરસ્વતી**એ કહ્યું કે તેં મુખ કેમ ફેરવી નાંખ્યું? તારા જાપથી આકર્ષાઇને હું તને વરદાન આપવા આવી છું, વાસ્તે તું વર માંગ. એના પ્રત્યુત્તરમાં બપ્પભટ્ટિજીએ કહ્યું કે હે માતા! તારૂં વિસદૃશ રૂપ હોવાથી તારી સામે હું કેવી રીતે જોઉં, તું વસ્ત્ર-રહિત છે તે તરફ નજર કર. **સરસ્વતી**એ પોતાને નિર્વસ્ત્રા જોઇને કહ્યું કે તારા મન્ત્ર-જાપથી મને આકર્ષણ થતાં હું બીજી બધી વાત ભૂલી જઇ એકદમ તારી સમીપ આવી છું; તું વરદાન માંગવામાં પણ નિઃસ્પૃહ છે એ જાણી વધારે તુષ્ટ થઇ છું. વાસ્તે તારી ઇચ્છા થાય ત્યારે તું મને બોલાવજે, હું આવીશ એમ કહી તે ચાલી ગઇ.

'ગૌડવધ' નામના પ્રાકૃત કાવ્યના કર્તા કવિ **વાક્-પતિ**ના સમકાલીન શ્રીબપ્પભટ્ટિ-સૂરિજીના જીવનને 'કાન્યકુબ્જ'ના અધિપતિ **આમ** રાજાના અને તેમના સમસામાયિક 'પાલ' વંશીય ગૌડપતિ પ્રસિદ્ધ **ધર્મ** રાજાના જીવન સાથે વિશેષ સંબંધ હોવાથી હવે તે દિશામાં પ્રયાણ કરવામાં આવે છે.

એક વખત મુનિરાજ શ્રીબપ્પભટ્ટિ ગામ બહાર ગયા હતા તેવામાં વરસાદ પડ્યો એટલે તેઓ દેવકુલ (દહેરા)માં ગયા; થોડીક વારમાં ગોપગિરિના પૃથ્વીપતિ **યશોવર્મા**નો

---

૧ ઉપદેશ-રત્નાકરમાં પણ આ પ્રમાણે ઉલ્લેખ છે.

૨ સરખાવો—

"ख्यात्यात्रिककादृशका , भ. कीर्तिरिति श्रुतम् ।
तत्पित्रोः प्रतिपन्नेन, पूर्वाख्या तु प्रसिद्धभूः ॥"

—બપ્પભટ્ટિ-પ્રબંધ, શ્લો૰ ૨૯—૩૦.

પુત્ર સુયશાનો નન્દન આમ પોતાના પિતાશ્રીએ કહેલાં શીખામણનાં કડવાં વચનોથી કોપાયમાન થઇ રીસાઇને ત્યાં આવી ચઢ્યો. ત્યાં તેને બપ્પભટ્ટિજીએ બોલાવ્યો અને પછી તે આ મુનિજીની પાસે પ્રશસ્તિક કાવ્યો વાંચવા લાગ્યો. આમ કુમાર કાવ્ય-રસિક હોવાથી તેને મુનિજીની સાથે મિત્રતા થઇ. ત્યાર પછી તે બંને જણા સિદ્ધસેન-સૂરિજીની પાસે ઉપાશ્રયમાં આવ્યા. એટલે આમ કુમારને સૂરિજીએ તેનો વૃત્તાંત પૂછ્યો. તેમાં તેને પોતાનું નામ કહેવાનો પ્રસંગ આવતાં તે ઉત્તમ પુરૂષ હોવાને લીધે તેણે મુખથી પોતાના નામનો ઉચ્ચાર ન કરતાં ખડી વડે પોતાનું નામ લખી જણાવ્યું. આથી શ્રીસિદ્ધસેન સૂરિ તેમના ઉપર પ્રસન્ન થયા અને તેને પણ શાસ્ત્રનો અભ્યાસ કરાવવા લાગ્યા અને ૭૨ કલાઓ પણ શીખવી.

આવી રીતે સમય વ્યતીત થતો હતો તેવામાં એક દિવસ એવો પ્રસંગ બન્યો કે આમ કુમાર પોતાના સ્નેહી બપ્પભટ્ટિને કહેવા લાગ્યો કે મને જ્યારે રાજ્ય મળશે ત્યારે તે હું તમને આપીશ. કેટલોક કાળ વીત્યા બાદ તેના પિતાશ્રી માંદા પડ્યા એટલે રાજ્યા-ભિષેકને માટે આમ કુમારને બોલાવી લાવવા તેણે પ્રધાનોને મોકલ્યા. પ્રધાનોએ તેને તેના પિતાની હકીકત કહી સંભળાવી એટલે તદનુસાર સૂરિજીની રજા લઇને આમ પોતાના પિતા પાસે આવી પહોંચ્યો. ત્યાં તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. થોડા દિવસ પછી તેના પિતાનો સ્વર્ગ-વાસ થયો તેની આમે ઉત્તર-ક્રિયા કરી. પોતાને રાજ્ય મળ્યું હોવાથી તેણે પોતાના મિત્ર બપ્પભટ્ટિને તે રાજ્ય-ગ્રહણ કરવા માટે તેડાવ્યા અને તેમના આગમન પછી તેમને સિંહાસન ઉપર આરૂઢ થવા વિજ્ઞપ્તિ કરી. આના ઉત્તર તરીકે તેમણે કહ્યું કે મને હજી સૂરિ-પદ મળ્યું નથી એટલે મારો સિંહાસન ઉપર બેસવાનો અધિકાર નથી. આ વાત સાંભ-ળીને તે નૃપતિએ શ્રીસિદ્ધસેનસૂરિની પાસે મોઢેરક ગામમાં બપ્પભટ્ટિને પ્રધાનો સહિત મોકલ્યા અને તેમને સૂરિ-પદ આપી પાછા મોકલવા વિનતિ કરી. તે વિનતિનો સ્વીકાર થવાથી બપ્પભટ્ટિ સૂરિ-પદથી અલંકૃત થયા. આ બનાવ [1]વિ૦ સં૦ ૮૧૧ માં વૈશાખ માસમાં કૃષ્ણ પક્ષમાં અષ્ટમીને દિને બન્યો, એટલે કે ઘણી નાની ઉમરમાં બપ્પભટ્ટિ આચાર્ય થયા. આ સમયે તેમના ગુરૂએ તેમને શીખામણ આપી કે તારો ઘણો રાજસ-ત્કાર થનાર છે અને બ્રહ્મચર્ય પાળવામાં યૌવન તેમજ રાજ-પૂજા એ બે અનર્થકારી છે, વાસ્તે તારે ખૂબ સંભાળીને વર્તવું. આ સાંભળીને શ્રીમાન્ બપ્પભટ્ટિએ એવો નિયમ લીધો કે જીવન પર્યંત હું ભક્ત લોકના ભક્ત (આહાર) નો અને સર્વ [2]વિકૃતિનો આજથી

---

૧ પ્રબન્ધ-કોષમાં બપ્પભટ્ટિને સૂરિ-પદ વિ૦ સં૦ ૮૫૧માં અપાયાનો ઉલ્લેખ છે. જુઓ શત્રુંજય-તીર્થોદ્ધાર-પ્રબંધ (પૃ૦ ૪૨).

૨ (૧) દૂધ, (૨) દહીં, (૩) ઘી, (૪) તેલ, (૫) ગોળ, અને (૬) કડાવિગય (તાવડામાં તળાઇને ઉપર આવે તેવા પકવાન) એ ઉપર્યુક્ત છ વિકૃતિ (વિગઇ) છે. માંસ મદિરા, માખણ અને મધ એ ચાર મહાવિકૃતિઓ છે અને તેનો ત્યાગ તો શ્રાવક પણ કરેજ.

ત્યાગ કરૂં છું.' ત્યાર પછી ગુરૂની આજ્ઞાનુસાર વિહાર કરી તેઓ આમ રાજા પાસે આવી પહોંચ્યા. રાજાએ તેમનો ઘણો સત્કાર કર્યો અને તેમને સિંહાસન ઉપર બેસાડી પ્રાર્થના કરી કે આ મારૂં રાજ્ય આપ સ્વીકારો. ત્યારે સૂરિજીએ કહ્યું કે દેહને વિષે પણ નિઃસ્પૃહ એવા સાધુને રાજ્યથી શું? આ સાંભળીને આમ રાજા આશ્ચર્યાંકિત થયો. પછીથી તેણે સૂરિજીના ઉપદેશાનુસાર ૧૦૧ હાથ ઊંચો જૈન પ્રાસાદ કરાવ્યો અને તેમાં અઢાર ભાર સુવર્ણની મહાવીર પ્રભુની મૂર્ત્તિ પધરાવી. આની પ્રતિષ્ઠા બપ્પભટ્ટિજીને હાથે થઇ. આ મંદિરનો મૂલ મણ્ડપ ૨૩ હાથ ઊંચો બનાવવામાં આવ્યો અને તે તૈયાર કરવામાં સવા લાખ સોનૈયા (સુવર્ણ ટંક)નો ખર્ચ થયો.

[1]રાજાના હાથી ઉપર આરૂઢ થઇ છત્ર અને ચામરથી અલંકૃત બની રાજ-સભામાં આવતા એવા બપ્પભટ્ટિસૂરિજીને રાજ-સિંહાસન ઉપર બેસતા જોઇને કેટલાક બ્રાહ્મણો નારાજ થતા હતા. એક દિવસ તેમણે રાજાને વિનતિ કરી કે આ શૂદ્ર શ્વેતામ્બર આ સિંહાસનને લાયક નથી. વાસ્તે આ સિંહાસનથી નીચું એક બીજું સિંહાસન બનાવો કે જેના ઉપર એ બેસે. રાજાએ બીજે દિવસે એ પ્રમાણે કર્યું. આ જોઇને સૂરિજીએ અભિમાન કરવો યુક્ત નથી, એમ તેને નિમ્ન-લિખિત પદ્ય દ્વારા સમજણ પાડી.

"मर्दय मानमतङ्गज·प, विनय[illegible]नसर्पम् ।
क्षीणो दर्पाद् [illegible]नाऽपि, यस्य न तुल्यो भुवने कोऽपि ॥ १ ॥"

—માત્રાસમક.

અર્થાત્ વિનયરૂપ દેહનો વિનાશ કરવામાં સર્પરૂપ એવા અભિમાનરૂપી હાથીના મદનું તું મર્દન કર. વિશ્વમાં જેની સમાન કોઇ હતો નહિ એવો દશમુખ (રાવણ) પણ અભિમાન (કરવા)થી નાશ પામી ગયો.

આ સાંભળીને તે લજ્જા પામી ગયો અને તેમની ક્ષમા યાચી.

એ વાત તો આપણે ઉપર જોઇ ગયા છીએ કે આમ રાજાને શ્રીબપ્પભટ્ટિસૂરિની સાથે ઘણો ગાઢ સ્નેહ બંધાયો હતો. આથી કરીને તેઓ બંને વચ્ચે ઘણી ઘણી જાતની વાતચિત થતી હતી. એકદા એવો પ્રસંગ બન્યો કે આમ રાજાએ પોતાની પત્નીને મ્લાન મુખવાળી જોઇ, તેથી તેણે તે વિષે સૂરિજીને નીચે મુજબની સમસ્યા પૂછીઃ—

---

૧ સરખાવો—

"भक्तं भक्तस्य लोकस्य, विकृतीश्चाखिका अपि ।
आजन्म नैव मोक्ष्येऽह-ममुं [illegible]॥"

—બપ્પભટ્ટિ-પ્રબંધ, શ્લો० ૧૧૩.

૨ સરખાવો શ્રીબપ્પભટ્ટિ-પ્રબંધનો નિમ્ન-લિખિત ૧૪૨મો શ્લોકઃ—

"एवमभ्यर्हितो राज्ञा, गच्छन् सच्छत्रचामरः ।
राजकुञ्जरमारूढो, [illegible]र्यासिं[illegible]सनासनः ॥"

"अज्जवि सा परितप्प , कमलमुही अत्तणो पमा णं ।"

અર્થાત્ તે કમલમુખી અદ્યાપિ પોતાના પ્રમાદને લીધે પરિતાપ પામે છે. આ સાંભળીને સિદ્ધસારસ્વત બપ્પભટ્ટિજીએ કહ્યું કે—

"पुव्वविबुद्धेण तए, जा से पच्छाइयं अंगं ॥ १ ॥"

એટલે કે હે રાજન્! આજે તું પ્રાતઃકાલે તારી પત્નીની પહેલાં જાગ્યો તે સમયે તેનું કોઇ અંગ ઉઘાડું હતું તે તેં ઢાંક્યું, તેથી તે હજી સુધી મ્લાન મુખવાળી છે. આ સાંભળીને રાજા આશ્ચર્ય તેમજ લજ્જા પામ્યો.

વળી ફરીથી એક દિન પોતાની પત્નીને મન્દ મન્દ ચાલતી જોઇને રાજાએ સૂરિજીને કહ્યું કે—

"बाला ंकमंतो, पए पए कीस कुणइ मुहभंगं ? ।"

અર્થાત્ હે મહાશય! તે સ્ત્રી ચાલતી વખતે પગલે પગલે મુખ મરોડે છે તેનું શું કારણ છે વારૂ? સૂરિજીએ ઉત્તર આપ્યો કે—

"नूणं रमणप से, मे लेया छिवइ नहपंती ॥ १ ॥"

અર્થાત્ હે નૃપ! તેના રમણ–પ્રદેશને વિષે નખ–ક્ષત થયેલું છે અને તેની સાથે તેની કટિમેખલા (કંદોરો) ઘસાય છે, તેથી તે ચાલતી વખતે મોં મરોડે છે. આ વાત સાંભળતાં રાજાને કોપ ચડ્યો અને સૂરિજી તરફ અરૂચિ થઇ. આ વાત સૂરિજી સમજી ગયા અને તેઓ ઉપાશ્રયે ચાલ્યા ગયા. પછી બહારના દ્વાર ઉપર નીચે મુજબનો એક શ્લોક લખી સંઘની રજા લીધા વિના તેઓ અન્યત્ર વિહાર કરી ગયા.

"यामः स्वस्ति तवा रोहणगिरे! मत्तः स्थितिप्रच्युता
वर्तिष्यन्त इमे कथं कथमिति स्वप्नेऽपि मैवं कृथाः ।
श्रीमंस्ते मणयो वयं यदि भवल्लब्धप्रतिष्ठास्तदा
के श्रृ रपरायणाः क्षितिभुजो मौलौ करिष्यन्ति नः ॥ १ ॥"—શાર્દૂલ૦

અર્થાત્ (હે આમ રાજન્!) અમે જઇએ છીએ, તારૂં કલ્યાણ થાઓ. મણિઓ રોહણગિરિને કહે છે કે—હે રોહણ પર્વત! તારૂં કલ્યાણ થાઓ. મારાથી છૂટા પડેલા આ મણિઓનું શું થશે એમ તું સ્વપ્ને પણ ખ્યાલ કરીશ નહિ, કેમકે હે શ્રીમાન્! જો તારા વડે અમે પ્રતિષ્ઠા પામેલા છીએ, તો પછી અલંકારને વિષે રક્ત એવા કેટલાયે નરેશ્વરો અમને મુકુટ ઉપર ધારણ કરશે.

---

१ अद्यापि सा परितप्यते, कमलमुखी आत्मनः प्रमादेन ।

२ पूर्वं विबुद्धेन त्वया, यत् तस्याः प्रच्छादितमङ्गम् ।

३ बाला चङ्क्राम्यन्ती, पदे पदे कुतः कुरुते मुखभङ्गम् ? ।

४ नूनं रमणप्रदेशे मेखलिका स्पृशति नखपङ्क्तीः ।

આ પ્રમાણેની અન્યોક્તિ દ્વારા બપ્પભટ્ટિજીએ આમ નૃપતિને ઉદ્દેશીને કહ્યું કે પણ્ડિત-પ્રિય પૃથ્વીપતિ પણ્ડિતને આવકાર આપશે અર્થાત્ અહિંઆથી અમે અન્યત્ર જઇશું, તોપણ અન્ય નૃપતિ પણ અમારૂં સન્માન કરશે.

શ્રીબપ્પભટ્ટિ વિહાર કરતા કરતા ગૌડ દેશમાં લક્ષણાવતી નગરીમાં ધર્મ રાજા રાજ્ય કરતો હતો, ત્યાં જઇ ચડ્યા. આ રાજાની સભામાં વાક્પતિ નામે ગુણજ્ઞ કવિરાજ હતો. તેણે સૂરિજીના આગમનની વાત રાજાને કહી સંભળાવી. તેથી અતિશય નમ્રતાપૂર્વક વિનતિ કરીને ધામધૂમ કરવા પૂર્વક તે રાજા તેમને પોતાના નગરમાં લઇ ગયો. તે સમયે સૂરિજીએ કહ્યું કે—

"रुचि चरणारक्ताः सक्ताः सदैव हि सद्गतौ
परमकवयः काम्याः सौम्या वयं धवलच्छ ाः ।
ग णपरिचयोद्धर्षाः सम्यग् गुणातिशयस्पृशः
क्षितिप ! भवतोऽभ्यर्णं तूर्णं सुमानससंमिताः ॥ १ ॥"—હરિણી

અર્થાત્ મનોહર ચરિત્રમાં અત્યન્ત લીન, (મુક્તિરૂપી) સદ્ગતિ (મેળવવાના વિચારમાં) સર્વદા આસક્ત, ઉત્તમ કાવ્ય રચનાર, ઇચ્છવા લાયક, સૌમ્ય, શ્વેત વસ્ત્રવાળા [અથવા શુક્લપક્ષી], ગુણોનો પરિચય (કરવા)માં અતિશય આનન્દવાળા, સદ્ગુણોની તીવ્રતાનો સ્પર્શ કરનારા અને સારા મનવાળા એવા અમે હે રાજન્! તમારી પાસે જલદી આવ્યા છીએ.[1]

સૂરિજીએ અત્ર એવી પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી આમ રાજા પોતે બોલાવવા આવે નહિ, ત્યાં સુધી મારે અહિંથી વિહાર કરવો નહિ. એ કહેવું આવશ્યક છે કે આમ નૃપતિ અને ધર્મ નરેશ્વર વચ્ચે દુશ્મનાવટ હતી.

આ તરફ સૂરિજી જ્યારે સવારના આમ રાજા પાસે આવ્યા નહિ, ત્યારે આ રાજાએ સર્વત્ર તપાસ કરાવી; પરંતુ તેમનો પત્તો મળ્યો નહિ. આથી રાજાને અત્યંત ખેદ થયો. એવામાં 'यामः' ઇત્યાદિ કાવ્ય તેના જોવામાં આવ્યું. રાજાએ અક્ષર ઓળખ્યા અને સૂરિજી મને મુકીને અન્યત્ર ચાલ્યા ગયા છે એમ તે સમજ્યો.

એક દિવસ આ આમ રાજા વનમાં ક્રીડા કરવા ગયો હતો, ત્યાં તેણે એક શ્યામ સર્પને જોયો. તે સર્પનું મુખ રાજાએ પકડી લીધું અને પછી તે સર્પને અંગરખાની બાંયમાં ગોપવીને તે સભામાં આવ્યો અને તેણે પણ્ડિતોને નીચે મુજબની સમસ્યા પૂછી:—

"शस्त्रं शास्त्रं ृषिर्विद्या-ऽन्यद् वा यो येन जीवति ।"

---

૧ આ કાવ્યમાં બપ્પભટ્ટિજીએ પોતાની સ્થિતિને હંસની સાથે સરખાવી છે. એવી પરિસ્થિતિમાં 'ચરણ' શબ્દથી પગ, 'આરક્ત' શબ્દથી થોડું રાતું, 'સદ્ગતિ'થી સુન્દર ચાલ, 'કવિ' શબ્દથી બોલનાર, 'ધવલચ્છદ'થી સફેદ પાંખવાળો અને 'માનસ' શબ્દથી માનસ સરોવર એમ અર્થ કરી શકાય છે.

અર્થાત્ શસ્ત્ર, શાસ્ત્ર, ખેતી, વિદ્યા અથવા બીજું કંઇ કે જેના વડે જે જીવે છે (એ બધાને શું કરવું ?).

સભામાંનો કોઇ પણ પણ્ડિત આ સમસ્યાને રાજાના અભિપ્રાય પ્રમાણે પૂર્ણ કરી શક્યો નહિ, તેથી આ સમસ્યા પૂર્ણ કરનારને રાજા એક લાખ સુવર્ણ ટંક આપશે એવો તે રાજાએ પટહ વગડાવ્યો. આનો લાભ એક જુગારી લેવા તૈયાર થયો. તે **ધર્મ** રાજાના નગરમાં વસતા શ્રી**બપ્પભટ્ટિ** પાસે ગયો એટલે તે સૂરિજી કે જેના ઉપર **સરસ્વતી** દેવી પ્રસન્ન હતી તેમણે આ સમસ્યા નીચે મુજબ પૂર્ણ કરી આપી.

"सुगृहीतं च कर्तव्यं, कृष्णसर्पमुखं यथा ॥"

અર્થાત્ જેમ (રાજાએ) શ્યામ સર્પનું મુખ ગ્રહણ કર્યું છે તેમ તેનું દૃઢતાથી ગ્રહણ કરવું જોઇએ. વિશેષમાં સૂરિજીએ તે **આમ** રાજાનું 'નાગાવલોક' એવું નામ પાડ્યું.[1]

પેલા જુગારીએ **ગોપગિરિ** આવીને **આમ** રાજા સમક્ષ સમસ્યા પૂર્ણ કરી બતાવી.

એક જુગારીએ આ પ્રમાણે યથેષ્ટ રીતે પ્રતિજ્ઞા પૂર્ણ કરી તે જોઇને રાજાને ઘણો અચંબો થયો. તેણે એ જુગારીને ધમકી આપતાં કહ્યું કે આ સમસ્યા તું કેવી રીતે પૂરી શક્યો તે સાચે સાચું કહે એટલે તેણે **લક્ષણાવતી**માં રહેલા **બપ્પભટ્ટિજી**એ સમસ્યા પૂરી આપી એ સત્ય વાત કહી દીધી.

આ સાંભળીને રાજાને વિચાર આવ્યો કે ગુરૂજી ઘણે દૂર હોવા છતાં તેમને કૃષ્ણ સર્પની ખબર પડી, તો પછી મેં તેમની તરફ જે શંકાની દૃષ્ટિએ જોયું તે ઠીક કર્યું નહિ; કેમકે એમનું બુદ્ધિ—બલ અપૂર્વ છે. આ પ્રમાણે રાજાને ઘણો પશ્ચાત્તાપ થયો.

અન્યદા રાજા પોતાના મિત્ર શ્રી**બપ્પભટ્ટિ**ના વિરહથી સંતપ્ત થયેલો વિનોદાર્થે નગરની બહાર ગયો. ત્યાં તેણે વડના વૃક્ષ નીચે એક મુસાફરનું મૃતક (મુડદું) તેમજ ડાળ ઉપરથી લટકતા કરપત્રમાંથી પડતાં જલનાં બિન્દુઓ તથા તેમજ વળી એક વિશિષ્ટ પત્થર ઉપર ખડીથી લખેલી નીચે મુજબની અડધી ગાથા જોયાં:—

"तइया मह निग्गमणे, पियाइ थोरंसुएहिं जं रुन्नं"[2]

આ સમસ્યા પૂરવાને સારૂ તેણે અનેક પણ્ડિતોને કહ્યું, પરંતુ તેમાંનો કોઇ પણ બરાબર રીતે તે સમસ્યા પૂરી શકયો નહિ. આથી રાજાએ તે જુગારીને **બપ્પભટ્ટિજી** પાસે મોકલ્યો એટલે તેમણે નીચે મુજબ સમસ્યા પૂરી આપી:—

---

૧ સરખાવો **શ્રીબપ્પભટ્ટિપ્રબન્ધ**નો નિમ્ન-લિખિત ૧૮૮મો શ્લોક:—

"नागावलोक इत्याख्यां, राज्ञे तत्र प्रभुर्ददौ ।
ततः प्रभृत्यनेनापि, नाम्ना विख्यातिमाप सः ॥"

૨ છાયા—

तदा मम निर्गमने, प्रियया स्थूराश्रुभिर्यद् रुदितम् ।

"[1]करपत्तयविन्दू इय, निवडणेण तं अज्ज संभरियं"

આથી આમ રાજાએ આતુરતાપૂર્વક ગુરૂજીને બોલાવવા માટે પોતાના પ્રધાનોને તેમની પાસે મોકલ્યા. સાથે સાથે એમ પણ કહેવડાવ્યું કે—

"[2]छाया कारण शिर धर्या, पत्तवि भूमि पडंत
पत्तह एहु पडत्तणं, वरतरु कांइ करंत."

વળી—

"न गङ्गां गाङ्गेयं सुयुवतिकपोलस्थलगतं
न वा शुक्तिं मुक्तामणिरुरसिजास्वादरसिकः ।
न कोटीरारूढः स्मरति च सवित्रीं मणिचय-
स्ततो मन्ये विश्वं स्वसुखनिरतं स्नेहविरतम् ॥ १ ॥"—શિખરિણી

અર્થાત્ સુન્દર સુન્દરીના ગણ્ડ-સ્થલ (ગાલ) ઉપર રહેલું સુવર્ણ (કુણ્ડળ) ગંગાને યાદ કરતું નથી તેમજ સ્તનના સ્વાદનું રસિક એવું મુક્તામણિ શુક્તિ (છીપ)નું સ્મરણ કરતું નથી. વળી મુકુટ ઉપર આરૂઢ થયેલો મણિઓનો સમૂહ પોતાની માતાને સંભારતો નથી. તેથી કરીને હું એમ માનું છું કે જગત્ પોતાના સુખમાં આસક્ત બન્યું છે અને સ્નેહથી વિરક્ત થયું છે.

તથા વળી—

"पांसुमलिनाङ्घ्रिजङ्घः, कार्पटिको म्लानमौलिमुखशोभः ।
यद्यपि गुणरत्ननिधि—स्तथापि पथिकः पथि वराकः ॥"—આર્યા

અર્થાત્ જેનાં ચરણો અને જંઘાઓ ધૂળ વડે મલિન બન્યાં છે એવો તેમજ જેનાં મસ્તક અને મુખની શોભા નિસ્તેજ બની છે એવો કાપડી ગુણનો રત્નાકર હોય તો પણ માર્ગમાં તે બિચારો મુસાફર છે.

પ્રધાનોએ પણ કહ્યું કે હે નાથ! આમ રાજા શુદ્ધ સ્નેહપૂર્વક આપને વિજ્ઞપ્તિ કરે છે કે આપે સત્વર પધારીને આ દેશને વસન્ત-લીલામાં મગ્ન કરવો જોઇએ. વળી આપના વાક્ય-રસના રસિક એવા અમને અન્ય કવિઓની વાણી રૂચતી નથી, કેમકે ગ્રન્થિપર્ણને ખાનારા કસ્તૂરીમૃગો ઘાસ ખાતા નથી.

આના ઉત્તરમાં સૂરિજીએ તે પ્રધાનોને કહ્યું કે આમ રાજાને મારી તરફથી આ પત્ર આપશો. તેમાં તેમણે લખ્યું હતું કે—

---

૧ છાયા—

करपत्रकविन्दूनामिति, निपतनेन तदद्य संस्मृतम् ।

૨ આનું તાત્પર્ય એ છે કે—વૃક્ષે મુસાફરને છાયા મળે તેટલા માટે શિર પર પત્રો ધર્યા. તે પત્રો ભૂમિ ઉપર ખરી પડે, તો તેમાં તે ઉત્તમ વૃક્ષ શું કરે?

"विंझेण विणावि गया, नरिंदभवणेसु हुंति गारविया ।
विंझो न होइ वंझो, गएहिं बहुएहिंवि गएहिं ॥ १ ॥–આર્યા

माणससरह सुहाइं, जइवि न लब्भंति रायहंसेहिं ।
तहवि न तस्स तेण विणा, तीरुच्छंगा न सोहंति ॥ २ ॥–,,

परिसेसियहंसउलं–पि माणसं माणसं न संदेहो ।
अन्नत्थवि जत्थ गया, हंसावि बया न भन्नंति ॥ ३ ॥–,,

हंसा जहिं गया तहिं, गया महिमण्डणा हवंति ।
छेहउ ताह महासर–ह जे हंसेहिं मुच्चन्ति ॥ ४ ॥–,,

मलयउ सचंदणुच्चिय, नइमुहहीरंतचंदणुमोहे ।
पब्भट्ठंपि हु मलया–उ चंदणं जाइ महग्घं ॥ ५ ॥–,,

अग्घायंति महुयरा–ऽविक्कं कमलायराण मयरंदं ।
कमलायरोवि दिट्ठो, सुओवि किं महुयरविहूणो? ॥ ६ ॥–,,

इक्केण कुच्छुहेणं, विणावि रयणायरुच्चिय समुद्दो ।
कुच्छुहरयणंपि उरे, जस्स ठियं सुच्चिय महग्घो ॥ ७ ॥–,,

खंडं विणावि अखंडमंडलोच्चेव पुण्णिमाचंदो ।
हरसिरि गयंपि सोहइ, न नेइ विमलं ससिक्खंडं ॥ ८ ॥–,,

---

१ છાયા—

विन्ध्येन विनाऽपि गजा नरेन्द्रभुवनेषु भवन्ति गौरविताः ।
विन्ध्यो न भवति वन्ध्यो गतेषु बहुकेष्वपि गजेषु ॥ १ ॥
मानससरसः सुखानि यद्यपि न लभ्यन्ते राजहंसैः ।
तथापि न तस्य तैर्विना तीरोत्सङ्गा न शोभन्ते ॥ २ ॥
परिशेषितहंसकुलमपि मानसं मानसं न सन्देहः ।
अन्यत्रापि यत्र (कुत्र) गता हंसा अपि बगा न भण्यन्ते ॥ ३ ॥
हंसा यत्र गतास्तत्र गता महीमण्डना भवन्ति ।
छेदस्तेषां महासरसां यानि हंसैर्मुच्यन्ते ॥ ४ ॥
मलयः सचन्दन एव नदीमुखह्रियमाणचन्दनौघः ।
प्रभ्रष्टमपि च मलयात् चन्दनं याति महार्घम् ॥ ५ ॥
आघ्रायन्ति मधुकरा अप्येकं कमलाकराणां मकरन्दम् ।
कमलाकरोऽपि दृष्टः श्रुतोऽपि किं मधुकरविहीनः ? ॥ ६ ॥
एकेन कौस्तुभेन विनापि रत्नाकर एव समुद्रः ।
कौस्तुभरत्नमपि उरसि यस्य स्थितं स एव महार्घः ॥ ७ ॥
खण्डं विनाऽपि अखण्डमण्डल एव पूर्णिमाचन्द्रः ।
हरशिरोगतमपि शोभते न नेति विमलं शशिखण्डम् ॥ ८ ॥

तइ [illegible]काणवि तरुवर!, फिट्टइ पत्तत्तं न पत्ताणं ।
तुह पुण छाया जइ हो-ई कहवि ता तेहि पत्तेहिं ॥ ९ ॥-,,
जड सव्वत्थ अहच्चिय, उवरिं [illegible]मणाणि सव्वरुक्खाणं ।
चावेवि चडंति गुणा पहुपत्तिय पावए कोडिं ॥ १० ॥-,,
जे केवि पहू महिमण्डलम्मि ते उच्[illegible]देहसारिच्छा ।
सरसा जडाण मज्झे, विरसा पत्तेसु दीसंति ॥ ११ ॥-,,
संपइ पहुणो पहुणो, [illegible] किं चिरंतणपहूणं? ।
दोसगुणा गुणदोसा, एहिं कया न हु कया तेहिं ॥ १२ ॥-,,

અર્થાત્ વિન્ધ્ય(પર્વત) વિના પણ (એટલે તેના ઉપર નહિ રહેલા હોવા છતાં પણ) હાથીઓ રાજાઓના ભુવનમાં ગૌરવયુક્ત હોય છે (એટલે તેઓનું ત્યાં પણ સન્માન થાય છે) અને અનેક હાથીઓ જતા રહે છે તો પણ વિન્ધ્ય વન્ધ્ય બની જતો નથી.—૧

જો કે રાજહંસોને **માનસ** સરોવરનાં સુખો મળતાં નથી, છતાં પણ તેના વિના તે સરોવરનાં તીરો શોભતાં નથી એમ નથી.—૨

હંસના સમુદાયથી રહિત બનેલું એવું **માનસ** (સરોવર) તે **માનસ** છે એમાં કંઇ સંદેહ નથી. વળી ગમે ત્યાં ગયેલા હંસો પણ બગલાઓ કહેવાતા નથી.—૩

હંસો જ્યાં ગયા હોય છે ત્યાં ગયા છતાં પૃથ્વીના ભૂષણરૂપ બને છે. પરંતુ તેમાં છેદ તો તે મહાસરોવરોનો છે કે જે હંસો વિનાનાં બને છે.—૪

જેનાં ચન્દનનાં ઝાડો નદીના મુખથી હરાઇ ગયેલાં છે તે **મલય** (ગિરિ) ચન્દનથી યુક્તજ છે. તેમજ વળી મલયથી ભ્રષ્ટ થયેલું ચન્દન મહામૂલ્યતાને પામે છે.—૫

ભ્રમરો પણ કમલાકરો (કમલોની ખાણ)માંના ફક્ત મકરન્દને સુંઘે છે, પરંતુ શું કમલાકર મધુકર વિનાનો જોવામાં કે સાંભળવામાં આવ્યો છે ?—૬

એક કૌસ્તુભ (નામના) રત્ન વિના પણ સમુદ્ર રત્નાકરજ છે અને વળી જેની છાતી ઉપર કૌસ્તુભ રત્ન રહેલું છે તે પણ મહામૂલ્યવાન્ છે.—૭

ખણ્ડ વિના પણ પૂર્ણિમાનો ચન્દ્ર અખણ્ડિત મણ્ડળવાળો હોય છે અને મહાદેવના મસ્તક ઉપર રહેલો નિર્મળ ચન્દ્રનો ખણ્ડ પણ અત્યંત શોભે છે.—૮

त्वया शुष्कानामपि तरुवर! भ्रश्यति पत्रत्वं न पत्राणाम् ।
तव [illegible]नश्छाया यदि भवति कथमपि तावत् तैः पत्रैः ॥ ९ ॥
जटा(जडाः) सर्वत्राध एव उपरि सुमनांसि सर्ववृक्षाणाम् ।
चापेऽपि चटन्ति गुणाः प्रभुप्रतीत्या प्राप्नुवन्ति कोटीम् ॥ १० ॥
ये केऽपि प्रभवो [illegible]मण्डले ते इक्षुदेहसदृक्षाः ।
सरसा जटानां (जडानां) मध्ये विरसाः पत्रेषु (पात्रेषु) दृश्यन्ते ॥ ११ ॥
सम्प्रति प्रभवः प्रभवः प्रभुत्वं किं चिरन्तनप्रभूणाम्? ।
दोषगुणा गुणदोषा एभिः कृता नैव कृतास्तैः ॥ १२ ॥

હે ઉત્તમ વૃક્ષ ! તેં તજી દીધેલાં પત્રોનું પત્રત્વ નષ્ટ થતું નથી. તે ઉપરાંત વળી જો તારી છાયા કોઇ પણ રીતે થઇ શકે, તો તે પત્રો વડે(જ) તેમ થઇ શકે તેમ છે.—૯

જટા બધે ઠેકાણે સર્વ વૃક્ષોની નીચેજ હોય છે, જ્યારે પુષ્પો તેની ઉપર હોય છે. ધનુષ્ય ઉપર દોરી ચડે છે અને તે પ્રભુની પ્રતીતિથી તેના અગ્ર ભાગને પામે છે.—૧૦

પૃથ્વી–મણ્ડળમાં જે કોઈ સ્વામીઓ શેરડીના સાંઠા (?)ના જેવા છે, તેઓ જેમ શેરડીઓ જટાઓમાં સરસ અને પત્રોમાં વિરસ દેખાય છે, તેમ જડને વિષે રાગી અને પાત્રોને વિષે નીરાગી દેખાય છે.—૧૧

હાલ સ્વામીઓ છે તે (પણ) સમર્થ છે, તો પછી ઘણા કાળના સ્વામીઓની પ્રભુતા(ની વાતજ) શી? દોષોમાં ગુણો અને ગુણોમાં દોષો જેમ એમણે સ્વીકાર્યા છે, તેમ પ્રાચીન રાજાઓએ કર્યું નથી.—૧૨

છેવટમાં સૂરિજીએ પ્રધાનો સાથે એમ પણ કહાવ્યું કે—

"अस्माभिर्यदि कार्यं व—स्तदा धर्मस्य भूपतेः ।
सभायां छन्नमागत्य, स्वयमा च्छयतां द्रुतम् ॥ १ ॥
जाते प्रतिज्ञानिर्वाहे, यथाऽऽयामस्तवान्तिकम् ।
प्रधानाः प्रहिताः पूज्यै–रिति शिक्षापुरस्सरम् ॥ २ ॥"

અર્થાત્ હે રાજન્ ! જો તમારે અમારૂં કામ હોય, તો સત્વર ધર્મ રાજાની સભામાં ગુપ્ત રીતે આવીને અમને આમન્ત્રણ આપવું. તેમ થતાં અમારી પ્રતિજ્ઞાનો નિર્વાહ થશે એટલે અમે તમારી પાસે આવીશું. આ પ્રમાણેની શિક્ષા આપીને સૂરિજીએ પ્રધાનોને પાછા મોકલ્યા. એટલે પ્રધાનોએ જઇને સર્વ હકીકત **આમ** રાજાને જણાવી અને તેને પત્ર પણ આપ્યો.

આ ઉપરથી સર્વ વૃત્તાન્ત જાણીને **આમ** રાજા સૂરિજીને મળવાને અધીરો બની ગયો અને કેટલાક સારા મનુષ્યોને સાથે લઇને **લક્ષણાવતી** તરફ જવા નીકળી પડ્યો. માર્ગમાં **ગોદાવરી** નદીના તીરે એક ગામ આવ્યું; ત્યાં ખણ્ડ દેવકુલમાં તેણે રાત્રિએ નિવાસ કર્યો. તે રાત્રિએ ત્યાં તેની અધિષ્ઠાયિકા વ્યન્તરી આવી અને તે આ રાજાનું રૂપ જોઇ મોહિત બની ગઇ; તેથી **ભરતે** જેમ **ગંગા** દેવીનો સ્વીકાર કર્યો હતો, તેમ આ રાજાએ તેની પ્રાર્થનાનુસાર તેનો સ્વીકાર કરી તેની સાથે ક્રીડા કરી. સવાર પડતાં તેની રજા લઇને ઊંટ ઉપર બેસીને તે સૂરિજી પાસે આવી પહોંચ્યો અને "હજી પણ તે સાંભરે છે; એક રાત્રિનો શો સ્નેહ" એ અર્થવાળી નીચે મુજબની અડધી ગાથા બોલ્યો.

"अज्जवि सा [illegible]मारिज्जइ को नेहो एगरा[illegible]ए ।"

---

१ છાયા—

अद्यापि सा स्मर्यते कः स्नेह [illegible]करात्र्याः ।

આના પ્રત્યુત્તરમાં "ગોદાવરીના તીરે તેં વાસ કર્યો તેથી" એવા અર્થવાળી સૂરિજીએ નીચે મુજબની અડધી ગાથા કહીઃ—

"गोल[illegible] [illegible]देउलंमि जंसि वासमिओ ॥ १ ॥"

આ પ્રમાણે વાતચિત થયા બાદ સૂરિજી અને રાજા એકમેકને ભેટી પડ્યા. ત્યાર બાદ **આમ** રાજાએ ખડી વડે ગોમૂત્રિકા બંધમાં નીચે મુજબનો શ્લોક લખ્યોઃ—

"अति अति अन्मअलं प्रीद्यरद्यजद्य ।
मेलामेला मेलमेलं फसफसफस ॥"

આ સૂરિજી સમજી ગયા એટલે તે નૃપતિએ તેમની નીચે મુજબ સ્તુતિ કરવા માંડી.

"अद्य मे सफला प्रीति–रद्य मे सफला रतिः ।
अद्य मे सफलं जन्म, अद्य मे सफलं फलम् ॥ १ ॥"

અર્થાત્ આજે મારી પ્રીતિ તેમજ રતિ સફળ થઇ છે. મારો જન્મ પણ કૃતાર્થ થયો છે અને આજે મારૂં (આગમનનું) ફળ પણ સફળ થયું છે.

આ પ્રમાણે રાત્રિ વિનોદ-ગોષ્ઠીમાં પસાર થઇ ગઇ. પ્રભાતે રાજાની સભા ભરાઇ હતી ત્યાં સૂરિજી પણ ગયા. પછીથી **આમ** રાજા પણ પોતાના માણસો સાથે સ્થગીધરના વેશમાં હાથમાં બીજોરૂં લઇને દાખલ થયો. આ પ્રમાણે **આમ** રાજાને સભામાં દાખલ થતો જોઇને સૂરિજીએ દ્વિઅર્થી ભાષામાં **ધર્મ** રાજાને કહ્યું કે —"एते आम- पनराः" અર્થાત્ આ **આમ** રાજાના મનુષ્યો અમને બોલાવવા આવ્યા છે. પછીથી જ્યારે **આમ** રાજા સમીપ આવી પહોંચ્યો એટલે ગુરૂશ્રીએ તેને કહ્યું કે—"अ[illegible]म" અર્થાત્ અમે આવીએ? (આનો ગૂઢ અર્થ એ હતો કે હે **આમ**! આવ.)

સ્થગીધરના વેશમાં **આમ** રાજા ગુરૂ સમીપ બેઠો એટલે દૂતે તેમના હસ્તમાં વિજ્ઞપ્તિ-પત્ર મુક્યો, તે ગુરૂએ **ધર્મ** રાજાને બતાવ્યો. પછી **ધર્મ** નરેશ્વરે દૂતને પૂછ્યું કે તમારા **આમ** રાજાનું રૂપ કેવું છે? ત્યારે તે દૂતે જવાબ આપ્યો કે તેઓ આ સ્થગીધરના જેવા છે. અથવા આજ **આમ** સમજો. સૂરિજીએ સ્થગીધરના સામું જોઇને તેને પ્રશ્ન પૂછ્યો કે આ તમારા હાથમાં શું છે? તેણે ઉત્તર આપ્યો કે "બીજોરા" (અર્થાત્ હું બીજો રાજા છું). ત્યાર બાદ દૂતે પોતાનાં હાથમાં રાખેલાં તુએરનાં પાંદડાં બહાર કાઢયાં. તે જોઇને રાજાએ સૂરિજીને પૂછ્યું કે આ શું છે? તેના પ્રત્યુત્તરમાં ગુરૂજીએ સ્થગીધર તરફ આંગળી કરીને કહ્યું કે 'તુઅરિપત્ર' (આનો ગૂઢ અર્થ એ હતો કે આ તારો શત્રુ પ્રાપ્ત થયો છે).

આ પ્રમાણેની દ્વિઅર્થી વાતચિત થઇ, પરંતુ સરળ હૃદયવાળા **ધર્મ** રાજાને તેની કંઇ ખબર પડી નહિ. અંતમાં **આમ** રાજા સભા છોડી ચાલતો થયો. તેણે સ્વદેશ જતાં

---

૧ છાયા—

गोदावरीनदीतीरे शून्यदेवकुले यदसि वासमितः ।

પહેલાં ધર્મ રાજાની વેશ્યાને પોતાના નામવાળું એક કંકણ આપ્યું અને રાત્રે તે ત્યાં રહ્યો. પ્રાતઃકાલે રાજદ્વારના દ્વારપાળને બીજું કંકણ આપી તે પોતાને દેશ જવા નીકળી પડ્યો.

બપોર થતાં સૂરિજીએ ધર્મ રાજાને કહ્યું કે અમારી પ્રતિજ્ઞા પૂર્ણ થઇ છે, વાસ્તે અમે હવે વિહાર કરી આમ રાજા પાસે જઇશું. ત્યારે ધર્મ રાજાએ કહ્યું કે આમ સ્વયં આપને આમન્ત્રણ આપવા આવ્યો નથી, તો પછી આપની પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થઇ ગણાય? આના જવાબમાં ગુરૂજીએ ધર્મ રાજાને સર્વ ગુહ્ય વાક્યોનો દ્વિતીય અર્થ કહી સંભળાવ્યો. વળી એટલામાં વેશ્યાએ તેમજ દ્વારપાળે પણ આમ નરેશ્વરનાં નામવાળાં બે કંકણો રજુ કર્યાં. આથી ધર્મ રાજાને ખાતરી થઇ કે આમ સ્વયં આવ્યો હતો. પછી ધર્મ રાજાએ સૂરિજીને કહ્યું કે હું વાક્-છળથી છેતરાયો છું. ત્યાર પછી સૂરિજીએ તેની રજા લઇને વિહાર કર્યો અને આમ રાજાને તેઓ રસ્તામાં મળ્યા.

માર્ગમાં આમ રાજાએ એક પુલિન્દ (ભીલ)ને પશુની માફક તળાવમાં મોઢું ઘાલીને જળ પીતો જોયો એટલે તેણે સૂરિજીને નીચે મુજબના પૂર્વાર્દ્ધ દ્વારા તેનું કારણ પૂછ્યું—

"पसु जिम पुलिंदउ पीअइ जल पंथिउ कवणिहि कारणिण"

આ સાંભળીને સૂરિજીએ તત્ક્ષણ તેના પ્રત્યુત્તરમાં નીચે મુજબનો ઉત્તરાર્દ્ધ કહ્યોઃ—

"कर बेवि करंबिय कज्जालेण दहिअंसुनिवारणिण"

અર્થાત્ કાજળથી મિશ્રિત અશ્રુના નિવારણથી (એટલે કે એવાં આંસુ લૂછવાથી) બંને હાથ કાળા થયા છે.

આ વાતની ખાતરી કરવા માટે રાજાએ તે પુલિંદને પોતાની સમક્ષ બોલાવ્યો અને પોતાનું વૃત્તાન્ત રજુ કરવા કહ્યું. એટલે શરમથી નીચું મુખ રાખીને તે પુલિંદે કહ્યું કે હે નાથ! મુસાફરીમાં તમારી પુત્ર-વધૂને શાંત કરતો છતો તેનાં કાજળયુક્ત અશ્રુઓ વડે ભીંજાયેલા મારા હાથ કાળા બન્યા હતા.

આ વૃત્તાન્ત જાણીને રાજા ખુશી થયો અને સૂરિજી સાથે ગોપગિરિ પાસે આવી પહોંચ્યો. ત્યાર બાદ તેણે મહોત્સવપૂર્વક સૂરિજીનો ગામમાં પ્રવેશ કરાવ્યો.

વિનોદ-વાર્તામાં દિવસો પસાર થતા હતા તેવામાં વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલા અને અનશન કરવાની અભિલાષા રાખતા એવા પોતાના ગુરૂ શ્રીસિદ્ધસેનસૂરિનો પત્ર લઇને બે ગીતાર્થ સાધુ બપ્પભટ્ટિજીની પાસે આવ્યા. આ પત્રમાં એમ લખ્યું હતું કે—

મેં તને ભણાવ્યો છે તેમજ સૂરિપદ પણ આપ્યું છે, તો હે બપ્પભટ્ટિ! તું હવે એવો પ્રયત્ન કર કે જેથી કરીને હું અનશન અંગીકાર કરી સ્વર્ગે જાઉં.

પ્રભાવક-ચરિત્રમાં તો આ સંબંધમાં એવો ઉલ્લેખ છે કે—

"सारीरं सयलं बलं विगलिअं दिट्ठीवि कट्ठेण मे
दट्ठव्वेसु पयट्टई परिगयप्पायं तहा आउयम् ।
पाणा पाहुणयत्तगन्तुमहुणा वट्टंत्ति वच्छा ! तुमं
मं दट्ठुं जइ अत्थि ता लहु लहु इच्छा हि(ग)मिस्सं सयम् ॥"—શાર્દૂલ૦

અર્થાત્ મારૂં સમસ્ત શારીરિક બળ ક્ષીણ થઇ ગયું છે, મારાં નેત્રો પણ જોવા લાયક પદાર્થોને વિષે કષ્ટે કરીને પ્રવર્તે છે, આયુષ્ય ગતપ્રાય બન્યું છે, પ્રાણ હમણા પ્રાઘૂર્ણિકતા (પરોણાપણા)ને પ્રાપ્ત કરવાની તૈયારીમાં છે. વાસ્તે હે વત્સ! જો તને મારા દર્શન કરવાની ઇચ્છા હોય, તો તું સત્વર આવજે.

આ પ્રમાણેનો પત્ર વાંચીને **બપ્પભટ્ટિજી** પોતાના ગુરૂ પાસે જવાને તૈયાર થઇ ગયા અને વિહાર કરતા કરતા **મોઢેરક** ગામમાં પોતાના ગુરૂ સમીપ આવી પહોંચ્યા. ગુરૂને વન્દન કરી તેઓ સ્વસ્થાનકે બેઠા એટલે ગુરૂએ પોતાનું મૃત્યુ સમીપ આવ્યું છે એમ કહ્યું અને તેથી કરીને અન્તિમ આરાધના, ચતુઃશરણનું શરણ, પાપનો પશ્ચાત્તાપ, સુકૃતની અનુમોદના, તીર્થોની વન્દના ઇત્યાદિ વિધિ વડે તેમનું શ્રેય થાય તેમ કરવા કહ્યું. આ બધું **બપ્પભટ્ટિજી**એ કર્યું. કાલાન્તરે તેમના ગુરૂ સુખેથી સ્વર્ગે સિધાવ્યા.

શોક શાંત થતાં ગોવિન્દસૂરિ તેમજ **નન્નસૂરિ**ને ગચ્છનો ભાર સોંપીને તેઓ પાછા **આમ** રાજા પાસે આવ્યા અને પૂર્વની જેમ ત્યાં તે બેની વચ્ચે વિનોદ-ગોષ્ઠી ચાલવા લાગી.

એક દિવસ સૂરિજી રાજ-સભામાં લાંબા વખત સુધી પુસ્તકમાં દૃષ્ટિ રાખીને બેઠા હતા. આ સમયે ઇન્દ્રની અપ્સરાઓને પણ લજ્જાસ્પદ કરનારી નર્તકી (નાચનારી) નાચ કરી રહી હતી. સૂરિજીની આંખે ઝાંખ વળી હતી. તે દૂર કરવાને સારૂ તેમણે આ નાચનારીની પોપટના પીંછાના જેવી નીલવર્ણી કાંચળી તરફ દૃષ્ટિ ફેંકી. આ જોઇને **આમ** રાજાએ મનમાં વિચાર કર્યો કે—

"सिद्धंततत्तपारं-गयाण जोगीण जोगजुत्ताणं ।
जइ ताणंपि मयच्छी, मणंमि ता सच्चिय पमाणं ॥"—આર્યા

---

૧ છાયા—

शारीरं सकलं बलं विगलितं दृष्ट्यपि कष्टेन मे
द्रष्टव्येषु प्रवर्तते परिगतप्रायं तथाऽऽयुष्यम् ।
प्राणा प्राघूर्णिकत्वं गन्तुमधुना वर्तन्ते वत्स ! तव
मां द्रष्टुं यद्यस्ति ततो लघु लघ्विच्छा गमिष्यसि स्वयम् ॥

૨ છાયા—

सिद्धान्ततत्त्वपारगतानां योगिनां योगयुक्तानाम् ।
यदि तेषामपि मृगाक्षी मनसि ततः सैव प्रमाणम् ॥

અર્થાત્ જો સિદ્ધાન્તનાં તત્ત્વનો પાર પામેલા તેમજ યોગયુક્ત એવા યોગીઓના મનમાં પણ મૃગાક્ષી વસે છે, તો પછી તે મૃગાક્ષીજ પ્રમાણ છે.

તે રાત્રે **આમ** રાજાએ સૂરિજીની પરીક્ષા કરવા માટે આ નર્તકીને પુરૂષના વેશમાં તેમની પાસે મોકલી. તેણે આવીને સૂરિજીને કર–સ્પર્શ કર્યો. સૂરિજી સમજી ગયા કે આ તો કોઇ યુવતિ છે અને પોતાને માથે **આમ** રાજાની મૂર્ખતાને લીધે આ ઉપસર્ગ આવી પડયો છે. તરતજ તેઓ તેની સામે થવાને સજ્જ થઇ ગયા અને તેમણે તે નર્તકીને ઉદ્દેશીને કહ્યું કે હે વરાકિ! તું કોણ છે અને ક્યાંથી આવી છે? અમારા જેવા બ્રહ્મચારી પાસે તારૂં શું વળવાનું છે? શું પવન વડે મેરૂ ચલાયમાન થયો છે કે?

આ સાંભળીને તે નર્તકીએ કહ્યું કે હું આપને એવો ઉપદેશ આપવા આવી છું કે—

> **"राष्ट्रे सारं वसुधा, वसुधायामपि पुरं पुरे सौधः ।**
> **सौधे तल्पं तल्पे, वराङ्गनाऽनङ्गसर्वस्वम् ॥"**—આર્યા

અર્થાત્ રાજ્યમાં પૃથ્વી એ સાર છે અને પૃથ્વીમાં શહેર સાર છે; એવી રીતે શહેરમાં મહેલ અને મહેલમાં શય્યા અને શય્યામાં કંદર્પના ધનરૂપ સુન્દર સુન્દરી સાર છે.

વાસ્તે **આમ** રાજાએ ભક્તિપૂર્વક આપની સેવા કરવા માટે મોકલેલી એવી મને આપ સ્વીકારો. સૂરિજીએ એ વાત ઉપર ધ્યાન આપ્યું નહિ એટલે તેણે હાવ–ભાવ, કટાક્ષપૂર્વક અવલોકન, ભુજાક્ષેપ ઇત્યાદિ સર્વ ઉપાયો યોજી જોયાં અને સ્ત્રી–હત્યાદિક ભય પણ બતાવ્યો પરંતુ પત્થર પીગળે તો સૂરિજી પીગળે. આખરે આ નર્તકી થાકી અને સવાર પડતાં તે રાજા પાસે ગઇ અને ત્યાં તેણે તેને સર્વ હકીકત કહી સંભળાવી. સૂરિજીનું અપૂર્વ બ્રહ્મચર્ય જાણીને રાજા અત્યંત પ્રસન્ન થયો અને તેનું ધ્યાન ધરતો કહેવા લાગ્યો કે—

> **"न्युञ्छने यामि वाक्याय, दृग्भ्यां याम्यवतारणे ।**
> **बलिर्विधीये सौहार्द–हृद्याय हृदयाय ते ॥"**—અનુષ્ટુપ્

અર્થાત્ હું તમારાં વાક્યો ઉપર વારી જાઉં છું, તમારી દૃષ્ટિનાં ઓવારણાં લઉં છું. સૌહાર્દથી મનોહર એવા તમારા હૃદયને હું એમ બલિ આપું.

સવારના જ્યારે **બપ્પભટ્ટિજી** રાજ–સભામાં આવ્યા, ત્યારે રાજા શરમનો માર્યો એક અક્ષર પણ બોલી શકયો નહિ. ત્યારે સૂરિજીએ તેને કહ્યું કે શરમાવાની કંઇ જરૂર નથી, કેમકે મહર્ષિઓના દૂષણ અને ભૂષણની તપાસ કરવી એ રાજાઓનું કાર્ય છે. રાજાએ કહ્યું કે હે ગુરૂજી! એ વાત સંભારશો નહિ. એમ કહીને તેણે પોતાનું મસ્તક તેમના ચરણમાં નમાવ્યું.

આપ બ્રહ્મરૂપ છો. તેમના આગળ હાથ ઊંચા કરીને હું માન અને આશ્ચર્યપૂર્વક કહું છું કે—

"न्यास्त एव बलायतलाचनानां
तारुण्यदर्प नपीनपयोधराणाम् ।
क्षामो रोपारिलसत्रिवलीलतानां
दृष्ट्वाऽऽकृतिं वि तिमेति मनो न येषाम् ॥"—વસન્તતિલકા

અર્થાત્ સુન્દર તેમજ વિશાળ લોચનવાળી, યૌવનના ગર્વથી પરિપૂર્ણ પુષ્ટ પયોધરવાળી તેમજ ક્ષામ ઉદર ઉપર વળેલી ત્રિવલીની શોભાવાળી એવી સુંદરીઓની આકૃતિ જોઇને જેમના મનમાં વિકાર ઉત્પન્ન થતો નથી, તેમને ધન્ય છે.

એક દિવસ રાજા રાજ-માર્ગે થઇને જતો હતો. તેવામાં તેણે એરંડાનાં પાંચ આંગળ જેવડાં મોટાં પત્રો વડે ઢાંકેલ સ્તનવાળી હાલિક-પ્રિયા (હળ ખેડનારાની સ્ત્રી)ને એરંડાનાં પત્ર વીણતી જોઇ. તે વાતને ઉદ્દેશીને તેણે નીચે મુજબનો ગાથાર્ધ જોડી કાઢ્યો.

"तइवि वरनिग्गयदलो, एरण्डो सोहए तरुगणाणं ।"[1]

અર્થાત્ ત્યારે પણ ઉત્તમ પત્રથી રહિત બનેલો એરંડો વૃક્ષોના સમૂહમાં શોભે છે.

પછીથી તેણે આ સમસ્યા સૂરિજીને પૂછી એટલે સિદ્ધસારસ્વત એવા તેમણે તરતજ કહ્યું કે—

"इत्थ घरे हालियव[2], इ हमित्तत्थणी वसइ ॥ १ ॥"—આર્યા

અર્થાત્ એ ઘેર એટલા પ્રમાણના પયોધરવાળી હાલિક-વધૂ વસે છે.

આ સાંભળીને રાજાને અચંબો થયો અને તે વિચારવા લાગ્યો કે અહો સારસ્વત પ્રભાવ કેવો છે!

અન્યદા રાજાએ પ્રોષિતભર્તૃકાને (અર્થાત્ જેણો ધણી પરદેશ ગયો છે એવી કોઇ સ્ત્રીને) વાંકી ડોક રાખીને હાથમાં દીવો લઇને સાંજના વાસ-ભવન તરફ જતી જોઇ. તેણે ત્યાર બાદ આ વાત સૂરિજીને નીચે મુજબ કહી સંભળાવીઃ—

"दिट्ठा वंक गीवा अ, दीवउ(विकराए) प यजायाए ।"[3]

સૂરિજીએ આ ઉત્તરાર્ધને બંધ બેસતો આવતો (અને 'પ્રિયના સ્મરણથી ટપકતાં આંસુઓની ધારાના પડવાના ભયવાળી' એ મતલબનો) નીચે મુજબનો પૂર્વાર્ધ કહ્યોઃ—

"पियसंभरणपलुट्टंत-अंसुधारानिवायभीयाए ॥ १ ॥"[4]—આર્યા

---

૧ છાયા—
तथापि वरनिर्गतदल एरण्डः शोभत एव तरुगणेषु ।

૨ છાયા—
अत्र गृहे हालिकवधूः एतावन्मात्रस्तना वसति ।

૩ છાયા—
दृष्टा वक्रा ग्रीवा च दीपकरायाः पथिकजायायाः ।

૪ છાયા—
प्रियस्मरणप्रलुठदश्रुधा निपातभीतायाः ।

આ પ્રમાણે રાજા અને સૂરિજીના દિવસો વ્યતીત થતા હતા. તેવામાં એક દિવસે ધર્મ રાજાએ મોકલેલો દૂત **આમ** રાજા પાસે આવ્યો અને તેને કહેવા લાગ્યો કે હે રાજન્! તારી વિચક્ષણતાથી ધર્મ રાજા સંતુષ્ટ થયો છે. વળી તેણે કહાવ્યું છે કે તમે અમને વાક્-છળથી છેતર્યા એટલે અમારે ઘેર આવેલા એવા તમારો અમે ઓછો વત્તો પણ સત્કાર કરી શક્યા નહિ. અત્યારે અમારા રાજ્યમાં બૌદ્ધધર્મી મહાવાદી **વર્ધનકુંજર** આવ્યો છે. તેની સાથે વાદ કરી શકે એવો કોઇ વાદી હોય તો તેને અમારે દેશ મોકલો. અમારે અને તમારે ઘણા કાળથી દુશ્મનાવટ છે, તો જેનો વાદી જીતે તે રાજા અન્ય રાજાના દેશનો પણ સ્વામી બને એવું આપણા બે જણ વચ્ચે પણ હો; કેમકે માનવનો વધ થાય એવા યુદ્ધનો તો કોણ સ્વીકાર કરે?

આ સાંભળીને **આમ** રાજાએ તેને કહ્યું કે જે તું આ કહે છે તે ધર્મરાજે પોતે કહાવ્યું છે કે તું તારા મુખથી આ પ્રમાણે લવે છે. અમારો વિજય થતાં જો ખરેખર તારો રાજા સમાંગ રાજ્ય મને આપે તેમ હોય, તો અમે વાદી લઇને આવીએ. દૂતે કહ્યું કે કારણવશાત્ **યુધિષ્ઠિરે** પણ દ્રોણ-પર્વમાં અસત્ય ભાષણ કર્યું હતું, પરંતુ મારા સ્વામી તો કારણવશાત્ પણ અસત્ય બોલતા નથી.

આમ રાજાએ દૂતને રજા આપી અને પોતે પોતાના તરફથી **બપ્પભટ્ટિજી**ને વાદી તરીકે સ્વીકારી તેમની સાથે વાદને માટે અર્ધ માર્ગે ગયા. ધર્મ રાજા પણ **વર્ધનકુંજર**ને સાથે લઇને સામો આવ્યો. ત્યાં વાદ-વિવાદનો પ્રારંભ થતાં **વર્ધનકુંજરે** ધર્મ રાજાને આશીર્વાદ દેતાં કહ્યું કે—

> **"शर्मणे सौगतो धर्मः, पश्य वाचंयमेन यः ।**
> **आदृतः साधयन् विश्वं, क्षणक्षणविनश्वरम् ॥"**—અનુષ્ટુપ્

અર્થાત્ હે રાજન્ તું જો. જગત્‌ને પ્રત્યેક ક્ષણે વિનાશશીલ સિદ્ધ કરતા એવા જે ધર્મનો મુનીન્દ્રે સ્વીકાર કર્યો છે તે બૌદ્ધ ધર્મ સુખને માટે થાઓ.

ત્યાર બાદ **બપ્પભટ્ટિજી**એ **આમ** રાજાને આશીર્વાદ દેવા પૂર્વક કહ્યું કે—

> **"अर्हन् शर्मोन्नतिं देयान्-नित्यानन्दपदस्थितः ।**
> **यद्वाचा विजिता मिथ्या-वादा एकान्तमानिनः ॥"**—અનુષ્ટુપ્

અર્થાત્ જેની વાણીથી એકાન્તને માનનારા મિથ્યાવાદીઓ જીતાયા છે, તે શાશ્વત આનન્દ-પદમાં રહેલા (અર્થાત્ મોક્ષે ગયેલા) એવા તીર્થંકર સુખની ઉન્નતિ કરો.

આ પ્રમાણે આશીર્વાદનું કાર્ય સમાપ્ત થતાં વાદી અને પ્રતિવાદી વચ્ચે વાદ-વિવાદ શરૂ થયો. છ મહિના સુધી એક સરખો વાદ-વિવાદ ચાલ્યો; પરંતુ એ બેમાંથી કોઇ કોઇનો પરાજય કરી શક્યો નહિ. **આમ** રાજા આથી કંટાળી ગયો અને તેણે **સૂરિજી**ને કહ્યું કે

રાજ્ય-કાર્યમાં આથી વિઘ્ન થાય છે; વાસ્તે આપે **વર્ધનકુંજર**ને સત્વર જીતવો જોઇએ. સૂરિજીએ તેના પ્રત્યુત્તરમાં કહ્યું કે કાલે સવારે એને હું જીતીશ.

ત્યાર પછી તે રાત્રે સૂરિજીએ મન્ત્ર-શક્તિ વડે **સરસ્વતી** દેવીને બોલાવી. હાર, કુણ્ડલ વિગેરે આભૂષણોથી અલંકૃત તેમજ દિવ્ય કુસુમના પરિમલથી સુવાસિત એવી ભગવતી **સરસ્વતી**નું પ્રત્યક્ષ દર્શન થતાં તેમણે તત્કાલ ચૌદ શ્લોકો રચીને તે વડે તેની [1]સ્તુતિ કરી. દેવીએ તેમને કહ્યું કે-હે વત્સ! તેં મને શું કરવા યાદ કરી છે? સૂરિજીએ કહ્યું કે આજે વાદ કરતાં છ મહિના પૂરા થઇ ગયા છે, તેથી કરીને હવે તું એમ કર કે જેથી કરીને મને વિજય પ્રાપ્ત થાય. આના ઉત્તરમાં **સરસ્વતી** બોલી કે આ **વર્ધનકુંજરે** મારૂં સાત ભવ પર્યંત આરાધન કર્યું છે, તેથી આ ભવમાં મેં તેને અક્ષયવચનગુટિકા આપી છે. તેના પ્રભાવથી એ દુર્જેય છે. આ સાંભળીને સૂરિજીએ તેને કહ્યું કે શું તું જૈન શાસનની વિરોધિની છે કે મને જય અપાવતી નથી? ત્યારે તે બોલી કે હું જયનો ઉપાય બતાવું છું તે સાંભળ. કાલે સવારે વાદ-વિવાદ શરૂ કરવામાં આવે તે પૂર્વે સર્વ સભાસદોને મુખ-શૌચ કરવાનું કહેવું. તદનુસાર તે કાર્ય **વર્ધનકુંજર** કરવા જતાં તેના મુખમાંથી એ ગુટિકા મારી ઇચ્છાથી નીકળી જશે, એટલે પછી તારો વિજય થશે. પરંતુ મારી એક યાચના છે કે આ મારી સ્તુતિરૂપ ચૌદ શ્લોકોનો તારે કોઇના આગળ પણ પ્રકાશ કરવો નહિ, કેમકે જે તેનું પઠન કરે તેની સમીપ મારે હાજર થવુંજ પડે એવો આનો પ્રભાવ છે અને હું કોની કોની આગળ હાજર થાઉં? એમ કહીને તે દેવી વીજળીના ચમકારાની જેમ અંતર્ધાન થઇ ગઇ.

ત્યાર બાદ સૂરિજીએ પોતાના એક ઉત્તમ શિષ્યને [2]**વાક્પતિ** પાસે મોકલવા વિચાર કર્યો અને તેને સમજણ પાડી કે તારે એની પાસે જઇ એમ કહેવું કે હે રાજન્! તું વિદ્યા-નિધિ છે. વળી **લક્ષણાવતી**પુરીમાં આપણી વચ્ચે ગાઢ પરિચય થયો હતો તે સમયે તેં કહ્યું હતું કે હે ભગવન્! તમે નિઃસ્પૃહી છો, તો હું તમારી શી ભક્તિ કરૂં? આનો અમે ઉત્તર આપ્યો હતો કે સમય આવતા અમારી ભક્તિ કરવાનો તને અવકાશ આપીશું. તો આજે તેવો સમય આવી લાગ્યો છે.

આ પ્રમાણેની શિક્ષા આપીને સૂરિજીએ પોતાના એક શિષ્યને **વાક્પતિ** પાસે મોકલ્યો. **વાક્પતિ** સાથે ઉપર મુજબની વાતચીત થઇ રહેતાં તેણે તે શિષ્યને કહ્યું કે સૂરિજીનો શો હુકમ છે? તેઓ જેમ કહે તેમ કરવા હું તૈયાર છું. ત્યારે શિષ્યે કહ્યું કે કાલે સવારે **ધર્મ**

---

૧ આ સ્તુતિરૂપ કાવ્ય તેજ આ પુસ્તકમાં પરિશિષ્ટરૂપે આપેલું **શારદાસ્તોત્ર** હોય એમ સંભવતું નથી, કેમકે તેમાં તો તેર શ્લોકો છે. વળી તેને પ્રકાશમાં ન લાવવા સારૂ તો **સરસ્વતી**એ **બપ્પભટ્ટિ**જીને પ્રાર્થના કરી હતી, એટલે તેની યાચનાનું ઉલ્લંઘન કરી સૂરિજીએ તે સ્તોત્ર કોઇને મુખેથી કહી સંભળાવ્યું હોય કે તેને લખી લીધું હોય એમ માની શકાય તેમ નથી.

૨ અત્ર એ ઉમેરવું આવશ્યક સમજાય છે કે **ધર્મ** રાજા વાદાર્થે આવ્યા ત્યારે તેઓ પોતાના સેવક 'પરમાર'વંશી **વાક્પતિરાજ**ને સાથે લાવ્યા હતા.

અને **આમ** રાજાના સભાસદો હાજર થતાં તમારે એમ કહેવું કે મુખ–શૌચ કર્યા વિના સરસ્વતી પ્રસન્ન થતી નથી, વાસ્તે વાદીએ, પ્રતિવાદીએ, સભ્યોએ તેમજ સભાપતિએ પણ મુખ–શૌચ કરવો જોઇએ. આ પ્રમાણે કહ્યા બાદ તેઓ મુખ–શૌચ કરશે એટલે અમારી તમે સંપૂર્ણ ભક્તિ કરી એમ અમે માનીશું. **વાક્પતિ**એ આ વાત સ્વીકારી એટલે તે શિષ્યે ઉપાશ્રયે જઇને ગુરૂજીને સર્વ વૃત્તાન્ત કહી સંભળાવ્યું.

સવાર પડતાં વાદ–સ્થલમાં સભાસદો આવવા લાગ્યા. બન્ને રાજાઓ તેમજ વાદી અને પ્રતિવાદી પણ ત્યાં આવી પહોંચ્યા. એટલે **વાક્પતિ**એ તેમને મુખ–શૌચ કરવાનું કહ્યું. તદનુસાર મુખ–શૌચ કરતાં **વર્ધનકુંજર**ના મુખમાંથી ગુટિકા નીકળી પડી. તે **બપ્પભટ્ટિ**જીના શિષ્યોએ લઇને સૂરિજીને આપી દીધી. ત્યાર બાદ વાદ–વિવાદ ચાલતાં **વર્ધનકુંજર** હારી ગયો અને સૂરિજીનો જય થયો. તેથી બન્ને પક્ષ તરફથી સૂરિજીને **વાદિકુંજરકેસરી**નું બિરૂદ આપવામાં આવ્યું.

આ તરફ સત્ય પ્રતિજ્ઞાવાળો **ધર્મ** રાજા **આમ** રાજાને સપ્તાંગ રાજ્ય આપવા લાગ્યો. તે **આમે** ગ્રહણ કર્યું. એટલે સૂરિજીએ **આમ**ને કહ્યું કે એ રાજ્ય **ધર્મ** રાજાને પાછું આપો, કેમકે તેમ કરવું તમને શોભાસ્પદ છે. તેમના વચનાનુસાર **આમે** તેમ કર્યું. ત્યાર પછી સૌ સૌને સ્થાનકે જવા લાગ્યા. સૂરિજી **વર્ધનકુંજર**ને ભેટયા અને તેને તેમજ **આમ** રાજાને પણ સાથે લઇને તેઓ ગોપગિરિમાં મહાવીર પ્રભુની પ્રતિમાનું વંદન કરવા ગયા. ત્યાં સૂરિજીએ "**शान्तो वेषः शम[illegible]फलो**" ઇત્યાદિ [1]કાવ્યવડે તેમની સ્તુતિ કરી. ત્યાર બાદ તેણે **વર્ધનકુંજર**ને પ્રતિબોધ પમાડી જૈન ધર્મી બનાવ્યો.

એક દિવસે **વર્ધનકુંજરે** **બપ્પભટ્ટિ**જીને રાતના પ્રત્યેક પ્રહરે (ત્રણ ત્રણ કલાકે) **[2]एको गोत्रे** (४।१।९२), **[3]सर्वस्य द्वे** (८।१।१), **[4]स्त्री पुंवच्च** (१।२।६६) અને **[5]वृद्धो यूना** (१।२।६५) એમ ચાર ચાર અક્ષરવાળી ચાર સમસ્યાઓ પૂછી. તેનો સૂરિજીએ ઝટ જવાબ આપ્યો કે—

> "**एको गोत्रे स भवति पुमान् यः कुटुम्बं बिभर्ति**
> **सर्वस्य द्वे [6][illegible]गती पूर्वजन्मानुबद्धे ।**
> **स्त्री पुंवच्च प्रभवति यदा तद्धि गेहं विनष्टं**
> **वृद्धो यूना सह [illegible] त्यज्[illegible]त कामिनीभिः ॥**"—મન્દાક્રાન્તા

અર્થાત્ ગોત્રમાં તે એક પુરૂષ છે કે જે કુટુમ્બનું પૂરૂં કરે છે. દરેક જીવને પૂર્વ જન્મમાં (આયુષ્ય કર્મ) બાંધ્યા મુજબની સુગતિ અને કુગતિ (સંભવે) છે. જે ગૃહમાં સ્ત્રી પુરૂષની

---

१ આ પુસ્તકના પરિશિષ્ટમાં આપેલા **શ્રીબપ્પભટ્ટિચરિત્ર**માં તેના કર્તાએ કરેલા ઉલ્લેખ મુજબ આ કાવ્યનું તેમના સમય સુધી સંઘમાં પઠન થતું હતું. અત્યારે આ કાવ્યનું અસ્તિત્વ હોવા વિષે શંકા રહે છે. કેટલેક સ્થલે મેં એ બાબત તપાસ કરાવી, પરંતુ એ કાવ્યની પ્રતિ મેળવવા હું ભાગ્યશાળી થયો નથી.

२–५ આ ચારે **પાણિનીય** વ્યાકરણનાં સૂત્રો છે. ६ **'मतिकुमती' इत्यपि पाठः ।**

જેમ સ્વામી બને છે, તે ગૃહ નાશ પામે છે. યુવતિઓને યુવક સાથે પરિચય થવાથી તેઓ વૃદ્ધને તજી દે છે.

અન્યદા સૂરિજીએ જૈન તેમજ જૈનેતર દર્શનોમાંનાં સુભાષિતો દ્વારા રાજાને પ્રતિબોધ પમાડ્યો અને તેની પાસે મદિરા, માંસ, જુગાર, વેશ્યા, શિકાર, ચોરી અને પરસ્ત્રીગમન એ સાત વ્યસનોનો નિયમ લેવડાવ્યો. વિશેષમાં તેની પાસે શ્રાવકના [1]અગ્યાર વ્રતો પણ ગ્રહણ કરાવ્યાં. અતિથિસંવિભાગ નામના બારમા વ્રતનો પ્રથમ અને અન્તિમ તીર્થંકરના શાસનમાંના નૃપતિઓને [2]નિષેધ હોવાથી આમ રાજા પાસે તે વ્રત ગ્રહણ કરાવ્યું નહિ.

એક દિવસ વર્ધનકુંજરે ધર્મ રાજાને ગદ્ગદ્ સ્વરે કહ્યું કે શ્રીબપ્પભટ્ટિસૂરિએ મને હરાવ્યો તે કંઇ મને સાલતું નથી, કેમકે તેઓ તો સરસ્વતીના અવતારરૂપ છે; પરંતુ મને ખેદ તો એ થાય છે કે તમારા સેવક વાક્પતિ દ્વારા તેમણે મારી ગુટિકા હરાવી લીધી.

આ પ્રમાણે કહી તેણે પોક મૂકી. રાજાએ તેને આશ્વાસન આપતાં કહ્યું કે વાક્પતિ અમારો જૂનો સેવક છે. વળી તેણે અનેક સ્થલે યુદ્ધમાં જય પ્રાપ્ત કરી પ્રતિષ્ઠા મેળવેલી છે તેમજ તે પ્રબન્ધ–કર્તા કવિ છે. આથી તેનો પરાભવ કરવો યોગ્ય નથી. એનો આટલો અપરાધ ક્ષમા કરવો. આ સાંભળીને તે બૌદ્ધ મૌન રહ્યો.

સમય જતાં એક દિવસ લક્ષણાવતી નગરીની સમીપમાં રહેતા યશોધર્મ રાજાએ ધર્મ રાજાની લક્ષણાવતી નગરી ઉપર ચડાઇ કરી અને યુદ્ધમાં તેને મારી નાખ્યો. વળી વાક્પતિને પણ તેણે કેદ કર્યો. કેદખાનામાં રહીને વાક્પતિએ 'ગૌડવધ' એ નામનું પ્રાકૃત ભાષામાં એક કાવ્ય રચ્યું અને તે તેણે યશોધર્મને બતાવ્યું. એ જોઇને તે પ્રસન્ન થયો અને તેને કારાગૃહમાંથી મુક્ત કર્યો, કેમકે એ તો સુપ્રસિદ્ધ વાત છે કે "विद्वान् सर्वत्र पूज्यते" (અર્થાત્ વિદ્વાન્ સર્વત્ર પૂજાય છે). કેદખાનામાંથી છૂટયા બાદ વાક્પતિ બપ્પભટ્ટિજીની પાસે ગયો.

સૂરિજી અને વાકપતિ એ બંને વચ્ચે આજે કંઇ નવીન મિત્રતા થઇ હતી નહિ, પરંતુ જુની મિત્રતા આજે વિશેષ ગાઢ બની. વાક્પતિએ મહામહવિજય (?) નામનું એક મહાકાવ્ય પ્રાકૃત ભાષામાં રચ્યું અને તે આમ રાજાને બતાવ્યું. તેથી ખુશી થઇને રાજાએ તેને એક લાખ સોનેયા આપ્યા.

---

૧ આ અગ્યાર વ્રતો નીચે મુજબ છેઃ—

(૧) સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ, (૨) સ્થૂલ મૃષાવાદવિરમણ, (૩) સ્થૂલ અદત્તાદાનવિરમણ, (૪) સ્થૂલ મૈથુનવિરમણ, (૫) પરિગ્રહ–પરિમાણ, (૬) દિગ્–વ્રત, (૭) ભોગોપભોગપરિમાણ, (૮) અનર્થદંડવિરમણ, (૯) સામાયિક, (૧૦) દેશાવકાશિક અને (૧૧) પોષધ.

આમાં અતિથિસંવિભાગ વ્રત ઉમેરતાં એ શ્રાવકોનાં બાર વ્રતો બને છે. એનું વર્ણન ઉપાસકદશાંગ નામના આગમમાં પણ આપ્યું છે.

૨ આ વાત વિચારણીય છે, કેમકે શ્રીહેમચન્દ્રાચાર્યે કુમારપાલ રાજાને બારે વ્રતો ગ્રહણ કરાવ્યાં હતાં.

એક દિવસ **આમ** રાજાએ સભામાં બેઠેલા **બપ્પભટ્ટિસૂરિજી**ને પૂછ્યું કે આપના જેવા વિદ્વાન્ અને તપસ્વી તો સ્વર્ગમાં પણ મળવા મુશ્કેલ છે, તો પછી આ ભૂમંડળની તો વાતજ શી કરવી? પરંતુ આપની સાથે અલ્પાંશે પણ બરાબરી કરી શકે એવો કોઇ અત્યારે આ પૃથ્વી ઉપર છે? આનો પ્રત્યુત્તર આપતાં સૂરિજીએ કહ્યું કે પૂર્વે તો અનેક પ્રભાવશાળી વિદ્વાનો થઇ ગયા છે અને તેઓ તો એક પદના સો, હજાર અને લાખ અર્થો પણ કરી શકતા હતા. અત્યારે પણ અનેક પ્રખર પણ્ડિતો છે કે જેની ચરણની રેણુસમાન પણ હું નથી. **નન્નસૂરિ** અને **ગોવિન્દસૂરિ** એ બે મારા ગુરૂભાઇ મારા કરતાં પણ ચડિયાતા છે. આ સાંભળીને રાજાએ જવાબ આપ્યો કે જોકે મને આપના વચનમાં શ્રદ્ધા છે, છતાં પણ કૌતુકની ખાતર તેની તપાસ કરીશ.

આ પ્રમાણે કહીને રાજા રૂપ બદલીને ગુર્જર દેશમાં તે સૂરિઓ પાસે ગયો. ત્યાં તેણે **નન્નસૂરિ**ને **વાત્સ્યાયને** રચેલા કામ–શાસ્ત્રનું વ્યાખ્યાન કરતા જોયા. આથી તેને ખેદ થયો અને તે વિચારવા લાગ્યો કે હું ભોગી હોવા છતાં આવા રાગ–ભાવો જાણતો નથી, તો પછી આ ત્યાગી તો કેમજ જાણે? વાસ્તે જરૂરજ આ સૂરિ બ્રહ્મચર્યનું પાલન કરતા નહિ હોય. માટે આવા અબ્રહ્મચારીને પ્રણામ કરવાથી શું? આમ વિચારી તે રાજા પાછો **ગોપ–ગિરિ** આવ્યો. **આમ**ના આગમનની ખબર પડતાં અહો! આજે ઘણે દિવસે દેખાયા એમ કહેતા સૂરિજી તેની પાસે આવ્યા, પરંતુ **આમે** તેમનો સત્કાર કર્યો નહિ.

આ પ્રમાણે કેટલોક સમય વ્યતીત થતાં સૂરિજીએ **આમ**ને કહ્યું કે તું પહેલાં જેવો ભક્ત હતો, તેવો અત્યારે નથી તેનું શું કારણ છે? **આમે** જવાબ આપ્યો કે આપ જેવા પણ જ્યારે કુપાત્રની પ્રશંસા કરો છો, તો પછી કહેવુંજ શું? આપે પ્રશંસા કરેલા એવા **નન્ન**સૂરિ તો કામ–શાસ્ત્ર ઉપર વ્યાખ્યાનો આપે છે અને વળી તેઓ તપશ્ચર્યા પણ કરતા નથી. લોહ–પ્રસ્તર જેવા તેઓ ડૂબશે અને અન્યને ડૂબાવશે.

આ સાંભળીને સૂરિજી મ્લાન વદને ઉપાશ્રયે આવ્યા અને તેમણે **નન્ન**સૂરિ અને **ગોવિન્દ**સૂરિની પાસે બે સાધુઓને મોકલ્યા અને કહાવ્યું કે **આમ** આપને પ્રણામ કર્યા વિના પાછો ફર્યો છે અને આપની નિન્દા કરે છે, તેથી આપે એવું કોઇ કાર્ય કરવું જોઇએ કે જેથી તે આપનો કે અન્ય સાધુનો પણ અનાદર કરે નહિ.

આ સાધુઓ પાસેથી આ પ્રમાણેની સર્વે હકીકત જાણીને **નન્નસૂરિજી** અને **ગોવિન્દ-સૂરિજી** એ બંને **આમ** રાજા પાસે આવવા તૈયાર થયા. ગુટિકા વડે રૂપ–પરાવર્તન કરીને નટનો વેષ ધારણ કરી તેઓ **ગોપગિરિ** આવ્યા અને તેમણે 'શ્રીઋષભધ્વજપ્રબંધ' નામનો નવીન નાટક રચ્યો. **આમ** રાજા પાસેથી આ નાટક ભજવી બતાવવાની રજા મળતાં તેઓએ આ નાટક **આમ** રાજા તેમજ અન્ય રસજ્ઞ સભાસદો સમક્ષ ભજવવાનો પ્રારંભ કર્યો. એમ કરતાં **ભરત** અને **બાહુબલિ**ના યુદ્ધનો પ્રસંગ આવ્યો. આ વખતે તેમણે વ્યૂહ–રચના,

શસ્ત્રનો ચળકાટ, વીર-વર્ણના, ભટ્ટનો કોલાહળ ઇત્યાદિ અભિનયો પૂર્વક અપૂર્વ રસ જમાવ્યો. આથી તો **આમ** રાજા તેમજ તેના સુભટો એકદમ તરવાર ખેંચી 'મારો' 'મારો' કરતા ઊભા થઇ ગયા.

આ સમયે બન્ને આચાર્યોએ પોતાનું અસલ રૂપ પ્રકટ કર્યું અને રાજાને કહ્યું કે આ તો નાટક છે, કથા-યુદ્ધ છે. આથી સર્વે શરમિંદા પડી ગયા. ત્યાર પછી તેમણે રાજાને ઠપકો આપતાં કહ્યું કે તમારી માન્યતા મુજબ અમે શૃંગારના અનુભવી છીએ, પરંતુ શું સાથે સાથે અમે યુદ્ધના પણ અનુભવી છીએ? અમે તો સાફ કહીએ છીએ કે જેમ શસ્ત્ર દેખીને હરણ કંપે, તેમ અમે ધ્રુજીએ છીએ; વળી અમે તો બાલ્યાવસ્થાથી વ્રત ગ્રહણ કર્યું છે એટલે અમે તો શસ્ત્રથી વધારે બીએ છીએ. પરંતુ હે રાજન્! **સરસ્વતી** દેવીની સહાયથી ગમે તે રસનું અમે એવી અપૂર્વ રીતે વર્ણન કરી શકીએ છીએ કે જાણે તે સાક્ષાત્ જીવતો હોય તેમ ભાસે.

આ બનાવથી રાજા આભો બની ગયો અને શરમનો માર્યો નીચું મુખ ઘાલીને ઊભો રહ્યો. તેણે બંને સૂરિજીની ક્ષમા યાચી અને **બપ્પભટ્ટિજીને** પણ પ્રણામ કર્યો. વિશેષમાં તેણે બંને સૂરિજીને કહ્યું કે મારા ગુરૂ **બપ્પભટ્ટિજીએ** જેવા આપને વિદ્વાન્ અને ચારિત્રવાન્ કહ્યા હતા તેવાજ આપ છો. ત્યાર પછી **નન્નસૂરિજી** અને **ગોવિન્દસૂરિજી** કેટલોક કાળ વીત્યા બાદ **બપ્પભટ્ટિજીની** રજા લઇને પાછા **મોઢેરક** ગામમાં ગયા.

એક વખત એવો પ્રસંગ બન્યો કે **આમ** રાજાની પાસે એક ગાનારાનું ટોળું આવ્યું અને તે ટોળામાંની એક સુંદરી મધુર સ્વરે ગાવા લાગી. આ સુંદરીનું રૂપ જોઇને તેમજ તેનો કિન્નરસમાન સ્વર સાંભળીને રાજા કામાતુર થઇ ગયો અને તે બોલી ઊઠ્યો કે—

> **"वक्त्रं पूर्णशशी सुधाऽधरलता दन्ता मणिश्रेणयः**
> **कान्तिः श्रीर्गमनं गजः परिमलस्ते पारिजात[illegible]मः ।**
> **वाणी कामदुघा कटाक्षलहरी सा काल[illegible]टच्छटा**
> **तत् किं चन्द्रमुखि! त्व[illegible]र्थममरैरामन्थि दुग्धोदधिः ? ॥"**—શાર્દૂલ૦

અર્થાત્ હે ચન્દ્રસમાન વદનવાળી વનિતા! તારૂં મુખ પૂર્ણિમાના ચન્દ્ર જેવું છે, તારી અધર-લતા અમૃતમય છે, તારા દાંત મણિની શ્રેણિઓ જેવા છે, તારી કાન્તિ લક્ષ્મીના જેવી છે, તારી ચાલ કુંજરને મળતી આવે છે (એટલે કે તું ગજગામિની છે), તારા શ્વાસનો ગંધ પારિજાતકના વૃક્ષ જેવો છે, તારી વાણી કામધેનુ જેવી (ફલદાયિકા) છે અને તારી કટાક્ષ-લહરી તો કાલકૂટ વિષની છટાસમાન છે. તો હે ચન્દ્ર-વદને! શું તારી ખાતર દેવોએ ક્ષીર-સમુદ્રનું મંથન કર્યું હતું વારૂ?

આ ઉપરાંત રાજાના મુખમાંથી એ ઉદ્‌ગારો પણ નીકળી ગયા કે—

"जन्मस्थानं न खलु विमलं वर्णनीयो न वर्णो
दूरे शोभा वपुषि निहिता पङ्कशङ्कां तनोति ।
विश्वप्रार्थ्यः सकलसुरभिद्रव्यगर्वापहारो
नो जानीमः परिमलगुणो कस्तु कस्तूरिकायाः ॥"—શિખરિણી

અર્થાત્ તારૂં જન્મ–સ્થાન ખરેખર નિર્મળ નથી તેમજ તારો વર્ણ પણ વર્ણન કરવા લાયક નથી. શોભા તો દૂર રહી, પરંતુ (ઉલટી) શરીર ઉપર લગાડેલી તું (કસ્તૂરી) કાદવની શંકાનો વિસ્તાર કરે છે. જગત્‌ને પ્રાર્થના કરવા લાયક તથા સમસ્ત સુગંધી પદાર્થોના ગર્વને દૂર કરનારો એવો કયો સુવાસરૂપી ગુણ કસ્તૂરીમાં છે તે અમે જાણતા નથી.

આ પ્રમાણે રાજાના ઉદ્‌ગાર સાંભળીને સૂરિજી વિચારવા લાગ્યા કે અહો મહાપુરૂષને પણ મતિ–વિપર્યાસ સંભવે છે. કહ્યું પણ છે કે—

"भस्त्रा काचन भूरिरन्ध्रविगलत्तत्तन्मलक्लेदिनी
सा संस्कारशतैः क्षणार्धमधुरां बाह्यामुपैति द्युतिम् ।
अन्तस्तत्त्वरसोर्मिधौतमतयोऽप्येतां तु कान्ताधियाऽऽ—
श्लिष्यन्ति स्तुवते नमन्ति च पुरः कस्यात्र पूत्कुर्महे ? ॥"—શાર્દૂલ૦

અર્થાત્ અનેક છિદ્રમાંથી ગળતા વિવિધ મળથી ખરડાયેલી એવી કોઇક ધમણ સેંકડો સંસ્કાર કરવાથી અર્ધ ક્ષણ સુધી મધુર (દેખાય) એવી બાહ્ય શોભા પામે છે એમ જાણનારા તેમજ આન્તરિક તત્ત્વ–રસના કલ્લોલો વડે જેમની બુદ્ધિ સ્વચ્છ બની છે એવા જનો પણ કાન્તાની બુદ્ધિથી તેનો આશ્લેષ કરે છે, તેની સ્તુતિ કરે છે અને તેને નમે છે, તો હવે અમારે કોની આગળ પોકાર કરવો?

સુંદરીનું ગાયન સમાપ્ત થતાં સભા વિસર્જન કરવામાં આવી. રાજાનું ચિત્ત તો તે સુંદરીમાંજ લાગી ગયું હતું, તેથી તે માતંગીની સાથે એકાંતમાં રહેવાને માટે તેણે ત્રણ દિવસમાં ગામ બહાર એક મહેલ બંધાવ્યો. સૂરિજીને આ વાતની ખબર પડતાં તેમને લાગ્યું કે આવું કુકર્મ કરવાથી તો આ આમ નૃપતિ નરકે જશે. મારા સમાગમમાં આવ્યા છતાં પણ આમ થાય તે ઠીક નહિ, વાસ્તે કોઇ પણ પ્રકારે મારે તે રાજાને પ્રતિબોધ પમાડવો જોઇએ. આ પ્રમાણે વિચાર કર્યા બાદ સૂરિજી રાત્રે તે મહેલ આગળ ગયા અને તેમણે તેના બારોટીઆ ઉપર નીચે મુજબનાં છ પદ્યો લખ્યાં:—

"शैत्यं नाम गुणस्तवैव भवति स्वाभाविकी स्वच्छता
किं ब्रूमः शुचितां भ(व्र)जन्त्यशुचयस्त्वत्सङ्गतोऽन्ये यतः ।
किं चातः परमस्ति ते स्तुतिपदं त्वं जीवितं देहिनां
त्वं चेन्नीचपथेन गच्छसि पयः ! कस्त्वां निरोद्धुं क्षमः ? ॥ १ ॥—શાર્દૂલ૦

सद्वृत्त ! सद्गुण ! महार्घ्य ! महार्ह ! कान्त !
कान्ताघनस्तनतटोचितचारुमूर्ते ! ।
आः पामरीकठिनकण्ठविलग्नभग्न !
हा हार ! हारितमहो भवता गुणित्वम् ॥ २ ॥—વસન્તતિલકા

मायंगीसत्तमणस-स्स मेइणी तह य भुञ्जमाणस्स ।
आभिड(उज्ज ?)इ तुज्झ नाया-वलोक [य] को भट्ठधम्मस्स ? ॥ ३ ॥—આર્યા

उप्पहजायाइ असो-हई य फलपुप्फपत्तरहियाए ।
बोरीइ पयं दिंतो, भो भो पामर ! हसिज्जहसे ॥ ४ ॥—આર્યા

जीयं जलबिन्दुसमं, संपत्तीओ तरंगलोलाओ ।
सुमिणयसमं च पिम्मं, जं जाणसि तं करिज्जासि ॥ ५ ॥—આર્યા

लज्जिज्जइ जेण जणे, मइलिज्जइ निअकुलक्कमो जेण ।
कंठट्ठिएवि जीए, तं न कुलीणेहिं कायव्वं ॥ ६ ॥"—આર્યા

અર્થાત્—હે જળ ! શીતલતા ખરેખર તારો ગુણજ છે. વળી તારી સ્વચ્છતા સ્વાભાવિક છે. તારી નિર્મળતાને સારૂ અમે વધારે શું કહીએ? કેમકે તારા સંગથી અન્ય (અપવિત્ર વસ્તુઓ) પણ પવિત્ર બને છે તેમજ વળી તું પ્રાણીઓનું જીવન છે એટલે એથી વધારે તારી શી સ્તુતિ હોઇ શકે? આમ છતાં પણ જો તું નીચ માર્ગે જાય, તો પછી તને અટકાવવાને કોણ સમર્થ છે?—૧

હે શ્રેષ્ઠ [2]વૃત્તવાળા ! હે ઉત્તમ [3]ગુણવાળા ! હે બહુ મૂલ્યવાળા ! હે અતિશય આદરણીય ! હે મનોહર ! હે પ્રિયાના પુષ્ટ પયોધરના તટને યોગ્ય એવી મનોહર આકૃતિવાળા ! અરે પામરીના કઠોર કણ્ઠ (ગળા)ને વળગવાથી ભગ્ન બનેલા એવા હે હાર ! તું તારૂં ગુણીપણું હારી ગયો.—૨

---

૧ છાયા—

मातङ्गीसक्तमनसो मेदिनीं तथा च भुञ्जमानस्य ।
आभ्रश्यते (आयुज्यते ?) तव न्यायावलोकः को भ्रष्टधर्मस्य ? ॥
उत्पथजाताया अशोभमानायाश्च फलपुष्पपत्ररहितायाः ।
बदर्याः पदं ददानो भो भो पामर ! हसिष्यसे ॥
जीवितं जलबिन्दुसमं, सम्पत्तयस्तरङ्गलोलाः ।
स्वप्नसमं च प्रेम यज्जानासि तथा कुरु ॥
लज्यते येन जने मलिनीक्रियते निजकुलक्रमो येन ।
कण्ठस्थितेऽपि जीवे तन्न कुलीनैः कर्तव्यम् ॥

૨ વૃત્તના આચરણ અને ગોળ એમ બે અર્થો થાય છે.
૩ ગુણનો બીજો અર્થ દોરો (દવરક) પણ થાય છે.

પૃથ્વીને ભોગવનારા (હોઇ કરીને) માતંગીને વિષે આસક્ત ચિત્તવાળા (બનેલા અને એથી કરીને) ભ્રષ્ટ ધર્મવાળા (થયેલા એવા) તારા ન્યાય–દર્શ[illegible]નું આ કેવું આચરણ છે !—૩

ઉન્માર્ગમાં ઉત્પન્ન થયેલી, શોભા વિનાની તથા ફળ, ફુલ અને પત્રથી રહિત એવી બોરડીના ઉપર પદને અર્પણ કરતો (અર્થાત્ ચરણ મૂકતો) હે પામર ! તું હસાય છે.—૪

જીવિત જળના બિન્દુ જેવું છે, સંપત્તિઓ (જળના) કલ્લોલ જેવી ચપળ છે અને સ્નેહ સ્વપ્ન જેવો છે. વાસ્તે તું જેમ જાણે છે તેમ કર.—૫

જે (કુકર્મ) કરવાથી લોકમાં શરમાવું પડે છે અને વળી જેને લીધે પોતાના કુળનો ક્રમ મલિન થાય છે, તે કાર્ય તો કંઠે પ્રાણ આવે તો પણ કુલીનોએ કરવું નહિ.—૬

સવારના પહોરમાં **આમ** રાજા ગામ બહાર મહેલ જોવા ગયો. ત્યાં તેણે આ પદ્યો જોયાં; તે તેણે વાંચ્યાં અને વિચાર્યાં. વિચાર કરતાં અક્ષર તથા કવિત્વ ઉપરથી માલૂમ પડ્યું કે ખરેખર બપ્પભટ્ટિજીએજ આ લખેલાં હોવાં જોઇએ. અહો તેમની મારા ઉપર કેવી કૃપા છે ! હું કેવું કુકર્મ કરવાને તૈયાર થઇ ગયો છું. અરેરે મારા જીવિતને ધિક્કાર છે. હું ક્યાં જાઉં ? શું કરૂં ? ગુરૂજીને શું મુખ બતાવું ? શું તપ આચરૂં કે તીર્થ સેવું ? કૂવે પડું કે શસ્ત્રથી આપઘાત કરૂં ? ના, ના, મને ઠીક યાદ આવ્યું. લોક સમક્ષ પાપ પ્રકટ કરી કાષ્ઠભક્ષણ કરૂં. આ પ્રમાણે ટળવળતા તે રાજાએ પોતાના સેવકોને અગ્નિ પ્રજ્વલિત કરવા આજ્ઞા કરી. આ વાતની પ્રધાનોએ સૂરિજીને ખબર આપી એટલે તેઓ ત્યાં આવ્યા. **આમ** રાજા જેવો અગ્નિમાં પ્રવેશ કરવા જાય છે કે તેવોજ સૂરિજીએ તેનો હાથ પકડી તેને રોક્યો અને તેઓ કહેવા લાગ્યા કે આપઘાત કરવાથી શું ફાયદો છે ? વળી મનથી બાંધેલું પાપ તો મનથીજ નાશ પામે છે.

પ્રભાવક–ચરિત્રમાં આ સંબંધમાં નીચે મુજબની હકીકત નજરે પડે છે. સૂરિજીએ અગ્નિમાં પડવાને તૈયાર થયેલા રાજાને કહ્યું કે પાપનું પ્રાયશ્ચિત્ત પણ છે. આ સંબંધમાં તારી ઇચ્છા હોય, તો તું સ્માર્ત બ્રાહ્મણોને બોલાવીને પૂછી જો.

રાજાએ તાબડતોબ બ્રાહ્મણો બોલાવ્યા અને પોતાના પાપનું શું પ્રાયશ્ચિત્ત છે તે પૂછ્યું. ત્યારે તેમણે કહ્યું કે—

"आयःपुत्तलिकां वह्नि–ध्मातां [illegible]णीम् ।
आश्लिष्यन् मुच्यते सद्यः, पापाच्चाण्डालीसम्भवात् ॥"—અનુષ્ટુપ્

કહેવાની મતલબ એ છે કે લોઢાની પુતળીને અગ્નિમાં તપાવીને તેના જેવી લાલચોળ કર્યા બાદ તેને આલિંગન કરે, તો ચાણ્ડાલીથી ઉત્પન્ન થયેલા પાપથી સત્વર મુક્ત થવાય છે.

આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત લેવા રાજા તૈયાર થઇ ગયો એટલે સૂરિજીએ તેને કહ્યું કે હે રાજન્ ! તેં તો સંકલ્પમાત્રથી પાપ કર્યું છે, તેં કાંઇ શરીર વડે તેવું નીચ કર્મ કર્યું નથી એટલે

માત્ર પશ્ચાત્તાપ કરવાથી તે પાપ નષ્ટ થઈ જશે;[1] વાસ્તે નકામો આ દેહનો શા સારૂ અંત લાવવા તું તૈયાર થઇ ગયો છે? હવે તું દીર્ઘ કાળ પર્યંત જૈન ધર્મ પાળ અને તેમ કરીને તું તારા આત્માનું કલ્યાણ કર. રાજાએ આ વાત અંગીકાર કરી. આ પ્રમાણે શ્રીબપ્પ-ભટ્ટિએ રાજાને કુકર્મ કરતાં તેમજ આત્મહત્યા કરતાં અટકાવ્યો.

આ પછી કેટલોક કાળ વીત્યા બાદ **વાક્પતિરાજ મથુરા** ગયો અને ત્યાં તે શ્રીપાત ત્રિ-દંડી થઇ રહ્યો. એ વાત રાજાએ લોક પાસેથી જાણીને સૂરિજીને કહ્યું કે આપે મને પણ શ્રાવક બનાવ્યો, આપની વાણી પણ દિવ્ય છે અને આપની શક્તિ પણ અપરિમિત છે. પરંતુ એ બધું હું ત્યારેજ સાચું માનું કે જ્યારે આપ **વાક્પતિ**ને જૈન બનાવો. સૂરિજીએ ઉત્તર આપ્યો કે હું અત્યારે એવી પ્રતિજ્ઞા લઉં છું કે જ્યારે હું એને મારો શિષ્ય (શ્વેતામ્બર) બનાવું, ત્યારેજ મારી વિદ્યા સાચી; વાસ્તે **વાક્પતિ** ક્યાં છે તે મને કહે. રાજાએ કહ્યું કે તે **મથુરા**માં છે.

પછી **આમ** રાજાના કેટલાક આપ્ત મનુષ્યોને સાથે લઇને સૂરિજી **મથુરા** જવા નીકળ્યા. ત્યાં પહોંચ્યા બાદ તેમણે **વરાહમિહિર**ના મંદિરમાં ધ્યાનસ્થ અવસ્થામાં **વાક્પતિ**ને જોયો. તેની પાછળ ઊભા રહીને સૂરિજીએ ઊંચે સ્વરે નીચે મુજબનો આશીર્વાદ દેવો શરૂ કર્યો:—

"सन्ध्यां यत् प्रणिप[illegible]च लोकपुरतो बद्धाञ्जलिर्याचसे
धत्से यच्च परां विलज्ज! शिरसा तच्चापि सोढं मया ।
श्रीर्जाताऽमृत(म्बुधि)मन्थनाद् यदि हरेः कस्माद् विषं भक्षितं?
मा स्त्रीलम्पट! मां स्पृशेत्यभिहितो गौर्या हरः पातु वः ॥१॥—શાર્દૂલ૦

एकं ध्याननिमीलना[illegible]लितं चक्षुर्द्वितीयं पुनः
पार्वत्या विपुले नितम्बफलके शृङ्गारभारालसम् ।
अन्यद् दूरविकृष्टकामदहनक्रोधानलोद्दीपितं
शम्भोर्भिन्नरसं समाधिसम[illegible] नेत्रत्रयं पातु वः ॥ २ ॥—શાર્દૂલ૦

रामो नाम बभूव हुं तदबला सीतेति हुं तां पितु-
र्वाचा प[illegible]न विचरतस्तस्याहर[illegible] रावणः ।
निद्रार्थं जननीकथामिति हरेर्हुंकारिणः शृण्वतः
पूर्वं स्म[illegible]रवन्तु काप[illegible]टिलभ्रूभङ्गुरा दृष्टयः ॥ ३ ॥—શાર્દૂલ૦

[illegible]न्त्या रतान्ते भर[illegible]रगपतौ पाणिनैकेन कृत्वा
धृत्वा [illegible] वासो [illegible]रमंसे व[illegible]न्त्याः ।
सद्यस्तत्कायकान्तिद्विगुणित[illegible]रतप्रीतिना शौरिणा वः
[illegible] नीतं वपुरलसलसद्बा[illegible] लक्ष्म्याः पुनस्तु ॥ ४ ॥"—સ્રગ્ધરા

1 સરખાવો—

"मनसा मानसं कर्म, वचसा वाचिकं तथा ।
कायेन कायिकं कर्म, निस्तरन्ति मनीषिणः ॥"

2 इदं काव्यं [illegible]रायणस्य[illegible] सुभाषितर[illegible] ।

અર્થાત્—લોકોના દેખતાં તું સંધ્યાને હાથ જોડી નમન કરી તેની તું યાચના કરે છે. વળી હે બેશરમ! (ગંગા રૂપી) બીજી સ્ત્રીને તું મસ્તક ઉપર ધારણ કરે છે તે પણ મેં સહન કર્યું. પરંતુ જો સમુદ્ર મન્થનથી હરિને લક્ષ્મી મળી, તો તેં ઝેર કેમ ખાધું? માટે હે સ્ત્રીલંપટ! તું મને સ્પર્શ કરીશ નહિ એમ જેને **ગૌરી (પાર્વતી)**એ કહ્યું તે **હર (મહાદેવ)** તમારૂં રક્ષણ કરો.—૧

જેનું એક લોચન ધ્યાનમાં (લીન થયેલું હોવાથી) મીચાયેલું છે, બીજું લોચન **પાર્વતી**ના મોટા નિતમ્બ ઉપર શૃંગાર (રસના) ભારથી નમી પડેલું છે અને ત્રીજું લોચન દૂરથી (ધનુષ્ય) ચડાવતા કંદર્પને બાળવાને કોપાગ્નિથી પ્રજ્વલિત બન્યું છે, એવા સમાધિ વખતે **શંભુ (મહાદેવ)**ના ભિન્ન રસવાળાં ત્રણે લોચનો તમારૂં પરિપાલન કરો.—૨

એક હતો **રામ.** હું. તેને **સીતા** (નામની) પત્ની હતી. હું. તેના પિતાના વચનથી તે પંચવટી વનમાં વિચરતો હતો તેવામાં તેની સ્ત્રીને **રાવણ** હરી ગયો. હું. નિદ્રાર્થે આ પ્રમાણેની જનની—કથાને હુંકારપૂર્વક શ્રવણ કરતા **હરિ**ની પૂર્વ સ્મરણ થવાથી કોપથી કુટિલ બનેલ ભમર વડે ભંગુર થયેલી દૃષ્ટિઓ તમારૂં પાલન કરો.—૩

રતાન્તે એક હાથે **શેષ**(નાગ)ના ઉપર ભાર મૂકીને (એટલે કે વિષય—સેવન પછી થાકી જવાથી **શેષ** નાગના ઉપર એક હાથ ટેકવીને) અને બીજે હાથે વસ્ત્ર લઇને ઊઠતી એવી તેમજ છુટી ગયેલા અંબોડાના ભારને ખભા ઉપર વહન કરતી એવી તથા જેની કાયાની કાન્તિને જોતાંજ જેનામાં સુરત—સ્નેહ બમણો ઉત્પન્ન થયો છે એવા **વિષ્ણુ**એ જેને આલિંગન કરી ફરી શય્યામાં સુવાડી, તે **લક્ષ્મી**નું આળસથી કાંઇક મન્દ પડી ગયેલા હાથવાળુ શરીર તમને પવિત્ર કરો.—૪

આ પ્રમાણે તેઓ ઘણું બોલ્યા એટલે **વાક્પતિ** ધ્યાન મૂકીને તેમની સંમુખ આવી કહેવા લાગ્યો કે હે **બપ્પભટ્ટિ** મિત્ર! તમે મારી સમક્ષ શૃંગાર અને રૌદ્ર રસથી યુક્ત એવો પદ્ય—પાઠ કેમ કરો છે? સૂરિજીએ ઉત્તર આપ્યો કે તમે સાંખ્ય છો; તેમાં વળી કેટલાક સાંખ્યો ઈશ્વરને માનતા નથી, જ્યારે કેટલાક ઈશ્વરને માને છે; પરંતુ તે સર્વેને ૨૫ તત્ત્વો સંમત છે. આ બધું ધ્યાનમાં લઇને અમે તમારી આગળ તમારા ઇષ્ટ દેવની સ્તુતિ કરીએ છીએ, કેમકે જેને જેવી રૂચિ હોય તેની આગળ સમયજ્ઞે તે પ્રમાણે કહેવું. **વાક્પતિ**એ કહ્યું કે એ વાત બરાબર છે, પરંતુ હું તો મોક્ષનો અર્થી છું. વિશેષમાં મારૂં મરણ પાસે આવેલું જાણી બ્રહ્મ—ધ્યાનમાં લીન થવા હું અહીં આવ્યો છું.

સૂરિજીએ આ સાંભળીને કહ્યું કે શું રૂદ્ર પ્રમુખ દેવો મુક્તિ—દાતા નથી? જો તેઓ મુક્તિ—દાતા હોય, તો પછી આ પ્રમાણે તું ધ્યાન—મુક્ત થઇ ખિન્ન કેમ થાય છે? અને જો તેઓ તેવા નથી એમ માનતો હો, તો તેમને મૂકીને મુક્તિને આપનારાની સેવા કેમ કરતો નથી?

વાક્પતિએ કહ્યું કે તેઓ મુક્તિ-દાતા નથી, પરંતુ મુક્તિ અર્પણ કરવામાં કયા દેવ સમર્થ છે તેની મને ખબર નથી. બપ્પભટ્ટિજીએ કહ્યું કે તેવા દેવ તો જિનજ છે, કેમકે દેવનું નીચે મુજબનું લક્ષણ તેમનામાંજ ઘટી શકે છેઃ—

"अर्हन् सर्वार्थवेदी यदुकुलतिलकः केशवः शङ्करो वा
बिभ्रद् गौरीं शरीरे दधदनवरतं पद्मजन्माऽक्षसूत्रम् ।
बुद्धो वाऽलं कृपालुः प्रकटितभवनो भास्करः पावको वा
रागाद्यैर्यो न दोषैः कलुषितहृदयस्तं नमस्यामि देवम् ॥ १ ॥—સ્રગ્ધરા

यत्र तत्र समये यथा तथा
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतदोषकलुषः स चेद् भवा-
नेक एव भगवन् ! नमोऽस्तु ते ॥ २ ॥—[1]રથોદ્ધતા

मदेन मानेन मनोभवेन
क्रोधेन लोभेन च संमदेन ।
पराजितानां प्रसभं सुराणां
वृथैव साम्राज्यरुजा परेषाम् ॥ ३ ॥—ઉપજાતિ

—અયોગવ્યવચ્છેદિકા દ્વાત્રિંશિકા, શ્લો૦ ૨૫

[2]जं दिट्ठी[3] करुणातरंगियपुडा एयस्स सोम्मं मुहं
आयारो पसमायरो परियरो सन्तो पसन्ना तणू ।
तं मन्ने ज[illegible]जम्ममच्चुहरणो देवाहिदेवो जिणो
देवाणं अवराण दीसइ जओ नेयं सरूवं जए ॥ ४ ॥"—શાર્દૂલ૦

અર્થાત્—જેનું હૃદય રાગાદિક દોષોથી મલિન થયેલું નથી, તે દેવને હું નમસ્કાર કરૂં છું. પછી ભલે તે દેવ સર્વ પદાર્થને જાણનારા અરિહંત હો કે યદુ વંશને વિષે તિલકસમાન

---

१ रात्परैर्नरलगै रथोद्धता ।

૨ છાયા—

यद् दृष्टिः करुणातरङ्गितपुटा एतस्य सौम्यं मुखम्
आचारः प्रशमाकरः परिकरः शान्तः प्रसन्ना तनूः ।
तद् मन्ये जराजन्ममृत्युहरणो देवाधिदेवो जिनो
देवानामपरेषां दृश्यते यतो नैतत् स्वरूपं जगति ॥

૩ સરખાવો—

यद् दृष्टिः करुणातरङ्गलहरी चैतस्य सौम्यं मुखं
आचारः प्रशमाकरः परिकरः शान्तः प्रसन्ना तनुः ।
तन्मन्येऽखिलजन्ममृत्युहरणो देवाधिदेवो जिनो
देवेष्वन्यतरेषु राजति यतो नेदं स्वरूपं क्षितौ ॥
—जैनधर्मवरस्तोत्रे

કેશવ (કૃષ્ણ) હો; શરીર ઉપર (ખોળામાં) **ગૌરી** (પાર્વતી)ને ધારણ કરનારા **શંકર** હો કે નિરંતર અક્ષ–સૂત્રને ધારણ કરનારા **પદ્મજન્મા** (બ્રહ્મા) હો; અત્યંત કૃપાળુ એવા **બુદ્ધ** હો કે જગત્‌ને પ્રકાશિત કરનારા **સૂર્ય** કે **અગ્નિ** હો.—૧

હે પ્રભુ! જ્યાં, જે સમયે, જેવી રીતે, જે નામથી તું હો, ત્યાં, તે સમયે, તેવી રીતે તે નામથી પ્રખ્યાત એવો તું જો દોષરૂપ દૂષણથી રહિત હો, તો તેવા એકલા તને(જ) મારા પ્રણામ હોજો.—૨

મદથી, માનથી, મદનથી, કોપથી, લોભથી અને હર્ષથી એ બધાથી અત્યંત પરાજિત થયેલા એવા અન્ય દેવોની સામ્રાજ્ય–પીડા વ્યર્થજ છે.—૩

જેથી કરીને (જિનની) દૃષ્ટિ કરુણારૂપી કલ્લોલથી યુક્ત પુટ (પુડિયા) જેવી છે, મુખ સૌમ્ય છે, આચાર પ્રશમની ખાણ છે, પરિકર શાન્ત છે અને દેહ પ્રસન્ન છે તેથી હું એમ માનું છું કે જરા (ઘડપણ), જન્મ અને મરણનો નાશ કરનારા એવા દેવાધિદેવ જિન(જ) છે, કેમકે અન્ય દેવોનું આવું સ્વરૂપ વિશ્વમાં જોવામાં આવતું નથી.—૪

આ પ્રમાણે સૂરિજીએ કહ્યું એટલે **વાક્‌પતિ**એ પૂછ્યું કે તે જિન ક્યાં છે? સૂરિજીએ કહ્યું કે સ્વરૂપથી તો તે મોક્ષમાં છે, પરંતુ મૂર્તિથી તે જિનાલયમાં છે. આ સાંભળીને **વાક્‌પતિ**એ તે મને બતાવો એમ સૂરિજીને કહ્યું. તેથી સૂરિજી તેને **આમ** નરેશ્વરે બનાવેલા જિનાલયમાં લઇ ગયા અને ત્યાં પોતેજ પ્રતિષ્ઠા કરેલી **શ્રીપાર્શ્વનાથ**ની મૂર્તિના દર્શન કરાવ્યા. શાન્ત, કાન્ત તથા નિરંજન એવા સ્વરૂપને જોઇને પ્રબુદ્ધ થયેલો **વાક્‌પતિ** બોલી ઊઠ્યો કે આકાર જોતાંજ આ દેવ નિરંજન હોય એમ જણાય છે. સૂરિજીએ વિશેષમાં તેને દેવ, ગુરૂ અને ધર્મનું યથાર્થ સ્વરૂપ રૂડી રીતે સમજાવ્યું તેથી તે પ્રસન્ન થયો અને મિથ્યાત્વ-રૂપી વિષને ત્યજી દઇ તે શ્વેતામ્બર જૈનર્ષિ થયો. જિનને વન્દન કરતાં તે બોલ્યો કે—

"मयनाहिसुरहिएणं, इमिणा किंकरफलं नडाले णं ।
इच्छामि अहं जिणवर !, पणाम किण कलुसियं काउं ? ॥ १ ॥—આર્યા
दोवि गिहत्था धडहड, वच्चइ को किर [illegible]स्सवि पत्त भणिज्जइ ? ।
सारंभे सारंभं पुज्जइ, कद्दम कद्दमेण किमु सुज्झइ ? ॥ २ ॥"—આર્યા

અર્થાત્ કસ્તૂરી વડે સુવાસિત એવા આથી લલાટમાં સેવકનું ફળ છે. તેથી હે જિનેશ્વર! નમસ્કારને મલિન કરવાને હું કેમ ઇચ્છું?—૧

---

૧ છાયા—

मृगनाभिसुरभितेन अनेन किङ्करफलं ललाटे ।
इच्छामि अहं जिनवर ! प्रणामं कथं कलुषितं कर्तुम् ? ।
द्वावपि गृहस्थावुत्पथं व्रजतः कः किल कस्यापि पात्रं भण्यते ? ।
सारम्भः सारम्भं पूजयति कर्दमः कर्दमेन किं शुध्यते ? ॥

બન્ને ગૃહસ્થો ઉન્માર્ગે જાય છે, તો કોણ કોનું પાત્ર કહેવાય? આરમ્ભથી યુક્ત (જન) આરંભીને પૂજે છે, (પરંતુ) શું કાદવ કાદવથી શુદ્ધ થાય છે?—૨

કાલાન્તરે વાક્પતિનું મરણ પાસે આવતાં મથુરાના ચારે વર્ણોની તેમજ આમ નૃપતિના આપ્ત જનોની સમક્ષ સૂરિજીએ એને [1]અઢાર પાપ-સ્થાનનો ત્યાગ કરાવ્યો, [2]પંચ-પરમેષ્ઠીરૂપ નમસ્કાર-મંત્ર સંભળાવ્યો, જીવોને ખમાવાવ્યા અને ચાર શરણોનું આલંબન લેવડાવ્યું. ત્યાર પછી સુખેથી શરીર તજીને વાક્પતિ સ્વર્ગે ગયા.

આ સમયે સ્નેહથી વિકલ બનેલા સૂરિજીએ સામન્તો અને પણ્ડિતો સાંભળે તેમ ગદ્ગદ સ્વરે નીચે મુજબના ઉદ્ગારો કાઢ્યા.

[3]"पइ सग्गग ॰ सामंतराय! अवरतेओ न फिट्टिहइ।
पढमं चिय वरियपुरंदराय सग्गस्स लच्छीए ॥ १ ॥"—આર્યા

પછીથી સૂરિજી આ ગોકુલ-વાસ (મથુરા)માં આવેલા અને નંદ રાજાએ તૈયાર કરાવેલા શ્રીશાન્તિનાથના મંદિરમાં ગયા. ત્યાં શ્રીશાન્તિદેવીની પણ મૂર્તિ હતી. તેમણે આ બન્નેની [4]"जैयति जगद्रक्षाकर" ઇત્યાદિ વચનપૂર્વક સ્તુતિ કરી. પછીથી સામન્તોની સાથે સૂરિજી ગોપગિરિ પાછા આવ્યા અને તેમણે વાક્પતિના સંબંધમાં બનેલું સર્વ વૃત્તાન્ત રાજાને કહી સંભળાવ્યું. આથી રાજા આનંદ પામ્યો. આ સમયે તેણે સૂરિજીને કહ્યું કે—

"आलाक-न्तः सन्त्य-, भूयांसो भास्करा-यः।
कलावानेव तुङ्गाद्रा-वर्ककर्मणि कर्मठः ॥ १ ॥"—અનુષ્ટુપ્

અર્થાત્ સૂર્યાદિક અનેક (ગ્રહો) પ્રકાશયુક્ત તો છેજ, પરંતુ ઊંચા ગિરિ ઉપર પત્થરને પીગળાવવામાં સમર્થ એવો તો ચન્દ્રજ છે.

એક વાર રાજાએ સૂરિજીને કહ્યું કે જૈન તત્ત્વ જાણવા છતાં મને વચમાં વચમાં તાપસ-ધર્મ ઉપર પ્રીતિ ઉદ્ભવે છે, તેનું શું કારણ હશે? તેમણે પ્રત્યુત્તર આપ્યો કે હું આ વાતનો કાલે ઉત્તર આપીશ. તેઓ ઉપાશ્રયે આવ્યા અને રાત્રે સરસ્વતી દેવીને રાજાના પૂર્વ ભવ સંબંધી હકીકત પૂછી લીધી. પછી બીજે દિવસે સવારમાં રાજાને કહી સંભળાવ્યું

---

૧ (૧) પ્રાણાતિપાત, (૨) મૃષાવાદ, (૩) અદત્તાદાન, (૪) મૈથુન, (૫) પરિગ્રહ, (૬) ક્રોધ, (૭) માન, (૮) માયા, (૯) લોભ, (૧૦) રાગ, (૧૧) દ્વેષ, (૧૨) કલહ, (૧૩) અભ્યાખ્યાન, (૧૪) પૈશુન્ય, (૧૫) રતિ-અરતિ, (૧૬) પરપરિવાદ, (૧૭) માયામૃષાવાદ અને (૧૮) મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપ-સ્થાનો છે.

૨ જુઓ શ્રીચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિના ૮૬મા પદ્યનું સ્પષ્ટીકરણ.

૩ છાયા—

त्वयि स्वर्गं गते सामन्तराज! अपरतेजो न स्फेटिष्यति।
प्रथममेव वृत-रन्दुरायाः स्वर्गस्य लक्ष्म्याः ॥

૪ "अद्यापि वर्तते तच्छान्तिकरं सर्वभयहरणम्" એમ આ સંબંધમાં પ્રભાવક-ચરિત્રમાં ઉલ્લેખ છે, પરંતુ આ સ્તોત્ર મારા જોવામાં હજી સુધી આવ્યું નથી.

5

કે તું પૂર્વ ભવમાં તાપસ હતો અને તેં કાલિંજર નામના ગિરિ પાસે આવેલા શાલ વૃક્ષની નીચે એકાંતર ઉપવાસ કરવા વડે દોઢસો વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી હતી. આયુષ્ય પૂર્ણ થતાં તું રાજા થયો છે. આ વાતની જો તારે પ્રતીતિ કરવી હોય, તો હજી તે વૃક્ષની નીચે તારી જટા લટકે છે તે મંગાવી જો. રાજાએ જટા મંગાવી. તે આવતાં રાજાને પ્રતીતિ થઇ. આથી તે ઉમંગભેર શુદ્ધ અંતઃકરણપૂર્વક જૈન ધર્મ પાળવા લાગ્યો.

એક વાર મહેલની ઉપર ફરતાં ફરતાં આમ રાજાએ એક ઘરમાં ભિક્ષા માટે મુનિને જતા જોયા. તેમાં એક કામિની હતી. તેણે કામાર્ત થઇ પરબ્રહ્મમાં એક ચિત્તવાળા એવા આ મુનિની સાથે ક્રીડા કરવાની ઇચ્છાથી દ્વાર બંધ કર્યાં; પરંતુ મુનિએ તેનો સ્વીકાર કરવા ના પાડી, ત્યારે દ્વાર પકડી રાખીને તેણે તેને લાત મારી. તેમ થતાં કાકતાલીય ન્યાયથી કે અંધવર્તિકા ન્યાયથી તેનું નૂપુર (ઝાંઝર) તે મુનિના ચરણમાં પેસી ગયું. તે જોઇ રાજાએ સૂરિજીને નીચે મુજબની સમસ્યા કહીઃ—

"[1]कामाउराएऽज्ज वरंगणाए,अब्भत्थिओ जुव्वणगव्वियाए"

અર્થાત્ કામને વશ થયેલી તેમજ યૌવનને લીધે ગર્વિષ્ટ બનેલી તે સુન્દર સુન્દરીએ તેની પ્રાર્થના કરી.

સૂરિજીએ તે સમસ્યા પૂર્ણ કરતાં કહ્યું કે—

"[2]न मन्नियं तेण जिइंदिएणं, सनेउरो पव्वइअस्स पाओ ॥ १ ॥"–ઉપજાતિ

અર્થાત્ તે જિતેન્દ્રિયે માન્યું નહિ; તે દીક્ષા લીધેલાનો પગ નૂપુરથી યુક્ત થયો છે.

એક વાર કોઇ [3]પ્રોષિત–ભર્તૃકાના ગૃહમાં ભિક્ષા માટે કોઇ ભિક્ષુક દાખલ થયો. પેલી સ્ત્રી ભિક્ષુને પારણું કરાવવા માટે અન્ન લાવી; પરંતુ તે ભિક્ષુની દૃષ્ટિ તે સુન્દરીની નાભિ ઉપર સ્થિર થઇ ગઇ, જ્યારે તે સ્ત્રીની દૃષ્ટિ તે ભિક્ષુકના મુખ–કમલ ઉપર લાગી રહી. એટલામાં કાગડાઓ તે અન્ન ખાઇ ગયા. આ બધું દૃશ્ય રાજાએ મહેલ ઉપરથી જોયું અને તે સંબંધમાં તેણે સૂરિજીને નીચે મુજબની સમસ્યા કહી સંભળાવીઃ—

"[4]भिक्खायरो पिच्छइ नाहिमंडलं सावि तस्स मुहकमलं"

અર્થાત્ ભિક્ષુક તે સ્ત્રીનું નાભિ–મણ્ડલ જુએ છે અને તે (સ્ત્રી) પણ તેનું મુખ–કમલ જુએ છે. સૂરિજીએ કહ્યું કે—

---

૧ છાયા—

कामातुरयाऽद्य वराङ्गनयाऽभ्यर्थितो [illegible]या ।

૨ છાયા—

न मतं तेन जितेन्द्रियेण, सनूपुरः प्रव्रजितस्य पादः ॥

૩ જેનો પતિ પરદેશ ગયો છે એવી સ્ત્રી.

૪ છાયા—

भिक्षाचरः पश्यति नाभिमण्डलं साऽपि तस्य मुखकमलम् ।

"दुण्हंपि कवालं चडुयंपि काया विलुंपंति ॥ १ ॥"[1]

અર્થાત્ બંનેના કપાળ અને કડછીને કાગડાઓ બગાડે છે.

આ સાંભળીને **આમ** રાજા અચંબો પામી ગયો અને વિચારવા લાગ્યો કે ખરેખર આ સર્વજ્ઞપુત્રજ છે.

એક દિવસ ચિત્રકળામાં અતિશય પ્રવીણ એવો એક ચિતારો રાજા પાસે આવ્યો. તેણે વિવિધ ચિત્રો આલેખ્યાં, પરંતુ રાજાએ તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. આથી તેણે આખરે **મહાવીર**સ્વામીનાં ચાર ચિત્રો કાઢીને સૂરિજીને બતાવ્યાં. સૂરિજીએ તેની કળાની પ્રશંસા કરી એટલે રાજાએ તેને એક લાખ ટંક આપ્યા. પછીથી તેણે આ ચાર ચિત્રોને મોઢેરકમાં, અણહિલ્લપુરમાં, ગોપગિરિમાં અને સતારક નામના પુરમાં મોકલી આપ્યાં. ત્યાં તેણે પ્રતિષ્ઠા તથા પ્રભાવના પણ કરાવી અને વળી બીજાં પણ ઘણાં બિંબ કરાવ્યાં.

કાલાન્તરે **આમ** રાજાને ત્યાં સુલક્ષણી પુત્રનો જન્મ થયો. રાજાએ તેનો મહોત્સવ કર્યો અને તેનું દુન્દુક એવું નામ પાડયું. આ પણ યુવાન થતાં તેના પિતાની જેમ સર્વ ગુણો પ્રાપ્ત કરી સારી પ્રસિદ્ધિ પામ્યો. એક વખત **આમ** ભૂપાલે **સમુદ્રસેન** રાજાના રાજગિરિ નામના દુર્ગ (કિલ્લા)ને રૂંધ્યો. અપરિમિત સૈન્ય, કુદ્દાલકાદિક સામગ્રી, ભૈરવાદિ યન્ત્ર-ભેદો વિગેરે ઉપાયો રાજાએ અજમાવી જોયા, પરંતુ તે દુર્ગ તે સર કરી શક્યો નહિ. આથી ખેદ પામીને તે રાજાએ સૂરિજીને પૂછ્યું કે આ ગગનસ્પર્શી દુર્ગ હું ક્યારે જીતી શકીશ? સૂરિજીએ કહ્યું કે તારા પુત્ર દુન્દુકનો પુત્ર **ભોજ** આ દુર્ગને દૃષ્ટિમાત્રથી ચૂર્ણ કરી નાખશે; બાકી તેમાં બીજાનું કંઇ વળવાનું નથી. આથી **આમ** રાજા ત્યાં બાર વર્ષ સુધી પડાવ નાખીને રહ્યો. તેવામાં દુન્દુકને ઘેર પુત્ર જન્મ્યો અને તેનું **ભોજ** એવું નામ પાડવામાં આવ્યું. તેનો જન્મ થતાંજ તેને નાના પલંગમાં સુવાડી દુર્ગ આગળ લાવવામાં આવ્યો. તેની આ દુર્ગ તરફ દૃષ્ટિ પડતાં એના કકડે કકડા થઇ ગયા. **સમુદ્રસેન** રાજા ધર્મ-દ્વારથી બહાર નીકળી ગયો. **આમ** રાજાએ તે દુર્ગ હાથ કર્યો, પરંતુ તેણે પ્રજાને કોઇ પણ રીતે પીડા કરી નહિ; કેમકે જૈન રાજર્ષિઓ દયાળુ હોય છે.

રાત્રિ સમયે ત્યાંના અધિષ્ઠાયક વ્યન્તરે **આમ** રાજાને કહ્યું કે હે રાજન્! જો તમે અહિંઆ રહેશો, તો હું તમારા લોકોને હણી નાખીશ. **આમે** પ્રત્યુત્તર આપ્યો કે લોકોને હણવાથી તમને શો લાભ છે? જો તમારી હણવાની ઇચ્છા હોય, તો તમે મનેજ હણો. આ પ્રમાણેની રાજાની નિર્ભયતા જોઇને વ્યન્તર ઘણો ખુશી થયો અને જે ઇચ્છા હોય

---

१ છાયા—

द्वयोरपि कपालं चाटुकं च काका विलुम्पन्ति ॥

તે માગો એમ તેણે રાજાને કહ્યું. રાજાએ જવાબ આપ્યો કે મારે કાઇ વાતની ખોટ નથી પરંતુ મારૂં મૃત્યુ ક્યારે થશે તે તમે કહો. ત્યારે વ્યંતરે કહ્યું કે આજથી છ મહિન પછી મકારથી શરૂ થતા નામવાળા ગામમાં તમારૂં મૃત્યુ થશે અને તે સમયે તમને જળમાંથી ધુમાડો નીકળતો જણાશે એ જાણજો; માટે હવે તમે પારલૌકિક સાધના કરે એમ કહીને તે વ્યંતર ચાલ્યો ગયો.

સવાર પડતાં રાજા સૂરિજી પાસે આવ્યો એટલે તેમણે તેને કહ્યું કે વ્યંતરે તને જે વાત કહી છે તે સાચી છે, વાસ્તે તું પરલોક ગમનમાં સહાયભૂત એવું ધર્મરૂપી ભાથુ ગ્રહણ કરવા તૈયાર થા. સૂરિજીને રાત્રિ સંબંધી હકીકત ખબર પડી ગઇ એ જાણીને રાજા આશ્ચર્યચકિત થયો, પરંતુ સાથે સાથે તેને એ વિચાર પણ આવ્યો કે સૂર્ય તેજસ્વી, ચન્દ્ર આનન્દદાયક, ગંગાજળ પવિત્ર અને જૈન જ્ઞાની હોય, એમાં શી નવાઇ?

બે દિવસ પછી પ્રસંગ મળતાં સૂરિજીએ રાજાની પાસે શ્રીનેમિનાથની સ્તુતિરૂપ નીચે મુજબનો આશીર્વાદ કહ્યો—

" लावण्या-तसारसारणिसमा सा भोगभूः स्नेहला
सा लक्ष्मीः स नवोद्गमस्तरुणिमा सा [illegible]ारिका तज्जलम् ।
ते गोविन्द-शिवा-समुद्रविजयप्रायाः प्रियाः प्रेरका
यो जीवेषु कृपानिधिर्व्यधित नोद्वाहः स नेमिः श्रियै ॥ १ ॥"—શાર્દૂલ૦

અર્થાત્ લાવણ્યરૂપ અમૃતના સારની સારણિ સમાન એવી તે સ્નેહવતી ભોગ-પુત્રી (રાજીમતી), તે લક્ષ્મી, તે નવીન ઉદયવાળું યૌવન, તે દ્વારિકા, તે જળ, તે ગોવિન્દ (કૃષ્ણ), શિવા (રાણી) અને સમુદ્રવિજય (રાજા) પ્રમુખ પ્રિય જનો જેના પ્રેરક હતા અને જે જીવોને વિષે કરૂણાનિધિ હતા એવા જે નેમિ(નાથે) વિવાહ ન કર્યો, તે (તમને કલ્યાણને માટે થાઓ.—

તથા વળી—

" मग्नैः कुटुम्बजम्बाले, यैर्मिथ्याकार्यजर्जरैः ।
नोज्जयन्ते नतो नेमि-स्ते चेज्जीवन्ति के मृताः ? ॥ २ ॥"—અનુષ્ટુપ્

અર્થાત્ મિથ્યા કાર્યમાં જર્જરિત બનેલા અને કુટુંબરૂપી કાદવમાં મગ્ન થયેલા એવા જે જનો નેમિ(નાથ)ને ઉજ્જયન્ત (રૈવત) ગિરિ ઉપર નમ્યા નહિ, તેમને જો જીવતા ગણવામાં આવે, તો પછી મુએલા કોણ કહેવાય?

આ પ્રમાણેનો રૈવત ગિરિનો સૂરિએ અપૂર્વ મહિમા કહ્યો. તે સાંભળીને રાજા ભૂમિ ઉપર પગ ઠોકીને કમર કસીને ઊભો થઇ ગયો અને તેણે એવી પ્રતિજ્ઞા લીધી કે રૈવત ગિરિ ઉપર નેમિનાથના દર્શન કર્યા વિના હું ભોજન કરનાર નથી. લોકોએ તેને ઘણે

વાર્યો અને કહ્યું કે આપ નરમ પ્રકૃતિવાળા છો અને આ પર્વત તો ઘણો દૂર છે, વાસ્તે ખોટી ખેંચતાણ ન કરો. પરંતુ તે રાજા પોતાની પ્રતિજ્ઞામાં મક્કમ રહ્યો. સૂરિજીને સાથે લઇને સૈન્ય સહિત તે રૈવત ગિરિ જવા નીકળ્યો.

પ્રયાણ કરતો કરતો **આમ** રાજા **સ્તમ્ભન** તીર્થે આવી પહોંચ્યો એટલામાં તો ક્ષુધાથી તે એવો પીડિત થઇ ગયો કે તેના પ્રાણ પણ સંશયમાં આવી ગયા; પરંતુ તે પ્રતિજ્ઞાથી ચળ્યો નહિ. લોકો ભયભીત બની ગયા અને સૂરિજી પણ ખેદ પામ્યા. તેમણે **કૂષ્માણ્ડી (અંબિકા)** દેવીને મંત્ર-બળથી સાક્ષાત્ બોલાવી અને કહ્યું કે એવું કરો કે આ રાજા ભોજન કરે અને જીવે. તદનુસાર તે દેવી મસ્તક ઉપર એક બિંબને ધારણ કરી ગગન-માર્ગે થઇને રાજા પાસે આવી અને બોલી કે હે વત્સ ! હું **અંબિકા** દેવી છું અને તારા સત્ત્વથી પ્રસન્ન થઇ છું. તેં મને ગગનથી આવતી જોઇ છે. મેં **રૈવત** ગિરિ ઉપરથી આ **નેમિનાથ**નું બિંબ આણ્યું છે. તેને તું વંદના કરી પારણું કર એટલે તારી પ્રતિજ્ઞા જળવાઇ રહેશે. સૂરિજીએ પણ એ વાતને ટેકો આપ્યો, તેથી રાજાએ ત્યાં ભોજન કર્યું અને પછીથી તે બિંબની ત્યાં સ્થાપના કરાવી. તે બિંબ સ્તમ્ભન તીર્થમાં **ઉજ્જયન્ત** નામે ઓળખાય છે.

ત્યાર બાદ આનન્દના વાદિત્ર વગડાવતો **આમ** રાજા **વિમળાચળ (શત્રુંજય ગિરિ)** ગયો અને **વૃષભધ્વજ (ઋષભદેવ)**ના દર્શન કરી પવિત્ર થયો. કાલાન્તરે તે **રૈવત** ગિરિ પહોંચ્યો તેવામાં તો તે તીર્થને દિગમ્બરોએ રૂંધી લીધું. દિગમ્બરોએ શ્વેતામ્બર સંઘને ત્યાં પ્રવેશ કરતાં અટકાવ્યો છે એવી ખબર **આમ** રાજાને મળતાં તે તેમની સાથે યુદ્ધ કરવા તૈયાર થઇ ગયો. તેવામાં દિગમ્બર સંપ્રદાયના અગ્યાર નૃપતિઓ પણ ત્યાં ભેગા થઇ ગયા. યુદ્ધ કરવા સજ્જ થયેલા બન્ને પક્ષોને સૂરિજીએ કહ્યું કે ધર્મ-કાર્યમાં યુદ્ધ કરવું તે ઉચિત નથી. તેમણે દિગમ્બરોને સમજાવ્યા કે સૌરાષ્ટ્રવાસી દિગમ્બર તેમજ શ્વેતામ્બર પક્ષની પાંચ સાત વર્ષની સો સો કન્યાઓ બોલાવી સભા બોલાવવી અને તેમાં જો બધી શ્વેતામ્બર કન્યાઓ

"उज्जिन्तसेलसिहरे, दिक्खा नाणं निसीहिआ जस्स ।
तं धम्मचक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ॥ १ ॥"–આર્યા

આ પ્રમાણેની ગાથા બોલે તો આ તીર્થ શ્વેતામ્બરોનું જાણવું, નહિ તો તે દિગમ્બરોનું છે એમ માનવું.

સભા મળતાં સમગ્ર શ્વેતામ્બરની કન્યાઓ ઉપલી ગાથા બોલી એટલે અંબિકાએ શ્વેતામ્બર સંઘના ઉપર પુષ્પ-વૃષ્ટિ કરી. (આ પ્રમાણે આ તીર્થ શ્વેતામ્બરોનું સિદ્ધ થયું અને વળી તે દિવસથી આ ગાથાનો ચૈત્યવંદનમાં સમાવેશ કરવામાં આવ્યો.) રાજાએ

---

૧ છાયા—

उज्जयन्तशैलशिखरे दीक्षा ज्ञानं नैषेधिकी यस्य ।
तं धर्मचक्रवर्तिनं अरिष्टनेमिं नमस्यामि ॥

ભક્તિપૂર્વક રૈવત ગિર ઉપર ચડી **નેમિનાથને** પ્રણામ કરી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ત્યાંથી પોતાને નગરે આવતાં માર્ગમાં તેણે **પિંડતારકમાં દામોદર હરિની મૂર્તિને, દ્વારકામાં શ્રીકૃષ્ણની મૂર્તિને** અને **સોમેશ્વર** પુરમાં **સોમનાથની મૂર્તિને** પ્રણામ કર્યા.[1]

આ પ્રમાણે યાત્રા કરીને **આમ** રાજા સૂરિજી સાથે પોતાને નગરે પાછો આવ્યો. તેણે સંઘ-પૂજાદિ મહોત્સવો કર્યા. વિશેષમાં તેણે યોગ્ય સમયે દુન્દુકને રાજ્ય ઉપર બેસાડ્યો. કેટલોક કાળ વીત્યા પછી તેની રજા લઇ પ્રજા-વર્ગની ક્ષમા યાચી દેશને અનૃણી કરી તે સૂરિજીને સાથે લઇ હોડીમાં બેસી **ગંગાને** કાંઠે આવેલા **માગધ** તીર્થમાં જવા નીકળ્યો. ત્યાં તેણે જળમાંથી ધૂમાડો નીકળતો જોયો. વળી પોતે મકારથી શરૂ થતા **મગધ** નગર આગળ આવી પહોંચ્યો છે એ વાત તરફ પણ તેનું લક્ષ્ય ખેંચાતાં તેને વ્યન્તરનું વચન યાદ આવ્યું. પોતાનું મરણ સમીપ જાણીને તે ધર્મ-ધ્યાન કરવામાં તત્પર થઇ ગયો. સૂરિજીએ તેને તેમાં પ્રોત્સાહન આપ્યું એટલે **આમ** રાજાએ તેમની ક્ષમા યાચી અનશન વ્રત અંગીકાર કર્યું. અંતમાં પંચપરમેષ્ઠીનું ધ્યાન ધરતો સમાધિપૂર્વક મરણ પામીને તે દેવલોકમાં ઉત્પન્ન થયો. આ બનાવ વિ. સં. ૮૯૦માં ભાદ્રપદ (ભાદરવા)ની શુક્લ પંચમીને દિને બન્યો. આ વાતની નિમ્ન-લિખિત પદ્ય સાક્ષી પૂરે છે:—

"मा भूत् संवत्सरोऽसौ व[illegible]शतनवतेर्मा च ऋक्षेषु चित्रा
धिग् मासं तं नभस्यं क्षयमपि स खलः शुक्लपक्षोऽपि यातु।

साङ्क्रान्तिर्या च सिंहे विशतु हुतभुजं पञ्चमी यातु शुक्रे
गङ्गातोयाग्निमध्ये त्रिदिव[illegible]पगतो यत्र 'नागावलोकः' ॥"—સ્રગ્ધરા

આમ રાજાનું મરણ થવાથી સૂરિજીનાં નેત્રમાં પણ અશ્રુ આવ્યાં, કેમકે લાંબા સમયનો સ્નેહ દુર્જય છે. સેવકો પણ આક્રન્દ કરવા લાગ્યા કે હે શરણે આવેલાનું રક્ષણ કરવામાં **વજ્રકુમાર!** રાજ્ય સ્થાપન કરવામાં **રામ!** ઇન્દ્રિયોનો નિગ્રહ કરવામાં **નળ!** સત્ય વચન ઉચ્ચારવામાં **યુધિષ્ઠિર! સુવર્ણનું** દાન દેવામાં **કર્ણ! શુદ્ધ** જૈન તત્ત્વને અંગીકાર કર-

---

૧ સરખાવો—

"दामोदरहरिं तत्रा-भ्यर्च्यांगा[illegible] पिण्डतारके।
तथा माधवदेवे च, शङ्खोद्धारे च तं स्थितम् ॥

द्वारकायां ततः श्रीमान्, कृष्णमूर्तिं प्रणम्य च।
तत्र दानानि दत्त्वा श्री-सोमेश्वरपुरं ययौ ॥

ततः श्रीसोमनाथस्य, हेमपूजापुरस्सरम्।
तल्लोकं प्रीणयामास, वासवो जीवनैरिव ॥"

—પ્રભાવકચરિત્રાંતર્ગત શ્રીબપ્પભટ્ટિપ્રબંધ, શ્લો૦ ૭૦૬-૭૦૮.

વામાં શ્રેણિક! આચાર્યોની સેવા કરવામાં સમ્પ્રતિ! દેશને અનૃણી કરવામાં વિક્રમાદિત્ય! વીર-વિદ્યાનો ઉપયોગ કરવામાં સાતવાહન! અમને તજીને તમે ક્યાં ગયા? એક વાર અમને દર્શન દો, એકલા મૂકીને ન જાઓ.

આ પ્રમાણે વિલાપ કરતા સેવકોને સૂરિજીએ બોધ આપતાં કહ્યું કે ખરેખર દુષ્ટ દૈવે

"आलब्धा कामधेनुः सरसकिसलयश्चान्दनश्चूर्णितो हा
छिन्नो मन्दारशाखी फलकुसुमभृतः खण्डितः कल्पवृक्षः ।
दग्धः कर्पूरखण्डो घनहतिदलिता मेघमाणिक्यमाला
भिन्नः कुम्भः सुधायाः कमलकुवलयैः केलिहोमः कृतोऽयम् ॥ १ ॥"–સ્રગ્ધરા

(અર્થાત્) કામધેનુનો હોમ કર્યો, સરસ પલ્લવવાળા ચન્દન વૃક્ષને ચૂર્ણ કર્યું, ફળ અને પુષ્પોથી પરિપૂર્ણ મન્દાર વૃક્ષને છેદી નાખ્યું, કલ્પવૃક્ષ ખણ્ડિત કર્યું, કર્પૂરના ખણ્ડને બાળી નાખ્યો, મેઘરૂપી માણિક્ય-માલાને ઘનના પ્રહાર વડે દળી નાખી, અમૃતના કુમ્ભને ભાંગી નાખ્યો તેમજ કમળોના સમૂહ વડે કેલિ-હોમ કર્યો.—૧

તથાપિ તમે શોક ન કરો, કેમકે જુઓ—

"पूर्वाह्णे प्रतिबोध्य पङ्कजवनान्युत्सृज्य नैशं तमः
कृत्वा चन्द्रमसं प्रकाशरहितं निस्तेजसं तेजसा ।
मध्याह्ने सरितां जलं प्रसृमरैरापीय दीप्तैः करैः
सायाह्ने रविरस्तमेति विवशः किं नाम शोच्यं भवेत्? ॥ १ ॥"–શાર્દૂલ૦

અર્થાત્ સવારે રાત્રિના અંધકારને દૂર કરી, કમલ-વનોને વિકસિત કરી, પ્રકાશ વિનાના (બનેલા એવા) ચન્દ્રને (પોતાના) તેજ વડે નિસ્તેજ કરી, મધ્યાહ્ને પ્રસરણશીલ તેમજ પ્રકાશિત કરો (કિરણો) વડે નદીઓનાં જળનું પાન કરીને સૂર્ય સાંજના પરવશ થઇ અસ્ત પામે છે; તો હવે શોક શાનો કરવો?—૧

આ પ્રમાણે ઉપદેશ આપી લોકનો શોક મૂકાવીને તેમની સાથે સૂરિજી ગોપ-ગિરિ આવ્યા. આમ નૃપતિના નન્દન દુન્દુકને પિતાના શોકથી મુક્તાફળ જેવાં અશ્રુ પાડતો, હિમથી મ્લાન થઇ ગયેલા કમળ જેવા મુખને ધારણ કરતો તેમજ ચિંતાથી ચિત્તમાં સંતપ્ત થતો જોઇને સૂરિજીએ તેને કહ્યું કે હે રાજન્! તું આટલો બધો શોક કેમ કરે છે? તારા પિતાશ્રી તો ધર્માદિક ચાર વર્ગને સાધીને કૃતકૃત્ય થઇ ગયા છે. વળી કીર્તિરૂપે દેહ વડે તો યાવચ્ચન્દ્રદિવાકરૌ જીવતાજ છે; કેમકે ઉપકારી પુરૂષની પુણ્ય-લક્ષ્મી અને કીર્તિ-લક્ષ્મી એમ બે પ્રિયાઓ છે. તેમાંની પહેલી તેની સાથે જાય છે, જ્યારે બીજી અહીંજ રહે છે. બી-જાઓ પણ આમ રાજા જેવાજ થજો.

આ પ્રમાણે કહીને સૂરિજીએ દુન્દુકને શાંત કર્યો. દુન્દુક ધીમે ધીમે ઉત્તમ શ્રાવક થયો અને ત્રિવર્ગને સાધવા લાગ્યો.

એ પ્રમાણે સમય વ્યતીત થતાં એક દિવસ દુન્દુક ચતુષ્પથમાં (ચૌટામાં) ફરવા નીકળ્યો. ત્યાં તેણે ઉદાર રૂપવાળી, યુવકરૂપી મૃગને સપડાવવામાં જાળ જેવી અને મદન અને માયાની મૂર્તિરૂપ એવી કણ્ટિકા નામની ગણિકાને જોઇ. એથી તે મોહિત થઇ ગયો અને તેણે તેને રણવાસમાં બેસાડી. આ ગણિકાએ દુન્દુકને ધીરે ધીરે એવો વશ કરી લીધો કે તે તેને પૂછ્યા વિના પાણી પણ પીતો નહિ. કામણગારાં વચનોથી તેણે જેમ હિમ વૃક્ષને ખાઇ જાય તેમ સમગ્ર રાજ્યને ખાવા માંડયું. ગણિકાને આધીન બનેલો રાજા પોતાની પદ્મા રાણીને તેમજ અન્ય કુલશીલસંપન્ન રાણીઓને પણ તૃણવત્ ગણવા લાગ્યો.

એક દિવસે કલાકેલિ નામના જ્યોતિષીએ રાત્રે એકાન્તમાં રાજાને કહ્યું કે તમારો પુત્ર ભોજ મહાભાગ્યશાળી થશે, પરંતુ તે તમને મારીને રાજય ઉપર બેસશે. આ સાંભળીને વજ્રપાતથી હણાયો હોય તેમ તે રાજા મૌન રહ્યો. તેણે તે જ્યોતિષીને રજા આપી.

જ્યોતિષીને વિદાય કરી રાજા કણ્ટિકા પાસે ગયો. રાજાને ચિંતાતુર જોઇને તેણે કહ્યું કે હે દેવ! આજે આપનું વદન-કમલ કેમ કરમાઇ ગયું છે? રાજાએ પ્રત્યુત્તર આપ્યો કે શું કરૂં? દૈવજ્ઞ કોપ પામ્યો છે. જ્ઞાનીએ કહ્યું કે મારા પુત્રને હાથે મારૂં મરણ છે અને એ વાત ખોટી પડે તેમ નથી. કણ્ટિકાએ જવાબ આપ્યો કે એમાં શી ચિન્તા કરવી? પુત્રને મારી નાખો. જે રાજ્ય-લુબ્ધ હોય તે પુત્રને પણ ગણતા નથી. વળી આવો પુત્ર તે પુત્ર નહિ પણ શત્રુ કહેવાય. આથી દુન્દુક પોતાના પુત્રનો ઘાટ ઘડવા તૈયાર થઇ ગયો. ભોજની માતા પદ્માની એક દાસી થાંભલા પછાડી સંતાઇને ઊભી હતી તેના સાંભળવામાં આ વાત આવી. તેણે જઇને પોતાની સ્વામિનીને તે વાત નિવેદન કરી. પુત્રના વધની વાત સાંભળતાં પદ્મા ગભરાઇ ગઇ.

પુત્ર-વધની રાજા યોજના કરતો હતો તેવામાં પાટલીપુરમાં જેણે સ્વયંવર-મણ્ડપ આરંભ્યો હતો અને જે સ્નેહ-પૂર્ણ, ધર્મિષ્ઠ તેમજ શૂરવીર હતો એવા પોતાના ભાઇ ઉપર પદ્મા રાણીએ છૂપો પત્ર મોકલ્યો. તેમાં તેણે એમ લખ્યું હતું કે રાજા ક્રોધે ભરાયો છે અને તેથી તે તમારા ભાણેજનો જાન લેવા તૈયાર થઇ ગયો છે, વાસ્તે તમે અહીં આવી એને લઇ જાઓ. જીવની પેઠે તમે એને જાળવજો, નહિ તો હું છતે પુત્રે પુત્ર વિનાની બની જઇશ.

આ પ્રમાણેનો પત્ર મળતાં ભોજનો મામો પોતાના બનેવી દુન્દુકના નગરમાં આવી તેને નમસ્કાર કરી પોતાને ત્યાં સ્વયંવર-મહોત્સવ છે એમ કહી ભોજને લઇ ગયો. પોતાના નગરમાં રાખીને ભણાવી ગણાવીને તેણે તેને શસ્ત્ર-વિદ્યામાં પણ કુશળ બનાવ્યો.

એમ કરતાં ભોજ મોસાળ (માતૃશાલ)માં રહીને લગભગ પાંચ વર્ષનો થયો. ત્યારે કણ્ટિકાએ દુન્દુકને કહ્યું કે તમારો પુત્રરૂપ શત્રુ મોસાળમાં વૃદ્ધિ પામે છે. નખ-[1]છેદ્યને પરશુ-છેદ્ય ન થવા દો. એને અહીં લાવીને છાનામાના યમરાજને સ્વાધીન કરો. રાજાએ તેની વાત અંગીકાર કરી અને ભોજને તેના મામા પાસેથી બોલાવી લાવવા દૂતો મોકલ્યા. ભોજના મામાએ તે દૂતોને કહ્યું કે હું તમારા રાજાનો મનોભાવ જાણું છું, માટે મારા ભાણેજને હું મોકલનાર નથી. ક્ષત્રિયનો એ ઉત્તમ ધર્મ છે કે શરણાગતનું રક્ષણ કરવું; વળી આ તો મારો ભાણેજ છે, તો પછી તેમાં શું કહેવું? તેમ છતાં બળ વાપરવાની તમારા રાજાની મરજી હોય, તો તમે તેને કહેજો કે તે સત્વર આવે. હું પણ બનેવીને મારૂં બળ બતાવીશ.

આ પ્રમાણેની વાતચિત થયા બાદ દૂતો દુન્દુક પાસે પાછા આવ્યા અને રાજાને સર્વ વાત કહી. આથી તેને બહુ ગુસ્સો ચઢ્યો, પરંતુ તે કંઇ કરી શક્યો નહિ. ભોજ પણ પોતાના પિતાના આશયથી વાકેફગાર હોવાથી તે જાતે પણ ત્યાં જવા તૈયાર થયો નહિ. આથી દુન્દુકે બપ્પભટ્ટિજીને ભોજને બોલાવી લાવવા કહ્યું. સૂરિજીએ અનિચ્છાએ તે વાત કબૂલ કરી અને કેટલાક માણસોને સાથે લઇને તેઓ પાટલીપુર જવા નીકળ્યા. અર્ધ માર્ગે ગયા બાદ સૂરિજીએ જ્ઞાન-દૃષ્ટિપૂર્વક વિચાર કર્યો કે જો હું ભોજને સમજાવીને લાવીશ, તો તેનો પિતા તેને જરૂર મારી નાખશે અને જો તેને નહિ લાવીશ તો એ રાજા મને મારી નાખશે. વાસ્તે આ તો એક તરફ દુસ્તર કિનારો અને એક તરફ વાઘ એવો યોગ આવ્યો. વળી મારૂં હવે આયુષ્ય પણ પૂર્ણ થવા આવ્યું છે, ફક્ત બે દિવસ બાકી છે; વાસ્તે મારે અનશન ગ્રહણ કરવું એજ કલ્યાણકારી છે.

આ પ્રમાણેનો નિશ્ચય કરી તેમણે પોતાની સાથે રહેલા યતિઓને કહ્યું કે [2]નન્નસૂરિ અને ગોવિન્દસૂરિ પ્રતિ હિતકારી વચન બોલજો, શ્રાવકોને મિથ્યા દુષ્કૃત (મિચ્છામિ દુક્કડં) કહેજો, પરસ્પર અમત્સરતા રાખજો, શુદ્ધ ક્રિયા પાળજો, બાલ-વૃદ્ધનું પાલન કરજો; અમે તમારા નથી, તમે અમારા નથી, આ સર્વ સંબંધ કૃત્રિમ છે.

આ પ્રમાણે ઉપદેશ આપી ત્રિભુવનને પૂજનીય એવા તીર્થંકરનું, અષ્ટકર્મના બન્ધનથી મુક્ત એવા સિદ્ધનું, ગૌતમ પ્રમુખ મુનિવરનું અને સર્વજ્ઞભાષિત જૈન ધર્મનું મન, વચન અને કાયાથી શરણ અંગીકાર કરી પાંચ મહાવ્રતને અને છઠ્ઠા રાત્રિભોજનના નિયમને અંગે જે વિરાધના થઇ હોય તેનું મિથ્યા દુષ્કૃત હોજો એમ કહીને બેઠા બેઠા અદીનપણે સમાધિ-પૂર્વક તેઓએ કાળ કર્યો.

---

૧ છેદી શકાય તેવો. ૨ ધર્મવિધિના કર્તા નન્નસૂરિ તે આ નહિ.

શ્રીવિક્રમાદિત્ય પછી ૮૦૦ વર્ષે ભાદ્રપદ શુક્લ તૃતીયાને રવિવારે હસ્ત નક્ષત્રમાં જન્મેલા અને છ વર્ષની ઉમ્મરે દીક્ષા લઇ અગ્યાર વર્ષની નાની વયમાં સૂરિ-પદથી અલંકૃત થયેલા સૂરિજી આ પ્રમાણે ૯૫ વર્ષની ઉમ્મરે શ્રાવણ શુક્લ અષ્ટમીને દિને સ્વાતિ નક્ષત્રમાં કાળ કરી ઈશાન દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

આ વાતની સરસ્વતી દેવીએ મોઢેરક ગામમાં જઇને નન્નસૂરિજીને તત્કાળ ખબર આપી. આથી તેમને ઘણો શોક થયો અને તેઓ બોલી ઊઠયા કે—

"शास्त्रज्ञाः सुवचोऽन्विता बहुजनस्याधारतामागताः
सद्वृत्ताः स्वपरोपकारनिरता दाक्षिण्यरत्नाकराः ।
सर्वस्याभिमता गुणैः परिवृता भूमण्डनाः सज्जना
धातः ! किं न कृतास्त्वया गतधिया कल्पान्तदीर्घायुषः ? ॥ १ ॥"—શાર્દૂલ૰

અર્થાત્ શાસ્ત્રોના જાણકાર, સુન્દર વચનોથી અલંકૃત, ઘણા મનુષ્યોના આધારભૂત, શુદ્ધ ચારિત્રવાળા, સ્વ-પર ઉપર ઉપકાર કરવામાં તત્પર, દાક્ષિણ્યના સમુદ્ર, સર્વને વલ્લભ, ગુણોથી યુક્ત તથા પૃથ્વીના ભૂષણરૂપ એવા સજ્જનોને હે વિધાતા! તેં મૂઢમતિએ કલ્પાન્ત પર્યંત દીર્ઘાયુષ્યવાળા કેમ ન કર્યા ?

સૂરિજીની સાથે આવેલા મનુષ્યોએ જઇને દુન્દુકને સૂરિજીના દેહોત્સર્ગની વાત કહી. આથી તેને બહુ ખેદ થયો. ભોજને પણ પોતાની ખાતર સૂરિજીએ પ્રાણ અર્પણ કર્યા એ વાતની ખબર પડતાં વજ્રાઘાત કરતાં પણ વિશેષ આઘાત થયો.

આ પ્રમાણે જોકે અત્ર શ્રીબપ્પભટ્ટિસૂરિજીનું જીવન-વૃત્તાન્ત પૂર્ણ થાય છે, પરંતુ ચાલુ હકીકત અધુરી રહેતી હોવાથી તે નીચે મુજબ આપવામાં આવે છે.

એક વાર આમ રાજાનો એક માળી વિદેશમાં ફરતો ફરતો પાટલીપુરમાં ભોજ રાજા પાસે આવી પહોંચ્યો. તેણે કહ્યું કે મેં સદ્ગુરૂ પાસેથી માતુલિંગી વિદ્યા પ્રાપ્ત કરી છે. એનાથી અભિમન્ત્રણ કરીને માતુલિંગ (બીજોરા) કોઇને માર્યા હોય, તો તે મરી જાય. આપ તે વિદ્યા લો. ભોજે તે વિદ્યા લીધી અને તેની ખાતરી કરી જોઇ. માળીને દાનાદિકથી સંતોષી તેને રજા આપી ભોજે પોતાના મામાને વિદ્યા-શક્તિ બતાવી. આથી તે ખુશી થયો. તેણે ભોજને કહ્યું કે હવે તને આવી શક્તિ પ્રાપ્ત થઇ છે, તો પછી ભેટણા તરીકે માતુલિંગ લઇને તું તારા પિતા પાસે જા અને તેને મારીને રાજ્ય લઇ લે.

આ વાતને અંગીકાર કરી ભોજ ગોપગિરિ આવ્યો. તેણે રાજદ્વાર આગળ જઇ પ્રતિહારી દ્વારા પોતાના પિતાને કહાવ્યું કે આપ પૂજ્ય છો, હું બાળક છું; આપને હાથે મારૂં મરણ થાય કે મને રાજ્ય મળે એ બધું મારે મન સરખું છે. આ સાંભળીને રાજાને સંતોષ થયો. તેણે આવા વિનીત પુત્રને પોતાની પાસે આવવા રજા આપી. રાજા ગણિકા સાથે એકાસને

બેઠો હતો ત્યાં ભોજ માતુલિંગ લઇને આવ્યો અને તેણે પોતાના વિદ્યા-બળથી તે બંનેને મારી નાખ્યા. આથી તેની માતા પદ્મા તેમજ તેના મામા ખુશી થયા. પ્રજા-વર્ગ પણ આનન્દ પામ્યો.

એકદા ભોજ રાજાએ કૃતજ્ઞતાને લીધે નન્નસૂરિજીની પાસે એક વિનતિ-પત્ર આપીને મનુષ્યોને મોકલ્યા. આ પત્રમાં તેણે આ સૂરિજીને પોતાનું નગર પાવન કરવા વિજ્ઞપ્તિ કરી હતી. આ પત્ર વાંચીને ગોવિન્દસૂરિજીની રજા લઇ નન્નસૂરિજી ગોપગિરિ આવ્યા. રાજાએ સામા જઇ તેમનો અતિશય આદર-સત્કાર કર્યો. તેમને સિંહાસને બેસાડી તે તેમની આજ્ઞા-રૂપ થઇ રહ્યો. તેમના ઉપદેશાનુસાર તેણે અગ્યાર વ્રતો ગ્રહણ કર્યાં તેમજ શત્રુંજયાદિક તીર્થની યાત્રા કરી તથા આખી પૃથ્વીને જિન-ચૈત્યથી મણ્ડિત કરી. આ પ્રમાણે ધર્મનું પાલન કરતો ભોજ રાજા ગોપગિરિમાં રાજ કરવા લાગ્યો. આયુષ્ય પૂર્ણ થતાં પોતાનો યશસ્વી દેહ અહીં ત્યજી દઇ તે દેવલોક પામ્યો.

સૂરીશ્વરનો શિષ્ય-સમુદાય—

આ સૂરીશ્વરને કેટલા શિષ્યો હતા તે જાણવામાં આવ્યું નથી. પરંતુ **વાક્પતિરાજ** ઉપરાંત તેમને બીજા શિષ્યો હોવા જોઇએ એમ તેમના **શ્રીરાજશેખરસૂરિએ** રચેલા ચરિત્ર ઉપરથી તેમજ **પ્રભાવકચરિત્ર** (પૃ૦ ૧૭૯) ઉપરથી પણ જોઇ શકાયછે. વિશેષમાં તેમને **વિનયચન્દ્ર** નામના એક શિષ્ય હતા એમ **જૈન ગ્રન્થાવલી** (પૃ૦ ૩૧૫) ઉપરથી જોઇ શકાય છે. આ શિષ્યે **કવિશિક્ષા** નામનો ગ્રન્થ રચ્યો છે એવો ત્યાં ઉલ્લેખ છે.

કવીશ્વરની કૃતિઓ—

કવીશ્વર બપ્પભટ્ટિસૂરિજીએ કઇ કઇ ભાષામાં કયા કયા ગ્રન્થો રચ્યા છે એ પ્રશ્નના સંબંધમાં નિવેદન કરવાનું કે સંસ્કૃત ભાષા સિવાય અન્ય ભાષામાં તેમણે કોઇ ગ્રન્થ રચ્યો હોય એવો ઉલ્લેખ જોવામાં આવતો નથી. વિશેષમાં સંસ્કૃત ભાષામાં પણ આ **ચતુર્વિંશતિકા** નામનું કાવ્ય, ૧૩ શ્લોકપ્રમાણક **સરસ્વતી-સ્તોત્ર** અને **શ્રીબપ્પભટ્ટિ-ચરિત્ર**માં સૂચવ્યા મુજબ **વીર-સ્તવ** અને **શાન્તિ-સ્તોત્ર** તથા પ્રાસંગિક શ્લોકો ઉપરાંત તેમની કોઇ અન્ય કૃતિ જાણવામાં આવી નથી. છતાં પણ એ ભૂલવા જેવું નથી કે તેમની મળી આવતી પ્રથમ કૃતિ ઉપરથી પણ તે એક પ્રભાવશાળી કવિરાજ હતા એ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે.


કવીશ્વર સંબંધી ઉલ્લેખ—

કવીશ્વર શ્રીબપ્પભટ્ટિસૂરિના સંબંધમાં **વિલાસવઈ કહા (વિલાસવતી કથા), આચાર-દિનકર** (પત્રાંક ૨૭૦), **ઉપદેશ-તરંગિણી** ઇત્યાદિ ગ્રન્થોમાં ઉલ્લેખો છે. તેમાં **વિલાસવતી**માં અન્તમાં જે ઉલ્લેખ છે તે નીચે મુજબ છે:—

"वाणिजमूलकुले कोडियगणविउलवइरसाहाए ।
विमलंमि य चंदकुले वंसंमि य सव्वकल्लाणे ॥ १ ॥

संताने रायसहासे हरिसिरिवप्पभ(ह)ट्टिसूरिस्स ।
जस्सभद्दसूरिगच्छे महुरादेसे सिराहाए ॥ २ ॥"

ઉપર નિવેદન કર્યા મુજબની હકીકત આપવા પૂર્વે સૂરિજીનું જીવન-ચરિત્ર પૂર્ણ થઇ ગયું છે, તો હવે પ્રજ્ઞારૂપી ગંગાનો વિસ્તાર કરનારા હિમાલય, સર્વ સામાચારીરૂપી સુન્દરીના સૌભાગ્યને વધારનારા મદન, રાજ-સભારૂપી કુમુદિનીને વિકસ્વર કરનારા ચન્દ્ર તથા સરસ્વતીના ધર્મ-પુત્ર તેમજ ભદ્રકીર્તિ, વાદિકુંજરકેસરી, બ્રહ્મચારી, ગજવર, રાજપૂજિત ઇત્યાદિ બિરૂદોથી વિખ્યાત એવા આ સૂરીશ્વરને પ્રણામ કરતો તેમજ તેમના અપૂર્વ જીવન-વૃત્તાન્તની રૂપરેખા આલેખવામાં જે ન્યૂનતા રહી ગઇ હોય તે બદલ સુજ્ઞ-સમૂહની ક્ષમા યાચતો હું આ પ્રકરણ પૂર્ણ કરૂં છું.



૧ છાયા—

वाणिज्यमूलकुले कोटिकगणविपुलवज्रशाखायाम् ।
विमले च चन्द्रकुले वंशे च सर्वकल्याणे ॥ १ ॥
सन्ताने राजसदसि हरिश्रीवप्पभट्टिसूरेः ।
यशोभद्रसूरिगच्छे मथुरादेशे शिरोद्याम् ॥ २ ॥

કાવ્ય–મીમાંસા

વસ્તુ—

આ ૯૬ પદ્યના કાવ્યના ચોવીસ વિભાગો પડી શકે છે, કેમકે તે મુખ્યત્વે કરીને ચોવીસ જિનેશ્વરોની સ્તુતિરૂપ છે અર્થાત્ આ કાવ્યમાં ચોવીસ [1]સ્તુતિ–કદમ્બકો છે. પ્રત્યેક કદમ્બકમાં અમુક એક જિનેશ્વરની, સમસ્ત જિનેશ્વરોની, આગમની અને શાસનાનુરાગી [2]દેવ–દેવીની એમ [3]ચારની સ્તુતિ કરવાના [4]નિયમને અનુસરીને આ કદમ્બકો રચાયાં છે.

આવાં કદમ્બકો પ્રતિક્રમણ કરતી વખતે અને ચૈત્યવન્દન–દેવવન્દન કરતી વેળાએ પણ બોલાય છે, વાસ્તે તેમજ તેનો આ પૂર્વે મેં તૈયાર કરેલી **સ્તુતિ–ચતુર્વિંશતિકા** તેમજ **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** સાથે પણ સંબંધ હોવાથી આ સંબંધમાં વિશેષ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય.

સ્તુતિ–વિચાર—

'સ્તુતિ' શબ્દનો અર્થ પરમેશ્વર–તીર્થંકર આદિ સદ્ગુણસંપન્નોના સદ્ભૂત ગુણોનું કીર્તન કરવું એવો થાય છે. આને પ્રાકૃત ભાષામાં 'થુઇ' કહેવામાં આવે છે. આ સ્તુતિના બે ભેદ પાડી શકાય તેમ છે. ચૈત્યમાં પ્રભુની મૂર્ત્તિ સન્મુખ ઊભા રહીને ઓછામાં ઓછો એક શ્લોક બોલીને અને વધારેમાં વધારે ૧૦૮ શ્લોકો બોલીને તેમના ગુણ ગાવા તે એક પ્રકારની સ્તુતિ છે. એક શ્લોકની પણ સ્તુતિ કહી શકાય છે એ વાત વાદિવેતાલ **શ્રીશાન્તિસૂરિએ** રચેલી **ઉત્તરાધ્યયનસૂત્ર** (પત્રાંક ૫૮૧)ની ટીકામાંના નિમ્ન–લિખિત ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે.

---

૧ પંચાશકમાં આને 'સ્તુતિયુગલ' તરીકે ઓળખાવેલ છે.

૨ જિન–ગૃહ રચવાના કાર્યમાં તેમજ જિનેશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠાદિકમાં અન્ય દેવોથી થતા ઉપસર્ગોને દૂર કરવામાં અને સમ્યગ્દૃષ્ટિ સંઘને સુખી કરવામાં તેમજ તેને શાન્તિ અર્પણ કરવામાં સાધર્મિક દેવ–દેવી સમર્થ છે, તેથી તેના સન્માનાર્થે તેની સ્તુતિ કરવામાં આવે છે; કેમકે જૈન શાસનમાં તો વાસ્તવિક રીતે અલ્પગુણી પણ પ્રશંસાને પાત્ર છે.

૩ સ્તુતિઓ ચાર છે એ વાતની **શ્રીપ્રદ્યુમ્નસૂરિકૃત વિચારસાર–પ્રકરણની** નીચે મુજબની ૬૯૨મી ગાથા સાક્ષી પૂરે છે:—

" अरिहंता सुय सिद्धा, तिन्नेव य होंति वंदणिज्जाउ ।
जिण एग सव्व पवयण, वेयावच्चगर थुई चउरो ॥"
[अर्हन्तः श्रुतं सिद्धाश्च एव च भवन्ति वन्दनीयाः ।
जिन एकः सर्वे प्रवचनं वैयावृत्यकरः स्तुतयश्चतस्रः ॥]

૪ યોગશાસ્ત્ર, પંચાશક, ધર્મસંગ્રહ વિગેરે ગ્રન્થોમાં આ નિયમ આપેલો છે.

"एगदुगतिसिलोगा, (थुइओ) अन्नेसिं जाव हुंति सत्तेव ।
देविंदत्थवमाई, तेण परं थुत्तया होंति ॥"—આર્યા

[एकद्वित्रिश्लोकाः (स्तुतयः) अन्येषां यावद् भवन्ति सप्तैव ।
देवेन्द्रस्तवाद्यास्ततः परं स्तवा भवन्ति ॥]

આ ઉપરથી ગુણોત્કીર્તનના શ્લોકોની સંખ્યા જો સાતથી વધારે હોય તો તે 'સ્તવ' કહેવાય અને જો તે સંખ્યા ઓછામાં ઓછી એકની અને વધારેમાં વધારે સાતની હોય તો તે 'સ્તુતિ' કહેવાય એમ જોઇ શકાય છે.

વધારેમાં વધારે સ્તવમાં ૧૦૮ શ્લોકો હોઇ શકે એ વાતની **જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિ, રાજપ્રશ્નીયસૂત્ર** વિગેરે ગ્રન્થો સાક્ષી પૂરે છે.

આ પ્રમાણે આપણે સ્તુતિનો એક પ્રકાર જોયો. હવે તેના બીજા પ્રકારનો વિચાર કરીએ.

ચૈત્યવન્દનમાં કાઉસગ્ગ (કાયોત્સર્ગ) કર્યા બાદ એકેક શ્લોક દ્વારા જે પ્રભુનું ગુણ–ગાન કરવામાં આવે છે તે સ્તુતિનો બીજો પ્રકાર છે. આને 'થુઇ' નામથી ઓળખવાની રૂઢિ પણ છે. આ સંબંધમાં શ્રીપ્રદ્યુમ્નસૂરિએ રચેલા **વિચારસાર–પ્રકરણ** (પૃ૦ ૧૩૩) માં આપેલી ગાથા વિચારી લઇએ. ત્યાં કહ્યું છે કે—

"अरिहंतदंडगाईण, काउस्सग्गाण जा उ अंतंमि ।
दिज्जंति ता थुईओ, भणियं ववहारचुन्नीए ॥ १ ॥"—આર્યા

અર્હત્–દણ્ડકાદિકમાંના કાયોત્સર્ગોને અન્તે જે બોલાય છે, તેને **વ્યવહાર–ચૂર્ણિ**માં થુઇ (સ્તુતિ) કહી છે. આ ઉપરથી જોઇ શકાય છે કે બીજા પ્રકારની સ્તુતિરૂપ આ કાવ્ય છે.

સ્તુતિ–કદમ્બકનો ક્રમ—

હવે સ્તુતિ–કદમ્બકમાં જે ક્રમનો નિર્દેશ કરવામાં આવ્યો છે તેનું શું કારણ છે તે વિચારી લઇએ.

ચૈત્યવન્દન પ્રસંગે 'નમુત્થુણં' કહી ઊભા થઇ જે જિન–ચૈત્યમાં ચૈત્યવન્દન કરાતું હોય ત્યાં વિરાજમાન મૂળ નાયકને ઉદ્દેશીને 'અરિહંતચેઇઆણં' સૂત્રપૂર્વક કાયોત્સર્ગ કરવામાં તે જિનેશ્વરની પ્રથમ સ્તુતિ બોલાય એ સ્વાભાવિક છે. આ ઉપરથી સ્તુતિ–કદમ્બકમાં પ્રથમ અમુક તીર્થંકરની સ્તુતિ કહેવાનું શું કારણ છે તે સમજી શકાય છે. ત્યાર પછી 'લોગસ્સ' સૂત્ર કે જે સમસ્ત–ચોવીસે તીર્થંકરોની સ્તુતિરૂપ છે અને 'સવ્વલોએ' એ

---

૧ છાયા—

अर्हद्दण्डकादीनां कायोत्सर्गाणां यावदन्ते ।
दीयन्ते ताः स्तुतयो भणिता 'व्यवहार'चूर्णाम् ॥

સમસ્ત લોકનાં ચૈત્ય માટે છે તેનો પાઠ આવવાથી સમસ્ત તીર્થંકરોની સ્તુતિ કરવામાં આવે છે તે વ્યાજબી છે. તેવી રીતે 'સુઅસ્સ'નો કાયોત્સર્ગ કરતી વેળાએ કરેલી પ્રતિજ્ઞાનુસાર શ્રુતની યાને આગમની સ્તુતિ કરવામાં આવે છે અને 'વેયાવચ્ચ'ના કાઉસગ્ગ પછી જિનેશ્વરનું વૈયાવૃત્ય કરનાર દેવ-દેવીની સ્તુતિ કરાય છે તે પણ યોગ્ય છે.

આ ઉપરથી જોઇ શકાય છે કે સ્તુતિ-કદમ્બકમાં જે ક્રમ રાખ્યો છે તે સકારણ છે.

તીર્થંકરોનાં નામો સંબંધી વિચાર—

यन्मतं दोषदारुदहने रतः कृशानुः स्यात्-भवेत् । नुः-पुरुषस्य । किंविशिष्टस्य? स्मरतः । किं? यत् । उर्वी अपि आपत् कृशा-तन्वी भवति । यन्मतं वृष्टिरेव परिदहनशीलेषु । किंभूता? मेघजाऽलं, तन्मतं, गुरु-विस्तीर्णं, मे-मम ॥ ३ ॥

अन्वयः

यद् दोष-दारु-दहनेषु रतः कृशानुः, यद् स्मरतः नुः उर्वी अपि आपद् हि कृशा स्यात्, यद् परिदाहिषु अलं मेघ-जा वृष्टिः एव तद् जैनं मतं मे गुरु अघ-जालं हरतु ।

શબ્દાર્થ

यद् (मू० यद्)=જે.
दोष=દોષ, દૂષણ.
दारु=કાષ્ઠ, લાકડું.
दहन=બાળવું તે.
दोषदारुदहने=દોષરૂપી કાષ્ઠને બાળવામાં.
रतः (मू० रत)=અનુરક્ત, આસક્ત.
कृशानुः (मू० कृशानु)=અગ્નિ.
स्यात् (धा० अस्)=થાય.
आपद्=આપત્તિ, વિપત્તિ.
उर्वी (मू० उरु)=મોટી.
अपि=પણ.
हि=નિશ્ચયાત્મક અવ્યય.

---

૧ આ પ્રકારના યમકથી વિભૂષિત કાવ્ય જોવું હોય, તો સ્તોત્ર-રત્નાકરના દ્વિતીય ભાગના પત્રાંક ૮૫–૯૪ તરફ દૃષ્ટિપાત કરો. ત્યાં જે વિહરમાણ-વિંશતિ-જિનસ્તવ નામનું કાવ્ય આપેલું છે, તેનું ફક્ત પ્રથમ પદ્ય અત્ર ઉદાહરણ તરીકે આપવામાં આવે છે.

"सीमंधराधीश ! महाविदेह-
क्षोणीवतंसः सुमहा विदेह ! ।
भवान् भवत्ताविष ! वै मतेऽस्य-
श्रीदोऽस्तु मे हविषपैवतस ! ॥" —ઉપજાતિ.



निर्वाणकलिकायाम—

"श्रुतदेवतां शुक्लवर्णां हंसवाहनां चतुर्भुजां वरदकमलान्वित-दक्षिणकरां पुस्तकाक्षमालान्वितवामकरां चेति।"

 नि. सा. प्रेस.

यद् (મૂ० यद्)=જેને.
स्मरतः (મૂ० स्मरत्)=યાદ કરનારા.
कृशा (મૂ० कृश)=અલ્પ.
नुः (મૂ० नृ)=મનુષ્યની.
वृष्टिः (મૂ० वृष्टि)=વૃષ્ટિ, વરસાદ.
एव=જ.
परिदाहिषु (મૂ० परिदाहिन्)=સંતપ્તને વિષે.
मेघ=મેઘ, જળનું વાદળું.
जन्=ઉત્પન્ન થવું.
मेघजा=મેઘથી ઉત્પન્ન થનારી.
अलं=અત્યંત.
जैनं (મૂ० जैन)=જૈન, જિન-વિષયક.
मतं (મૂ० मत)=મત, દર્શન, સિદ્ધાન્ત.
हरतु (ધા० हृ)=હરો, નાશ કરો.
तद् (મૂ० तद्)=તે.
गुरु=વિસ્તીર્ણ.
मे (મૂ० अस्मद्)=મારા.
अघ=પાપ.
जाल=સમૂહ.
अघजालं=પાપના સમૂહને.

શ્લોકાર્થ

જૈન સિદ્ધાન્તની પ્રશંસા—

" જે (સિદ્ધાન્ત) દૂષણરૂપ કાષ્ઠને બાળી નાંખવામાં અનુરક્ત અગ્નિના સમાન હોય, તેમજ જેનું સ્મરણ કરનારા માનવની મોટી આપત્તિઓ પણ ખચિત અલ્પ થઇ જાય (અર્થાત્ તેનો અંત આવે) તથા જે (સંસારના સંતાપથી) દગ્ધ થયેલાઓને વિષે (શાંતિ અર્પણ કરવામાં) મેઘથી ઉત્પન્ન થયેલી અત્યંત વૃષ્ટિજ છે, તે જૈન શાસન મારા વિસ્તીર્ણ પાપ-સમૂહનો નાશ કરો. "—૩

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં ચરણો તરફ દૃષ્ટિપાત કરતાં જોઇ શકાય છે કે તેનાં પ્રથમ અને દ્વિતીય ચરણોના છેવટના પાંચ અક્ષરો અને બાકીનાં બે ચરણોના છેવટના ચાર અક્ષરો સમાન છે.

* * * *

श्रुतदेवता-संकीर्तनम्—

यां द्राग् भवन्ति सुरमन्त्रिसमा नमन्तः
संत्यज्य मोहमधियोऽप्यसमानमन्तः ।
वाग्देवता हतकुवादिकुला भवर्णात्
सा पातु कुन्दविकसन्मुकुलाभवर्णा ॥ ४ ॥ १ ॥

—वसन्त०

टीका

सा वाग्देवता भवर्णात् पातु । यां अधियोऽपि जना नमन्तः सुरमन्त्रिसमा भवन्ति । मोहं-अज्ञानं संत्यज्य । किंविशिष्टं ? असमानं, अन्तर्-मध्यवर्तिनं च । कुन्द-विकसन्मुकुलानां आभा-छाया यस्य वर्णस्य एवंविधो वर्णो यस्याः सा ॥ ४ ॥

अन्वयः

अ-समानं, अन्तर् मोहं संत्यज्य यां नमन्तः अ-धियः अपि द्राक् सुर-मन्त्रि[न्]-समाः भवन्ति सा हत-कु-वादिन्-कुला, कुन्द-विकसत्-मुकुल-आभ-वर्णा वाग्-देवता भव-ऋणात्(वः) पातु ।

શબ્દાર્થ

यां (मू० यद्)=જેને.
द्राक्=સત્વર, ઝટ.
भवन्ति (धा० भू)=થાય છે.
सुर=દેવતા.
मन्त्रि[न्]=પ્રધાન.
सुरमन्त्रिसमाः=દેવગુરૂ(બૃહસ્પતિ)ના સમાન.
नमन्तः (मू० नमत्)=નમસ્કાર કરનારા.
संत्यज्य (धा० त्यज्)=ત્યાગ કરીને, ત્યજી દઇને.
मोहं (मू० मोह)=મોહને, અજ્ઞાનને.
धी=બુદ્ધિ, મતિ.
अधियः=અવિદ્યમાન છે બુદ્ધિ જેને વિષે એવા, જડ.
समान=તુલ્ય.
असमानं=નિરૂપમ, અસાધારણ.
अन्तर्=મધ્યવર્તી, આન્તરિક.
वाच्=વાણી.
देवता=દેવતા.
वाग्देवता=સરસ્વતી, શ્રુત-દેવતા.
हत (धा० हन्)=નષ્ટ કરેલ.
कु=અનિષ્ટવાચક શબ્દ.
वादिन्=વાદી.
कुल=સમૂહ, સમુદાય.
हतकुवादिकुला=નાશ કર્યો છે [1]કુવાદીના સમુદાયનો જેણે એવી.
भव=સંસાર.
ऋण=ઋણ, દેવું, કરજ.
भवर्णात्=સંસારરૂપી કરજમાંથી.
सा (मू० तद्)=તે.
पातु (धा० पा)=રક્ષણ કરો, બચાવો.
कुन्द=મોગરાનું ફૂલ.
विकसत् (धा० कस्)=વિકાસ પામતી, ખીલતી.
मुकुल=કળી, કલિકા.
आभा=છાયા, કાન્તિ.
वर्ण=વર્ણ, રંગ.
कुन्दविकसन्मुकुलाभवर्णा=કુન્દની વિકસ્વર થતી કલિકાની છાયા જેવો વર્ણ છે જેનો એવી.

શ્લોકાર્થ

[2]શ્રુત-દેવતાની સ્તુતિ—

"અસાધારણ તેમજ આન્તરિક એવા અજ્ઞાનને ત્યજી દઇને, જેને નમસ્કાર કરનારા જડ (મનુષ્યો) પણ બૃહસ્પતિસમાન બને છે, તે શ્રુત-દેવતા કે જેણે કુવાદીઓના કુલનો સંહાર કર્યો છે તેમજ વળી જેનો વર્ણ કુન્દ(કુસુમ)ની વિકસ્વર થતી કલિકાની કાંતિના જેવો છે, તે સરસ્વતી (હે ભવ્ય જનો! તમને) ભવરૂપી કરજમાંથી બચાવો."—૪

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં ચારે ચરણોના છેવટના પાંચ અક્ષરો સમાન છે. આથી કરીને આ પદ્ય પણ દ્વિતીય પદ્યની માફક પાદાંતસમપંચાક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી અલંકૃત છે.

---

૧ ખોટા તર્ક ઉઠાવનાર.

૨ આ કાવ્યના ૭૬મા તેમજ ૮૦મા શ્લોકમાં પણ શ્રુત-દેવતાની સ્તુતિ કરવામાં આવી છે.

શ્રુત-દેવતાનું સ્વરૂપ—

શ્રુત-દેવતાના સંબંધમાં એવો ઉલ્લેખ છે કે તે શ્રુતની અધિષ્ઠાયિકા છે. વળી તેનો વર્ણ ચન્દ્ર, ક્ષીર, હિમ ઇત્યાદિના જેવો ધવલ છે અને તે કમલના ઉપર આરૂઢ થાય છે. વિશેષમાં તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ પુસ્તક અને માલા વડે અલંકૃત છે, જ્યારે ડાબા બે હાથ વીણા અને કમલથી વિભૂષિત છે. આ દેવીના સંબંધમાં નીચેનો શ્લોક પણ વિચારવા જેવો છે.

"प्रकटपाणितले जपमालिका
कमलपुस्तकवेणुवराधरा ।
धवलहंससमा श्रुतवाहिनी
हरतु मे दुरितं भुवि भारती ॥"   –દ્રુતવિલમ્બિત.

२ श्रीअजितजिनस्तुतयः

अथ श्रीअजितनाथस्य स्तुतिः—

कुसुमबाणचमूभिरपीडित-
त्रिभिरतीव जगद्भिरपीडितः।
सकललोकमवन् वृजिनाजितः
शमयताद् दुरितानि जिनाजितः॥ ५॥

—द्रुतविलम्बितम्

टीका

जिनश्चासावजितश्च स जिनाजितो दुरितानि शमयतात्। किं०? कुसुमबाणस्य-कन्दर्पस्य चम्वः शब्दाद्यास्ताभिः अपीडितः। त्रिजगद्भिः ईडितः-स्तुतः। किं कुर्वन्? अवन्-रक्षन्, (कं?) सकललोकं, (कस्मात्?) वृजिनं-पापं तदेवाजिः-संग्रामस्ततः॥ ५॥

अन्वयः

कुसुम-बाण-चमूभिः अ-पीडितः, त्रिभिः जगद्भिः अपि अतीव ईडितः, वृजिन-आजि-तः सकल-लोकं अवन् जिन-'अजितः' दुरितानि शमयतात्।

શબ્દાર્થ

कुसुम=પુષ્પ, ફૂલ.
बाण=બાણ.
कुसुमबाण=પુષ્પ છે બાણ જેનું તે, કામદેવ.
चमू=લશ્કર, સેના, ફોજ.
कुसुमबाणचमूभिः=કામદેવની સેનાઓ વડે.
पीडित (धा० पीड्)=દુઃખી થયેલ.
अपीडितः=નહિ પીડાયેલ.
त्रिभिः (मू० त्रि)=ત્રણ વડે.
अतीव=અત્યંત.
जगद्भिः (मू० जगत्)=જગતો વડે.
ईडितः (मू० ईडित)=સ્તુતિ કરાયેલ.
सकल=સમસ્ત.
लोक=જગત્, દુનિયા, વિશ્વ.
सकललोकं=સમસ્ત જગતને.
अवन् (मू० अवत्)=પાળનારા, રક્ષણ કરનારા.
वृजिन=પાપ.
आजि=સંગ્રામ, લડાઇ.
वृजिनाजितः=પાપરૂપ સંગ્રામથી.
शमयतात् (धा० शम्)=શાંત કરો, નષ્ટ કરો.
दुरितानि (मू० दुरित)=પાપોને.
अजित=અજિતનાથ, બીજા તીર્થંકર.
जिनाजितः=અજિત જિન.

શ્લોકાર્થ

શ્રીઅજિતનાથની સ્તુતિ—

"કંદર્પના સૈન્ય વડે નહિ પીડાયેલા એવા, તથા ત્રણે જગત્ વડે પણ અત્યંત સ્તુતિ કરાયેલા, તેમજ પાપરૂપ સંગ્રામથી સમસ્ત વિશ્વનું રક્ષણ કરનારા એવા 'અજિત જિનેશ્વર (હે ભવ્ય-જન! તમારાં) પાપોને નષ્ટ કરો."—૫

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

પદ્ય-ચમત્કારમાં આ કાવ્યમાંના તૃતીય પદ્યને મળતું આવતું આ પદ્ય (તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યો) 'દ્રુતવિલંબિત' છંદમાં રચાયેલ છે. આ છંદનું લક્ષણ એ છે કે—

"अयि कृशोदरि! यत्र चतुर्थकं
गुरु च सप्तमकं दशमं तथा।
विरतिजं च तथैव विचक्षणै-
र्द्रुतविलम्बितमित्युपदिश्यते॥"

—શ્રુત૦ શ્લો૦ ૩૦.

અર્થાત્ હે સૂક્ષ્મ અંગવાળી! જે સમવૃત્તના ચોથા, સાતમા, દશમા અને અંત્ય અર્થાત્ બારમા અક્ષરો દીર્ઘ હોય છે, તે વૃત્તને પણ્ડિતો 'દ્રુતવિલમ્બિત' કહે છે.

આ વૃત્તમાં न, भ, भ અને र એમ ચાર ગણો છે. આથી કરીને એનું લક્ષણ એમ પણ બાંધવામાં આવે છે કે—

"द्रुतविलम्बितमाह नभौ भरौ"

આ વાત ધ્યાનમાં ઉતરે તેટલા માટે આ પદ્યના પ્રથમ ચરણ પ્રતિ દૃષ્ટિ-પાત કરીએ.

कु सु म। बा ण च। मू भि र। पी डि तः
न भ भ र

* * * *

जिनेश्वराणां नुतिः—

कृतवतोऽ[illegible]मतां [illegible]रणान्वयं
सकलतीर्थकृतां चरणान् वयम्।
सुरकृताम्बुजगर्भनिशान्तकान्
रविसमान् प्रणुमोऽघनिशान्तकान्॥ ६॥

—द्रुत०

---

१ આ દ્વિતીય જિનેશ્વર અજિતનાથના ચરિત્રનું દિગ્-દર્શન કરવું હોય, તો સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૪) તરફ દૃષ્ટિ-પાત કરો.

टीका

सकलतीर्थकृतां चरणान् वयं प्रणुमः । किंविधान् ? कृतवतः । किं ? शरणान्वयं-शरणप्रवाहं असुमतां। सुरकृताम्बुजगर्भमेव निशान्तं-गृहं येषां ते सुर०। "शेषाद् भाषा (द्वा)" (सिद्ध० अ० ७, पा० ३, सू० १७५) इति क (च्) प्रत्ययः। रविसमान्-सूर्यसमान् । अतः अघमेव निशा तस्या अन्तकान्-विनाशकान् ॥ ६ ॥

अन्वयः

वयं सकल-तीर्थकृतां असु-मतां शरण-अन्वयं कृतवतः, सुर-कृत-अम्बुज-गर्भ-निशान्तकान्, रवि-समान्, अघ-निशा-अन्तकान् चरणान् प्रणुमः ।

શબ્દાર્થ

कृतवतः (मू० कृतवत्)=કરેલા.
असु=પ્રાણ.
असुमतां (मू० असुमत्)=પ્રાણીઓના.
शरण=શરણ, બચાવ.
अन्वय=સંતતિ, પ્રવાહ.
शरणान्वयं=શરણની સંતતિને.
तीर्थ=(૧) ચતુર્વિધ સંઘ; (૨) દ્વાદશાંગી; (૩) પ્રથમ ગણધર.
कृत्=કરનાર.
तीर्थकृत्=તીર્થંકર, તીર્થપતિ.
सकलतीर्थकृतां=સર્વ તીર્થંકરોના.
चरणान् (मू० चरण)=પાદોને, ચરણોને.
वयं (मू० अस्मद्)=અમે.
कृत (धा० कृ)=કરેલ, રચેલ.
अम्बु=જલ.
अम्बुज=જલમાં ઉત્પન્ન થાય તે, કમલ.
गर्भ=મધ્ય ભાગ.
निशान्त=ગૃહ.
सुरकृताम्बुजगर्भनिशान्तकान्=દેવ-રચિત કમલોનો મધ્ય ભાગ છે ગૃહ જેનું એવા.
रवि=સૂર્ય, સૂરજ.
रविसमान्=સૂર્યસમાન.
प्रणुमः (धा० नु)=સ્તુતિ કરીએ છીએ.
निशा=રાત્રિ, રાત.
अन्तक=અન્ત આણનારા, વિનાશ કરનારા.
अघनिशान्तकान्=પાપરૂપી રાત્રિનો અંત આણનારા.

શ્લોકાર્થ

જિનેશ્વરોની સ્તુતિ—

"પ્રાણીઓના શરણની સંતતિને કરેલાં (અર્થાત્ અનેક ભવ્ય જીવો વડે આશ્રય લેવાયેલાં) એવાં, તથા દેવ-રચિત કમલનો મધ્ય ભાગ છે ગૃહ જેનું એવાં,[1] વળી સૂર્ય-સમાન અને (અતએવ) પાપરૂપી રાત્રિનો અંત આણનારાં એવાં [2]સમસ્ત તીર્થપતિઓનાં ચરણોને અમે સ્તવીએ છીએ."—૬

---

૧ જિનેશ્વરનાં ચરણોની નીચે દેવતાઓ કમલ સ્થાપે છે એ અત્ર સૂચવવામાં આવ્યું છે. આ વાતની **ભક્તામર-સ્તોત્ર** (શ્લો૦ ૩૨) પણ સાક્ષી પૂરે છે. આ હકીકત ઉપર **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૦૨) પણ પ્રકાશ પાડે છે.

૨ સમસ્ત તીર્થપતિઓથી ગત ચોવીસીના ચોવીસ તીર્થંકરો સમજવા એ તો દેખીતી વાત છે. છતાં પણ આ સંબંધમાં વિશેષ માહિતી જોઇતી હોય તો **સ્તુતિ-ચતુર્વિંશતિકાના** પૃ૦ ૩૭-૩૯ તરફ દૃષ્ટિ-પાત કરો.

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ તેમજ ત્યાર પછીનાં બે પદ્યો પણ [1]પાદાંતસમચતુરક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી શોભે છે, કેમકે તેનાં ચારે ચરણોમાં છેવટના ચાર ચાર અક્ષરો સમાન છે.

* * * *

---

૧ આ પ્રકારના યમકથી વિભૂષિત એવું એક આઠ પદ્યનું **શ્રીપાર્શ્વજિન-સ્તોત્ર શ્રીજિનપ્રભસૂરિએ** રચેલું છે. તે નીચે મુજબ છેઃ—

" श्रीपार्श्व ! पादानतनागराज !
प्रोत्सर्पदेनःकफनागराज ! ।
सतां हृतासत्परिणामरागं
त्वां संस्तुमः स्थैर्यगुणामरागम् " ॥ १ ॥–ઉપજાતિ.

"હે શ્રીપાર્શ્વ! જેનાં ચરણોને પ્રણામ કર્યો છે નાગરાજે (ધરણેન્દ્રે) એવા હે નાથ! વધતા જતા એવા પાપરૂપી કફ પ્રતિ (તેનો વિનાશ કરવામાં) સુંઠ સમાન! હે જન્મ-રહિત (જિનેશ્વર)! નાશ કર્યો છે સજ્જનોના દુષ્ટ પરિણતિવાળા રાગનો જેણે એવા તથા સ્થિરતારૂપી ગુણમાં મેરૂસમાન એવા તને અમે સ્તવીએ છીએ."—૧

" ये मर्त्यदेवासुरमाननीयं
पश्यन्ति ते श्रीभरमाननीयम् ।
सद्यस्त्रिलोकीतिलकामितानि
सिध्यन्ति तेषामिह कामितानि " ॥ २ ॥–ઇન્દ્રવજ્રા.

"હે ત્રૈલોક્યને વિષે તિલકસમાન (તીર્થંકર)! માનવ, દેવ અને દાનવને માનનીય એવું તેમજ વળી શોભાથી ભરપૂર એવા તારા મુખને જેઓ જુએ છે, તેમના અપરિમિત મનોરથો અત્ર સત્વર ફલીભૂત થાય છે."—૨

" दृशोर्द्वयं पद्मदलानुकारं
नाशिश्रियत् ते कमलानुकारम् ? ।
कुतोऽन्यथा त्वन्नतिदीक्षितेषु
सर्वश्रियां प्रेम तदीक्षितेषु ? " ॥ ३ ॥–ઉપજાતિ.

"પદ્મના પત્રનું અનુકરણ કરનારા એવા તારા નેત્ર-યુગલ શું લક્ષ્મીનું અનુકરણ નથી કરતા? એમ નહિ હોય તો તારા પ્રણામને વિષે દીક્ષિત તેમજ તારા નેત્ર-યુગલ વડે જોવાએલા (અર્થાત્ તારા કૃપા-પાત્ર) એવા (મનુષ્યો) ને વિષે સમસ્ત સંપત્તિનો પ્રેમ ક્યાંથી (હોય)?"—૩

" अभ्यर्हितं भव्यकदम्बकानां
हर्षप्रकर्षोल्लसदम्बकानाम् ।
सेवन्ति ये त्वां विधिवल्लभन्ते
निर्वाणसौख्यं बुधवल्लभं ते " ॥ ४ ॥–ઇન્દ્રવજ્રા.

"હર્ષના પ્રકર્ષને લઇને દેદીપ્યમાન છે નેત્રો જેનાં એવા ભવ્ય-સમુદાયોને પૂજ્ય (તેમજ પણ્ડિતોને પ્રિય) એવા તને જેઓ વિધિપૂર્વક ભજે છે, તેઓ પણ્ડિતોને પ્રિય એવું મોક્ષનું સુખ પામે છે."—૪

जिनवाणी-प्रशंसा—

कृतसमस्तजगच्छुभवस्तुता
जितकुवादिगणाऽस्तभवस्तुता ।
अवतु वः परिपूर्णनभा रती-
र्नृमरुते ददती जिनभारती ॥ ७ ॥

—द्रुत०

" रतेरहंकृत्यपनायिकाभि-
र्वपुःश्रिया ते सुरनायिकाभिः ।
नाक्षोभि चेतः परभावलीन-
मचिन्त्यविस्तारिशुभावलीनम् " ॥ ५ ॥–ઉપજાતિ.

"(કંદર્પની પત્ની) રતિના ગર્વને દૂર કરનારી એવી સુરાંગનાઓ પોતાના દેહની સંપત્તિદ્વારા, ઉત્તમ ભાવને વિષે લીન એવા, તેમજ અચિન્ત્ય, વિસ્તીર્ણ અને શુભ એવી શ્રેણિઓના સ્વામી એવા તારા ચિત્તને ચલિત કરી શકી નહિ."—૫

" प्रभो ! तवाऽस्तस्मरराजमाने
नखांशुजालेन विराजमाने ।
क्रमाम्बुजे लक्ष्मिगृहे रसेन–
शक्रार्चनीय ! स्तुमहे रसेन " ॥ ६ ॥–ઉપજાતિ.

"હે નાથ ! હે પૃથ્વી–પતિઓના તેમજ ઇન્દ્રોના પૂજ્ય ! લક્ષ્મીના મંદિરરૂપ એવાં, વળી નખનાં કિરણોના સમૂહ વડે શોભતાં, તેમજ વળી દળી નાંખ્યો છે કંદર્પરાજના ગર્વને જેણે એવાં તારાં ચરણોની અમે પ્રેમપૂર્વક સ્તુતિ કરીએ છીએ."—૬

" आकाङ्क्षिता बहुविधं जनताभिरामा–
स्पृष्टा महोदयपुरी ध्रुवताभिरामा ।
अप्यध्वरश्रुतितपःसवनादृते न
पुंसाऽऽप्यते जिन ! तव स्तवनादृतेन ? " ॥ ७ ॥–વસન્તતિલકા.

"લોકો વડે બહુ પ્રકારે આકાંક્ષા (ઇચ્છા) રખાયેલી એવી, વ્યાધિ વડે નહિ સ્પર્શ કરાયેલી (અર્થાત્ અવ્યાબાધ) એવી, તેમજ નિશ્ચયતા વડે મનોહર એવી મહોદય–નગરી (મુક્તિ–પુરી) ને (પણ) યજ્ઞ, શ્રુતિ, તપ અને સ્નાન કર્યા વિના પણ હે વીતરાગ ! તારા સ્તવનને વિષે આદરવાળો મનુષ્ય શું પામતો નથી કે !"—૭

" इत्थं फणीन्द्रसततश्रितपार्श्व ! नाऽथ
स्त्री वा स्तवं पठति यस्तव पार्श्वनाथ ! ।
तस्मै स्पृहामवृजिनप्रभवाय ! नव्या
लक्ष्मीर्बिभर्ति सुमनःसमवायनव्या " ॥ ८ ॥–વસન્તતિલકા.

"હે નાગેન્દ્ર વડે નિરંતર આશ્રય લેવાયેલો છે જેની બાજુનો એવા હે (નાથ) ! હે **પાર્શ્વનાથ !** પુણ્યની ઉત્પત્તિનો લાભ છે જેના દ્વારા એવા હે (ઈશ્વર) ! જે નર કે નારી તારા (આ) સ્તોત્રનું પઠન કરે છે, તેવાની, નવીન (અર્થાત્ તરુણ) એવી તેમજ દેવોના સમુદાયને નવ્ય (સ્તુતિ કરવા લાયક) એવી લક્ષ્મી ઇચ્છા રાખે છે."—૮

टीका

जिनभारती-वाग् अवतु । वः-युष्मान् । शुभवस्तूनां भावः शुभवस्तुता, कृता समस्तजगतः शुभवस्तुता यया सा तथाविधा । जितः कुवादिगणो यया सा । अस्तो-विक्षिप्तो भवः-संसारो यैः एतावता साधवस्तैः स्तुता इत्यर्थः । गाम्भीर्यशब्देन परिपूर्णं नभो यया । नरश्च मरुतश्च नृमरुत् तस्मै नृमरुते । रतीः-सुखानि । ददती-प्रयच्छन्ती । या वाग् ॥७॥

अन्वयः

कृत-समस्त-जगत्-शुभ-वस्तुता, जित-कु-वादिन्-गणा, अस्त-भव-स्तुता, परिपूर्ण-नभाः, नृ-मरुते रतीः ददती जिन-भारती वः अवतु ।

શબ્દાર્થ

समस्त=અખિલ, સંપૂર્ણ.
जगत्=દુનિયા.
शुभ=શુભ.
वस्तु=પદાર્થ.
कृतसमस्तजगच्छुभवस्तुता=કર્યું છે અખિલ વિશ્વને શુભ વસ્તુના ભાવવાળું જેણે એવી.
जित (ધા૦ जि)=જીતેલા, પરાજિત કરેલા.
गण=સમુદાય, સમૂહ.
जितकुवादिगणा=પરાજય કર્યો છે કુવાદીઓના સમુદાયનો જેણે એવી.
स्तुत (ધા૦ स्तु)=સ્તુતિ કરાયેલ.
अस्तभवस्तुता=પરાસ્ત કર્યો છે સંસાર જેમણે એવા વડે સ્તુતિ કરાયેલી.
अवतु (ધા૦ अव्)=બચાવો, રક્ષણ કરો.
वः (મૂ૦ युष्मद्)=તમને.
परिपूर्ण (ધા૦ पृ)=પૂરી દીધેલ.
नभस्=આકાશ, ગગન.
परिपूर्णनभाः=પૂરી નાંખ્યું છે ગગન જેણે એવી.
रतीः (મૂ૦ रति)=સુખોને.
नृ=મનુષ્ય, માનવ.
मरुत्=દેવ, અમર.
नृमरुते=માનવ અને અમરને.
ददती (ધા૦ दा)=આપનારી.
भारती=વાણી, દેશના.
जिनभारती=જિન-વાણી, જિનેશ્વરની દેશના.

શ્લોકાર્થ

જિન-વાણીની પ્રશંસા—

"કર્યું છે અખિલ વિશ્વને શુભ વસ્તુના ભાવમય જેણે એવી, તેમજ જીત્યો છે કુવાદીઓના સમુદાયને જેણે એવી, તથા વળી નષ્ટ કર્યો છે (ચોર્યાસી લાખ [1]યોનિરૂપ) સંસાર જેણે એવા (મુનિવરો) વડે સ્તુતિ કરાયેલી, અને વળી (ગાંભીર્યાદિક ગુણે કરીને) પૂરી નાંખ્યું છે ગગન જેણે એવી, તેમજ માનવ તથા દેવને સુખો અર્પણ કરનારી એવી જિન-વાણી (હે ભવ્યો!) તમારૂં રક્ષણ કરો."—૭

---

૧ આ સંબંધમાં જુઓ ન્યાયકુસુમાંજલિ (પૃ૦ ૩૦૧-૩૦૨).

धरणपट्टमहिलायाः स्तुतिः—

सुफणरत्नसरीसृपराजितां
रिपुबलप्रहतावपराजिताम् ।
स्मरत तां धरणाग्रिमयोषितं
जिनगृहेषु ययाऽश्रमयोषितम् ॥ ८ ॥

—द्रुत०

टीका

धरणाग्रिमयोषितं-पट्टमहिलां स्मरत । किंभूतां ? सुफणेषु रत्नानि येषां ते तथाविधाः सरीसृपाः-सर्पास्तै राजिताम् । रिपुबलप्रहतौ अपराजिताम् । जिनालयेषु यया श्रम-रहितया उषितं-निवसितम् ॥ ८ ॥

अन्वयः

यया अ-श्रमया जिन-गृहेषु उषितं, तां सु-फण-रत्न-सरीसृप-राजितां, रिपु-बल-प्रहतौ अ-पराजितां (अथवा अपर-अजितां) 'धरण'-अग्रिम-योषितं स्मरत ।

શબ્દાર્થ

सु=શ્રેષ્ઠતાવાચક અવ્યય.
फण=ફેણ.
रत्न=રત્ન, મણિ.
सरीसृप=સર્પ, સાપ.
राजित (धा० राज्)=શોભાયમાન, સુશોભિત.
सुफणरत्नसरीसृपराजितां=જેની સારી ફેણોમાં રત્ન છે એવા સર્પો વડે સુશોભિત.
रिपु=શત્રુ, દુશ્મન.
बल=સૈન્ય.
प्रहति=નાશ.
रिपुबलप्रहतौ=શત્રુના સૈન્યનો નાશ કરવામાં.
पराजित (धा० जि)=હારી ગયેલ.
अपर=અન્ય.
अजित=નહિ જીતાયેલ.
अपराजितां=(૧) નહિ જીતાયેલી; (૨) અન્ય કોઇથી નહિ જીતાયેલી.
स्मरत (धा० स्मृ)=તમે સ્મરણ કરો.
तां (मू० तद्)=તેને.
धरण=ધરણેન્દ્ર, નાગ-પતિ.
अग्रिम=પ્રથમ, મુખ્ય.
योषित्=સ્ત્રી, પત્ની.
धरणाग्रिमयोषितं=ધરણેન્દ્રની પટ્ટરાણીને.
गृह=ઘર.
जिनगृहेषु=જિનાલયોને વિષે.
यया (मू० यद्)=જેના વડે.
श्रम=પરિશ્રમ, થાક.
अश्रमया=અવિદ્યમાન છે પરિશ્રમ જેને વિષે એવી, થાક-રહિત.
उषितं (धा० वस्)=રહેવાયું, નિવાસ કરાયો.

શ્લોકાર્થ

ધરણેન્દ્રની પટ્ટરાણીની સ્તુતિ—

"અવિદ્યમાન છે પરિશ્રમ જેને વિષે એવા જેનાથી જિનાલયોમાં નિવાસ કરાયો,

તે, રત્ન છે જેની સારી ફેણોમાં એવા સર્પો વડે સુશોભિત એવી, તેમજ વળી શત્રુઓના સૈન્યનો સંહાર કરવામાં કોઇથી પણ ગાંજી ન જાય એવી (તે) ધરણેન્દ્રની અગ્ર-મહિષીને (હે મુમુક્ષુ જનો!) તમે સ્મરો."—૮

સ્પષ્ટીકરણ

ધરણેન્દ્ર—

જૈન શાસ્ત્રમાં દેવોના (૧) **ભુવનપતિ**, (૨) **વ્યંતર**, (૩) **જ્યોતિષ્ક** અને (૪) **વૈમાનિક** એમ ચાર પ્રકારો બતાવ્યા છે. તેમાં વળી **ભુવનપતિ**ના (૧) અસુર-કુમાર, (૨) નાગ-કુમાર, (૩) વિદ્યુત્-કુમાર, (૪) સુપર્ણ-કુમાર, (૫) અગ્નિ-કુમાર, (૬) વાયુ-કુમાર, (૭) મેઘ-કુમાર, (૮) ઉદધિ-કુમાર, (૯) દ્વીપ-કુમાર અને (૧૦) દિક્-કુમાર એમ દશ ભેદો છે. આ ભેદોમાંના **નાગકુમાર** દેવોના બે ઇન્દ્રો છે અને તેમને **ધરણ** અને **ભૂતાનંદ**ના નામથી ઓળખવામાં આવે છે. આ ઉપરથી જોઇ શકાય છે કે **ધરણેન્દ્ર** એ નાગકુમાર દેવોના ઇન્દ્રનું નામ છે. આ ઇન્દ્ર દક્ષિણ દિશાનો સ્વામી છે. આ ઇન્દ્રને છ અગ્ર-મહિષીઓ છે. તેનાં નામોના સંબંધમાં **સ્થાનાંગ-સૂત્ર** (પત્રાંક ૩૬૧)માં કહ્યું છે કે—

"[1] **धरणस्स णं नागकुमारिंदस्स नागकुमाररन्नो छ अग्गमहिसीओ पं० तं०—(१) अला, (२) सक्का, (३) सतेरा, (४) सोतामणी, (५) इंदा, (६) घणविजया**"

અર્થાત્ નાગકુમારના ઇન્દ્ર ધરણેન્દ્રની (૧) અલા, (૨) શક્રા, (૩) સતેરા, (૪) સૌદામિની, (૫) ઇન્દ્રા અને (૬) ઘનવિદ્યુતા એમ છ પટ્ટરાણીઓ છે.

---

૧ "धरणस्य नागकुमारेन्द्रस्य नागकुमारराज्ञः षड् अग्रमहिष्यः प्रज्ञप्तास्तद्यथा—(१) अला, (२) शक्रा, (३) सतेरा, (४) सौदामिनी, (५) इन्द्रा, (६) घनविद्युता"।

३ श्रीशंभवजिनस्तुतयः

अथ श्रीशंभवजिनस्य स्तुतिः—

नमो भुवनशेखरं दधति! देवि! ते बन्दिता-
मितिस्तुतिपराऽगमत् त्रिदशपावली वन्दिता ।
यदीयजननीं प्रति प्रणुत तं जिनेशं भवं
निहन्तुमनसः सदाऽनुपमवैभवं 'शंभवम्' ॥ १ ॥

—पृथ्वी (८,९)

टीका

यदीयजननीं प्रति त्रिदशपावली-इन्द्रावली बन्देर्भावो-बन्दिता तां बन्दितां अगमत्-गतवती इतिस्तुतिपरा सती हे भुवनमुकुटं पुत्रं दधति-धारयमाणे! हे देवि! ते-तुभ्यं नमोऽस्तु । इन्द्रावली किंभूता? वन्दिता । कैः? देवादिभिः इति गम्यते । तं जिनेशं भवं निहन्तुमनसः सन्तः प्रणुत यूयं निरुपमभूतिम् ॥ १ ॥

अन्वयः

(हे) भुवन-शेखरं दधति! देवि! ते नमः इति-स्तुति-परा, वन्दिता त्रिदश-प-आवली यदीय-जननीं प्रति बन्दितां अगमत्, तं अनुपम-वैभवं जिन-ईशं 'शंभवं' भवं [1]निहन्तु-मनसः प्रणुत ।

શબ્દાર્થ

नमस्=નમસ્કાર હોજો.
शेखर=મુકુટ.
भुवनशेखरं=ત્રૈલોક્યના મુકુટસમાનને.
दधति! (मू० दधती)=હે ધારણ કરનારી!
देवि! (मू० देवी)=હે દેવી!
ते (मू० युष्मद्)=તને.
बन्दितां (मू० बन्दिता)=બન્દીપણાને.
इति=આ પ્રમાણે.
स्तुति=સ્તુતિ, સ્તવન.
पर=તત્પર.
इतिस्तुतिपरां=એ પ્રમાણેની સ્તુતિમાં તત્પર.
अगमत् (धा० गम्)=પ્રાપ્ત થતી હવી.
त्रिदश=દેવ, સુર.
त्रिदशप=દેવેન્દ્ર, સુરપતિ.
आवली=શ્રેણિ.
त्रिदशपावली=સુરેન્દ્રની શ્રેણિ.

---

1 संबोधनार्थे वा ।

वन्दिता (धा० वन्द्)=વન્દન કરાયેલી.
यदीय=જેની.
जननी=માતા.
यदीयजननीं=જેની માતાને.
प्रति=ને.
प्रणुत (धा० नु)=તમે સ્તુતિ કરો.
तं (मू० तद्)=તેને.
ईश=સ્વામી, પ્રભુ.
जिनेशं=તીર્થંપતિને, જિનેશ્વરને.
भवं (मू० भव)=સંસારને.
निहन्तुं (धा० हन्)=નાશ કરવાને.
मनस्=મન.
निहन्तुमनसः=નાશ કરવાના મનવાળા.
सदा=સર્વદા, હમેશાં.
अनुपम=અસાધારણ, નિરૂપમ.
वैभव=સંપત્તિ.
अनुपमवैभवं=નિરૂપમ છે સંપત્તિ જેની એવાને.
शंभवं (मू० शंभव)=**શંભવ**(નાથ)ને.

શ્લોકાર્થ

શ્રીશંભવનાથની સ્તુતિ—

"'હે ત્રૈલોક્યના મુકુટ(સમાન પુત્ર)ને (કુક્ષિમાં) ધારણ કરનારી દેવી! તને નમસ્કાર હોજો' એવી સ્તુતિ કરવામાં તત્પર એવી, તેમજ (દેવ અને દાનવ વડે) વન્દન કરાયેલી એવી સુરપતિઓની શ્રેણિ જેની માતા પ્રતિ બન્દિ-ભાવને ધારણ કરતી હવી, તે અસાધારણ સંપત્તિવાળા (તૃતીય) જિનેશ્વર [1]**શંભવ**(નાથ)ની (હે ભવ્ય-જનો!) સંસારનો નાશ કરવાના મનવાળા (થયા થકા) તમે સ્તુતિ કરો."—૯

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ કાવ્યની પદ્ધતિ-અનુસાર આ તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યો પણ 'પૃથ્વી' નામના સમવૃત્તમાં રચવામાં આવ્યાં છે. એનું લક્ષણ નીચે મુજબ છે:—

" द्वितीयमलिकुन्तले ! यदि षडष्टमं द्वादशं
चतुर्दशमथ प्रिये ! गुरु गभीरनाभिह्रदे ! ।
सपञ्चदशमान्तिकं तदनु यत्र कान्ते ! यति-
र्गिरीन्द्रफणिभृत्कुलैर्भवति सुभ्रु ! 'पृथ्वी' हि सा ॥"

—શ્રુત૦ શ્લો૦ ૪૦.

કહેવાનું તાત્પર્ય એ છે કે હે ભ્રમરના સમાન (કૃષ્ણ) કેશવાળી (કામિની)! જે વૃત્તનો બીજો અક્ષર તેમજ હે પ્રિયા! જેના છઠ્ઠા, આઠમા, બારમા તથા ચૌદમા અક્ષરો પણ દીર્ઘ હોય અને વળી હે ઊંડી નાભિરૂપ હ્રદવાળી (લલના)! આ ઉપરાંત જેના પંદરમા અને છેવટના અર્થાત્ સત્તરમા અક્ષરો પણ દીર્ઘ હોય અને હે કાન્તા! જે વૃત્તમાં આઠમા અને ત્યાર પછીના નવ અક્ષરો બાદ વિરામ-સ્થાન હોય, તે વૃત્ત હે સુભ્રુ! 'પૃથ્વી' છે.

આ સત્તર અક્ષરના વૃત્તમાં **ज, स, ज, स** અને **य** એમ પાંચ ગણો છે, જ્યારે છેવટના બે અક્ષરો અનુક્રમે હ્રસ્વ અને દીર્ઘ છે. આ વાત લક્ષ્યમાં આવે એટલા માટે આ પદ્યના પ્રથમ પાદ પ્રતિ નજર કરીએ.

---

૧ શ્રીશંભવનાથનું ટુંક ચરિત્ર **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૪૮-૪૯) ઉપરથી જોઇ શકાશે.

न मो भु । व न शो । ख रं द । ध ति दे । वि ते बन् । दि ता
ज स ज स य ल ग

આથી કરીને તો 'પૃથ્વી' નું નીચે મુજબનું લક્ષણ ચરિતાર્થ થાય છે—

"जसौ जसयला वसुग्रहयतिश्च पृथ्वी गुरुः"

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં ચારે ચરણોમાં છેવટના ત્રણ ત્રણ અક્ષરો સમાન છે (કેમકે યમકમય પદ્યમાં બકાર અને વકાર એક ગણાય છે[1]). આ પછીનું પદ્ય પણ આવી જાતના યમકથી વિભૂષિત છે.

* * * *

सकलजिनेश्वराणां जन्माभिषेकः—

सुमेरुगिरिमूर्धनि ध्वनदनेकदिव्यानके
सुरैः कृतमवेक्ष्य यं मुमुदिरेऽतिभव्या न के ।
जगत्त्रितयपावनो जिनवराभिषेको मलं
सदा स विधुनोतु नोऽशुभमयं घनाकोमलम् ॥ १० ॥

—पृथ्वी

टीका

ध्वनन्तः–शब्दायन्तः अनेक(के) दिव्यानका–दिव्यपटहा यस्मिन् । अतीव भव्याः के न प्रमुदिताः ? । नः–अस्माकं मलं–अष्टप्रकारं कर्म विधुनोतु–अपनयतु । घनं च तत् अकोमलं च कठिनमित्यर्थः ॥ १० ॥

अन्वयः

ध्वनत्-अनेक-दिव्य-आनके सुमेरु-गिरि-मूर्धनि सुरैः कृतं यं (जिन-अभिषेकं) अवेक्ष्य के अति-भव्याः न मुमुदिरे ? सः जगत्-त्रितय-पावनः जिन-वर-अभिषेकः नः अ-शुभ-मयं, घन-अ-कोमलं मलं सदा विधुनोतु ।

શબ્દાર્થ

सुमेरु=મેરુ.
गिरि=પર્વત.
मूर्धन्=ટોચ, શિખર.
सुमेरुगिरिमूर्धनि=મેરુ પર્વતની ટોચ ઉપર.
ध्वनत् (धा० ध्वन्)=શબ્દાયમાન.
अनेक=અનેક.
दिव्य=દિવ્ય, સ્વર્ગીય.
आनक=દુંદુભિ, વાદ્ય-વિશેષ.
ध्वनदनेकदिव्यानके=વાગી રહી છે અનેક દિવ્ય દુંદુભિઓ જ્યાં એવા.

---

[1] સરખાવો—

"रलयोर्डलयोश्चैव, शसयोर्बवयोस्तथा ।
वदन्त्येषां च सावर्ण्य-मलङ्कारविदो जनाः ॥"

सुरैः (મૂ० सुर)=દેવો વડે.
कृतं (મૂ० कृत)=કરેલ.
अवेक्ष्य(ધા० ईक्ष्)=જોઇને.
यं (મૂ० यद्)=જેને.
मुमुदिरे (ધા० मुद्)=હર્ષિત થયા, હર્ષ પામ્યા.
अति=અતિશય.
भव्य=ભવ્ય, મોક્ષે જનાર.
अतिभव्याः=અતિશય ભવ્ય, અલ્પસંસારી.
न=નહિ.
के (મૂ० किम्)=કોણ.
त्रितय=ત્રણનો સમુદાય.
पावन=પવિત્ર કરનાર.
जगत्त्रितयपावनः=ત્રણે લોકને પવિત્ર કરનારા.
अभिषेक=અભિષેક.
जिनवराभिषेकः=જિનેશ્વરોનો અભિષેક.
मलं (મૂ० मल)=મલને.
सः (મૂ० तद्)=તે.
विधुनोतु (ધા० धा)=નષ્ટ કરો, દૂર કરો.
मय=પ્રચુરતાવાચક શબ્દ.
अशुभमयं (મૂ० अशुभमय)=અશુચિથી ભરપૂર.
घन=નિબિડ, ગહન.
कोमल=મૃદુ, કોમળ.
घनाकोमलं=નિબિડ તેમજ કઠણ.

શ્લોકાર્થ

સકલ જિનેશ્વરોનો જન્માભિષેક—

"વાગી રહી છે અનેક દિવ્ય દુંદુભિઓ જ્યાં એવા [1]મેરૂ ગિરિરાજના શિખર ઉપર દેવતાઓ દ્વારા કરાયેલ જે ([2]અભિષેક)ને જોઇને કયા સુભવ્ય જીવો ખુશી ન થયા ? (અર્થાત્ સર્વે પ્રમુદિત થયા) તે ત્રૈલોક્યને પવિત્ર કરનારો જિનેશ્વરનો અભિષેક આપણા અશુચિથી ભરપૂર, ગહન તેમજ કઠણ એવા (અષ્ટ [3]કર્મરૂપી) મલનો સદા નાશ કરો."—૧૦

* * * *

श्रीसिद्धान्तपरिचयः—

अपेतनिधनं धनं बुधजनस्य शान्तापदं
प्रमाणनयसंकुलं भृशमसदृशां तापदम् ।
जना ! जिनवरागमं भजत तं महासम्पदं
यदीप्सथ सुखात्मकं विगतकामहासं पदम् ॥ ११ ॥

—पृथ्वी

૧ મેરૂ પર્વતની માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૩).

૨ જન્મ-અભિષેક એ તીર્થંકરના પાંચ કલ્યાણકો પૈકી 'જન્મ-કલ્યાણક' સાથે સંબંધ ધરાવે છે. એની સ્થૂલ રૂપરેખા સારૂ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૦-૩૩).

૩ કર્મનું યત્કિંચિત્ સ્વરૂપ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૬-૭) માં આલેખેલું છે.

टीका

जिनवरागमं भजत यूयम् । अपेतं-गतं निधनं-पर्यन्तो यस्य । शान्ता आपदो येन तम् । प्रमाणानि-प्रत्यक्षादीनि नया-नैगमादयः तैः संकुलम् । असत्यः-अशोभना दृष्टयो येषां ते तथाविधानां तापदम् । महत्यः सम्पदो यस्मिन्नागमे तम् । यदि ईप्सथ सुखरूपं पदम् । किंभूतं ? विगतः कामहासो यस्मिन् पदे तत् ॥ ११ ॥

अन्वयः

(हे) जनाः ! यदि सुख-आत्मकं विगत-काम-हासं पदं ईप्सथ, (तर्हि) अपेत-निधनं, बुध-जनस्य धनं, शान्त-आपदं, प्रमाण-नय-सङ्कुलं, असत्-दृशां भृशं ताप-दं, महत्-सम्पदं तं जिन-वर-आगमं भजत ।

શબ્દાર્થ

अपेत (धा० इ)=દૂર થયેલ, નષ્ટ થયેલ.
निधन=અંત, નાશ.
अपेतनिधनं=દૂર થયો છે અંત જેનો એવા.
धनं (मू० धन)=ધન, દોલત.
बुध=ડાહ્યો માણસ, પણ્ડિત.
जन=લોક.
बुधजनस्य=પણ્ડિત પુરૂષોના.
शान्त (धा० शम्)=શાન્ત થયેલ, નાશ પામેલ.
आपद्=કષ્ટ.
शान्तापदं=શાન્ત થઇ છે આપત્તિઓ જે દ્વારા એવા, નષ્ટ થયાં છે કષ્ટો જેથી એવા.
प्रमाण=પ્રમાણ, યથાર્થ જ્ઞાન.
नय=ખરેખરો અભિપ્રાય, નય.
सङ्कुल=મિશ્રિત, વ્યાપ્ત.
प्रमाणनयसङ्कुलं=પ્રમાણ અને નયો વડે વ્યાપ્ત.
भृशं=અત્યન્ત.
असत्=દુષ્ટ.
दृश्=દૃષ્ટિ.
असद्दृशां=મિથ્યા-દૃષ્ટિઓના.
ताप=સંતાપ.
दा=આપવું.
तापदं (मू० तापद)=સંતાપ કરનારા.
जनाः ! (मू० जन)=હે મનુષ્યો !
आगम=સિદ્ધાન્ત.
जिनवरागमं=જિનેશ્વરના સિદ્ધાન્તને.
भजत (धा० भज्)=ભજો.
महत्=મહા, ઘણી.
सम्पद्=સંપત્તિ, સંપદા.
महासंपदं=મહાસંપત્તિ છે જેને વિષે એવા.
यदि=જો.
ईप्सथ (धा० आप्)=તમે મેળવવા ઇચ્છો છો.
सुख=સુખ.
आत्मन्=આત્મા, સ્વરૂપ.
सुखात्मकं=સુખરૂપ.
विगत (धा० गम्)=નષ્ટ થયેલ.
काम=કંદર્પ, કામદેવ, અનંગ.
हास=હાસ્ય.
विगतकामहासं=નષ્ટ થયાં છે કામ અને હાસ્ય જ્યાં એવા.
पदं (मू० पद)=સ્થાનને.

શ્લોકાર્થ

શ્રીસિદ્ધાન્તનો પરિચય—

"હે માનવો ! જો તમે સુખરૂપ તેમજ વિશેષતઃ ગયેલાં છે અનંગ અને હાસ્ય જ્યાંથી એવા (અર્થાત્ વિષય-વાસના અને હાસ્યથી વિમુખ એવા) (મોક્ષરૂપી)



रोहिणीदेवी.

निर्वाणकलिकायाम्—

"तत्राद्यां रोहिणीं धवलवर्णां सुरभिवाहनां चतुर्भुजामक्षसूत्रबाणा-
न्वितदक्षिणपाणिं शङ्खधनुर्युक्तवामपाणिं चेति ।"

नि. सा. प्रेस.

પદની અભિલાષા રાખતા હો, તો તો નષ્ટ થયો છે નાશ જેનો (અર્થાત્ અવિનાશી) એવા, વળી પણ્ડિત પુરૂષોના ધનરૂપ, તથા વળી શાન્ત થઇ છે આપત્તિઓ જે દ્વારા એવા, તેમજ (પ્રત્યક્ષાદિક) [1]પ્રમાણો અને (નૈગમાદિ) [2]નયો વડે વ્યાપ્ત એવા, તેમજ વળી [3]મિથ્યાદૃષ્ટિઓને અત્યંત સંતાપ-કારક અને સમ્યગ્દૃષ્ટિઓને મહાસંપત્તિયુક્ત એવા તે જિનેશ્વરના સિદ્ધાન્તને તમે ભજો."—૧૧

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં પ્રથમનાં બે ચરણોમાંના છેવટના ચાર ચાર અક્ષરો સમાન છે, જ્યારે બાકીનાં બે ચરણોમાં તો છેવટના પાંચ પાંચ અક્ષરો સમાન છે. તેરમું પદ્ય પણ આવા પ્રકારના **યમક**થી વિભૂષિત છે, પરંતુ અત્ર વિશેષતા એ છે કે આ પદ્યનાં ચારે ચરણોમાં છેવટના બે બે અક્ષરો સમાન છે.

* * * *

रोहिणीदेव्याः स्तुतिः—

शराक्षधनुशङ्खभृन्निजयशोवलक्षा मता
कृताखिलजगज्जना[हि]तमहाबलक्षामता ।
विनीतजनताविपद्द्विपसमृद्ध्यभिद्रोहिणी
ममास्तु सुरभिस्थिता रिपुमहीध्रभिद् 'रोहिणी' ॥१२॥३॥

—पृथ्वी

टीका

सुरभिस्थिता रोहिणी देवता रिपुपर्वतविदारिका ममास्तु । किंविशिष्टा ? शराक्षं धनुशब्द उकारान्तोऽप्यस्ति शङ्खान् बिभर्तीति । निजयश इव वलक्षा । मता-अभीष्टा । सम[स्त]जगतां अहिता-वैरिणः तेषां महाबलानि तेषां कृता क्षामता यया सा । विनीतजनताया विपद एव हस्तिनस्तेषां समृद्धिघातका ॥ १२ ॥

अन्वयः

शर-अक्ष-धनु-शङ्ख-भृत्, निज-यशस्-वलक्षा, मता, कृत-अखिल-जगत्-जन-अहित-महत्-बल-क्षामता, विनीत-जनता-विपद्-द्विप-समृद्धि-अभिद्रोहिणी सुरभि-स्थिता 'रोहिणी' मम रिपु-महीध्र-भिद् अस्तु ।

---

૧ પ્રમાણસંબંધી સ્થૂલ માહિતી ન્યાયવિશારદ ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજીકૃત ન્યાયકુસુમાંજલિના તૃતીય સ્તબકમાંથી મળી શકશે.

૨ આ નયોના ટુંક સ્વરૂપ સારૂ જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૮-૨૨).

૩ મિથ્યા-દૃષ્ટિઓના ભવ્ય અને અભવ્ય એમ બે મુખ્ય ભેદો છે. આ સંબંધમાં વિશેષ માહિતી માટે જુઓ **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ના ૩૨ મા સૂત્ર ઉપરની ટીકા.

શબ્દાર્થ

शर=બાણ.
अक्ष=જપ-માલા.
धनु=ધનુષ્ય.
शङ्ख=શંખ.
भृ=ધારણ કરવું.
शराक्षधनुशङ्खभृत्=બાણ, જપ-માલા, ધનુષ્ય અને શંખને ધારણ કરનારી.
निज=પોતાની.
यशस्=કીર્તિ.
बलक्ष=ધવલ, શ્વેતવર્ણી.
निजयशोबलक्षा=પોતાની કીર્તિના જેવી ધવલ.
मता (મૂ० मत)=અભીષ્ટ.
अखिल=સમસ્ત.
अहित=શત્રુ, વૈરી.
क्षामता=ક્ષીણપણું, દુર્બલતા.
कृताखिलजगज्जनाहितमहाबलक्षामता=સમસ્ત જગત્‌ના મનુષ્યોના શત્રુઓના મહાસૈન્યને ક્ષીણ કર્યું છે જેણે એવી.
विनीत=વિનયયુક્ત.
जनता=જન-સમૂહ.
विपद्=વિપત્તિ, આપત્તિ.
द्विप=કુંજર, હાથી.
समृद्धि=અત્યંત સંપત્તિ.
अभिद्रोहिणी (મૂ० अभिद्रोहिन्) દ્રોહ કરનારી, ક્ષય કરનારી.
विनीतजनताविपद्द्विपसमृद्ध्यभिद्रोहिणी=વિનયશીલ જન-સમૂહની વિપત્તિનો ક્ષય કરનારી.
मम (મૂ० अस्मद्)=મારા.
अस्तु (ધા० अस्)=થાઓ.
सुरभि=ગાય.
स्थिता (મૂ० स्थित) બેઠેલી.
सुरभिस्थिता=ગાય ઉપર બેઠેલી.
महीध्र=મહીધર, પર્વત.
भिद्=ભાંગવું, તોડી નાંખવું.
रिपुमहीध्रभिद्=શત્રુરૂપી પર્વતને ભેદનારી.
रोहिणी=રોહિણી (દેવી).

શ્લોકાર્થ

રોહિણી દેવીની સ્તુતિ—

"બાણ, જપ-માલા, ધનુષ્ય અને શંખને ધારણ કરનારી, પોતાની કીર્તિના જેવી ધવલ, વળી દુર્બલ બનાવ્યું છે સમસ્ત વિશ્વના માનવોના મહાસૈન્યને જેણે એવી, તથા વળી વિનયશીલ જન-સમૂહના કષ્ટરૂપી કુંજરની અત્યંત સંપત્તિનો ક્ષય કરનારી, તેમજ ગાય ઉપર આરૂઢ થયેલી એવી **રોહિણી** (દેવી) મારા દુશ્મનરૂપી પર્વતોને ભેદનારી થાઓ."—૧૨

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યના પદ્ય-ચમત્કારના સંબંધમાં એટલોજ ઉલ્લેખ કરવો બસ થશે કે તે ત્રીજા અને પાંચમા પદ્યને મળતું આવે છે. પરંતુ તેમ માનવામાં વકાર અને બકારને એક ગણવા પડે છે તેનું શું એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આના સમાધાનાર્થે કહેવાનું કે આ વાત તો આપણે નવમા પદ્યના સ્પષ્ટીકરણ (પૃ० ૨૨)માં વિચારી ગયા છીએ. છતાં પણ એમ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે—

"यमकश्लेषचित्रेषु, बवयोर्डलयोर्न भिदा."

એ વાત સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૯૧) માં પણ વિચારવામાં આવી છે.

શ્રીરોહિણીનું સ્વરૂપ—

'પુણ્ય બીજને ઉત્પન્ન કરે તે રોહિણી' એ **રોહિણી** શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. **રોહિણી** દેવી એ સોળ [1]વિદ્યા-દેવીઓ પૈકી એક છે. તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ જપ-માલા અને બાણુથી અલંકૃત છે, જ્યારે ડાબા બે હાથ શંખ અને ધનુષ્યથી શોભે છે. વળી તે કુન્દ, પુષ્પ, હિમ ઇત્યાદિકના જેવી શ્વેતવર્ણી છે અને ગાય એ એનું વાહન છે. આ હકીકત **નિર્વાણ-કલિકા** ઉપરથી જોઇ શકાય છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"तत्राद्यां रोहिणीं धवलवर्णां सुरभिवाहनां चतुर्भुजामक्षसूत्रबाणान्वितदक्षिणपाणिं शङ्खधनुर्युक्तवामपाणिं चेति."

આ વાતની નિમ્ન-લિખિત શ્લોક પણ સાક્ષી પૂરે છેઃ—

"शङ्खाक्षमालाशरचापशालि-
चतुष्करा कुन्दतुषारगौरा ।
गोगासिनी गीतवरप्रभावा
श्री'रोहिणी' सिद्धिमिमां ददातु ॥"

—**આચાર-દિનકર**, પત્રાંક ૧૬૧.

૧ જે દેવીમાં વિદ્યાની પ્રધાનતા હોય તેને **વિદ્યાદેવી** કહેવામાં આવે છે. આવી વિદ્યાદેવીઓ એકંદર સોળ છે—(૧) **રોહિણી**, (૨) **પ્રજ્ઞપ્તિ**, (૩) **વજ્રશૃંખલા**, (૪) **વજ્રાંકુશી**, (૫) **ચક્રેશ્વરી**, (૬) **નરદત્તા**, (૭) **કાલી**, (૮) **મહાકાલી**, (૯) **ગૌરી**, (૧૦) **ગાંધારી**, (૧૧) **મહાજ્વાલા**, (૧૨) **માનવી**, (૧૩) **વૈરોટ્યા**, (૧૪) **અચ્છુપ્તા**, (૧૫) **માનસી** અને (૧૬) **મહામાનસી**.

४ श्रीअभिनन्दनजिनस्तुतयः

अथ श्रीअभिनन्दननाथस्य स्तुतिः—

अभयीकृतभीतिमज्जनः
सुरपकृतातुलभूतिमज्जनः ।
यो भव्यमनोऽभिनन्दनः
शिवदः सोऽस्तु जिनो'ऽभिनन्दनः' ॥ १३ ॥

—वैतालीयम्

टीका

अभयीकृतो भीतिमज्जनो येन सः । सुरपैः–इन्द्रैः कृतं अतुलभूत्या मज्जनं यस्य स तथाविधः ॥ १३ ॥

अन्वयः

यः भव्य-मनस्-अभिनन्दनः, सः अभयीकृत-भीतिमत्-जनः, सुर-प-कृत-अतुल-भूति-मज्जनः 'अभिनन्दनः' जिनः शिव-दः अस्तु ।

શબ્દાર્થ

भय=બીક.

अभयीकृत=નિર્ભય કરેલ.

भीति=ભય.

भीतिमत्=ભયભીત, બીધેલ.

अभयीकृतभीतिमज्जनः=નિર્ભય કર્યા છે ભયભીત મનુષ્યોને જેણે એવા.

सुरप=સુરપતિ, ઇન્દ્ર.

अतुल=અનુપમ.

भूति=સંપત્તિ.

मज्जन=જલાભિષેક, સ્નાન.

सुरपकृतातुलभूतिमज्जनः=સુરપતિઓએ કર્યો છે અસાધારણ સંપત્તિપૂર્વક જલાભિષેક જેનો એવા.

यः (मू० यद्)=જે.

अभिनन्दन=આનંદ આપનારા.

भव्यमनोऽभिनन्दनः=ભવ્ય (જીવો)ના ચિત્તને રંજન કરનારા.

शिव=(૧) મુક્તિ, નિર્વાણ; (૨) કલ્યાણ, સુખ.

शिवदः=(૧) મુક્તિ આપનારા; (૨) કલ્યાણકારી.

जिनः (मू० जिन)=તીર્થંકર.

अभिनन्दनः (मू० अभिनन्दन)=**અભિનન્દન** (નાથ), ચતુર્થ તીર્થંકર.

શ્લોકાર્થ

શ્રીઅભિનન્દનનાથની સ્તુતિ—

"જે ભવ્ય (જીવો)ના ચિત્તને આનંદ આપનારા છે, તે [1]અભિનન્દન જિન કે જેણે ભયભીત મનુષ્યોને નિર્ભય કર્યા છે, તેમજ જેનો, સુરપતિઓએ અપૂર્વ સંપત્તિ-પૂર્વક જલાભિષેક કર્યો હતો, તે (જિનેશ્વર) મોક્ષદાયક [અથવા સુખકારી] થાઓ."—૧૩

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

પદ્ય-ચમત્કારમાં ૧૧મા પદ્યને મળતું આવતું તેમજ ચારે ચરણોના અંત્ય અક્ષરની સમાનતારૂપ વિશિષ્ટતાથી યુક્ત આ પદ્ય (તેમજ ત્યાર પછીનાં સાત પદ્યો પણ) **વૈતાલીય** નામના છંદમાં રચાયેલ છે. આ છંદનું લક્ષણ વૃત્તરત્નાકરમાં નીચે મુજબ આપ્યું છેઃ—

"षड् विषमेऽष्टौ समे कलास्ताश्च समे स्युर्नो निरन्तराः ।
न समाऽत्र पराश्रिता कला वैतालीयेऽन्ते रलौ गुरुः ॥"

અર્થાત્ જે પદ્યનાં પ્રથમ અને તૃતીય ચરણોમાં છ છ માત્રા હોવા ઉપરાંત ત્યાર પછી રગણ અને ત્યાર પછીના બે અક્ષરો અનુક્રમે હ્રસ્વ અને દીર્ઘ હોય અને બાકીનાં બે ચરણોમાં આઠ આઠ માત્રા હોવા ઉપરાંત ઉપર કહ્યા મુજબ રગણ અને હ્રસ્વ અને દીર્ઘ એવા ઉપાન્ત્ય અને અન્ત્ય અક્ષરો હોય, તે પદ્ય 'વૈતાલીય' છંદમાં રચાયેલું સમજવું. વિશેષમાં દ્વિતીય અને ચતુર્થ ચરણોમાં સમસ્ત અક્ષરો લઘુ હોવા ન જોઇએ તેમજ સમ સંખ્યાવાળી એટલે બીજી, ચોથી, છઠ્ઠી અને આઠમી કલા ત્રીજી, પાંચમી અને સાતમીની સાથે મળેલ ન જોઇએ. વૈતાલીય છંદનું લક્ષણ યથાર્થ રીતે સમજાય તેટલા માટે આ પદ્યનાં પ્રથમ અને દ્વિતીય ચરણો તરફ દૃષ્ટિ-પાત કરીએ.

	।	।	ऽ	।	।		–	⏑	–		⏑	–		
પ્રથમ ચરણ.	अ	भ	यी	कृ	त	।	भी	ति	मज्	।	ज	नः		
	१	१	२	१	१			र			ल	ग		
	।	।	।	।	ऽ	।	।	–	⏑	–		⏑	–	
દ્વિતીય ચરણ.	सु	र	प	कृ	ता	तु	ल	।	भू	ति	मज्	।	ज	नः
	१	१	१	१	२	१	१			र			ल	ग

✽ ✽ ✽ ✽

तीर्थपतीनां नुतिः—

रक्षन्त्यचरं त्रसं च ये
कृतचरणाः शतपत्रसञ्चये ।
अपवर्गोपायशोधनाः
ते वः पान्तु जिना यशोधनाः ॥ १४ ॥

—वैता०

---

૧ આ ચતુર્થ તીર્થંકર અભિનન્દનનાથના ચરિત્ર ઉપર સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૬૪) થોડે ઘણે અંશે પ્રકાશ પાડે છે.

टीका

ये जिना रक्षन्ति । अचरं-स्थावरं त्रसं च प्राणिनम् । [illegible] ये कृताश्चरणा यैस्ते तथाविधाः । मोक्षोपायशोधनाः । यश एव धनं येषां ते यशोधनाः ॥ १४ ॥

अन्वयः

ये अ-चरं त्रसं च रक्षन्ति, ते शत-पत्र-सञ्चये कृत-चरणाः, अपवर्ग-उपाय-शोधनाः, यशस्-धनाः जिनाः वः पान्तु ।

શબ્દાર્થ

रक्षन्ति (धा० रक्ष्)=રક્ષણ કરે છે.
चर=હાલતું ચાલતું.
अचरं (मू० अचर)=સ્થાવર, એકેન્દ્રિય.
त्रसं=(मू० त्रस)=ત્રસ, હાલી ચાલી શકે તે, દ્વીન્દ્રિયાદિક.
च=અને, તથા.
ये (मू० यद्)=જેઓ.
चरण=પાદ, પગ.
कृतचरणाः=સ્થાપન કર્યાં છે ચરણોને જેમણે એવા.
शत=સો.
पत्र=પત્ર, પાંખડી.
शतपत्र=સો પાંખડીવાળું કમળ, શતપત્ર.
सञ्चय=સમૂહ.
शतपत्रसञ्चये=શતપત્રના સમૂહ ઉપર.
उपाय=સાધન.
शोधन=શોધ કરનાર.
अपवर्गोपायशोधनाः=મોક્ષનાં સાધનની શોધ કરનાર.
पान्तु (धा० पा)=રક્ષણ કરો, બચાવો.
जिनाः (मू० जिन)=તીર્થંકરો.
धन=પૈસો.
यशोधनाः=કીર્તિ છે ધન જેમનું એવા.

શ્લોકાર્થ

તીર્થંકરોની સ્તુતિ—

"જેઓ [1]સ્થાવર તેમજ [2]ત્રસ (જીવો)ની રક્ષા કરે છે, તે, શતપત્રના સમૂહ ઉપર ચરણને સ્થાપન કરનારા, મોક્ષ (માર્ગ)નાં સાધનની શોધ કરનારા તેમજ કીર્તિરૂપી ધનવાળા એવા તીર્થંકરો (હે ભવ્ય-લોક !) તમારૂં પરિપાલન કરો."—૧૪

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ તેમજ ત્યાર પછીનાં બે પદ્યો પણ છઠ્ઠા, સાતમા અને આઠમા પદ્યની માફક પાદાંત-સમચતુરક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી શોભે છે.

* * * *

૧-૨ એકલી સ્પર્શન ઇન્દ્રિયવાળા એકેન્દ્રિય જીવને 'સ્થાવર' કહેવામાં આવે છે, જ્યારે બેથી પાંચ ઇન્દ્રિયવાળા જીવોને 'ત્રસ' સંબોધવામાં આવે છે. આ સંબંધમાં વિચારો ન્યાયકુસુમાંજલિનો પંચમ સ્તબક.

जिनवाणीविलासः—

व्याप्ताखिलविष्टपत्रया
पद्चम्वा नयपुष्टपत्रया ।
या मुनिभिरभाजि नो दिता
सा वागस्तु मुदे जिनोदिता ॥ १५ ॥
—वैता०

टीका

या यतिभिः अभाजि-सेविता । किंभूता ? व्याप्तं अखिलं विष्टपत्रयं यया सा तथाभूता । कया व्याप्तं ? पदचम्वा । किंभूतया ? नया एव पुष्टानि पत्राणि-वाहनानि यस्याः सा तया । नो दिता-अखण्डिता ॥ १५ ॥

अन्वयः

नय-पुष्ट-पत्रया पद-चम्वा व्याप्त-अखिल-विष्टप-त्रया या मुनिभिः अभाजि, सा जिन-उदिता नो दिता वाग् मुदे अस्तु ।

શબ્દાર્થ

व्याप्त (धा० आप्)=વ્યાપેલું, પૂર્ણ.
विष्टप=ભુવન.
त्रय=ત્રણનો સમૂહ.
व्याप्ताखिलविष्टपत्रया=વ્યાપ્ત કર્યું છે સમસ્ત ત્રૈલોક્યને જેણે એવા.
पद=પદ, વાક્યનો એક ભાગ.
पदचम्वा=પદોના સૈન્ય વડે.
पुष्ट (धा० पुष्)=પોષેલું.
पत्र=વાહન.
नयपुष्टपत्रया=નયોરૂપી પુષ્ટ વાહનો છે જેમાં એવા.
या (मू० यद्)=જે.
मुनिभिः (मू० मुनि)=મુનિઓ વડે.
अभाजि (धा० भज्)=સેવાતી હવી.
नो=નહિ.
दिता (मू० दित)=ખણ્ડિત.
वाग् (मू० वाच्)=વાણી.
मुदे (मू० मुद्)=હર્ષને માટે.
उदित (धा० वद्)=પ્રરૂપેલ, ઉચ્ચારેલ.
जिनोदिता=જિનેશ્વરે પ્રરૂપેલી.

શ્લોકાર્થ

જિન-વાણીની મનોમોહકતા—

"નયરૂપી પુષ્ટ વાહનો છે જેમાં એવાં પદોના સૈન્ય વડે વ્યાપ્ત કર્યું છે સમસ્ત ત્રૈલોક્યને જેણે એવી જે (જિન-વાણી) મુનિઓ વડે (પણ) સેવાતી હવી (અર્થાત્ જેનો મુનિવરોએ પણ આશ્રય લીધો), તે જિનેશ્વરે ઉચ્ચારેલી તેમજ અખંડિત એવી વાણી (હે ભવ્ય-જન ! તમારા) હર્ષને માટે થાઓ."—૧૫

* * * *

प्रज्ञप्तिदेव्याः स्तुतिः—

तन्वाऽब्जमहादलाभया
सह शक्त्याऽतुलमोदलाभया ।
मम भवतु महाशिखण्डिका
'प्रज्ञप्ती' रिपुराशिखण्डिका ॥ १६ ॥ ४ ॥

—वैता०

टीका

प्रज्ञप्तिदेवता मम रिपुराशिखण्डिका भवतु । किंविधा? तन्वा-शरीरेणोपलक्षिता । किंविशिष्टया? अब्जं च महच्च तद् दलं च तद्वत् आभा-छाया यस्याः सा तया । तथा सह शक्त्या-सा[illegible]न । कीदृशा शक्त्या? अतुलमोदस्य लाभो यस्याः सकाशात् सा तया । महान् शिखण्डी-मयूरो वाहनं यस्याः सा ॥ १६ ॥

अन्वयः

अब्ज-महत्-दल-आभया तन्वा, अतुल-मोद-लाभया (च) शक्त्या सह (उपलक्षिता) महत्-शिखण्डिका 'प्रज्ञप्तिः' मम रिपु-राशि-खण्डिका भवतु ।

શબ્દાર્થ

तन्वा (मू० तनु)=દેહ વડે.
अप्=જલ.
अब्ज=જલમાં ઉત્પન્ન થાય તે, કમલ.
दल=પત્ર.
अब्जमहादलाभया=કમલના મહાપત્ર જેવી કાંતિ છે જેની એવા.
सह=સહિત.
शक्त्या (मू० शक्ति)=શક્તિ(આયુધ-વિશેષ) વડે, એક જાતના અસ્ત્રથી.
मोद=હર્ષ.
लाभ=લાભ, ફાયદો.
अतुलमोदलाभया=અનુપમ હર્ષનો લાભ છે જે દ્વારા એવા.
भवतु (धा० भू)=થાઓ.
शिखण्डिन्=મયૂર, મોર.
महाशिखण्डिका=મોટો મોર છે (વાહન) જેનું એવી.
प्रज्ञप्तिः (मू० प्रज्ञप्ति)=પ્રજ્ઞપ્તિ (દેવી).
खण्डिका=ખણ્ડન કરનારી, નાશ કરનારી.
रिपुराशिखण्डिका=શત્રુ-સમૂહનો નાશ કરનારી.

શ્લોકાર્થ

પ્રજ્ઞપ્તિ દેવીની સ્તુતિ—

"કમલના મહાપત્રના જેવી કાંતિ છે જેની એવા દેહ વડે તેમજ અનુપમ હર્ષનો લાભ છે જે દ્વારા એવા શક્તિ (નામના અસ્ત્ર) વડે ઉપલક્ષિત તથા વળી મહાન્ મયૂર છે (વાહન) જેનું એવી પ્રજ્ઞપ્તિ (દેવી) મારા વૈરિ-વર્ગનો વિનાશ કરનારી થાઓ."—૧૬



१३ प्रज्ञप्ति.

निर्वाणकलिकायाम्—

"प्रज्ञप्तिं श्वेतवर्णां मयूरवाहनां चतुर्भुजां वरदशक्तियुक्तदक्षिणकरां मातुलिङ्गशक्तियुक्तवामहस्तां चेति।"

नि. सा. प्रेस.

સ્પષ્ટીકરણ

પ્રજ્ઞપ્તિ દેવીનું સ્વરૂપ—

'પ્રકૃષ્ટ છે જ્ઞાન જેને વિષે તે પ્રજ્ઞપ્તિ' એમ પ્રજ્ઞપ્તિ શબ્દ ઉપરથી જોઇ શકાય છે. આ પ્રજ્ઞપ્તિ પણ એક વિદ્યા–દેવી છે. તેને બે હાથ છે. તે એક હાથમાં શક્તિ નામનું આયુધ રાખે છે, જ્યારે બીજા હાથમાં તે કમલ રાખે છે. એની કાંતિ પણ કમલ–સમાન છે. વિશેષમાં એને મોરનું વાહન છે. વિચારો આ હકીકતને સારૂ નીચેનો શ્લોક:—

" शक्तिसरोरुहहस्ता, मयूरकृतयानलीलया कलिता ।
प्रज्ञप्तिर्विज्ञप्तिं, शृणोतु नः कमलपत्राभा ॥" –આર્યા

–આચાર૦ પત્રાંક ૧૬૧.

નિર્વાણ–કલિકામાં તો આ દેવીને ચાર હાથવાળી વર્ણવી છે. એને લગતો ઉલ્લેખ નીચે મુજબ છે:—

"तथा प्रज्ञप्तिं श्वेतवर्णां मयूरवाहनां चतुर्भुजां वरदशक्तियुक्तदक्षिणकरां मातुलिङ्गशक्तियुक्त-वामहस्तां चेति"

અર્થાત્—પ્રજ્ઞપ્તિ દેવીનો વર્ણ શ્વેત છે અને મોર એ એનું વાહન છે. વળી એને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને શક્તિથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથ બીજોરા અને શક્તિથી અલંકૃત છે.

५ श्रीसुमतिजिनस्तुतयः

अथ श्रीसुमतिनाथस्य स्तुतिः—

कुर्वन्तमुरुप्रभं जनं
नम्रमनङ्गतरुप्रभञ्जनम् ।
भक्त्या नुत सन्महोदयं
'सुमति'जिनं विकसन्महोदयम् ॥ १७ ॥

—वैता०

टीका

भक्त्या नुत-स्तुत सुमतिजिनम् । किंविधं ? कुर्वन्तं जनं उरुप्रभं नम्रं सन्तम् । जिनं किंविधं ? अनङ्गतरोः प्रभञ्जनं-समीरम्, सत्यौ-शोभने महश्च पूजा दया च महोदये यस्य तं सन्महोदयम्, विकसन् महान् उदयः-प्रादुर्भावो यस्य तम् ॥ १७ ॥

अन्वयः

नम्रं जनं उरु-प्रभं कुर्वन्तं, अनङ्ग-तरु-प्रभञ्जनं, सत्-महस्-दयं, विकसत्-महत्-उदयं 'सुमति'-जिनं भक्त्या नुत ।

શબ્દાર્થ

कुर्वन्तं (मू० कुर्वत्)=કરનારા.
उरु=વિસ્તીર્ણ, વિશાળ.
प्रभा=કાન્તિ, તેજ.
उरुप्रभं=મહાતેજસ્વી.
जनं (मू० जन)=મનુષ્યને.
नम्रं (मू० नम्र)=પ્રણામશીલ.
अनङ्ग=કામદેવ, કંદર્પ.
तरु=વૃક્ષ, ઝાડ.
प्रभञ्जन=પવન.
अनङ्गतरुप्रभञ्जनं=કંદર્પરૂપ વૃક્ષ પ્રતિ પવન (સમાન).
भक्त्या (मू० भक्ति)=ભક્તિ વડે, શ્રદ્ધાપૂર્વક.
नुत (धा० नु)=તમે સ્તુતિ કરો.
सत्=શોભનીય, પ્રશંસનીય.
महस्=પૂજા, અર્ચન.
दया=દયા, કરુણા.
सन्महोदयं=પ્રશંસનીય છે પૂજા અને દયા જેની એવા.
सुमति=સુમતિનાથ, પંચમ તીર્થંકર.
सुमतिजिनं=સુમતિ જિનને.
उदय=ઉદય.
विकसन्महोदयं=વિકાસ પામતો છે મહાન્ ઉદય જેનો એવા.

શ્લોકાર્થ

શ્રીસુમતિનાથની સ્તુતિ—

"નમનશીલ નરોને મહાતેજસ્વી કરનારા એવા, વળી પ્રશંસનીય છે પૂજા અને દયા જેની એવા, તેમજ વિકાસ પામતો છે મહોદય જેનો એવા [1]સુમતિ જિનને (હે ભવ્યો!) તમે ભક્તિપૂર્વક સ્તવો."—૧૭

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ તેમજ ત્યાર પછીનાં બે પદ્યો પણ દ્વિતીય પદ્યની માફક પાદાંતસમપંચાક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી અલંકૃત છે.

* * * *

जिनसमूहस्य प्रार्थना—

पोतत्वं वै भवोदधौ
पततां यो गुरुवैभवो दधौ ।
वितरतु सोऽतामसं वरं
निवहस्तीर्थकृतामसंवरम् ॥ १८ ॥

—वैता०

टीका

यो निवहः । वै पूरणे । भवोदधौ पततां–निमज्जतां पोतत्वं दधौ-धृतवान् । गुरु–महत्प्रमाणं वैभवं यस्य सः । स निवहः अतामसं–अज्ञानाभावं वरं असंवरं–निष्प्रमाणं वितरतु ॥ १८ ॥

अन्वयः

यः गुरु-वैभवः भव-उदधौ पततां पोतत्वं वै दधौ, सः तीर्थ-कृतां निवहः अ-तामसं वरं अ-संवरं वितरतु ।

શબ્દાર્થ

पोत=નૌકા, હોડી.
पोतत्वं (मू० पोतत्व)=નૌકાપણાને.
वै=(૧) નિશ્ચયવાચક અવ્યય; (૨) પાદ-પૂર્તિના અર્થમાં.
उदधि=સમુદ્ર.
भवोदधौ=સંસારરૂપી સમુદ્રને વિષે.
पततां (मू० पतत्)=પડતા.
गुरुवैभवः=વિસ્તીર્ણ છે સંપત્તિ જેની એવા.
दधौ (धा० धा)=ધારણ કર્યું.
वितरतु (धा० तॄ)=અર્પણ કરો.
तामस=અજ્ઞાનવિષયક.
अतामसं=અજ્ઞાનના અભાવરૂપ.
वरं (मू० वर)=વરદાન.
निवहः (मू० निवह)=સમુદાય.
तीर्थकृतां (मू० तीर्थकृत्)=તીર્થંકરોનો.
संवर=રોકાણ, અટકાયત.
असंवरं=રોકાણ વિના, અવિચ્છિન્નપણે.

---

૧ આ પંચમ તીર્થંકર **સુમતિનાથ**ના ચરિત્ર પરત્વે **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૭૮)માં વિહંગાવલોકન કરાવવામાં આવ્યું છે.

શ્લોકાર્થ

જિન-સમુદાયને પ્રાર્થના—

"જે મહાવૈભવશાળી (સમુદાયે) સંસાર-સમુદ્રમાં પડતા (અર્થાત્ ડૂબી મરતા જીવો)ના નૌકાપણાને અચ્ચિત ધારણ કર્યું (અર્થાત્ તેમનું રક્ષણ કરવામાં નૌકાની ગરજ સારી), તે તીર્થંકરોનો સમુદાય (હે ભવ્યો! તમને) અજ્ઞાનના અભાવરૂપ અભીષ્ટને અવિચ્છિન્નપણે અર્પો."—૧૮

* * * *

जिन-वाण्यै प्रणामः—

छिन्ते भववासदाम या
जिनवाक् साऽतिशिवा सदा मया।
विनताऽभ्यधिकामसङ्गतां
यच्छतु च च्युतकामसङ्गताम् ॥ १९ ॥

—वैता०

टीका

भवः—संसारस्तस्मिन् वसनं—वासः स एव दाम—बन्धनं छिन्ते—छिनत्ति या वाणी सा सर्वदा मया विनम्यतामिति क्रियाशंसायां "भूतवच्चेत्याशंसायां" (भूतवच्चाशंस्ये वा) (सिद्ध० अ० ५, पा० ४, सू० २) नि[ष्ठा]प्रत्ययः। न केवलं मया विनम्यतां, किन्तु यच्छतु च—ददातु च अ[सङ्ग]तां—निः[सङ्ग]ताम्। सा वाक् किंभूता? अतीव शिवा। किंविशिष्टाम् सङ्गतां? अभ्यधिकाम्—अत्यनर्गलाम्। पुनः किं०? च्युता—क्षीणा कामस्य सङ्गता—समे[लन]ं य[स्या]ः सा ताम् ॥ १९ ॥

अन्वयः

या भव-वास-दाम छिन्ते, सा अति-शिवा जिन-वाक् मया सदा विनता अभि-अधिकां च्युत-काम-सङ्गतां असङ्गतां च यच्छतु।

શબ્દાર્થ

छिन्ते (धा० छिद्)=કાપે છે, છેદી નાંખે છે.
वास=નિવાસ, રહેઠાણ.
दामन्=દોરડું.
भववासदाम=સંસાર-વાસરૂપી દોરડાને.
जिनवाक्=જિન-વાણી.
शिव=કલ્યાણકારી, માંગલિક.
अतिशिवा=અતિશય કલ્યાણકારી.
मया (मू० अस्मद्)=મારા વડે.
विनता (मू० विनत)=વન્દિત.
अभ्यधिकां (मू० अभ्यधिका)=સંપૂર્ણ, સર્વાંગ.
असङ्गतां (मू० असङ्गता)=નિઃસંગપણાને.
यच्छतु (धा० दा)=સમર્પો.
च्युत (धा० च्यु)=ક્ષીણ કરેલ.
सङ्गता=સોબત, એકત્રિતપણું, સંગતિ.
च्युतकामसङ्गतां=નષ્ટ થઇ છે કંદર્પની સંગતિ જેમાં એવી.



वज्रशृंखला.

निर्वाणकलिकायाम्—

"वज्रशृङ्खलां शङ्खावदातां पद्मवाहनां चतुर्भुजां वरदशृङ्खलान्वितदक्षिणकरां पद्मशृङ्खलाधिष्ठितवामकरां चेति।"

શ્લોકાર્થ

જિન-વાણીને પ્રણામ—

" જે (જિન-વાણી) સંસાર-વાસરૂપી દોરડાને છેદી નાંખે છે (અર્થાત્ જે સંસારમાંની રખડપટ્ટીનો અંત લાવે છે), તે અતિશય કલ્યાણકારી એવી જિન-વાણી મારા વડે વન્દિત થાઓ (એટલુંજ નહિ પણ) નષ્ટ થઇ છે રતિ-પતિની સંગતિ જ્યાં એવી સર્વાંગ નિઃસંગતા (પણ) (મને) સમર્પો. "—૧૯

* * * *

वज्रशृङ्खलादेव्याः स्तुतिः—

> **संस्मरत रतां कुशेशये**
> **कनकच्छविं दुरिताङ्कुशे शये ।**
> **अहिताद्रिहवज्रशृङ्खलां**
> **धरमाणामिह वज्रशृङ्खलाम् ॥ २० ॥ ५ ॥**

—वैता०

टीका

वज्रशृङ्खलां देवतां संस्मरत । आसक्तां कुशेशये-कमले । अहिताः-शत्रवस्त एवाद्रयस्तान् हन्ति या सा अहिताद्रिघ्नी, सा चासौ वज्रशृङ्खला च ताम् । धरमाणां-दधानाम् । क ? शये-हस्ते । दुरितानामङ्कुशभूते ॥ २० ॥

अन्वयः

कुशेशये रतां, कनक-छविं, दुरित-अङ्कुशे शये अहित-अद्रि-हन्-वज्रशृङ्खलां धरमाणां 'वज्रशृङ्खलां' इह संस्मरत ।

શબ્દાર્થ

संस्मरत (धा० स्मृ)=તમે યાદ કરો, સ્મરણ કરો.
रतां (मू० रता)=આસક્ત, રાગી.
कुश=જલ.
शी=સુવું.
कुशेशय (मू० कुशेशय)=કમલને વિષે.
कनक=કાંચન, સુવર્ણ.
छवि=શોભા.
कनकच्छविं=કાંચનના સમાન શોભા છે જેની એવી.
दुरित=પાપ.
अङ्कुश=અંકુશ, હાથીને ઠીક ચલાવવાની આંકડ.
दुरिताङ्कुशे=પાપના અંકુશરૂપ.
शये (मू० शय)=હસ્તને વિષે.
हन्=હણવું, નાશ કરવો, ભેદવું.
वज्र=વજ્ર.
शृङ्खला=સાંકળ.
अहिताद्रिहवज्रशृङ्खलां=દુશ્મનરૂપી પર્વતને ભેદનારી વજ્રની સાંકળને.
धरमाणां (मू० धरमाणा)=ધારણ કરનારીને.
वज्रशृङ्खलां (मू० वज्रशृङ्खला)=વજ્રશૃંખલા (દેવી)ને.

શ્લોકાર્થ

વજ્રશૃંખલા દેવીની સ્તુતિ—

"કમલને વિષે આસક્તિ ધરાવનારી તથા કાંચનના જેવી શોભાવાળી તેમજ પાપને (કાબુમાં રાખવામાં) અંકુશસમાન એવા હસ્તમાં શત્રુરૂપી પર્વતોને ભેદનારી વજ્રની સાંકળને ધારણ કરનારી એવી **વજ્રશૃંખલા** (દેવી)નું આ જગત્‌માં (હે ભવ્યો!) તમે સ્મરણ કરો."—૨૦

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં પ્રથમનાં બે ચરણોમાં છેવટના પાંચ પાંચ અક્ષરો સમાન છે, જ્યારે બાકીનાં બે ચરણોમાં છેવટના છ છ અક્ષરો સમાન છે. આ ઉપરથી જોઇ શકાય છે કે અત્ર પ્રથમ પદ્યથી ઉલટી હકીકત છે.

વજ્રશૃંખલા દેવીનું સ્વરૂપ—

દુષ્ટ જનોનું દમન કરવાને માટે વજ્ર જેવી દુર્ભેદ્ય શૃંખલાને જે હસ્તમાં ધારણ કરે છે, તે 'વજ્રશૃંખલા' એ **વજ્રશૃંખલાનો** વ્યુત્પત્તિ-અર્થ છે. આ પણ એક વિદ્યા-દેવી છે. આ દેવી એક હાથમાં શૃંખલાને ધારણ કરે છે અને બીજા હાથમાં ગદા રાખે છે. વળી તે કનકસમાન પીતવર્ણી છે અને પદ્મ એ એનું આસન છે. આ વાતની નીચેનો શ્લોક પણ સાક્ષી પૂરે છેઃ—

"सशृङ्खलगदाहस्ता, कनकप्रभविग्रहा ।
पद्मासनस्था श्रीवज्र-शृङ्खला हन्तु नः खलान् ॥"

—આચાર-દિનકર, પત્રાંક ૧૬૧.

નિર્વાણ-કલિકામાં તો આ દેવીના સંબંધમાં જૂદો ઉલ્લેખ છે. ત્યાં તો કહ્યું છે કે **"तथा वज्रशृङ्खलां शङ्खावदातां पद्मवाहनां चतुर्भुजां वरदशृङ्खलान्वितदक्षिणकरां पद्मशृङ्खलाधिष्ठितवामकरां चेति"** અર્થાત્ **વજ્રશૃંખલા** દેવી શંખના જેવી શુદ્ધ છે અને તેને પદ્મનું વાહન છે. વિશેષમાં તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને શૃંખલાથી શોભે છે, જ્યારે ડાબા બે હાથ પદ્મ અને શૃંખલાથી અલંકૃત છે.

६ श्रीपद्मप्रभजिनस्तुतयः

अथ श्रीपद्मप्रभनाथस्य स्तुतिः—

वर्णेन तुल्यरुचिसम्पदि विद्रुमाणां
पुष्पोत्करैः सुरगणेन दिवि द्रुमाणाम् ।
अभ्यर्चिते प्रमदगर्भमजे यशस्ये
'पद्मप्रभे' कुरुत भक्तिमजेयशस्ये ॥ २१ ॥

—वसन्त०[१]

टीका

पद्मप्रभे भक्तिं कुरुत । प्रमदगर्भं यथा स्यात् । किंभूते जिने ? तुल्या रुचीनां संपद् यस्य तस्मिन् । केन समं ? वर्णेन । केषां ? विद्रुमाणां–प्रवालानाम् । पुनः किं० ? अभ्यर्चिते । कैः ? पुष्पोत्करैः । केषां ? देवलोकद्रुमाणां (तरूणाम्) । संसारे न जायते इत्यजः, तस्मिन् अजे । यशसि हितो यशस्यस्तस्मिन् । अजेयश्च ('शंसु स्तुतौ' ।सनोयः शस्यः) शस्यश्च तस्मिन् ॥ २१ ॥

अन्वयः

विद्रुमाणां वर्णेन तुल्य-रुचि-सम्पदि, दिवि द्रुमाणां पुष्प-उत्करैः सुर-गणेन अभ्यर्चिते, अजे, यशस्ये, अजेय-शस्ये 'पद्मप्रभे' भक्तिं प्रमद-गर्भं कुरुत ।

શબ્દાર્થ

वर्णेन (मू० वर्ण)=વર્ણવડે, રંગવડે.
तुल्य=સમાન.
रुचि=કાંતિ.
तुल्यरुचिसम्पदि=સમાન છે શોભાની સંપત્તિ જેની એવા વિષે.
विद्रुमाणां (मू० विद्रुम)=પરવાળાના.
पुष्प=કુસુમ, ફૂલ.
उत्कर=ઢગલો, સમૂહ.
पुष्पोत्करैः=ફૂલના ઢગલાઓ વડે.
सुरगणेन=દેવોના સમુદાય દ્વારા.
दिवि (मू० दिव्)=સ્વર્ગમાં.
द्रुमाणां (मू० द्रुम)=વૃક્ષોના.
अभ्यर्चिते (मू० अभ्यर्चित)=પૂજાયેલા.
प्रमद=હર્ષ, આનંદ.
प्रमदगर्भं=હૃદયની અંદર આનંદ રહે તેમ.
अजे (मू० अज)=નહિ જન્મ લેનારા.

---

૧ આ છંદના લક્ષણ સારૂ જુઓ પૃ૦ ૪-૫.

यशस्ये (मू० यशस्)=यशस्वी, कीर्तिमान्.
पद्मप्रभे (मू० पद्मप्रभ)=પદ્મપ્રભને વિષે.
कुरुत (धा० कृ)=તમે કરો.
भक्तिं (मू० भक्ति)=ભક્તિ, સેવા.
जेय (धा० जि)=જીતી શકાય તેવા.
अजेय=કોઇથી પણ નહિ જીતાયેલા.
शस्य (धा० शंस्)=પ્રશંસાપાત્ર, પ્રશંસનીય.
अजेयशस्ये=અજેય તેમજ પ્રશંસનીય.

શ્લોકાર્થ

શ્રીપદ્મપ્રભની સ્તુતિ—

" પરવાળાના વર્ણના સમાન છે કાંતિની સંપત્તિ જેની એવા, વળી સ્વર્ગમાંનાં વૃક્ષોનાં (અર્થાત્ પારિજાતકનાં) પુષ્પના સમૂહો વડે દેવતાઓના સમુદાય દ્વારા પૂજાયેલા એવા, તેમજ વળી જન્મ-રહિત તથા યશસ્વી એવા, તથા અજેય અને પ્રશંસા-પાત્ર એવા [1]**પદ્મપ્રભ** (પ્રભુ)ની હર્ષપૂર્વક (હે ભવ્યો !) તમે ભક્તિ કરો. "—૨૧

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં ચારે ચરણોમાં છેવટના પાંચ પાંચ અક્ષરો સમાન છે અર્થાત્ આ પદ્ય પાદાંત-સમપંચાક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી ઝળકી રહ્યું છે.

* * * *

समस्तजिनेश्वराणां स्तुतिः—

ये मज्जनोदकपवित्रितमन्दरागा-
स्तोषेण यानलमुपासत मन्दरागाः ।
धर्मोदयाब्धिपतने वनराजिनाव-
स्ते पान्तु नन्दितसदेवनरा जिना वः ॥ २२ ॥

—वसन्त०

टीका

ते जिना वः पान्तु । ये जिना मज्जनोदकेन पवित्रीकृतो मन्दरागाः–मेरवो यैस्ते । तोषेण–हर्षेण । यान् जिनान् उपासत–सेवितवन्तः । के? मन्दो रागो येषां ते, तावता साधवः । धर्मोदयः–पुण्योदयः । अब्धिपतनं–संसारपतनम् । धर्मोदयश्च संसार(अब्धि)-पतनं च, अत्र समाहारद्वन्द्वो विधेयः । धर्मोदये वनराजितुल्याः, अब्धिपतने नावः(नौ)-कल्पाः । नन्दिताः–समृद्धिं नीताः सदेवनराः–सामरपुरुषा यैस्ते ॥ २२ ॥

अन्वयः

ये मज्जन-उदक-पवित्रित-मन्दर-अगाः, यान् च मन्द-रागाः तोषेण अलं उपासत, ते धर्म-उदय-अब्धि-पतने वन-राजि-नावः, नन्दित-स-देव-नराः जिनाः वः पान्तु ।

---

[1] આ છઠ્ઠા તીર્થંકર શ્રીપદ્મપ્રભના સંબંધી ટુંક હકીકત સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૯૦)માં આપવામાં આવી છે.

શબ્દાર્થ

उदक=જલ, પાણી.
पवित्रित=પાવન કરેલ.
मन्दर=[1]મેરૂ.
अग=પર્વત, ગિરિ.
मज्जनोदकपवित्रितमन्दरागाः=સ્નાન-જલ વડે પાવન કર્યો છે મેરૂ ગિરિને જેમણે એવા.
तोषेण (મૂ० तोष)=હર્ષભેર.
यान् (મૂ० यद्)=જેમને.
उपासत (ધા० आस्)=સેવા કરતા હવા.
मन्द=મન્દ, કમજોર.
राग=રાગ.
मन्दरागाः=મન્દ પડી ગયો છે રાગ જેમનો એવા.
घर्म=તાપ, અગ્નિ.
अब्धि=સમુદ્ર.
पतन=પતન, પડવું તે.
घर्मोदयाब्धिपतने=તાપના ઉદય અને સમુદ્રમાંના પતનને વિષે.
घन=જલ.
राजि=પંક્તિ.
नौ=નાવ.
घनराजिनावः=જલની વૃષ્ટિ અને નૌકા (સમાન).
नन्दित (ધા० नन्द्)=(૧) સમૃદ્ધ બનાવેલ; (૨) આનંદ પમાડેલ.
सह=સહિત.
नर=મનુષ્ય.
नन्दितसदेवनराः=(૧) સમૃદ્ધ બનાવ્યા છે દેવો અને મનુષ્યોને જેમણે એવા; (૨) આનંદ પમાડ્યો છે અમરો અને માનવોને જેમણે એવા.

શ્લોકાર્થ

સમસ્ત જિનેશ્વરોની સ્તુતિ—

" જે (જિનવરોએ) (સ્નાન-) જલ વડે મેરૂ ગિરિને પાવન કર્યો છે તેમજ વળી શાન્ત થઇ ગયો છે રાગ જેમનો એવા (મુનિવરો) જેમની હર્ષભેર અત્યંત સેવા બજાવતા હવા, તે (કષાયરૂપી) તાપને (નષ્ટ કરવામાં) જલની વૃષ્ટિસમાન અને સમુદ્ર-નિમજ્જનથી (રક્ષણ કરવામાં) નૌકાસમાન એવા, તેમજ સમૃદ્ધ બનાવ્યા છે [અથવા આનંદ પમાડ્યો છે] દેવોને અને મનુષ્યોને જેમણે એવા જિનો (હે ભવ્ય જનો !) તમારૂં રક્ષણ કરો. "—૨૨

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

પદ્ય-ચમત્કારના સંબંધમાં આ પદ્ય વીસમા પદ્યને મળતું આવે છે; કેમકે યમકાદિકથી અલંકૃત પદ્યમાં વિસર્ગને લીધે થતી ભિન્નતા લેખે ગણાતી નથી. કહ્યું પણ છે કે—

" यमक-श्लेष-चित्रेषु, बवयोर्डलयोर्न भित् ।
नानुस्वारविसर्गौ च चित्रभङ्गाय सम्मतौ ॥ "

—વાગ્ભટાલંકાર.

* * * *

---

[1] આ પર્વતનાં શાસ્ત્રમાં સોળ નામો આપ્યાં છે તે પૈકી ' મન્દાર ' એ એક છે. આ વાતની જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ (ચતુર્થ વક્ષસ્કાર) સાક્ષી પૂરે છે.

जिनमतविचारः—

शच्यादिदिव्यवनितौघधवस्तुत ! त्व-
मव्याहतोदितयथाविधवस्तुतत्त्व ! ।
स्थानं जिनेन्द्रमत ! नित्यमकम्प्रदेहि
जन्माद्यनन्तविपदां शमकं प्रदेहि ॥ २३ ॥

—वसन्त०

टीका

हे जिनेन्द्रमत ! त्वं प्रकर्षेण देहि स्थानम् । हे शच्यादेः–इन्द्राण्यादेः दिव्यवनितौघस्य धवा–भर्तारस्तैः स्तुत ! । अव्याहतं–अनाहतं उदितं यथाविधं वस्तुतत्त्वं येन तस्यामन्त्रणे । किंविधं स्थानं ? नित्यं अकम्प्रा देहिनो यस्मिंस्तत् । जन्मादयश्च ता अनन्ता विपदश्च तासां शमकम् ॥ २३ ॥

अन्वयः

शची–आदि–दिव्य–वनिता–ओघ–धव–स्तुत ! अव्याहत–उदित–यथाविध–वस्तु–तत्त्व ! जिन–इन्द्र–मत ! त्वं नित्यं अ–कम्प्र–देहि, जन्म–आदि–अनन्त–विपदां शमकं स्थानं प्रदेहि ।

શબ્દાર્થ

शची=ઇન્દ્રાણી.
वनिता=લલના, અંગના, નારી.
ओघ=સમૂહ.
धव=પતિ, ધણી.
शच्यादिदिव्यवनितौघधवस्तुत !=હે ઇન્દ્રાણી પ્રમુખ દિવ્યાંગનાઓના સમૂહના પતિઓ વડે સ્તુતિ કરાયેલ !
त्वं (મૂ० युष्मद्)=તું.
अव्याहत (ધા० हन्)=અખંડિત, નિર્બાધિત.
उदित (ધા० इ)=ઉદય પામેલ, ઉદયમાં આવેલ.
यथा=જેમ.
विध=પ્રકાર.
यथाविध=જેમ જોઇએ તેમ.
तत्त्व=તત્ત્વ, સાર.
अव्याहतोदितयथाविधवस्तुतत्त्व !=નિર્બાધિત છે તેમજ ઉદયમાં આવેલ છે યથાવિધ પદાર્થ-તત્ત્વ જેમાં એવા ! (સં०).
स्थानं (મૂ० स्थान)=સ્થાનને, પદને.
इन्द्र=મુખ્ય.
जिनेन्द्रमत !=હે જિનેશ્વરના સિદ્ધાન્ત !
नित्यं=સર્વદા.
कम्प्र=ધ્રૂજનારા.
अकम्प्र=નહિ ધ્રૂજનારા.
देहिन्=પ્રાણી, જીવ.
अकम्प्रदेहि=ધ્રૂજતા નથી જીવો જેને વિષે એવા.
जन्म (મૂ० जन्मन्)=જન્મ, ઉત્પત્તિ.
अनन्त=અન્ત-રહિત, નિઃસીમ.
जन्माद्यनन्तविपदां=જન્માદિક અનન્ત આપત્તિઓના.
शमकं (મૂ० शमक)=નાશ કરનારા, શાંત કરનારા.
प्रदेहि (ધા० दा)=આપ.

શ્લોકાર્થ

જિન-મતનો વિચાર—

" હે ઇન્દ્રાણી પ્રમુખ દિવ્યાંગનાઓના સમુદાયના પતિઓ વડે (અર્થાત્ ઇન્દ્રો દ્વારા) સ્તુતિ કરાયેલ (જૈન આગમ) ! (કુવાદીઓની યુક્તિઓથી) અખંડિત છે તેમજ વળી

ઉદયમાં આવેલ છે યથાર્થ વસ્તુ-તત્ત્વ જેને વિષે એવા હે (જૈન શાસન)! હે જિનેશ્વરના સિદ્ધાન્ત! કદાપિ ધ્રૂજતા નથી જીવો જ્યાં એવા તેમજ [1]જન્માદિક અનન્ત આપત્તિઓનો અંત આણનારા એવા ([2]મુક્તિ-રૂપ) સ્થાનને તું આપ."—૨૩

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં ચારે ચરણોના છેવટના પાંચ પાંચ અક્ષરો સમાન છે અર્થાત્ આ પદ્ય પાદાંત-સમપંચાક્ષરપુનરાવૃત્તિરૂપ યમકથી શોભી રહ્યું છે.

* * * *

वज्राङ्कुशीदेव्याः स्तुतिः—

अध्यास्त या कनकरुक् सितवारणेशं
'वज्राङ्कुशी' पटुतराऽहितवारणे शम् ।
न ह्येकधैव विजये बहुधा तु सारं
वज्राङ्कुशं धृतवती विदधातु साऽरम् ॥ २४ ॥ ६ ॥

—वसन्त०

टीका

शं-सौख्यं वज्राङ्कुशी विदधातु । या अध्यास्त सितवारणेशं-गजेन्द्रम् । या कनकरुक् । अहिता-वैरिणस्तेषां निवारणे न ह्येकधैव विजये कर्तव्ये वज्राङ्कुशं धृतवती, किन्तु बहुप्रकारैः । शं किंभूतं ? सारम् । सा अरं-शीघ्रम् ॥ २४ ॥

अन्वयः

या कनक-रुक्, अहित-वारणे पटु-तरा 'वज्राङ्कुशी' सित-वारण-ईशं अध्यास्त, विजये नहि एकधा तु एव बहुधा वज्र-अङ्कुशं धृतवती, सा सारं शं अरं विदधातु ।

શબ્દાર્થ

अध्यास्त (धा० आस्)=બેસતી હવી, આરોહણ કરતી હવી.
रुच्=કાંતિ.
कनकरुक्=કાંચન જેવી કાંતિ છે જેની એવી.
सित=શ્વેત.
वारण=હાથી, ગજ.
सितवारणेशं=શ્વેત ગજરાજના ઉપર.
वज्राङ्कुशी=વજ્રાંકુશી (દેવી).
पटु=ચાલાક, હોંશીઆર.
पटुतरा=વિશેષ ચાલાક.
वारण=નિવારણ, રોકી રાખવું તે.
अहितवारणे=શત્રુઓના નિવારણને વિષે.
शं=સુખવાચક અવ્યય.

---

૧ જન્માદિક આપત્તિને સારૂ જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૦૫).

૨ 'જૈન દૃષ્ટિએ મુક્તિનું સ્વરૂપ' એ વાત ન્યાયતીર્થ ન્યાયવિશારદ મુનિરાજ **શ્રીન્યાયવિજયકૃત** 'ન્યાયકુસુમાંજલિ'ના પંચમ સ્તબકમાં અને તદ્દગત શ્લોકો ઉપરના મારા સ્પષ્ટીકરણમાં વિચારવામાં આવી છે. વળી **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૪૨-૪૩)માં પણ આ સંબંધમાં વિચાર કરવામાં આવ્યો છે.

नहि=નહિ.
एकधा=એક પ્રકારે.
विजये (मू० विजय)=જયને વિષે, ફત્તેહમાં.
बहुधा=અનેક પ્રકારે.
तु=કિન્તુ, પણ.
सारं (मू० सार)=સારભૂત.
वज्राङ्कुशं=વજ્ર તથા અંકુશને.
धृतवती (धा० धृ)=ધારણ કર્યાં.
विदधातु (धा० धा)=કરો.
अरं=શીઘ્ર, જલદી.

શ્લોકાર્થ

વજ્રાંકુશી દેવીની સ્તુતિ—

"કાંચનના સમાન કાંતિવાળી તેમજ શત્રુઓનું નિવારણ કરવામાં અતિશય ચતુર એવી જે **વજ્રાંકુશી** (દેવી) શ્વેત ગજરાજ ઉપર બેસતી હવી તેમજ જેણે વિજયમાં એકજ રીતે નહિ કિન્તુ અનેક પ્રકારે વજ્ર અને અંકુશને ધારણ કર્યાં, તે (દેવી) (હે ભવ્યો! તમને) સત્વર સારભૂત સુખ સમર્પો."—૨૪

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

"ઉપમા-રહિત (અર્થાત્ નિરૂપમ), વળી જગત્‌નું પરિપાલન કરનારા, તેમજ વળી અહિતકારી નહિ એવા (અર્થાત્ કલ્યાણકારી), શુભ મહિમાને કરનારા તથા વળી ભવ્ય (જીવ)રૂપી મહાકમલનો વિકાસ કરવામાં ચન્દ્રના સમાન એવા જિન-વચનને (હે ભવ્યો!) તમે પ્રણામ કરો."—૪૩

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યનાં પ્રથમનાં બે ચરણોમાં છેવટના ચાર અક્ષરોની સમાનતા દૃષ્ટિ-ગોચર થાય છે, જ્યારે બાકીનાં બે ચરણોમાં છેવટના પાંચ અક્ષરોની સમાનતા નજરે પડે છે. અર્થાત્ આ પદ્ય પદ્ય-ચમત્કારના વિષયમાં ૧૧મા પદ્યને મળતું આવે છે.

* * * *

महाकालीदेव्याः स्तुतिः—

या द्युतिविजिततमाला
पविफलघण्टाक्षभृल्लसत्ततमाला ।
नृस्था सुषमं तनुता-
दसौ महाकाल्यमर्त्यसामन्तनुता ॥ ४४ ॥ ११ ॥

—आर्या०

टीका

द्युत्या विजितः तमालो वृक्षो यया सा । पविः-वज्रं, फलं-मातुलिङ्गादि, घण्टा,

[1] આ સંબંધમાં જુઓ ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિના ૩૭મા પદ્યનું સ્પષ્ટીકરણ.

अक्षः-जपमाला, तान् बिभर्तीति-धारयतीति । लसन्ती तता माला यस्याः सा । मनुष्यारूढा । सुषमं-सुखम् । तनुतात् । महाकाली देवता । अमर्त्या-देवास्तेषां सामन्ता-अधिपतयस्तैः स्तुता ॥ ४४ ॥

अन्वयः

या द्युति-विजित-तमाला, पवि-फल-घण्टा-अक्ष-भृत्, लसत्-तत-माला, असौ नृ-स्था, अमर्त्य-सामन्त-नुता 'महाकाली' सुषमं तनुतात् ।

શબ્દાર્થ

विजित (धा० जि)=હરાવેલ.
तमाल=તમાલ (વૃક્ષ).
द्युतिविजिततमाला=કાન્તિ વડે પરાજિત કર્યું છે તમાલ વૃક્ષને જેણે એવી.
पवि=વજ્ર.
फल=ફળ.
घण्टा=ઘંટ.
भृत् (धा० भृ)=ધારણ કરનાર.
पविफलघण्टाक्षभृत्=વજ્ર, ફળ, ઘંટ અને જપ-માલાને ધારણ કરનારી.
लसत् (धा० लस्)=દેદીપ્યમાન.
तत (धा० तन्)=વિસ્તીર્ણ.
लसत्ततमाला=દેદીપ્યમાન તેમજ વિસ્તીર્ણ છે માલા જેની એવી.
स्था=રહેવું.
नृस्था=મનુષ્યના ઉપર આરોહણ કરનારી.
सुषमं (मू० सुषम)=સુખને.
महाकाली=**મહાકાલી** (દેવી).
अमर्त्य=દેવ, અમર.
सामन्त=અધિપતિ, નાયક.
अमर्त्यसामन्तनुता=સુરપતિઓ વડે સ્તુતિ કરાયેલી.

શ્લોકાર્થ

મહાકાલી દેવીની સ્તુતિ—

"જે (દેવીએ પોતાના) તેજ વડે તમાલ વૃક્ષને પરાજિત કર્યું છે (અર્થાત્ જે અતિશય શ્યામવર્ણી છે), તથા વળી જે (પોતાના ચાર હાથમાં અનુક્રમે) વજ્ર, (બિજોરા પ્રમુખ) ફળ, ઘંટ અને જપ-માલાને ધારણ કરે છે તથા જેની માલા દેદીપ્યમાન તેમજ વિસ્તીર્ણ છે, તે, મનુષ્યના ઉપર આરૂઢ થનારી તેમજ સુર-પતિઓ વડે સ્તુતિ કરાયેલી એવી **મહાકાલી** (દેવી) (હે ભવ્યો! તમારા) સુખનો વિસ્તાર કરો."—૪૪

સ્પષ્ટીકરણ

મહાકાલી દેવીનું સ્વરૂપ—

અતિશય શ્યામવર્ણી અને શત્રુઓને મહાકાળરૂપ એવી જે દેવી તે **મહાકાલી** એમ એના નામ ઉપરથી સૂચિત થાય છે. આ પણ એક વિદ્યા-દેવી છે. એને ચાર હાથ છે. તે એક હાથમાં જપ-માલા, બીજા હાથમાં ફળ, ત્રીજા હાથમાં ઘણ્ટ અને ચોથા હાથમાં વજ્ર રાખે છે. એને માનવનું વાહન છે. આ હકીકતના ઉપસંહારરૂપ નીચલો શ્લોક વિચારવા જેવો છે.

"नरवाहना शशधरोपलोज्ज्वला
रुचिराक्षसूत्रफलविस्फुरत्करा ।
शुभघण्टिकापविवरेण्यधारिणी
भुवि कालिका शुभकरा महापरा ॥" –[1]મંજુભાષિણી.
–આચાર૦ પત્રાંક ૧૬૨.

નિર્વાણ-કલિકામાં પણ આ વિદ્યા-દેવી વિષે ઉલ્લેખ છે. પરંતુ વર્ણ અને વાહન સિવાયની હકીકતમાં ભિન્નતા જણાય છે. કેમકે ત્યાં કહ્યું છે કે—

"**तथा महाकालीं देवीं तमालवर्णां पुरुषवाहनां चतुर्भुजां अक्षसूत्रवज्रान्वितदक्षिणकराम् अभयघण्टालङ्कृतवामभुजां चेति**" અર્થાત્-**મહાકાલી** દેવીનો વર્ણ તમાલ વૃક્ષના સમાન છે અને તેને પુરૂષનું વાહન છે. વિશેષમાં તેના જમણા બે હાથ જપ-માલા અને વજ્રથી અલંકૃત છે, જ્યારે તેના ડાબા બે હાથ તો અભય અને ઘણ્ટથી વિભૂષિત છે.

વાહન-વિચાર—

ઉપર્યુક્ત **મહાકાલી** નામની વિદ્યા-દેવીનું સ્વરૂપ વિચારતાં એવો પ્રશ્ન ઉદ્ભવે છે કે શું સ્વર્ગમાં માનવનો સદ્ભાવ સંભવી શકે છે? આ પ્રશ્નની સાથે અન્ય પ્રશ્નનો પણ વિચાર કરી લઇએ અને તે પ્રશ્ન એ છે કે શું સ્વર્ગમાં ઉંદર, બિલાડી, સિંહ ઇત્યાદિ જનાવરો તેમજ મોર, ગરૂડ ઇત્યાદિ પક્ષીઓ પણ છે ખરાં કે? કેમકે દેવ-દેવીઓનાં વાહનો તરીકે તો આ પ્રાણીઓનો ઉલ્લેખ કરવામાં આવે છે.

આ પ્રશ્નના સમાધાનમાં સમજવું કે જો કે સ્વર્ગમાં યાને ઊર્ધ્વ-લોકમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો (નહિ કે બાકીના જીવો)નો સદ્ભાવ છે અને તેમાં પણ પંચેન્દ્રિયના નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એમ ચાર ભેદો પૈકી ફક્ત દેવોજ સ્વર્ગમાં વસે છે, છતાં પણ ઉપર્યુક્ત હકીકત નીચે મુજબ વિચાર કરતાં સત્ય સમજાય છે.

દેવોના ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર ભેદો છે. તેમાં વળી ભવનપતિ અને વૈમાનિકના (૧) ઇન્દ્ર, (૨) સામાનિક, (૩) ત્રાયસ્ત્રિંશ, (૪) પારિષદ્ય, (૫) આત્મરક્ષક, (૬) લોકપાલ, (૭) અનીક, (૮) પ્રકીર્ણક, (૯) આભિયોગ્ય અને (૧૦) કિલ્બિષિક એમ દશ અવાન્તર ભેદો છે, જ્યારે વ્યન્તર અને જ્યોતિષ્કના ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ સિવાયના આઠ ભેદો છે. આ ઉપરથી જોઇ શકાય છે કે આભિયોગ્ય એ ચારે પ્રકારના દેવોના એક પેટા-વિભાગનું નામ છે. આ દેવો કિંકરના સમાન છે અને તેથી કરીને તેમને તેમના સ્વામીની સૂચનાનુસાર કાર્ય કરવું પડે છે. અર્થાત્ આ દેવોને તેમના સ્વામીને પોતાની પીઠ ઉપર વહન કરવાનું કાર્ય પણ કરવું પડે છે અને તેમાં પણ તે કાર્ય કરતી વેળાએ સ્વામી જે પ્રકારનું રૂપ તેમને ગ્રહણ કરવાનું કહે, તે રૂપ તેઓને ગ્રહણ કરવું પડે છે. કોઇક દેવ ગાયનું રૂપ લે છે, તો કોઇક મોરનું, તો કોઇક માનવનું ઇત્યાદિ અનેક રૂપ લે છે.

આ ઉપરથી સમજી શકાય છે કે આ કંઇ દેવોનું મૂળ રૂપ નથી. પારિભાષિક શબ્દોમાં કહીએ તો આ તો તેમનું ઉત્તર વૈક્રિય સ્વરૂપ છે. બાકી તેનું મૂળ રૂપ તો આપણા જેવું— મનુષ્ય જેવું છે. અર્થાત્ આપણી માફક તેને પણ બે હાથ, બે પગ ઇત્યાદિ છે. આથી સમજી

---

૧ આ છંદને **સુનંદિની**ના નામથી પણ ઓળખવામાં આવે છે.

શકાય છે કે દેવ-દેવીના સંબંધમાં જે ચાર હાથ ઇત્યાદિનો ઉલ્લેખ કરવામાં આવે છે, તે તેનું ઉત્તર વૈક્રિય રૂપ છે. પરંતુ એ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે (૧) તેમનો દેહ આપણી માફક ઔદારિક નથી, પરંતુ વૈક્રિય છે; (૨) તેમનો જન્મ આપણી જેમ ગર્ભજ નથી, કિન્તુ તે ઔપપાતિક છે; (૩) તેમનો આહાર આપણી માફક [1]કાવલિક નથી, પણ તેઓ મનોભક્ષી હોવાથી તે લોમજ છે; (૪) તેમની ભાષા સંસ્કૃત છે એમ લોકો માને છે, પણ ખરી રીતે તે ભાષા અર્ધમાગધી (અઢાર દેશી ભાષામિશ્રિત) છે (આ ભાષામાં બોલવાથી અહિંના બાલ, વૃદ્ધ, સ્ત્રી વગેરે સમજી શકે); (૫) તેઓ નિર્નિમેષ છે અર્થાત્ તેમની આંખો આપણી માફક પલકારા મારતી નથી; (૬) તેઓ જ્યારે આ મર્ત્ય લોકમાં આવે છે, ત્યારે તેઓ [2]પ્રાયઃ ઉત્તર રૂપ ગ્રહણ કરે છે અને જમીનથી કંઇક ઊંચા-અદ્ધર રહે છે; (૭) તેમનું દર્શન અમોઘ છે; અને (૮) તેમનું વર્ણન પગથી શરૂ કરવામાં આવે છે, જ્યારે માનવનું મસ્તકથી કરવામાં આવે છે.

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય છઠ્ઠા પદ્યની જેમ પાદાંતસમચતુરક્ષરપુનરાવૃત્તિ નામના શબ્દાલંકારથી શોભી રહ્યું છે, કેમકે તેના પ્રત્યેક ચરણમાં છેવટના ચાર અક્ષરની સમાનતા જોવામાં આવે છે.



---

૧ દેવતાઓ અમૃતનું ભોજન કરે છે એ કથન લૌકિક છે, પરંતુ તે શાસ્ત્રોક્ત નથી; છતાં પણ તેઓ શુભ પુદ્ગલો ગ્રહણ કરતા હોવાથી તે પુદ્ગલોને અમૃત ગણવામાં આવે તો તે હરકત જેવું નથી.

૨ સૂર્ય અને ચન્દ્ર મૂળ રૂપે **મહાવીર** પ્રભુને વન્દન કરવા આવ્યા હતા, એ વાતનું સૂચન કરવાને માટે અત્ર 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

૩ સરખાવો—"**मानवा मौलितो वर्ण्या, देवाश्चरणतः पुनः**"

१२ श्रीवासुपूज्यजिनस्तुतयः

अथ श्रीवासुपूज्यस्य महिमा—

श्रीमते वासुपूज्याय, ज्यायसे जगतां नमन् ।
न मन्दोऽपि क्षणादेव, देवपूज्यो न जायते ? ॥ ४५ ॥

—अनुष्टुब्

टीका

ज्यायसे-प्रशस्यतराय जगतां नमन् सन् मन्दोऽपि-जडधीरपि देवपूज्यः-त्रिदशपूज्यो न न जायते ? किन्तु जायत एव ॥ ४५ ॥

अन्वयः

जगतां ज्यायसे श्रीमते वासुपूज्याय नमन् मन्दः अपि क्षणात् एव देव-पूज्यः न न जायते ? ।

શબ્દાર્થ

श्रीमते (मू० श्रीमत्)=શ્રીમાન્.
वासुपूज्याय (मू० वासुपूज्य)=વાસુપૂજ્યને, બારમા તીર્થંકરને.
ज्यायसे (मू० ज्यायस्)=અત્યંત ઉત્તમ.
जगतां (मू० जगत्)=ભુવનોના, દુનિયાઓના.
मन्दः (मू० मन्द)=મન્દબુદ્ધિવાળો, જડ.
क्षणात्=એક પળમાં.
पूज्य (धा० पूज्)=પૂજવા યોગ્ય.
देवपूज्यः=દેવોને પૂજનીય.
जायते (धा० जन्)=બને છે.

શ્લોકાર્થ

શ્રીવાસુપૂજ્યનો મહિમા—

" (ત્રણે) ભુવનોને વિષે અત્યંત ઉત્તમ (અર્થાત્ ત્રૈલોક્યવાસી જીવોની પ્રશંસાને પાત્ર) એવા [1]શ્રીવાસુપૂજ્ય (સ્વામી)ને નમસ્કાર કરનારો મન્દમતિ પણ શું ક્ષણ વારમાંજ દેવ-પૂજ્ય નથી નથી બની જતો ? (અર્થાત્ તે બની જાય છે) "—૪૫

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય તો એક ઓરજ જાતના યમકથી શોભી રહ્યું છે. કેમકે આ પદ્યમાં તો પ્રથમ ચરણના અન્તમાં આવેલા બે અક્ષરોથી બીજું ચરણ શરૂ થાય છે અને વળી તેના અન્તમાં

---

૧ આ બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યસ્વામીના ચરિત્રનું દિગ્દર્શન કરવું હોય, તો સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૧૫૩) તરફ દૃષ્ટિ-પાત કરો.

આવેલા બે અક્ષરોથી ત્રીજાનો પ્રારંભ થાય છે અને એના અન્તમાં આવેલા બે અક્ષરોથી ચોથું ચરણ શરૂ થાય છે. આ યમક-વિશેષના આ કાવ્યમાં અત્રજ પ્રથમ દર્શન થાય છે એ ભૂલવા જેવું નથી. આની પછીનાં ત્રણ પદ્યો પણ આવા યમક-વિશેષથી ઝળકી રહેલાં છે. આ પદ્યના યમક-વિશેષને 'પ્રતિપાદાન્તદ્વયક્ષરપુનરાવૃત્તિ' યમકના નામથી ઓળખી શકાય. આવા યમક-વિશેષથી વિશેષતઃ શોભતું એક છ પદ્યનું કાવ્ય ન્યાય-વિશારદ ન્યાયાચાર્ય ઉપાધ્યાયશ્રી **યશોવિજયજી**એ રચેલું છે. તેમાં પ્રથમ જિનેશ્વર **શ્રીઋષભદેવ**ની સ્તુતિ કરવામાં આવી છે. તે સંપૂર્ણ કાવ્ય નીચે મુજબ છે:—

श्रीआदिनाथस्तवनम्

आदिजिनं वन्दे गुणसदनं, सदनन्तामलबोधम् ।
बोधकतागुणविस्तृतकीर्तिं, कीर्तितपथमविरोधम् ॥ १ ॥
रोधरहितविस्फुरदुपयोगं, योगं दधतमभङ्गम् ।
भङ्गनयव्रजपेशलवाचं, वाचंयमसुखसङ्गम् ॥ २ ॥
सङ्गतपदशुचिवचनतरङ्गं, रङ्गं जगति ददानम् ।
दानसुरद्रुममञ्जुलहृदयं, हृदयंगमगुणभानम् ॥ ३ ॥
भानन्दितसुरवरपुन्नागं, नागरमानसहंसम् ।
हंसगतिं पञ्चमगतिवासं, वासवविहिताशंसम् ॥ ४ ॥
शंसन्तं नयवचनमनवमं, नवमङ्गलदातारम् ।
तारस्वरमघघनपवमानं, मानसुभटजेतारम् ॥ ५ ॥ पञ्चभिः कुलकम्[1]

इत्थं स्तुतः प्रथमतीर्थपतिः प्रमोदात्
श्रीमद्'यशोविजय'वाचकपुङ्गवेन ।
श्रीपुण्डरीकगिरिराजविराजमानो
मानोन्मुखानि वितनोतु सतां सुखानि ॥ ६ ॥ —वसन्ततिलका

આ શબ્દ-લાલિત્ય તેમજ અર્થ-ગૌરવથી વિભૂષિત કાવ્યનો અત્ર અનુવાદ આપવો અનુચિત નહિ ગણાય એમ માનીને તે નીચે મુજબ આપવામાં આવે છે:—

"ગુણોના મહેલરૂપ, વળી શોભનીય, અનન્ત તેમજ નિર્મલ છે જ્ઞાન જેનું એવા, બોધકતા (અર્થાત્ અદ્વિતીય ઉપદેશશૈલી) રૂપી ગુણથી વિસ્તાર પામી છે કીર્તિ જેની એવા, કહ્યો છે (અર્થાત્ બતાવ્યો છે) (વિરોધરહિત મોક્ષનો) માર્ગ જેણે એવા, જેમાં વિરોધ નથી એવા, સ્ખલનારહિત (અર્થાત્ નિરંતર) અને સ્ફુરાયમાન છે ઉપયોગ જેનો એવા, ભંગાણ-રહિત એવા યોગને ધારણ કરનારા, (સપ્ત ભંગીના) ભંગો તેમજ (નૈગમાદિ) નયના સમૂહે કરીને સુંદર છે વાણી જેની એવા, મુનિઓને સુખકારી છે સંગમ જેનો એવા, બંધબેસતાં પદો વડે પવિત્ર છે વચનના કલ્લોલો જેના એવા, જગત્માં રંગને એટલે આનંદને અર્પણ કરનારા, દાનરૂપી કલ્પવૃક્ષથી સુંદર છે હૃદય જેનું એવા, મનોરંજક ગુણોએ કરીને શોભતા, પ્રભા વડે આનન્દ પમાડ્યો છે ઇન્દ્રોને અને ઉત્તમ મનુષ્યોને જેણે એવા, વળી નગરના મનુષ્યોના માનસ (સરોવર)ને વિષે હંસસમાન એવા,

---

1 कुलकस्य लक्षणम्—

"द्वाभ्यां युग्ममिति प्रोक्तं, त्रिभिः श्लोकैर्विशेषकम् ।
कलापकं चतुर्भिः स्यात्, तदूर्ध्वं 'कुलकं' स्मृतम् ॥"

હંસના જેવી ચાલ છે જેની એવા, [1]પંચમ ગતિ (મુક્તિ)માં નિવાસ કર્યો છે જેણે એવા, ઇન્દ્રોએ કરી છે પ્રશંસા જેની એવા, પાપ-રહિત એવા નયનાં વચનોનું કથન કરનારા, નવ મંગલોને અર્પણ કરનારા, મનોહર છે સ્વર જેનો એવા, પાપરૂપી વાદળને વિખેરી નાંખવામાં પવનસમાન તેમજ અભિમાનરૂપી સુભટને જીતનારા એવા પ્રથમ તીર્થંકર (**ઋષભદેવ**)ને હું વન્દું છું."—૧-૫

"આ પ્રમાણે શ્રીમાન્ વાચકવર્ય **યશોવિજયજી** દ્વારા હર્ષપૂર્વક સ્તુતિ કરાયેલા તથા **શ્રીપુણ્ડરીક** ગિરિરાજ ઉપર વિરાજતા એવા પ્રથમ જિનેશ્વર સંતોને માનસહિત સુખો સમર્પો."—૬.

મહોપાધ્યાય **યશોવિજયજી**ના સમકાલીન ઉપાધ્યાયશ્રી **વિનયવિજયજી**એ આ કાવ્યગત શબ્દાલંકારને મળતું આવતું તેની પ્રતિકૃતિરૂપ એક છ પદ્યનું કાવ્ય રચ્યું છે તે હવે આપવામાં આવે છે. [આ બંને કાવ્યોની પ્રત્યેક કડીના અન્તમાં 'રે' લગાડી આ કાવ્યો ગાયનરૂપે ગાઇ શકાય છે. આવાં ગેય પદ્યો શ્રીમદ્**વિનયવિજય**વિરચિત **શાન્ત-સુધારસ**ના પ્રત્યેક પ્રકાશમાં દૃષ્ટિગોચર થાય છે અને ખાસ કરીને આના અન્તિમ (સોળમા) પ્રકાશમાં તો આ છંદમાંજ રચાયેલું ગેય પદ્યાષ્ટક નજરે પડે છે.]

श्रीवृषभस्तवनम्

"श्रीमरुदेवातनुजन्मानं, मानवरत्नमुदारम् ।
दारैः सह हरिभिः कृतसेवं, सेवकजनसुखकारम् ॥ १ ॥
कारणगन्धमृतेऽपि जनानां, नानासुखदातारम् ।
तारस्वररसजितपरपुष्टं, पुष्टशमाकूपारम् ॥ २ ॥
पारं गतमिह जन्मपयोधे-र्योधेहितगुणधीरम् ।
धीरसमूहैः संस्तुतचरणं, चरणमहीरुहकीरम् ॥ ३ ॥
कीरनसं यशसा जितचन्द्रं, चन्द्रामलगुणवासम् ।
वासवहृदयकजाहिमपादं, पादपमिव सच्छायम् ॥ ४ ॥
सच्छायकव्व (इव ?) वरपुरधरणी-धरणीधवमिव कामम् ।
कामं नमत सुलक्षणनाभिं, नाभितनुजमुद्दामम् ॥ ५ ॥ पञ्चभिः कुलकम्
इत्थं तीर्थपतिः स्तुतः शतमखश्रेणीश्रितः श्रीनदी-
जीमूतोऽद्भुतभाग्यसेवधिरधिक्षिप्तः [illegible]ैर्गुणैः ।
श्रीमन्नाभिनरेन्द्र[illegible]कतुर्भवाम्भोनिधौ
सेतुः श्रीवृषभो ददातु विनयं स्वीयं सदा वाञ्छितम्" ॥ ६ ॥ –शार्दूल०

અર્થાત્—"**શ્રીમરૂદેવા**ના પુત્ર, મનુષ્યોમાં રત્નસમાન, ઉદાર, ઇન્દ્રો તેમજ તેમની પત્નીઓ (ઇન્દ્રાણીઓ) દ્વારા સેવિત, સેવકજનને સુખકારી, કારણની ગન્ધ વિના પણ માનવોને વિવિધ સુખ અર્પણ કરનારા, મનોહર સ્વરના રસે કરીને વિજય મેળવ્યો છે કોકિલાના ઉપર જેણે એવા (અર્થાત્ દિવ્ય ધ્વનિવાળા), પુષ્ટ ઉપશમના સમુદ્રસમાન એવા, આ સંસારમાં જન્મ-સમુદ્રનો પાર પામેલા, સુભટોએ વાંછેલા ગુણો વડે ધીર, બુદ્ધિશાળીઓના સમુદાય વડે પૂજાયેલાં છે ચરણો જેનાં એવા, ચારિત્રરૂપી વૃક્ષ પ્રતિ પોપટસમાન, પોપટના જેવી

---

૧ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૯૦).

નાસિકાવાળા, યશ વડે જીત્યો છે ચન્દ્રને જેણે એવા, ચન્દ્રના જેવા નિર્મલ ગુણોના સ્થાનરૂપ, ઇન્દ્રના હૃદયરૂપી કમલ પ્રતિ સૂર્યસમાન, (સુ)વૃક્ષની જેમ સુંદર છાયાવાળા, સુલક્ષણોથી અંકિત નાભિવાળા, **નાભિ** (નૃપતિ)ના નન્દન તેમજ પરાક્રમી એવા (**ઋષભદેવ**)ને (હે ભવ્યો!) સુખમોજમાં રહેલો મનુષ્ય જેમ શ્રેષ્ઠ નગરોની પાલના કરનારા પૃથ્વીપતિને નમે તેમ તમે પ્રણામ કરો."—૧-૫

"આ પ્રમાણે સ્તુતિ કરાયેલા, ઇન્દ્રોની શ્રેણિ વડે આશ્રિત, લક્ષ્મીરૂપી નદી પ્રતિ મેઘ-સમાન, અદ્‌ભુત ભાગ્યના ભંડારરૂપ, સમસ્ત ગુણો વડે સમન્વિત, શ્રીમાન્ **નાભિ નરેશના** વંશરૂપી લક્ષ્મીની ધ્વજાસમાન તથા સંસારરૂપી સમુદ્રને વિષે સેતુ (પૂલ)સમાન એવા તીર્થરાજ **શ્રીઋષભ** (પ્રભુ) સર્વદા ઇષ્ટ એવા પોતાના વિનયને (આત્માની નિર્મલતાને) અર્પો ('વિનય' શબ્દ દ્વારા કવીશ્વરે પોતાના નામનો નિર્દેશ કર્યો છે)."—૬

* * * *

तीर्थकराणामभ्यर्थना—

> **ये स्नापिताः सुरुचितै, रुचितैर्दानवारिभिः ।**
> **वारिभिर्वितते मेरौ, ते मे रौद्रं हरन्त्वघम् ॥ ४६ ॥**

—अनुष्टुब्

टीका

ये स्नापिताः मेरौ । कैः? सुरुचितैः–सुष्ठु शोभितैः दानवानामरयो–देवास्तैः । उचितैः–योग्यैर्वारिभिः–नीरैः । ते मे–मम रौद्रमघं हरन्तु ॥ ४६ ॥

अन्वयः

ये वितते मेरौ सुरुचितैः दानव–अरिभिः उचितैः वारिभिः स्नापिताः, ते मे रौद्रं अघं हरन्तु ।

શબ્દાર્થ

स्नापिताः (धा० स्ना)=સ્નાન કરાવ્યું હતું.
सुरुचितैः (मू० सुरुचित)=અત્યંત શોભતા, સુશોભિત.
उचितैः (मू० उचित)=યોગ્ય, યથોચિત.
दानव=દાનવ, અસુર.
दानवारिभिः=દાનવોના દુશ્મનો વડે.
वारिभिः (मू० वारि)=જલ વડે.
वितते (मू० वितत)=વિશાળ.
मेरौ (मू० मेरु)=મેરૂ ઉપર.
रौद्रं (मू० रौद्र)=ઘોર, ભયંકર.
अघं (मू० अघ)=પાપને.
हरन्तु (धा० हृ)=હરો, નાશ કરો.

શ્લોકાર્થ

તીર્થંકરોને વિનતિ—

"વિશાળ મેરૂ (પર્વત) ઉપર સુશોભિત એવા દાનવોના દુશ્મનો (અર્થાત્ દેવો)

ક્ષમ 'યોગ્ય જલ વડે જેમને સ્નાન કરાવવામાં આવ્યું હતું (અર્થાત્ જેમનો જલાભિષેક થયો હતો), તે (જિનેશ્વરો) મારા ઘોર પાપનો નાશ કરો."—૪૬

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય 'પ્રતિપાદાન્તત્ર્યક્ષરપુનરાવૃત્તિ' નામના યમકથી વિભૂષિત છે, કેમકે દરેક પાદના છેવટના ત્રણ અક્ષરોથી અન્ય પાદનો પ્રારંભ થાય છે.

* * * *

जिनवाणीविचारः—

> **अनादिनिधनाऽदीना, धनादीनामतिप्रदा ।**
> **मतिप्रदानमादेया-ऽनमा देयाज्जिनेन्द्रवाक् ॥ ४७ ॥**

—अनुष्टुब्

टीका

न विद्येते आदिनिधने यस्याः सा, एतावताऽनादिपर्यन्तेत्यर्थः । अदीना-वैक्लव्यरहिता । धनादीनां अति-प्रकर्षेण प्रदा । अतिशब्दोऽतिशयख्यापकः । आदेया-ग्राह्या । न नमता अनमा । जिनवाक् बुद्धिप्रदानं देयात् ॥ ४७ ॥

अन्वयः

अन्-आदि-निधना, अ-दीना, धन-आदीनां अति-प्रदा, आदेया, अ-नमा जिन-इन्द्र-वाक् मति-प्रदानं देयात् ।

શબ્દાર્થ

अनादिनिधना=અવિદ્યમાન છે આદિ અને અંત જેનાં એવી, આદિ અને અંતથી રહિત.
अदीना=અવિદ્યમાન છે દીનતા જેને વિષે એવી.
धनादीनां=ધનાદિકના.
अतिप्रदा=અત્યંત દેનારી.
मति=બુદ્ધિ, અક્કલ.
मतिप्रदानं=બુદ્ધિનું દાન.
आदेया (धा० दा)=ગ્રાહ્ય, ગ્રહણ કરવા લાયક.
अनमा=નહિ નમનારી.
देयात् (धा० दा)=અર્પો.
जिनेन्द्रवाक्=જિનેશ્વરની વાણી.

શ્લોકાર્થ

જિન-વાણી સંબંધી વિચાર—

"[2]આદિ તેમજ અંતથી રહિત, વળી દીનતાથી વિમુખ, ધન વિગેરે (અભીષ્ટ

---

૧ જે જે પવિત્ર તીર્થ, નદી વિગેરેનું જલ જન્માભિષેકમાં જોઇએ, તે તે જલ તે યોગ્ય જલ છે. આ સંબંધમાં જુઓ ત્રિષષ્ટિ-શલાકા-પુરુષ-ચરિત્રનું પ્રથમ પર્વ.

૨ જિન-વાણીને અત્ર જે અનાદિ-અનન્ત વર્ણવી છે તે યુક્ત છે, કેમકે ગત કાલમાં અનંત તીર્થંકરો થઇ ગયા છે તેમજ આગામિ કાલમાં અનન્ત થનાર છે અને વળી તે સર્વની દેશના અર્થતઃ એકજ છે.

અર્થોને) અત્યંત આપનારી, ગ્રહણ કરવા યોગ્ય તેમજ (કોઇને પણ) નહિ નમનારી એવી જિનેશ્વરની વાણી (હે મુક્તિ-રમણીના રાગી ! તમને) મતિનું દાન દ્યો."—૪૭

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય 'પ્રતિપાદાન્તચતુરક્ષરપુનરાવૃત્તિ' નામના યમક-અલંકારથી વિશેષતઃ શોભી રહ્યું છે, કેમકે તેના દરેક પાદના અન્તના ચાર અક્ષરોથી અન્ય પાદ શરૂ થાય છે.

✻ ✻ ✻ ✻

---

૧ આ પ્રમાણે આપણે પ્રત્યેક પાદે અક્ષરની પુનરાવૃત્તિમાં ચડિયાતા એક પછી એક ત્રણ પદ્યો જોયાં. આ શબ્દાલંકારને થોડે ઘણે અંશે મળતો આવતો પ્રથમતૃતીયપાદાન્તપંચાક્ષરપુનરાવૃત્તિરૂપ યમક-અલંકાર શ્રીજિનપ્રભસૂરિએ રચેલા શ્રીપાર્શ્વજિનસ્તોત્રનાં આઠે પદ્યોમાં જોવાય છે. તે સ્તોત્ર નીચે મુજબ છે:—

"पार्श्वं प्रभुं शश्वदकोपमानं
दकोपमानं भववह्निशान्तौ ।
आराधतां दत्तनिरन्तरायं
निरन्तरायं पदमाप्तुमीडे" ॥ १ ॥—ઉપજાતિ.

"હમેશને માટે નાશ પામ્યા છે ક્રોધ અને ગર્વ જેના એવા, તથા ભવરૂપી અગ્નિને શાંત કરવામાં જલસમાન તથા આરાધકો (પૂજકો)ને આપ્યા છે નિરન્તર લાભો જેણે એવા પાર્શ્વ પ્રભુને હું અન્તરાયરહિત એવા (મુક્તિ) પદને પ્રાપ્ત કરવાને માટે સ્તવું છું."—૧

"वीक्षे जगन्नेत्र ! महाभ ! यत्र
महाभयत्रस्य तवांह्रियुग्मम् ।
पुण्यः स एवावसरोऽमराली
सरो मरालीव निषेवते यत्" ॥ २ ॥—ઉપજાતિ.

"હે જગતના નેત્ર ! હે મહાતેજસ્વી (નાથ)! મહાભયમાંથી રક્ષણ કરનારા એવા તારા ચરણ-યુગલ કે જેને જેમ હંસી સરોવરને સેવે છે તેવી રીતે સુરોની શ્રેણી સેવે છે, તે ચરણ-યુગલને જે (સમય) દરમ્યાન હું જોઉં છું તેજ સમય પવિત્ર છે."—૨

"प्रणेमुषां पूर्णसमस्तकामं
समस्तकामं सकृदप्यधीश ! ।
भवन्तमानम्य विमानमाया
विमानमायाः प्रभवो भवन्ति" ॥ ३ ॥—ઉપેન્દ્રવજ્રા.

"હે ઈશ્વર ! પ્રણામ કરનારાઓની પૂર્ણ કરી છે સમસ્ત અભિલાષાઓ જેણે એવા તેમજ સમન્તતઃ નાશ કર્યો છે કામદેવનો જેણે એવા આપને એકજ વાર નમસ્કાર કરીને (ભવ્ય જનો) માન અને માયાથી મુક્ત બની વિમાનની લક્ષ્મીના પ્રભુઓ બને છે."—૩

"नयाप्तमुद्यद्गमभङ्गमाल-
मभङ्गमालक्षितसर्वभावम् ।
कैर्नाम धीमद्भिरमानि शान्तं
रमानिशान्तं न वचस्त्वदीयम्" ॥ ४ ॥—ઉપજાતિ.

"(નૈગમાદિક) નયોથી વ્યાપ્ત એવા, વળી ઉદયમાં આવી છે આલાપકો તેમજ (સપ્તભંગી પ્રમુખ) ભંગોની શ્રેણિ જેને વિષે એવા, તેમજ નાશરહિતપણે (અર્થાત્ કોઇ પણ કુવાદીથી ભંગ યાને બાધ ન કરી શકાય એવી રીતે) દેખાડ્યા છે સર્વ પદાર્થો જેને વિષે એવા, વળી શાન્તિમય અને લક્ષ્મીના મંદિરરૂપ એવા તારા વચનને કયા બુદ્ધિશાળીઓએ પૂજ્યું નથી અથવા માન્યું નથી !"—૪

गौरी(देव्याः) स्तुतिः—

सौवर्णप(ट्टा) श्रीगौ(री), श्री'गौरी' पद्महस्तिका ।

हस्तिकाया महागोधा-ऽऽगोधामध्वस्तयेऽस्तु वः ॥ ४८ ॥ १२ ॥

—अनुष्टुब्

टीका

श्रीगौरी देवता । आगसः-पापस्य धाम-सदनं तस्य ध्वस्तये । वो-(युष्माकं) भवतु । सौवर्णः पट्टो यस्याः सा । श्रीवद् गौरी-पीतवर्णे(त्य)र्थः । हस्तिकाय इव कायो यस्याः सा हस्तिकाया । महती गोधा वाहनं यस्याः सा । पद्मं हस्ते यस्याः सा ॥ ४८ ॥

" नित्यं प्रमादेन विना शितामं
विनाशितामङ्गकमङ्गभाजाम् ।
त्वन्नाम धन्यः स्मरतीश ! सारं
रतीशसारङ्गमृगेन्द्रनादम् " ॥ ५ ॥—ઉપજાતિ.

" નષ્ટ કર્યા છે રોગને જેણે એવા, તથા વિનાશ કર્યાં છે પ્રાણીઓના અમંગલોનો જેણે એવા તેમજ સારભૂત અને (વળી) કામદેવરૂપી સારંગને (નસાડી મૂકવામાં) સિંહ-નાદ જેવા એવા તારા નામને હે નાથ! પ્રમાદ વિના ધન્ય પુરૂષ સર્વદા સ્મરે છે. "—૫

" भृत्योऽपि योऽत्रावृजिनप्रभावे
जिन ! प्रभावैकरसस्त्वयि स्यात् ।
स रूपवान् नीरुगजाश्वसेने !
गजाश्वसेनेश्वरतामुपैति " ॥ ६ ॥—ઉપજાતિ.

" હે વીતરાગ! હે રોગ-રહિત! હે જન્મ-રહિત! હે **અશ્વસેન** (નૃપતિ)ના નન્દન ! નિર્મળ છે પ્રભાવ જેનો એવા તારે વિષે જે (મનુષ્ય) કિંકર હોઇ કરીને પણ તારા પ્રભાવમાં એકરસ બને છે, તે સ્વરૂપવાન્ થવા ઉપરાંત હાથી, ઘોડા અને સૈન્યની પ્રભુતાને પામે છે. "—૬

" भूयान्नमो नीलतमालकाय
तमालकायप्रभ ! तुभ्यमेव ।
भवात् त्वदन्यः कतमोऽविता न
तमोवितानच्छिदुरोऽर्क एव " ॥ ७ ॥—ઉપજાતિ.

" તમાલ વૃક્ષના જેવી જેની કાયાની કાન્તિ છે એવા હે (જિનેશ્વર!) અત્યન્ત નીલ (કૃષ્ણ) કેશવાળા એવા તનેજ (મારો) નમસ્કાર હોજો. જેમ અંધકારના સમૂહનો નાશ કરવામાં સૂર્યજ (સમર્થ) છે, તેમ (અમને સંસારરૂપી કેદખાનામાંથી) બચાવનાર તારા સિવાય અન્ય કોઇ નથી. "—૭

" त्वदुक्तकृत्येष्वविरामवामे
विराम ! वामेय ! मयि प्रसीद ।
भव्यान् स्तवः पातु जिनप्रभोऽयं
जिनप्रभो यं विदधे यतीन्द्रः " ॥ ८ ॥—ઉપજાતિ.

" હે વિશેષતઃ રમણીય (જિનેશ્વર)! હે **વામા** (રાણી)ના પુત્ર! તેં કથન કરેલાં કૃત્યો પ્રતિ નિરંતર પ્રતિકૂળ રહેનારા એવા મારા (જેવા પ્રમાદી) ઉપર તું પ્રસન્ન થા. જે (આ) સ્તવનને આ **જિનપ્રભ** મુનીશ્વરે (આચાર્યે) બનાવ્યું છે, તે આ સ્તવન કે જેમાં વીતરાગની પ્રભા (ગુણો) છે તે ભવ્ય (જીવો)નું રક્ષણ કરો. "—૮

अन्वयः

सौवर्ण-पट्टा, श्री-गौरी पद्म-हस्तिका, हस्तिन्-काया, महत्-गोधा श्री-'गौरी' वः आगस्-धामन्-ध्वस्तये अस्तु ।

શબ્દાર્થ

पट्ट=(૧) પીઠ; (૨) રાજ-સિંહાસન; (૩) ઢાલ; (૪) ઉત્તરીય વસ્ત્ર.
सौवर्णपट्टा=સુવર્ણનો પટ્ટ છે જેનો એવી.
गौरी=પીતવર્ણી.
श्रीगौरी=લક્ષ્મી (દેવી)ના સમાન પીતવર્ણી.
गौरी=ગૌરી (દેવી.)
श्रीगौरी=શ્રીગૌરી (દેવી).
पद्म=કમળ.
हस्त=હાથ.
पद्महस्तिका=પદ્મ છે હાથમાં જેના એવી.
हस्तिन्=કુંજર, હાથી.
काय=શરીર, દેહ.
हस्तिकाया=હાથીના જેવું શરીર છે જેનું એવી.
गोधा=એક જાતનો સાપ, ઘો.
महागोधा=મોટી ગોધા છે વાહન જેનું એવી.
आगस्=પાપ.
धामन्=ગૃહ.
ध्वस्ति=ધ્વંસ, નાશ.
आगोधामध्वस्तये=પાપના ગૃહના નાશને અર્થે.
वः (मू० युष्मद्)=તમારા.

શ્લોકાર્થ

ગૌરી દેવીની સ્તુતિ—

"સુવર્ણના પટ્ટવાળી, લક્ષ્મીના જેવી પીતવર્ણી, પદ્મ છે હસ્તમાં જેના એવી, કુંજરના જેવા (પ્રૌઢ) દેહવાળી તથા મોટી ગોધા છે વાહન જેનું એવી શ્રીગૌરી (દેવી) (હે મુક્તિ-યોગ્ય પ્રાણીઓ!) તમારા પાપરૂપી ધામના ધ્વંસને માટે થાઓ."—૪૮

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય પણ એક પ્રકારના યમકથી શોભે છે એ દેખીતી વાત છે. આ પદ્યના પ્રથમ ચરણના છેવટના ત્રણ અક્ષરોથી દ્વિતીય ચરણનો આરંભ થયો છે અને એવીજ રીતે દ્વિતીય ચરણના છેવટના ત્રણ અક્ષરોથી તૃતીય ચરણ શરૂ થાય છે. પરંતુ તૃતીય ચરણના છેવટના બે અક્ષરોથી ચતુર્થ ચરણનો પ્રારંભ થાય છે, એ વાત ભૂલવા જેવી નથી.

ગૌરી દેવીનું સ્વરૂપ—

'ગૌરવર્ણી હોય તે ગૌરી' એમ **ગૌરી** શબ્દ સૂચવે છે. આ **ગૌરી** દેવી પણ એક વિદ્યા-દેવી છે. એ ગૌરવર્ણી છે અને ગોધિકા એ એનું વાહન છે. વિશેષમાં એ હસ્તમાં સહસ્ર-પત્રી કમલ રાખે છે. એના સંબંધમાં કહ્યું પણ છે કે—

"**गोधासनसमारूढा, कुन्दकर्पूरनिर्मला ।**
सहस्रपत्रसंयुक्त-पाणिर्गौरी श्रियेऽस्तु नः ॥"

—આચાર૦ પત્રાંક ૧૬૨.

આ દેવીના સ્વરૂપ ઉપર વિશિષ્ટ પ્રકાશ તો **નિર્વાણ-કલિકા** પાડે છે. ત્યાં કહ્યું છે કે—

"**तथा गौरीदेवीं कनकगौरीं गोधावाहनां चतुर्भुजां वरदमुशलयुतदक्षिणकरामक्षमालाकुवलयालंकृतवामहस्तां चेति**" અર્થાત્ **ગૌરી** દેવીને ચાર હાથ છે. તેના જમણા બે હાથ વરદ અને મુશલથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથ જપ-માલા અને કમલથી અલંકૃત છે.



निर्वाणकलिकायाम्—

"गौरीं देवीं कनकगौरीं गोधावाहनां चतुर्भुजां वरदमुसलयुतदक्षिणकरां अक्षमालाकुवलयालङ्कृतवामहस्तां चेति।"

 नि. सा. प्रेस.

१२ श्रीविमलजिनस्तुतयः

अथ श्रीविमलनाथस्य संस्तवनम्—

निजमहिमविजितकमलं
प्रमदभरानम्रदेवपूजितकमलम् ।
विमलस्य धामयुगलं-
घनोयगुणसम्पदभिनुत क्रमयुगलम् ॥ ४९ ॥

—आर्यागीतिः

टीका

निजमहिम्ना विजितं कमलं येन तत् । हर्षभरेण आनम्राश्च ते देवाश्च तैः पूजितम् । धाम–तेजः तत् युनक्तीति धामयुक् । अलङ्घनीया गुणानां सम्पद् यस्य तत् । अभिनुत–अभिष्टुत ॥ ४९ ॥

अन्वयः

विमलस्य निज–महिमन्–विजित–कमलं, प्रमद–भर–आनम्र–देव–पूजितकं अलं धामन्–युक्, अ–लङ्घनीय–गुण–सम्पद् क्रम–युगलं अभिनुत ।

શબ્દાર્થ

कमल=કમળ.
निजमहिमाविजितकमलं=પોતાના મહિમા વડે વિજય મેળવ્યો છે કમલના ઉપર જેણે એવા.
भर=સમૂહ.
पूजित (धा० पूज्)=પૂજેલ.
प्रमदभरानम्रदेवपूजितकं=હર્ષના સમૂહપૂર્વક પ્રણામ કરનારા દેવો વડે પૂજાયેલ.
विमलस्य (मू० विमल)=વિમલ(નાથ)ના.
धामन्=તેજ.
युज्=જોડવું.
धामयुक्=તેજને જોડનાર, તેજસ્વી.
अलङ्घनीय (धा० लङ्घ्)=જેનો પરાભવ ન થઇ શકે તેવા.
गुण=ગુણ.
अलङ्घनीयगुणसम्पद्=અલંઘનીય છે ગુણોની સંપત્તિ જેની એવા.
अभिनुत (धा० नु)=તમે સ્તવો.
क्रमयुगलं=ચરણ-યુગલને.

શ્લોકાર્થ

શ્રીવિમલનાથનું સંસ્તવન—

"પોતાના મહિમા વડે પરાજિત કર્યું છે કમલને જેણે એવા, તથા વળી હર્ષના સમૂહપૂર્વક નમસ્કાર કરનારા અમરો વડે પૂજાયેલા એવા, તેમજ વળી અત્યંત તેજસ્વી

તથા અલંઘનીય છે ગુણોની સંપત્તિ જેની એવા [1]વિમલ(નાથ)ના ચરણ-યુગલને (હે ભવ્ય જનો !) તમે (અત્યંત) સ્તવો. ”—૪૯

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્ય પદ્ય-ચમત્કારના સંબંધમાં તૃતીય પદ્યને મળતું આવે છે, કેમકે આનાં પ્રથમનાં બે ચરણોમાં છેવટના પાંચ પાંચ અક્ષરો સમાન છે, જ્યારે બાકીનાં બે ચરણોમાં છેવટના ચાર ચાર અક્ષરો સમાન છે. આ ઉપરથી જોઇ શકાય છે કે આ કાવ્યમાં જે યમક પ્રધાન પદ ભોગવે છે, તે યમકનો આ પદ્યથી પુનઃ પ્રારંભ થાય છે.

* * * *

जिन-सेवा—

शमिताखिलरुजि नानां-
भोजोदरलालितेऽतिचारु जिनानाम् ।
चरणयुगे दिविजनते
भक्तिं कुरु दुर्लभे भुवि जनते ! ॥ ५० ॥

—आर्या०

टीका

हे जनते ! भक्तिं कुरु । चरणयुगे । शमित अखिला रुजो-रोगा येन तत् तस्मिन् । नानाम्भोजानामुदरं तस्मिन् लालिते-वृद्धिं नीते । अतिचारु लालितक्रियाविशेषणं एतत् । दिविजा-देवास्तैर्नतं तस्मिन् । दुःखेन लभ्यं तस्मिन् ॥ ५० ॥

अन्वयः

(हे) जनते ! जिनानां शमित-अखिल-रुजि, अति-चारु नाना-अम्भोज-उदर-लालिते, दिविज-नते भुवि दुर्लभे चरण-युगे भक्तिं कुरु ।

શબ્દાર્થ

शमित (धा० शम्)=શાંત કરાયેલ.
रुज्=રોગ, વ્યાધિ.
शमिताखिलरुजि=શાંત કરાયા છે સમસ્ત રોગો જેના વડે એવા.
अम्भोज=કમળ.
उदर=મધ્ય ભાગ.
लालित (धा० लल्)=વૃદ્ધિને પામેલ.
नानाम्भोजोदरलालिते=વિવિધ કમલોના મધ્ય ભાગને વિષે વૃદ્ધિ પામેલ.
अतिचारु=અત્યંત મનોહર રીતે.
जिनानां (मू० जिन)=તીર્થંકરોના.
युग=યુગલ, બેનું જોડકું.
चरणयुगे=પાદ-યુગલને વિષે.
दिविज=દેવતા.
नत (धा० नम्)=પ્રણામ કરેલ.
दिविजनते=દેવતાઓ વડે પ્રણામ કરાયેલા.
कुरु (धा० कृ)=તું કર.
दुर्लभे (मू० दुर्लभ)=દુર્લભ.
जनते ! (मू० जनता)=હે જન-સમૂહ !

---

૧ આ તેરમા તીર્થંકર શ્રીવિમલનાથને લગતી ટુંક હકીકત સ્તુતિ-ચતુર્વિંશતિકાના પૃ૦ ૧૬૫ માંથી મળી શકશે.

શ્લોકાર્થ

જિન-સેવા—

"શાંત કરાયા છે સમસ્ત રોગો જેનાથી એવા, વળી વિવિધ કમલોના મધ્ય ભાગને વિષે અત્યંત મનોહર રીતે વૃદ્ધિ પામેલા, તેમજ દેવતાઓ વડે પ્રણામ કરાયેલા તથા વળી પૃથ્વીને વિષે દુર્લભ એવા જિનોના ચરણ-યુગલને વિષે હે જન-સમૂહ! તું ભક્તિ કર."—૫૦

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યો પણ 'પાદાંતસમચતુરક્ષરપુનરાવૃત્તિ' નામના શબ્દાલંકારથી શોભે છે અને તેમ હોવાને લીધે આ પદ્યો છઠ્ઠા પદ્યને યમકના વિષયમાં મળતાં આવે છે.

* * * *

जिनवाणीस्तुतिः—

विजितवती सुरवं द्या-
मापूरितवन्तमम्बुदं सुरवन्द्या ।
वीरस्य भवादवताद्
वाणी केनापि न विजिता वादवता ॥ ५१ ॥

—आर्या०

टीका

वीरस्य जिनस्य वाणी भवात् अवतात्–रक्षतात् । विजितवती–तिरस्कृतवती अम्बुदम् । शोभनो रवः–शब्दो यस्य तम् । द्यां–आकाशं आपूरितवन्तम् । किंभूता वाक्? सुरवन्द्या । तथा केनापि वादवता–वादिना न विजिता ॥ ५१ ॥

अन्वयः

द्यां आपूरितवन्तं, सु-रवं अम्बुदं विजितवती, सुर-वन्द्या, केन अपि वादवता न विजिता वीरस्य वाणी भवात् अवतात् ।

શબ્દાર્થ

विजितवती (धा० जि)=વિજય મેળવેલી.
रव=ધ્વનિ, અવાજ.
सुरवं=સુન્દર ધ્વનિ છે જેનો એવા.
द्यां (मू० दिव्)=આકાશને.
आपूरितवन्तं (धा० पूर्)=પૂરી દીધેલ.
अम्बुदं (मू० अम्बुद)=મેઘને.
वन्द्य (धा० वन्द्)=વન્દન કરવા લાયક.
सुरवन्द्या=દેવોને વન્દન કરવા લાયક.
वीरस्य (मू० वीर)=વીરની.
अवतात् (धा० अव्)=બચાવો.
वाणी=વાણી, દેશના.
केन (मू० किम्)=કોઇથી.
विजिता (धा० जि)=જીતાયેલી.
वादवता (मू० वादवत्)=વાદી વડે.

શ્લોકાર્થ

જિન-વાણીની સ્તુતિ—

"આકાશને પૂરી નાખનારો તથા વળી શોભાયમાન ગર્જનાથી યુક્ત એવા મેઘ ઉપર વિજય મેળવનારી તેમજ કોઇ પણ વાદીથી નહિ જીતાયેલી એવી વીરની વાણી (હે ભવ્યો!) (તમને) ભવ(-ભ્રમણ)થી બચાવો."—૫૧

* * * *

गान्धारी-देव्याः स्तुतिः—

पविमुशलकरा लाभं
शुभं क्रियादधिवसन्त्यातेकरालाभम् ।
कमलं रागान्धारी-
रणकृन्नीलप्रभोत्करा 'गान्धारी' ॥ ५२ ॥ १३ ॥
—आर्या०

टीका

पविश्च मुशलं च पविमुशले ते करयोर्यस्याः सा । कमलं अधिवसन्ती । "उपान्वध्याङ्वसः" (सि० अ० २, पा० २, सू० २१) इत्यनेनाधारस्य कर्मता । कमले स्थितेत्यर्थः । किंविधं पद्मं ? अतीव कराला-अभङ्गुरा (आभा) च्छाया यस्य तत् । रागेणान्धाश्च तेऽरयश्च तेषां ईरणं-प्रेरणं करोतीति कृत् । नीलप्रभाणामुत्करा यस्याः सा ॥५२॥

अन्वयः

पवि-मुशल-करा, अति-कराल-आभं कमलं अधिवसन्ती, राग-अन्ध-अरि-ईरण-कृत्, नील-प्रभा-उत्करा 'गान्धारी' शुभं लाभं क्रियात् ।

શબ્દાર્થ

मुशल=મુસળું, સાંબેલું.
कर=હાથ.
पविमुशलकरा=વજ્ર અને મુસળું છે હાથમાં જેના એવી.
लाभं (मू० लाभ)=લાભને.
शुभं (मू० शुभ)=શુભ.
क्रियात् (धा० कृ)=કરો.
अधिवसन्ती (धा० वस्)=વસનારી.
कराल=ઉચ્ચ.
अतिकरालाभं=અતિશય કરાલ છે કાન્તિ જેની એવા.
कमलं (मू० कमल)=કમલ ઉપર.
अन्ध=આંધળા.
ईरण=પ્રેરણ.
रागान्धारीरणकृत्=રાગાંધ દુશ્મનોને પ્રેરણા કરનારી.
नील=શ્યામ.
नीलप्रभोत्करा=શ્યામ છે પ્રભાનો સમૂહ જેનો એવી.
गान्धारी=ગાન્ધારી (દેવી).



१०
१६.
गांधारी.

निर्वाणकलिकायाम्—

"गान्धारीं देवीं नीलवर्णां कमलासनां चतुर्भुजां वरदमुसलयुतदक्षिणकरां अभयकुलिशयुतवामहस्तां चेति।"

શ્લોકાર્થ

ગાન્ધારી દેવીની સ્તુતિ—

"વજ્ર અને મુશળ છે હાથમાં જેના એવી, વળી અતિશય ઉચ્ચ (અર્થાત્ અભંગુર) છે કાન્તિ જેની એવા કમલ ઉપર નિવાસ કરનારી, તથા વળી રાગાંધ દુશ્મનોને પ્રેરણા કરનારી તેમજ નીલ છે પ્રભાનો સમૂહ જેનો એવી ગાન્ધારી (દેવી) (હે ભવ્યો! તમને) શુભ લાભ કરો."—પર

સ્પષ્ટીકરણ

ગાન્ધારી દેવીનું સ્વરૂપ—

આ પણ એક વિદ્યા-દેવી છે. એને ચાર હાથ છે. એના જમણા બે હાથ વરદ અને મુશલથી અલંકૃત છે, જ્યારે એના ડાબા બે હાથ અભય અને વજ્રથી વિભૂષિત છે. વળી તે નીલવર્ણી છે અને કમલ એ એનું આસન છે. આ વાતની નિર્વાણ-કલિકા સાક્ષી પૂરે છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"तथा गान्धारी[illegible]वीं [illegible]लवर्णां कमलासनां चतुर्भुजां वरद-[illegible]तद[illegible]णकराभयकुलिश-युतवामहस्तां चेति."

આચાર-દિનકર પણ આ વાતનું સમર્થન કરે છે, કેમકે તેમાં કહ્યું છે કે—

"[illegible]तचरणा, मुसलं वज्रं च हस्तयोर्दधती।
कमनीयाञ्जनकान्ति-र्गान्धारी गां शुभां दद्यात्॥" —આર્યા
આચાર૦ પત્રાંક ૧૬૨.

१४ श्रीअनन्तजिनस्तुतयः

अथ श्रीअनन्तनाथस्य स्तुतिः—

निरेति गदवल्लरीगुपिलजन्मकान्ता तः
प्रणम्य यमनीप्सितोपनतदिव्यकान्ता तः ।
अनन्तजिदसौ जयत्यभिमतायदो घस्मरः
समस्तजगदंहसां तकृतापदोघस्मरः ॥ ५३ ॥

—पृथ्वी (८,९)

टीका

असौ अनन्तजित् तीर्थंकरो जयति । यं प्रणम्य जीवो निरेति—निर्गच्छति । कस्मात् ? गदा—रोगा एव वल्ल्यो—लतास्ताभिर्गुपिलं—गहनं जन्म एव कान्तारं—वनं तस्मात् । किंभूतः सन् निरेति ? अनीप्सितमेव—अनाप्तुमिष्टमेव उपनतं—आगतं दिव्यकान्तानां रतं—सुखं यस्य सः । अभिमतं सुखं तस्य आयः—प्राप्तिस्तं ददातीति अ०दः, जिनविशेषणम् । घस्मरो—विनाशकः । समस्तजगतां अंहांसि—पापानि तेषाम् । कृत आपदां ओघो येन स्मरेण स (ततः) कर्मधारयः । हतः कृतापदोघस्मरो येन सः ॥ ५३ ॥

अन्वयः

यं प्रणम्य अन्—ईप्सित—उपनत—दिव्य—कान्ता—रतः (सन् जीवः) गदवल्लरी—गुपिल—जन्मन्—कान्तार—तः निरेति, असौ अभिमत—आय—दः, समस्त—जगत्—अंहसां घस्मरः, हत—कृत—आपद्—ओघ—स्मरः 'अनन्तजित्' जयति ।

શબ્દાર્થ

निरेति (धा० इ)=બહાર નીકળી જાય છે.
गद=રોગ.
वल्लरी=વેલ, લતા.
गुपिल=ગહન.
कान्तार=વન, જંગલ.
गदवल्लरीगुपिलजन्मकान्तारतः=રોગરૂપી લતાઓ વડે ગહન એવા જન્મરૂપી વનમાંથી.

प्रणम्य (धा० नम्)=પ્રણામ કરીને.
अनीप्सित=વગર ઇચ્છાએ.
उपनत (धा० नम्)=ઉપસ્થિત, પામેલ.
कान्ता=લલના, સ્ત્રી.
रत=સુખ.
अनीप्सितोपनतदिव्यकान्तारतः=વગર ઇચ્છાએ પ્રાપ્ત થયું છે દિવ્યાંગનાનું સુખ જેને એવો.

अनन्तजित्=અનન્તજિત્, અનન્તનાથ.
अभिमत (धा० मन्)=અભીષ્ટ, વાંછિત,
अभिमतायदः=અભીષ્ટ લાભને દેનારા.
घस्मरः (મૂ० घस्मर)=વિનાશક, નાશ કરનારા.
अंहस्=પાપ.
समस्तजगदंहसां=સમસ્ત જગત્નાં પાપોના.
स्मर=કામદેવ, મદન.
हतकृतापदोघस्मरः=કર્યો છે આપત્તિનો સમૂહ જેણે એવા કામદેવને હણ્યો છે જેણે એવા.

શ્લોકાર્થ

શ્રીઅનન્તનાથની સ્તુતિ—

જે (તીર્થંકર)ને પ્રણામ કરીને, ઇચ્છતો નથી છતાં પણ પ્રાપ્ત થયું છે દિવ્યાંગનાનું સુખ જેને એવો થયો થકો (જીવ) વ્યાધિરૂપી વેલોથી ગહન એવા જન્મ (–મરણ) રૂપ જંગલમાંથી બહાર નીકળી જાય છે, તે, અભીષ્ટ લાભોને દેનારા, સમસ્ત જગત્નાં પાપોનો સંહાર કરનારા તથા વળી (ઉત્પન્ન) કર્યો છે આપત્તિનો સમૂહ જેણે એવા મદનને (પણ) હણ્યો છે જેણે એવા [1]અનન્તજિત્ (તીર્થંકર) જયવંતા વર્તે છે."—૫૩

તીર્થંકરના નામ સંબંધી વિચાર—

ચૌદમા તીર્થંકરનું પ્રચલિત નામ 'અનન્ત' છે, પરંતુ આ પદ્યમાં 'અનન્તજિત્' એમ આપ્યું છે તે શું યોગ્ય છે એવો પ્રશ્ન ઉદ્ભવે છે. આ પ્રશ્નના સંબંધમાં વિચાર કરીએ તે પૂર્વે એ પણ વાત ધ્યાનમાં લેવી આવશ્યક છે કે ૭૭મા પદ્યમાં તો વીસમા તીર્થંકરના 'મુનિસુવ્રત' નામને બદલે 'સુવ્રત'નો ઉલ્લેખ છે તેનું કેમ વારૂ? આ તો વધારે અયોગ્ય વાત છે એમ ઉપલક દૃષ્ટિએ વિચારનારને લાગે, પરંતુ તેમ નથી. એ વાતની કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચન્દ્ર**-સૂરિકૃત **અભિધાન-ચિન્તામણિ** સાક્ષી પૂરે છે. ત્યાં તીર્થંકરોનાં નામાન્તરો વિષે ઉલ્લેખ કરતાં કહ્યું છે કે—

"**ऋषभो वृषभः श्रेयान्, श्रेयांसः स्यादनन्तजिदनन्तः ।
सुविधिस्तु पुष्पदन्तो, [illegible]निसुव्रतसुव्रतौ तुल्यौ ॥** –આર્યા
**अरिष्टनेमिस्तु, नेमि-र्वीर[illegible]र्थकृत् ।
महावीरो वर्धमानो, देवार्यो ज्ञातनन्दनः ॥**" –અનુષ્ટુભ્

—**પ્રથમ** કાણ્ડ, પદ્યાંક ૨૯–૩૦.

અર્થાત્ 'ઋષભ' અને 'વૃષભ', 'શ્રેયાન્' અને 'શ્રેયાંસ', 'અનન્તજિત્' અને 'અનન્ત', 'સુવિધિ' અને 'પુષ્પદંત' તેમજ 'મુનિસુવ્રત' અને 'સુવ્રત' એ સમાન છે. એવીજ રીતે 'અરિષ્ટનેમિ' અને 'નેમિ' પણ સમાન છે. અન્તિમ તીર્થંકરનાં **વીર, મહાવીર, વર્ધમાન, દેવાર્ય** અને **જ્ઞાતનન્દન** એ નામાન્તરો છે.

* * * *

---

१ '**अनन्तजित्**'शब्दस्य व्युत्पत्त्यर्थः—

"अनन्तकर्मांशान् जयति अनन्तैर्ज्ञानादिभिर्वा जयत्यनन्तजित्, यद्वा गर्भस्थिते जनन्या अनन्तरत्नदाम दृष्टं जयति च त्रिभुवनेऽपि इत्यनन्तजित्"

—अभिधानचिन्तामणिस्वोपज्ञटीकायाम्

૨ આ ચૌદમા તીર્થંકરની સ્થૂલ રૂપરેખા **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ० ૧૭૫)માં આલેખવામાં આવી છે.

जिनानां विजयः—

भवन्ति न यदानता वरविधावलीकाननाः
श्रुतज्वलनभस्मसात्कृतभवावलीकाननाः ।
प्रपञ्चितजगद्बृहद्दुरितकूपतारा जिना
जयन्ति वपुषेह तेऽनुपमरूपताराजिना ॥ ५४ ॥

—पृथ्वी

टीका

प्रपञ्चितानि जगति बृहद्दुरितान्येव कूपस्तं तरन्तीति ताराः । श्रुतमेव ज्वलनस्तेन भस्मसात्कृतं भवावलीकाननं-वनं यैस्ते । जिना वपुषा जयन्ति । यदानताः सन्तो वरकर्तव्ये अलीकमुखा न भवन्ति । वपुषा किंभूतेन ? अनुपमरूपतया राजिना-शोभितेन ॥ ५४ ॥

अन्वयः

यद्-आनताः (प्राणिनः) वर-विधौ अलीक-आननाः न भवन्ति, ते श्रुत-ज्वलन-भस्म-सात्-कृत-भव-आवली-काननाः, प्रपञ्चित-जगत्-बृहत्-दुरित-कूप-ताराः जिनाः अनुपम-रूपता-राजिना वपुषा इह जयन्ति ।

શબ્દાર્થ

आनत (धा० नम्)=નમેલા, પ્રણામ કરેલા.
यदानताः=જેને પ્રણામ કરેલા.
वरविधौ=ઉત્તમ કાર્યને વિષે.
अलीक=અસત્ય, જૂઠું.
आनन=મુખ, વદન.
अलीकाननाः=અસત્ય છે મુખ જેમનું એવા.
श्रुत=શ્રુત-જ્ઞાન.
ज्वलन=અગ્નિ, આગ.
भस्म=રાખ, રાખોડી.
सात्=એક જાતનો પ્રત્યય.
कानन=વન, અરણ્ય.
श्रुतज्वलनभस्मसात्कृतभवावलीकाननाः=શ્રુતરૂપ અગ્નિ વડે ભસ્મીભૂત કર્યું છે ભવની શ્રેણિરૂપ વનને જેમણે એવા.
प्रपञ्चित=ફેલાવેલ, વિસ્તીર્ણ.
बृहत्=મોટું.
कूप=કુવો.
तार (धा० तॄ)=તરી જનારા.
प्रपञ्चितजगद्बृहद्दुरितकूपताराः=જગત્‌ને વિષે વિસ્તાર પામેલા મહાપાપરૂપ કૂપને તરી જનારા.
जयन्ति (धा० जि)=જય પામે છે.
वपुषा (धा० वपुस्)=શરીર વડે.
रूपता=સૌન્દર્ય.
अनुपमरूपताराजिना=અસાધારણ સૌન્દર્ય વડે શોભતા.

શ્લોકાર્થ

જિનેશ્વરોનો વિજય—

જેમને પ્રણામ કરેલા (જીવો) ઉત્તમ કાર્યને વિષે અસત્ય-મુખ વાળા થતા નથી (અર્થાત્ એક વખત ઉચિત કાર્ય કરવા હા પાડ્યા પછી તેવું કાર્ય જરૂરજ કરે છે), તેઓ

કે જેમણે શ્રુતરૂપ અગ્નિ વડે ભવ–શ્રેણિ રૂપ વનોને બાળીને ભસ્મીભૂત કર્યાં છે તથા જેઓ જગત્‌માં વિસ્તાર પામેલા એવા મહાપાતકરૂપ કૂપને તરી જાય છે, તે જિનો અલૌકિક સૌન્દર્યથી શોભતા દેહ વડે અત્ર જય પામે છે.”—૫૪

સ્પષ્ટીકરણ

પદ્ય–ચમત્કાર—

આ પદ્યનાં ચારે ચરણોમાં છેવટના પાંચ અક્ષરોની સમાનતા દૃષ્ટિગોચર થાય છે, એથી કરીને આ પદ્ય ‘પાદાંતસમપંચાક્ષરપુનરાવૃત્તિ’ નામના શબ્દાલંકારથી શોભી રહ્યું છે.

શ્રુત–જ્ઞાન—

જૈન શાસ્ત્રમાં જ્ઞાનના પાંચ પ્રકારો પાડ્યા છે—(૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યય અને (૫) કેવલ. આ પાંચ પ્રકારો પૈકી પરોક્ષ પ્રમાણરૂપ, મતિપૂર્વક, શાસ્ત્ર–શ્રવણ અથવા તેના પઠન ઉપર આધાર રાખનારૂં, ત્રિકાલવિષયક તેમજ અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ બે મુખ્ય ભેદોવાળું જ્ઞાન શ્રુત–જ્ઞાન છે. શબ્દ–શ્રવણથી ઉપજતો બોધ યાને શબ્દ–બોધ તે શ્રુત–જ્ઞાન છે, જ્યારે શબ્દજનિત અર્થ–બોધથી અતિરિક્ત, ઇન્દ્રિયાર્થસંબંધજન્ય બોધ તે મતિજ્ઞાન છે. ઉપર્યુક્ત પાંચ જ્ઞાનોની સ્થૂળ માહિતી **અધ્યાત્મ–તત્ત્વાલોક**માંથી મળી શકશે, જ્યારે તેનું વિશિષ્ટ સ્વરૂપ તો **વિશેષાવશ્યક, નંદીસૂત્ર** વિગેરે પ્રૌઢ ગ્રન્થોમાંથી મળશે.

શ્રુત–જ્ઞાનનો મહિમા—

આ પદ્યમાં જે એમ સૂચન કરવામાં આવ્યું છે કે શ્રુતજ્ઞાન દ્વારા ભવરૂપી વનો ભસ્મીભૂત બને છે (અને તેમ થતાં મુક્તિ મળે છે) તે કંઇ અતિશયોક્તિ નથી. કેમકે એ વાત ધ્યાનમાં રાખવી કે [1]ચૌદપૂર્વધર યાને શ્રુત–કેવલી જે આહાર લાવે તે આહાર કેવલ-જ્ઞાનીને પણ કલ્પે છે. વળી જો કે શ્રુત–જ્ઞાન સ્વપર્યાયથી કે પરપયાર્યથી કેવલજ્ઞાનના સમાન નથી, પરંતુ સ્વ–પર ઉભય પર્યાય વડે તો તે તેના સમાન છે. કહ્યું પણ છે કે—

“[2]**सयपज्जाएहि उ केवलेण तुल्लं न होज्ज न परेहिं ।**
सयपरपज्जाएहि तु तुल्लं तं केवलेणेव ॥

—**વિશેષાવશ્યક**, ગાથાંક ૪૯૩.

વિશેષમાં જેણે પૂરેપૂરા દશ પૂર્વનું અધ્યયન કર્યું હોય, તે જીવ પણ કદી પણ અભવ્યરૂપી અસભ્ય સભાનો સભ્ય બનતો નથી. અર્થાત્ તે જીવને નિર્વાણ–નગરે જવાનો પરવાનો મળી જાય છે. આ ઉપરથી શ્રુત–જ્ઞાનનો મહિમા સમજી શકાય છે.

જિનેશ્વરના દેહનું વર્ણન—

જોકે જિનેશ્વરના દેહનું યથોચિત વર્ણન કરવું તો અશક્ય છે, છતાં પણ **કલ્પ–સૂત્ર**ની **શ્રીવિનયવિજયજી**એ રચેલી **સુબોધિકા** નામની (સૂ૦ ૧૦૮ની) વૃત્તિમાં આપેલાં નિમ્ન-લિખિત પદ્યો તરફ દૃષ્ટિ–પાત કરવો અસ્થાને નહિ ગણાય.

---

૧ આ સંબંધમાં જુઓ **વીર–ભક્તામર**ના ૨૪મા પદ્યનું સ્પષ્ટીકરણ.

૨ સંસ્કૃત–છાયા—

स्वकपर्यायैस्तु केवलेन तुल्यं न भवति न परैः ।
स्वकपरपर्यायैस्तु तुल्यमेव तत् केवलेन ॥

" द्विजराजमुखो गजराजगति-
रुणोष्ठपुटः सितदन्ततति: ।
शितिकेशभरोऽम्बुजमञ्जुकरः
सुरभिश्वसितः प्रभयोल्लसितः ॥ १ ॥—तोटकच्छन्दः
मतिमान् श्रुतवान् प्रथितावधियुक्
पृथुपूर्वभवस्मरणो गतरुक् ।
मतिकान्तिधृतिप्रभृतिस्वगुणै-
र्जगतोऽप्यधिको जगतीतिलकः ॥ २ ॥"—युग्मम्

અર્થાત્—જેમનું વદન ચંદ્ર જેવું છે, જેમની ચાલ ઐરાવત હાથીના જેવી છે, જેમના હોઠ રાતા છે, વળી જેમના દાંતની પંક્તિ દૂધ જેવી સફેદ છે, જેમના કેશનો સમૂહ કાળો છે, જેમના હાથ કમલના જેવા નાજુક છે, જેમનો શ્વાસ સુગંધથી ભરપૂર છે તથા વળી જેઓ કાંતિથી દીપી રહ્યા છે, તેમજ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના ધારક હોવા ઉપરાંત જેમનું અવધિજ્ઞાન અતિશય વિસ્તૃત છે, વળી જેમનું પૂર્વભવ-સ્મરણ વિસ્તારવાળું છે, જેઓ રોગ-રહિત છે તેમજ મતિ, કાન્તિ, ધૃતિ, ઇત્યાદિ ગુણોએ કરીને જે જગત્‌થી ચઢિયાતા છે, તે જિનેશ્વર જગત્‌ના તિલકસમાન છે.

કહેવાની મતલબ એ છે કે અનુત્તર વિમાનવાસી દેવોનું સૌન્દર્ય-લાવણ્ય પણ તીર્થંકરના દેહ-લાવણ્ય આગળ તો કશી ગણત્રીમાં નથી[1], તો પછી આવા [2]અપૂર્વ દેહનું વર્ણન તો મારા જેવો ક્યાંથીજ કરી શકે ?

* * * *

जिन-वाण्याः प्राधान्यम्—

अवन्त्यखिलविष्टपाश्रितसभाजनासूनृता
जयत्यमरयोगिभिः कृतसभाजना सूनृता ।
जिनेन्द्रगदिता नयादिवसुपाऽत्र गीर्वाणता-
मिता रिपुविभेदने कृतसुपात्रगीर्वाणता ॥ ५५ ॥

—पृथ्वी

---

૧ સરખાવો—

" सव्वसुरा जइ रूवं, अंगुट्ठपमाणयं विउव्वेज्जा ।
जिणपायंगुट्ठं पइ, ण सोहए तं जहिंगालो ॥ "
—આવશ્યક-નિર્યુક્તિ, ગાથાંક ૫૬૯.

[सर्वसुरा यदि रूपमङ्गुष्ठप्रमाणं विकुर्वीरन् ।
जिनपादाङ्गुष्ठं प्रति न शोभते तद् यथाङ्गारः ॥]

અર્થાત્—જો સમસ્ત દેવો અંગુઠા જેવડું રૂપ દિવ્ય શક્તિ વડે વિકુર્વે, તો પણ તે સૂર્યની સંમુખ અંગારાની જેમ તે જિનેશ્વરના અંગુઠા આગળ શોભા પામે નહિ.

૨ તીર્થંકરનો દેહ અનુપમ હોવાથી તો 'ઔદારિક' શબ્દનો અર્થ વિચારતાં 'उद्गतारं-उदारं' એમ ઉલ્લેખ કરી શકાય છે.

टीका

जिनेन्द्रगदिता गीः-वाणी जयति । किं कुर्वन्ती ? अवन्ती-रक्षन्ती । अखिलविष्टपे आश्रिता चासौ सभा च तस्यां जनास्तेषां असून्-प्राणान् । ऋता-अध्यापनीया । अमराश्च योगिनश्च तैः कृतं सभाजनं-आतिथ्यं यस्याः सा । सूनृता-सत्या । नयादय एव वसूनि-निधानानि पातीति या । अत्र रिपुभेदने बाणतां इता-प्राप्ता । कृता शोभनपात्राणां गीर्वाणता-देवत्वं यया ॥ ५५ ॥

अन्वयः

अखिल-विष्टप-आश्रित-सभा-जन-असून् अवन्ती, ऋता, अमर-योगिभिः कृत-सभाजना, सूनृता, नय-आदि-वसु-पा, रिपु-विभेदने बाणतां इता, कृत-सुपात्र-गीर्वाणता, जिन-इन्द्र-गदिता गीः अत्र जयति ।

શબ્દાર્થ

अवन्ती (ધા૦ अव्)=રક્ષણ કરનારી.
आश्रित (ધા૦ श्रि)=આશ્રય લીધેલ.
सभाजन=સભ્ય.
अखिलविष्टपाश्रितसभाजनासून्=સમસ્ત બ્રહ્માણ્ડને આશ્રીને રહેલા સભ્યોના પ્રાણોને.
ऋता (मू० ऋत)=અભ્યાસ કરવા લાયક.
योगिन्=યોગી, મુનિવર.
अमरयोगिभिः=દેવો અને મુનિવરો વડે.
सभाजन=આતિથ્ય, પરોણાગત.
कृतसभाजना=કર્યું છે આતિથ્ય જેનું એવી.
सूनृता (मू० सूनृत)=સત્ય, સાચી.
गदित (ધા૦ गद्)=કહેલી.
जिनेन्द्रगदिता=જિનવરે કહેલી.
वसु=નિધાન.
नयादिवसुपा=નય આદિ નિધાનનું રક્ષણ કરનારી.
अत्र=અહિંઆ.
गीः (मू० गिर्)=વાણી.
बाणतां (मू० बाणता)=બાણપણાને.
इता (मू० इत)=પ્રાપ્ત થયેલી.
विभेदन=સંહાર, નાશ.
रिपुविभेदने=શત્રુનો સંહાર કરવામાં.
सुपात्र=યોગ્ય પાત્ર.
गीर्वाणता=દેવપણું.
कृतसुपात्रगीर्वाणता=કર્યું છે સુપાત્રોનું દેવપણું જેણે એવી.

શ્લોકાર્થ

જિનવાણીનું પ્રાધાન્ય—

"સમસ્ત બ્રહ્માણ્ડને આશ્રીને રહેલા એવા સભ્ય જનોના (અર્થાત્ સર્વ પ્રાણીઓના) પ્રાણનું રક્ષણ કરનારી, વળી અભ્યાસ કરવા લાયક, તથા દેવોએ અને મુનિવરોએ કર્યું છે આતિથ્ય જેનું એવી (અર્થાત્ વિબુધાદિકથી સેવાયેલી), સાચી, નયાદિક નિધાનનું પરિપાલન કરનારી, (કામાદિક) શત્રુનો સંહાર કરવામાં બાણપણાને પ્રાપ્ત થયેલી (અર્થાત્ બાણની ગરજ સારનારી), વળી કર્યા છે સુપાત્રોને દેવરૂપ જેણે એવી તેમજ જિનવરે કથેલી એવી વાણી અત્ર જય પામે છે."—૫૫

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાં પ્રથમનાં બે ચરણોમાં છેવટના આઠ આઠ અક્ષરો સમાન છે, જ્યારે બાકીનાં

બે ચરણોમાં છેવટના સાત સાત અક્ષરો સમાન છે. આ પ્રકારના શબ્દાલંકારથી વિભૂષિત પદ્ય આ સમસ્ત કાવ્યમાં એકજ છે, એ એની વિશેષતામાં વધારો કરે છે.

* * * *

मानसीदेव्याः स्तुतिः—

निजाङ्गलतयोज्ज्वला विशदबन्धुजीवाभया
सिताङ्गविहगा हतानमदबन्धुजीवाऽभया ।
ज्वलज्ज्वलनहेतिका हरतु 'मानसी' तापदं
शुभातिशयधान्यवृद्ध्यनुपमानसीता पदम् ॥ ५६ ॥ १४ ॥

—पृथ्वी

टीका

सा मानसी देवता तापदं पदं हरतु । निजाङ्गमेव लता तया उज्ज्वला । विशद-बन्धुजीवस्य–बिम्बजीवस्येव आभा यस्याः सा तया । सिताङ्गविहगो–राजहंसो वाहनं यस्याः सा । हता अनमन्तः–अनम्रशीला अबन्धुजीवाः–शत्रुजीवा यया सा । ज्वलंश्चासौ ज्वलनश्च स एव हेतिः–प्रहरणं यस्याः सा । शुभातिशय एव धान्यं तस्य वृद्धिः तस्यां निरुपमाना सीता–क्षेत्रदेवता ॥ ५६ ॥

अन्वयः

विशद-बन्धु-जीव-आभया, निज-अङ्ग-लतया उज्ज्वला, सित-अङ्ग-विहगा, हत-अनमत्-अबन्धु-जीवा, अ-भया, ज्वलत्-ज्वलन-हेतिका, शुभ-अतिशय-धान्य-वृद्धि-अनुपमान-सीता 'मानसी' तापदं पदं हरतु ।

શબ્દાર્થ

अङ्ग=શરીર, દેહ.
लता=વેલ.
निजाङ्गलतया=પોતાની દેહરૂપી વેલ વડે.
उज्ज्वला (मू० उज्ज्वल)=ઉજ્જવલ.
विशद=નિર્મલ.
बन्धुजीव=બપોરીયું, પુષ્પ-વિશેષ.
विशदबन्धुजीवाभया=નિર્મલ બન્ધુજીવના સમાન કાંતિ છે જેની એવી.
विहग=પક્ષી.
सिताङ्गविहग=શ્વેત શરીરવાળું પક્ષી, રાજહંસ.
सिताङ्गविहगा=રાજહંસ છે જેની પાસે એવી.
नमत् (धा० नम्)=નમનારા.
बन्धु=મિત્ર.
जीव=જીવ, પ્રાણી.
हतानमदबन्धुजीवा=હણી નાંખ્યા છે નહિ નમનારા શત્રુ-જનોને જેણે એવી.
अभया (मू० अभय)=નિર્ભય.
ज्वलत् (धा० ज्वल्)=બળતો, જાજ્વલ્યમાન.
हेति=શસ્ત્ર, હથિયાર.
ज्वलज्ज्वलनहेतिका=જાજ્વલ્યમાન અગ્નિ છે શસ્ત્ર જેનું એવી.
मानसी=માનસી (દેવી).
अतिशय=અતિશય, ઉત્કૃષ્ટતા.
धान्य=અનાજ.
वृद्धि=વૃદ્ધિ.
अनुपमान=ઉપમા-રહિત, નિરૂપમ.
सीता=ક્ષેત્ર-દેવતા.
शुभातिशयधान्यवृद्ध्यनुपमानसीता=શુભ અતિશય-રૂપી ધાન્યની વૃદ્ધિ પ્રતિ નિરૂપમ ક્ષેત્ર-દેવતા (જેવી).



प्लेट सी $\frac{१५}{१६}$

निर्वाणकलिकायाम्—

"मानसीं धवलवर्णां हंसवाहनां चतुर्भुजां वरदवज्रालङ्कृतदक्षिणकरां अक्षवलयाशनियुक्तवामकरां चेति ।"

नि. सा. प्रेस.

શ્લોકાર્થ

માનસી દેવીની સ્તુતિ—

"નિર્મલ બન્ધુજીવ (નામના પુષ્પ)ના સમાન કાંતિ છે જેની એવી પોતાની દેહ-લતા વડે ઉજ્જવલ, વળી રાજહંસ છે (વાહન) જેની પાસે એવી, વળી હણી નાંખ્યાં છે નહિ નમનારા શત્રુ-જનોને જેણે એવી, નિર્ભય, તથા વળી જાજવલ્યમાન અગ્નિ છે શસ્ત્ર જેનું એવી તેમજ વળી શુભ અતિશયરૂપી ધાન્યની વૃદ્ધિ કરવામાં નિરૂપમ ક્ષેત્ર-દેવતાના સમાન એવી **માનસી** (દેવી) (હે ભવ્યો! તમારા) સંતાપકારક પદને હરો."—૫૬

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાં પ્રથમનાં બે ચરણોમાં છેવટના સાત સાત અક્ષરોની પુનરાવૃત્તિ નજરે પડે છે, જ્યારે બાકીનાં બે ચરણોમાં છેવટના છ છ અક્ષરોની પુનરાવૃત્તિ જોવાય છે.

માનસી દેવીનું સ્વરૂપ—

'ધ્યાન ધરનારાના મનને સાન્નિધ્ય કરે તે માનસી' એ **માનસી** શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. આ એક વિદ્યા-દેવી છે. આ દેવી હંસના ઉપર આરૂઢ થાય છે. એ દેવીને ચાર હાથ છે. એના જમણા બે હાથ વરદ અને વજ્રથી શોભે છે, જ્યારે ડાબા બે હાથ તો જપ-માલા અને વજ્રથી શોભે છે. વિશેષમાં તે ધવલવર્ણી છે. આ વાત **નિર્વાણ-કલિકા** ઉપરથી જોઇ શકાય છે, કેમકે ત્યાં કહ્યું છે કે—

"**तथा मानसीं धवलवर्णां हंसवाहनां चतुर्भुजां वरदवज्राल ;तदक्षिणकरामक्षवलयाशनि-क्तवामकरां चेति ।**"

આચાર-દિનકરમાં પણ આ પ્રમાણે આ દેવીનું સ્વરૂપ વર્ણવ્યું છે, પરંતુ ત્યાં એનો વર્ણ કનકસમાન બતાવ્યો છે. આ રહ્યો તે શ્લોક—

"**ंसासनसमासीना, वरदेन्द्रायुधान्विता ।**
मानसी मानसीं पीडां, हन्तु जान् नदच्छविः ॥"

—આચાર૦ પત્રાંક ૧૬૨.

१५ श्रीधर्मजिनस्तुतयः

अथ श्रीधर्मनाथस्य स्तुतिः—

समवसरणभूमौ सज्जिताचोंदयायां
नियतमभिदधौ यः सज्जिताचों दयायाम्।
जनयतु मुद[illegible]द्यद्रागसौधर्मनामा-
र्चितहरिपरि[illegible]ज्यो द्रागसौ 'धर्म'नामा ॥ ५७ ॥

—मालिनी (८, ७)

टीका

असौ धर्मनामा मुदं जनयतु। समवसरणपृथ्व्यां सज्जितः-प्रह्वीकृतः पूजाया उदयः-प्रादुर्भावो यस्यां सा तस्याम्। नियतं-निश्चितं अभिदधौ-रक्षितवान्। यः सता-शोभनेन जिताऽर्चा-शरीरं येन सः। कस्यामभिदधौ? दयाया[illegible]। उद्यद्रागो यस्मिन् स उद्यद्रागश्चासौ सौधर्मश्च-आद्यकल्प[illegible]स्य नामः-प्रणामः। "तात्स्थ्यात् त[illegible]" इति न्यायात् सौधर्मदेवानां नामस्तेन अर्चितश्चासौ हरिश्च तस्य परिपूज्यः ॥ ५७ ॥

अन्वयः

यः सत्-जित-अर्चः सज्जित-अर्चा-उदयायां समवसरण-भूमौ दयायां नियतं अभिदधौ, असौ उद्यत्-राग-सौधर्म-नाम-अर्चित-हरि-परिपूज्यः 'धर्म'-नामा द्राक् मुदं जनयतु।

શબ્દાર્થ

समवसरण=ધર્મ-દેશનાનું સ્થાન, સમવસરણ.
भूमि=સ્થલ, જગ્યા.
समवसरणभूमौ=સમવસરણની ભૂમિમાં.
सज्जित=તૈયાર થયેલ.
अर्चा=પૂજા.
सज्जिताचोंदयायां=તૈયાર થયો છે પૂજાનો ઉદય જેને વિષે એવા.
नियतं=ખરેખર.
अभिदधौ (धा० धा)=કહેતા હતા.
अर्चा=શરીર.
सज्जिताचः=શોભન વડે જીત્યું છે શરીર જેણે એવા.
दयायां (मू० दया)=દયાને વિષે.
जनयतु (धा० जन्)=ઉત્પન્ન કરો.
मुदं (मू० मुद्)=હર્ષને.
उद्यत् (धा० इ)=ઉદય પામતો.
सौधर्म=સૌધર્મ દેવલોક, પ્રથમ દેવલોક.
नाम=પ્રણામ.
हरि=ઇન્દ્ર.
परिपूज्य=પૂજનીય.
उद्यद्रागसौधर्मनामार्चितहरिपरिपूज्यः=ઉદય પામતો છે સ્નેહ જેને વિષે એવા સૌધર્મ (વાસી દેવો)-ના પ્રણામ વડે પૂજાયેલ એવા ઇન્દ્રના પૂજનીય.
धर्म=ધર્મ(નાથ), પંદરમા તીર્થંકર.
नामन्=નામ, અભિધાન.
धर्मनामा=ધર્મ(નાથ) છે નામ જેનું તે.

શ્લોકાર્થ

શ્રીધર્મનાથની સ્તુતિ—

"સંયમ વડે વશ કર્યું છે શરીરને જેણે એવા જેણે, સજ્જ કરવામાં આવ્યો છે પૂજાનો પ્રાદુર્ભાવ જેને વિષે એવી સમવસરણ-ભૂમિમાં દયા વિષે હમેશાં કથન કર્યું છે-દેશના દીધી છે, તે, ઉદય પામતો છે સ્નેહ જેને વિષે એવા સૌધર્મ (વાસી દેવો)ના પ્રણામ વડે પૂજાયેલ એવા (શક્ર) ઇન્દ્રને પૂજનીય 'ધર્મ નામના (તીર્થંકર) (આપણને) સત્વર આનંદ અર્પો."—૫૭

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આમાં તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યોમાં પણ એકજ પ્રકારનો શબ્દાલંકાર દૃષ્ટિ-ગોચર થાય છે અને તે એ છે કે પ્રથમ અને દ્વિતીય ચરણમાં તેમજ બાકીનાં બે ચરણોમાં પણ સાત સાત અક્ષરની પુનરાવૃત્તિ નજરે પડે છે. અર્થાત્ આ પદ્ય 'પાદાંતસમસપ્તાક્ષરપુનરાવૃત્તિ' નામના યમક-વિશેષથી ઝળકી ઉઠે છે. આવા પ્રકારના યમક-વિશેષના દર્શન આ પદ્યમાંજ પ્રથમ થાય છે અને વળી આ યમક-વિશેષથી વિભૂષિત પદ્યોની સંખ્યા ચારનીજ છે.

* * * *

जिनवराणां विज्ञप्तिः—

यदुदयमधिगम्य व्यापदानन्दमञ्च-
जगदुपरतहिंसं व्याप दानं दमं च ।
ददतु पदमुरुश्रीतेजि नानाशयं तु
प्रतिभयमिह नोऽघं ते जिना नाशयन्तु ॥ ५८ ॥

—मालिनी

टीका

ते जिनाः पदं-अवस्थानं प्रयच्छन्तु । किंविधं? उरुश्रिया तेजयति यत्, येषामुदयमधिगम्य-प्राप्य जगदेवंविधं भवति । व्यापत्-विगता आपद् यस्मात् तत् । आनन्दं-हर्षं अञ्चत्-गच्छत् । उपरता-गता हिंसा यस्मात् तत् एवंविधं सत् व्याप-व्याप्तवत् । किं? दानं दमं च (एतदुक्तं भवति) । नानाप्रकारा आशयाः-चित्तविशेषा यस्मिंस्तत् । तुशब्दश्चार्थे । प्रतिभयं-भयदं इह-लोके नाशयन्तु-अपनयन्तु ॥ ५८ ॥

अन्वयः

यत्-उदयं अधिगम्य जगत् वि-आपत्, आनन्दं अञ्चत्, उपरत-हिंसं (सत्) दानं दमं च व्याप, ते जिनाः उरु-श्री-तेजि, नाना-आशयं पदं तु ददतु, नः इह प्रतिभयं अघं नाशयन्तु ।

---

૧ આ પંદરમા તીર્થંકરની સ્થૂલ રૂપરેખા સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૧૮૭)માં આલેખવામાં આવી છે.

શબ્દાર્થ

यदुदयं=જેમના ઉદયને.
अ[illegible] (धा० गम्)=પ્રાપ્ત કરીને.
वि=વિયોગસૂચક ઉપસર્ગ.
व्यापत्=જતી રહી છે આપદા જેમાંથી એવું, વિપત્તિથી મુક્ત.
आनन्दं (मू० आनन्द)=હર્ષને.
अश्नुत् (धा० अश्)=પ્રાપ્ત થનારૂં.
जगत् (मू० जगत्)=દુનિયા.
उपरत (धा० रम्)=નષ્ટ થયેલી.
हिंसा=હિંસા, પીડા.
उपरतहिंसं=નષ્ટ થઇ છે હિંસા જેનાથી એવું.
व्याप (धा० आप्)=વિસ્તાર કર્યો, વિસ્તાર્યો.
दानं (मू० दान)=દાનને.
दमं (मू० दम्)=ઉપશમને, શમને.
ददतु (धा० दा)=અર્પો.
तेजिन्=શોભાવાળું.
उरुश्रीतेजि=વિશાળ લક્ષ્મી વડે શોભતું.
आशय=આશય.
नानाशयं=વિવિધ આશયો છે જેને વિષે એવા.
तु=વિશેષતાસૂચક અવ્યય.
प्रतिभयं (मू० प्रतिभय)=ભયંકર, ભય ઉત્પન્ન કરનારા.
नः (मू० अस्मद्)=અમારા.
नाशयन्तु (धा० नश्)=નાશ કરો.

શ્લોકાર્થ

જિનેશ્વરોને વિજ્ઞપ્તિ—

"જેમનો ઉદય થતાં જગત્ વિપત્તિથી મુક્ત બને છે તથા આનંદ પામે છે તેમજ હિંસાથી રહિત બને છે અને વળી દાન અને ઉપશમનો વિસ્તાર થાય છે, તે તીર્થંકરો (આપણને) વિશાળ લક્ષ્મી વડે સુશોભિત તેમજ વિવિધ જાતના આશયોથી યુક્ત એવું પદ અર્પો તેમજ આપણા આ સંસારને વિષે ભયંકર પાપનો નાશ કરો."—૫૮

* * * *

जिनवचनप्रशंसा—

परसमयरिपूणां संसदो दारहेतौ
वि[illegible]तविततमोहासं सदादार[illegible]तौ ।
जिनवचसि रता स्तापच्छतौ सत्यनीतौ
दिविजम[illegible] जल[illegible]पद्धतौ सत्यनीतौ ॥ ५९ ॥

—मालिनी

टीका

जि[illegible]चसि रताः स्त—रता भवत । किंभूते वचसि ? पराश्च ते समयाश्च एव रिपव-स्तेषाम् । संसत्—परिषत् तस्याः संसदः । दारणं—[illegible] तस्मिन् हेतिः—शस्त्रं यद्वचः तस्मिन् । विहितः—कृतो विततमो[illegible] असः—क्षेपो यस्मिंस्त[illegible] क्रियाविशेषण[illegible] । उदारा—गुरवो हेतवो यस्मिन् । आपदां हतिः—[illegible]न् । सत्या—अवि[illegible] नीतिर्यद्वचसः तत् सत्यनीति तस्मिन् सत्यन[illegible]तौ । दिविजा—देवा मनुजा—म[illegible]ष्यास्तेषां लक्ष्म्याः पद्धतिः—मार्गो यत् तस्मिन् । न विद्यन्[illegible] ईतयो यस्मि[illegible] तत् तस्मिन् । सति—शोभने विद्यमाने वा ॥५९॥

अन्वयः

पर-समय-रिपूणां संसदः दार-हेतौ, विहित-वितत-मोह-असं सदा उदार-हेतौ, आपत्-हतौ सत्य-नीतौ दिविज-मनुज-लक्ष्मी-पद्धतौ, सति, अन्-ईतौ जिन-वचसि रताः स्त ।

શબ્દાર્થ

पर=અન્ય.
समय=સિદ્ધાન્ત, આગમ.
परसमयरिपूणां=પર સિદ્ધાન્તરૂપ શત્રુઓની.
संसदः (મૂ૦ संसद्)=સભાના.
दार=વિદારણ.
दारहेतौ=વિદારણ કરવામાં શસ્ત્ર અથવા સાધનના સમાન એવા.
विहित (ધા૦ धा)=કરેલ.
वितत (ધા૦ तन्)=વિસ્તીર્ણ.
मोह=મોહ, અજ્ઞાન.
अस=ક્ષેપ, દૂર ફેંકી દેવું તે.
विहितविततमोहासं=કર્યો છે વિસ્તીર્ણ મોહનો ક્ષેપ જેમાં તેની માફક.
उदार=પ્રધાન, મુખ્ય.
हेतु=કારણ.
उदारहेतौ=પ્રધાન છે યુક્તિઓ જેમાં એવા.
जिनवचसि=જિનના વચનમાં.
रताः (મૂ૦ रत)=રાગી, અનુરાગી.
स्त (ધા૦ अस्)=થાઓ.
हति=વિનાશ.
आपद्धतौ=વિપત્તિના વિનાશક.
नीति=નીતિ.
सत्यनीतौ=સત્ય છે નીતિ જેને વિષે એવા.
मनुज=માનવ.
लक्ष्मी=ધન, સંપત્તિ.
पद्धति=માર્ગ.
दिविजमनुजलक्ष्मीपद्धतौ=દેવ અને માનવની લક્ષ્મીના માર્ગરૂપ.
सति (મૂ૦ सत्)=(૧) શોભનીય; (૨) વિદ્યમાન.
ईति=ઈતિ, ઉપદ્રવ.
अनीतौ=અવિદ્યમાન છે ઈતિઓ જેને વિષે એવા.

શ્લોકાર્થ

જિન-વચનની પ્રશંસા—

"પર સિદ્ધાન્ત (અર્થાત્ જૈનેતર આગમ)રૂપી શત્રુઓની સભાનું વિદારણ કરવામાં શસ્ત્રસમાન (અથવા કારણભૂત), વિસ્તીર્ણ અજ્ઞાનનો નાશ થઇ શકે તેવી રીતે સર્વદા ઉત્તમ યુક્તિઓથી યુક્ત, વળી વિપત્તિના વિનાશક, તથા વળી સત્ય છે નીતિ જેને વિષે એવા, તેમજ દેવ અને માનવોની લક્ષ્મીના માર્ગરૂપ, શોભાયમાન અને ઈતિથી રહિત એવા જિન-વચનના (હે વીતરાગ માર્ગના સાચા સેવકો !) તમે રાગી થાઓ."—૫૮

* * * *

---

૧ ઈતિ ૭ છેઃ—(૧) અતિવૃષ્ટિ, (૨) અનાવૃષ્ટિ, (૩) ઉંદર, (૪) તીડ, (૫) પોપટ અને (૬) પરરાજ્યનાં આક્રમણો. કહ્યું પણ છે કે—

" अतिवृष्टिरनावृष्टि-र्मूषकाः शलभाः शुकाः ।
प्रत्यासन्नाश्च राजानः, षडेता ईतयः स्मृताः ॥"

म.ामानसीदव्याः स्तुतिः—

अखिफलकमणिश्रीकुण्डिकाहस्तिकाऽलं
प्रबलरिपुवनानां कुण्डिका हस्तिकालम् ।
मृगपतिमधिरूढा सा 'महामानसी' मा-
मवतु सुतडिदाभाऽसामहा मानसीमा ॥ ६० ॥ १५ ॥

—मालिनी

टीका

असिफलकमणिश्रीकुण्डिकाः हस्ते यस्याः सा । प्रबलाश्च ते रिपवश्च त एव वनानि तेषां कुण्डिका—ना.िका । या हस्तिनां कालं—कृतान्तं मृगपतिं—सिंहमधिरूढा । (महा)मानसी देवी । :तडितः—विद्युत इव आभा—दीप्तिर्यस्याः सा । न विद्यते साम—राजधर्मो येषां तेऽसामानो—वैरिण ान् न्तीति अ०हा । सा मानस्य सीमा ॥ ६० ॥

अन्वयः

(या) असि-फलक-मणि-श्री-कु .... -हस्तिका, प्रबल-रिपु-वनानां कुण्डिका, हस्ति-कालं मृग-पतिं अधिरूढा, सा अ-सामन्-हा, सु-तडित्-आभा, मान-सीमा 'म........' मां अलं अवतु ।

શબ્દાર્થ

असि=ખડ્ગ, તરવાર.
फलक=ઢાલ.
मणि=રત્ન.
कुण्डिका=કમણ્ડળુ, સંન્યાસી વિગેરેનું જલ-પાત્ર.
असि.....ाणिश्रीकुण्डिका .स्तिका=તરવાર, ઢાલ, રત્ન અને શ્રીકમણ્ડળુ છે હાથમાં જેના એવી.
प्रबल=બલવાન્, પરાક્રમી.
वन=જંગલ.
प्रबलरिपुवनानां=પરાક્રમી શત્રુરૂપ વનોની.
कुण्डिका=દાહ કરનારી.
काल=યમરાજ.
हस्तिकालं=હાથી પ્રતિ યમસમાન.
मृग=પશુ.
मृगपतिं (मू० मृगपति)=સિંહના ઉપર.
अधिरूढा (धा० रुह्)=આરૂઢ થયેલી, સ્વાર થયેલી.
महामानसी=મહામાનસી (દેવી).
मां (मू० अस्मद्)=મને.
तडित्=સૌદામિની, વીજળી.
सुतडिदाभा=સૌદામિનીના જેવો પ્રકાશ છે જેનો એવી.
सामन्=શત્રુને વશ કરવાનો એક જાતનો ઉપાય.
असामहा=અવિદ્યમાન છે સામ (નીતિ) જેને વિષે એવાને હણનારી.
मान=સન્માન.
सीमन्=મર્યાદા, હદ.
मानसीमा=સન્માનની હદરૂપ.

---

१ '०दाऽसामहा मानसी मा–' इत्यपि पाठः ।
२ '०भा सा म.ामानसीमा' इत्यपि पाठः ।



महामानसी $\frac{१६}{१६}$ — Dhurandhar 10.25

શ્લોકાર્થ

મહામાનસી દેવીની સ્તુતિ—

"જે (દેવી) ખડ્ગ, ઢાલ, રત્ન અને શ્રીકમણ્ડળુને હાથમાં ધારણ કરે છે, વળી જે પરાક્રમી શત્રુરૂપી વનોને બાળનારી છે, તેમજ કુંજર પ્રતિ યમરાજરૂપી એવા સિંહના ઉપર સ્વારી કરનારી છે, તે, [1]સામ (નીતિ)નો નહિ સ્વીકાર કરનારા એવા (શત્રુઓ) નો સંહાર કરનારી, તથા સૌદામિનીના જેવી પ્રકાશમાન, તેમજ માનની મર્યાદારૂપ (અર્થાત્ સૌથી વધારે માન પામેલી) એવી મહામાનસી (દેવી) મારી ખૂબ સંભાળ લો."—૯૦

સ્પષ્ટીકરણ

મહામાનસી દેવીનું સ્વરૂપ—

'ધ્યાનારૂઢ મનુષ્યોના મનને વિશેષતઃ સાન્નિધ્ય કરે તે મહામાનસી' એ **મહામાનસી** શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. આ પણ એક વિદ્યાદેવી છે. એનું સ્વરૂપ **નિર્વાણ-કલિકા**માં નીચે મુજબ આપ્યું છેઃ—

"**तथा महामानसीं धवलवर्णां सिंहवाहनां चतुर्भुजां वरदासियुक्तदक्षिणकरां कुण्डिकाफलकयुतवामहस्तां चेति**" અર્થાત્-ત્યાં કહ્યું છે કે આ દેવીનો વર્ણ શ્વેત છે અને એને સિંહનું વાહન છે. વળી એને ચાર હાથ છે. એના જમણા બે હાથ વરદ અને તરવારથી શોભે છે, જ્યારે ડાબા બે હાથ કુણ્ડિકા અને ફલક(ઢાલ)થી શોભે છે.

આ ઉપરથી જોઇ શકાય છે કે **મહામાનસી** દેવીને સિંહનું વાહન છે તેમજ તે એક હસ્તમાં તરવાર ધારણ કરે છે એ વાતને **નિર્વાણ-કલિકા** પણ ટેકો આપે છે. પરંતુ તે બીજા હસ્તમાં રત્ન ધારણ કરે છે, એ વાત **નિર્વાણ-કલિકા**માં નજરે પડતી નથી એ વિશેષતા છે, જોકે **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પદ્યાંક ૨૮) તથા **આચાર-દિનકર** એ વાતની સાક્ષી પૂરે છે, કિન્તુ **આચાર-દિનકર** (પત્રાંક ૧૬૨)માં આ દેવીનું વાહન મકર છે એમ કહ્યું છે. આ રહ્યું તે પદ્ય.

"**कर(फल?)खड्गरत्नवरदा-ढ्यपाणिभृच्छशिनिभा मकरगमना।**
सङ्घस्य रक्षणकरी, जयति महामानसी देवी॥"—આર્યા

---

૧ શાસ્ત્રમાં નીતિના (૧) સામ, (૨) દામ, (૩) દંડ અને (૪) ભેદ એમ ચાર પ્રકારો બતાવ્યા છે, તે પૈકી આ એક છે. વિશેષમાં અન્ય જનને સમજાવવાનો-તેની પ્રતિકૂલતા દૂર કરવાનો આ પ્રાથમિક તેમજ સર્વોત્તમ ઉપાય છે. આ વાતની પુષ્ટિમાં ઉપાધ્યાય **શ્રીયશોવિજયજી** પણ **શ્રીવિનયવિજયજી**કૃત **શ્રીપાલ રાજાના રાસ**ના ચતુર્થ ખંડની દ્વિતીય ઢાલ પછીના દોહરામાં કહે છે કે—"સામ હોય તો દંડ શ્યો, સાકરે પણ પિત્ત જાય."

१६ श्रीशान्तिजिनस्तुतयः

अथ श्रीशान्तिनाथाय नमः—

भव्यैः कथञ्चिदतिदुःखगभीरवापे-
रुत्तारको जगति सम्यगभीरवापे ।
यस्तं नमामि विहितावमहानिशान्तं
'शान्तिं' जिनं परमशान्तिमहानिशान्तम् ॥ ६१ ॥

—वसन्ततिलका

टीका

कथञ्चिद्–दुःखेन भव्यैर्यः अवापे–प्राप्तः विश्वे सम्यक् यथा स्यात् (तथा) क्रियाविशेषणम् । (अति) दुःखान्येव गभीरवापिस्तस्या उत्तारकः । विहिताऽवमस्य–पापस्य हानिर्येन स चासौ शान्तश्च, अयं कर्मधारयः । परमा शान्तिः–मोक्षस्तस्यां महानिशान्तं–महागृहं यस्य स तम् ॥ ६१ ॥

अन्वयः

यः अ-भीः अति-दुःख-गभीर-वापेः उत्तारकः कथञ्चित् भव्यैः जगति सम्यक् अवापे, तं विहित-अवमन्-हानि-शान्तं, परम-शान्ति-महत्-निशान्तं 'शान्तिं' जिनं नमामि ।

શબ્દાર્થ

भव्यैः (मू० भव्य)=ભવ્યો વડે.
कथञ्चित्=મહા મહેનતે.
गभीर=ઊંડી.
वापि=વાવ.
अतिदुःखगभीरवापेः=અતિશય દુઃખરૂપી ઊંડી વાવમાંથી.
उत्तारकः (मू० उत्तारक)=તારનારા.
जगति (मू० जगत्)=દુનિયામાં.
सम्यच्=રૂડી રીતે, યથાર્થપણે.
भी=ભય.
अभीः=અવિદ્યમાન છે ભય જેને વિષે એવા, નિર્ભય.
अवापे (धा० आप्)=પ્રાપ્ત થયા.
नमामि (धा० नम्)=હું નમું છું.
हानि=નાશ.
शान्त=શાન્ત, કોપ-રહિત.
विहितावमहानिशान्तं=કર્યો છે પાપનો વિનાશ જેણે એવા તેમજ શાન્ત એવા.
शान्तिं (मू० शान्ति)=શાન્તિ(નાથ)ને.
जिनं (मू० जिन)=જિનને.
परम=ઉત્કૃષ્ટ, ઉત્તમ.
शान्ति=શાન્તિ, મોક્ષ.
परमशान्तिमहानिशान्तं=ઉત્કૃષ્ટ મોક્ષને વિષે મહા મંદિરરૂપ.

શ્લોકાર્થ

શ્રીશાન્તિનાથને નમસ્કાર—

" જે [1]નિર્ભય (જિન) જગત્માં ભવ્ય (જનો)ને અતિશય પીડારૂપી ઊંડી વાવમાંથી તારનારા તરીકે કોઇ પ્રકારે (અર્થાત્ મહા મહેનતે) યથાર્થપણે પ્રાપ્ત થયા, તે પાપના વિનાશક તેમજ શાન્ત તથા વળી ઉત્તમ મોક્ષને વિષે મહામંદિરના સમાન એવા [2]શાન્તિજિનને હું નમું છું. "—૬૧

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાંનાં ચારે ચરણોમાં છેવટના પાંચ અક્ષરોની પુનરાવૃત્તિ જોવામાં આવે છે. આથી કરીને આ પદ્ય પદ્ય-ચમત્કારના વિષયમાં દ્વિતીય પદ્યને મળતું આવે છે. વિશેષમાં હવે પછી આ કાવ્યમાં આ પાદાંતસમપંચાક્ષરપુનરાવૃત્તિ નામના યમકથી અલંકૃત પદ્ય કોઇ રચવામાં આવ્યું નથી. અર્થાત્ આ જાતના યમકના અત્ર અન્તિમ દર્શન થાય છે, એ ધ્યાનમાં રાખવું.

* * * *

जिनानामुत्कर्षः—

यद्बाहवो वरपुरीपरमार्गलाभाः
प्राप्ता यतश्च जगता परमार्गलाभाः ।
नत्वा च यांस्तुलितवैबुधराजि नाऽऽस्ते
सिद्धौ जयन्त्यघदवाम्बुधरा जिनास्ते ॥ ६२ ॥

—वसन्त०

टीका

येषां बाहवो वरपुर्या अर्गलातुल्याः । यतश्च–येभ्यो जगता प्राप्ताः । के ? परमार्गस्य–मोक्षस्य लाभा–आयाः । नत्वा च यान् जिनान् ना–पुरुषः सिद्धौ आस्ते–तिष्ठति । तुलितः–तिरस्कृतो वैबुधराट्–इन्द्रो यया सिद्ध्या सा तस्याम् । अघमेव दवस्तस्मिन् अम्बुधरा–मेघाः । ते जिना जयन्ति ॥ ६२ ॥

अन्वयः

यद्-बाहवः वर-पुरी-परम-अर्गला-आभाः, यतः च पर-मार्ग-लाभाः जगता प्राप्ताः यान् च नत्वा ना तुलित-वैबुध-राजि सिद्धौ आस्ते, ते अघ-दव-अम्बुधराः जिनाः जयन्ति ।

---

૧ સર્વથા નિર્ભયતા પણ સર્વજ્ઞતાનું લક્ષણ છે, એ વાત ભૂલવા જેવી નથી. આ સંબંધમાં જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૫૨).

૨ આ સોળમા તીર્થંકર **શ્રીશાન્તિનાથ**ના જીવન પરત્વે ટુંક હકીકત **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૮૯) ઉપરથી મળી શકશે.

શબ્દાર્થ

बाहु=હસ્ત, હાથ.
यद्बाहवः=જેના હસ્તો.
पुरी=નગરી.
अर्गल=આગળીઓ, ભોગળ.
आभा=ઉપમા.
वरपुरपरमार्गलाभाः=ઉત્તમ નગરીના ભોગળની ઉપમા (ઘટે) છે જેને એવા.
प्राप्ताः (મૂ॰ प्राप्त)=પામેલ.
यतः (મૂ॰ यद्)=જેના તરફથી.
पर=ઉત્તમ.
मार्ग=રસ્તો.
परमार्गलाभाः=ઉત્તમ માર્ગના લાભો.
नत्वा (ધા॰ नम्)=પ્રણામ કરીને.
तुलित (ધા॰ तुल्)=તિરસ્કાર કરેલ.
वैबुध=દેવસંબંધી.
राज्=રાજા.
वैबुधराज्=સુર-પતિ, ઇન્દ્ર.
तुलितवैबुधराजि=તિરસ્કાર કર્યો છે ઇન્દ્રનો જેણે એવી.
ना (મૂ॰ नृ)=મનુષ્ય.
आस्ते (ધા॰ आस्)=સ્થિતિ કરે છે, વસે છે.
सिद्धौ (મૂ॰ सिद्धि)=મુક્તિને વિષે.
दव=દાવાનલ.
अम्बुधर=મેઘ.
अघदवाम्बुधराः=પાપરૂપી દાવાનલ પ્રતિ મેઘસમાન.

શ્લોકાર્થ

જિનોનો ઉત્કર્ષ—

" જેમના હાથ ઉત્તમ નગરના ભોગળના સમાન છે, વળી જેમની પાસેથી દુનિયાએ સર્વોત્કૃષ્ટ માર્ગના (અર્થાત્ મોક્ષના) લાભો મેળવ્યા છે તેમજ વળી જેમને પ્રણામ કરીને (અર્થાત્ કરવાથી) મનુષ્ય તિરસ્કાર કર્યો છે ઇન્દ્રની (સુખ-સંપત્તિનો) જેણે એવી મુક્તિમાં વસે છે, તે પાપરૂપ દાવાનલને (શાંત કરવામાં) મેઘસમાન જિનો જયવંતા વર્તે છે. "—૬૨

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાં જેમ પ્રથમનાં બે ચરણોમાં છેવટના છ અક્ષરોની પુનરાવૃત્તિ જોવામાં આવે છે, તેમ બાકીનાં બે ચરણોમાં પણ તેવી પુનરાવૃત્તિ નજરે પડે છે. વિશેષમાં આ પછીનાં બીજાં બે પદ્યો પણ ઉપર્યુક્ત યમક-વિશેષથી અલંકૃત છે. વળી ૩૧મા પદ્યમાં આ પ્રકારના શબ્દાલંકારનું પ્રથમ દર્શન થયું હતું અને તેનું અંતિમ દર્શન આ પછીના ૬૪મા પદ્યમાં થશે એટલું નિવેદન કરવું અત્ર ઉચિત સમજાય છે.

* * * *

जैनवचसः प्रधानता—

[illegible]ऽत्र जगतोऽपि समाऽधिकाऽरं
बुद्धिर्भवत्यपताऽपे समाधिकारम् ।
तत् पावकं जयति जैनवचो रसादि-
भोगातिलालकरणानवचोरसादि ॥ ६३ ॥

—वसन्त०

टीका

यद् वचः शृण्वतः-आकर्णयतो जगतः समाऽपि-अनुत्कृष्टाऽपि बुद्धिः अधिका अरं भवति । तद् वचः अनुपतापि-उपतापरहितं अकारि । समाधेः कर्तृ । पावकं-पावनं । जयति जैनवचः । रसादयो ये भोगा-विषयास्तेष्वतिलम्पटानि करणानि-इन्द्रियाणि तान्येव अनवाः-चिरंतनाश्चौरास्तान् सादितुं-विध्वंसितुं शीलं यस्य तत् ॥ ६३ ॥

अन्वयः

यद् अत्र शृण्वतः जगतः समा अपि बुद्धिः अधिका अरं भवति, तद् अन्-उपतापि, समाधि-कारं, पावकं, रस-आदि-भोग-अति-लोल-करण-अ-नव-चोर-सादि जैन-वचः जयति ।

શબ્દાર્થ

शृण्वतः (मू० शृण्वत्)=શ્રવણ કરનાર, સાંભળનાર.
जगतः (मू० जगत्)=દુનિયાની.
समा (मू० सम)=સાધારણ.
अधिका=અધિક.
बुद्धिः (मू० बुद्धि)=મતિ.
उपताप=સંતાપ.
अनुपतापि=નહિ સંતાપ કરાવનારૂં.
समाधि=ઇન્દ્રિયોનો નિરોધ, સમાધિ.
समाधिकारं=સમાધિ કરનારૂં.
पावकं (मू० पावक)=પવિત્ર કરનારૂં.
जैनवचः=જિનનું વચન, જૈન આગમ.
रस=રસ.
भोग=વિષય.
लोल=તૃષ્ણાવાળું, લંપટ.
करण=ઇન્દ્રિય.
नव=નવીન.
चोर=ચોર, લૂટારો.
साद=નાશ.
रसादिभोगातिलोलकरणानवचोरसादि=રસ, વિગેરે વિષયોને વિષે અત્યંત લંપટ એવી ઇન્દ્રિયરૂપ જૂના ચોરોનો નાશ કરનારૂં.

શ્લોકાર્થ

જૈન વચનની પ્રધાનતા—

" જે (વચન)નું શ્રવણ કરનારા જગત્‌ની સાધારણ બુદ્ધિ પણ સત્વર અધિક (ઉત્કૃષ્ટ) બને છે (અર્થાત્ જે વચનનું શ્રવણ કરવાથી દુનિયાના મતિમન્દ મનુષ્યો પણ એકદમ બુદ્ધિશાળી બની જાય છે), તે, સંતાપ નહિ કરાવનારૂં, સમાધિ આપનારૂં, પવિત્ર કરનારૂં તથા રસાદિક [1]વિષયોને વિષે અતિશય લંપટ એવી ઇન્દ્રિયોરૂપી લાંબા સમયના ચોરોનો નાશ કરનારૂં જિન-વચન જય પામે છે."—૬૩

❋ ❋ ❋ ❋

कालीदेव्याः प्रार्थना—

धत्ते गदाक्षमिह दृक्पतिताञ्जनस्य
शान्तिं च या गतवती पतितां जनस्य ।
आमोदलोलमुखरोपरिपातुकाली
पद्मो यदासनमसौ परिपातु 'काली' ॥ ६४ ॥ १६ ॥

—वसन्त०

[1] આ વિષયો સંબંધી માહિતી માટે જુઓ ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિના ૮૫મા પદ્યનું સ્પષ્ટીકરણ.

टीका

या धत्ते गदाक्षं दृग्-दृष्टिस्तस्यां पतितं च तदञ्जनं च तस्य कान्तिं च या धत्ते । गतवती-प्राप्तवती । कां ? पतितां-स्वामितां जनस्य । पद्मः-कमलं यदासनं वर्तते । आमोदलोलाश्च ते मुखरा-ध्वनन्तश्च उपरि पतनशीला-उपरिपातुका अलिनो-भ्रमरा यत्र पद्मे सः ॥ ६४ ॥

अन्वयः

या गदा-अक्षं दृश्-पतित-अञ्जनस्य कान्तिं च धत्ते, इह जनस्य पतितां (च) गतवती, यद्-आसनं आमोद-लोल-मुखर-उपरि-पातुक-अली पद्मः, असौ 'काली' परिपातु ।

શબ્દાર્થ

गदाक्षं=ગદા અને જપ-માલાને.
दृश्=નેત્ર, દૃષ્ટિ.
पतित (धा० पत्)=પડેલા.
दृक्पतिताञ्जनस्य=પડેલ કાજલની.
कान्तिं (मू० कान्ति)=પ્રભાને.
गतवती (धा० गम्)=પ્રાપ્ત કર્યું.
पतितां=સ્વામિત્વને, સ્વામીપણાને.
जनस्य (मू० जन)=લોકના.
आमोद्=સુવાસ, સુગંધ.
मुखर=શબ્દાયમાન, ગુંજારવ કરનારા.
उपरि=ઉપર.
पत्=પડવું.
अलिन्=ભ્રમર, ભમરો.
आमोदलोलमुखरोपरिपातुकाली=સુવાસને વિષે લંપટ તેમજ ગુંજારવ કરનારા તથા વળી ઉપર પડવાના સ્વભાવવાળા ભ્રમરો છે જેને વિષે એવા.
पद्मः (मू० पद्म)=કમલ.
यदासनं=જેનું આસન.
असौ (मू० अदस्)=એ.
परिपातु (धा० पा)=પરિપાલન કરો.

શ્લોકાર્થ

કાલી દેવીને પ્રાર્થના—

" જે (દેવી) ગદા અને જપ-માલાને (હસ્તમાં) રાખે છે તથા નેત્રમાં પડેલા (અર્થાત્ આંજેલા) કાજલની કાન્તિને ધારણ કરે છે (અર્થાત્ જે કાજલસમાન શ્યામ છે) તેમજ વળી જેણે આ જગત્માં મનુષ્યનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું, તથા વળી સુવાસને વિષે આસક્ત તેમજ (એથી કરીને તો) ગુંજારવ કરનારા તથા વળી (એક એકના) ઉપર પડવાના સ્વભાવવાળા એવા ભ્રમરો છે જેને વિષે એવું કમલ જેનું આસન છે, તે કાલી (દેવી) (હે મોક્ષાભિલાષી જનો ! તમારૂં) પરિપાલન કરો. "—૬૪

સ્પષ્ટીકરણ

કાલી દેવીની સ્તુતિ પરત્વે વિચાર—

આ દેવીનું સ્વરૂપ તો આપણે ૩૨મા પદ્યના સ્પષ્ટીકરણમાં જોઇ ગયા છીએ, એટલે એ સંબંધી ફરી ઉલ્લેખ કરવાનો બાકી રહેતો નથી. પરંતુ એકની એક દેવીની ફરીથી કેમ સ્તુતિ કરી એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ફક્ત આ કવિરાજે તેમ કર્યું છે એમ નથી, પરંતુ તેમના પછી થયેલા **શ્રીશોભન** મુનીશ્વરે તેમજ મુનિ **શ્રીમેરૂવિજય** કવિરાજે તથા વળી ઉપાધ્યાય **શ્રીયશોવિજય** કવીશ્વરે પણ તેમ કર્યું છે (આ વાતની તેમણે રચેલી **સ્તુતિ-ચતુર્વિંશ-**

તિકાનાં, **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ**નાં અને **ઐન્દ્ર-સ્તુતિ**નાં ૨૦મા અને ૮૪મા પદ્યો સાક્ષી પૂરે છે). આથી કરીને શું એમ માનવું કે આ ગતાનુગતિક પ્રથા છે કે એમાં કંઇ સબળ કારણ રહેલું છે?

આ સંબંધમાં એમ નિવેદન કરવામાં આવે કે કેટલીક વાર વિદ્યા-દેવીઓનાં તેમજ શાસન-દેવીઓનાં નામો એક હોય છે (જેમકે **કાલી**, **મહાકાલી**, **ગાન્ધારી**, **વૈરોટ્યા** અને **અચ્છુપ્તા**), તેમ અત્ર બનવાજોગ છે, તો તે વાત પણ યુક્તિ-યુક્ત નથી. એનું કારણ એ છે કે આઠમા તેમજ સોળમા જિનેશ્વરની શાસન-દેવીનાં નામ તો **જ્વાલા-ભ્રકુટી** અને **નિર્વાણી** છે (એવીજ રીતે એકવીસમા જિનેશ્વરની શાસન-દેવીનું નામ **ગાન્ધારી** છે). આ સંબંધમાં એમ પણ કહી શકાય તેમ નથી કે જેમ આ કવિરાજે વિદ્યા-દેવીની સ્તુતિ ક્રમ વાર કરી નથી, તેમ શાસન-દેવીના સંબંધમાં પણ બન્યું હોય; કારણ કે જે જિનેશ્વરની જે શાસન-દેવી હોય, તે દેવીની સ્તુતિને તેજ જિનેશ્વરના સ્તુતિ-કદમ્બકમાં સ્થાન મળી શકે એ દેખીતી વાત છે.

વળી એકજ દેવીની ફરીથી સ્તુતિ કરવારૂપ અપવાદ આ કાવ્યમાં **ચતુર્વિંશતિ-જિનાનન્દ-સ્તુતિ**ની જેમ એકજ વાર દૃષ્ટિગોચર થતો હોત, તો તે પ્રમાદને લીધે એમ બન્યું હોય એમ કદાચ મનાત. પરંતુ હવે પછીના ૬૮મા પદ્યમાં **મહાકાલી**ની બીજી વાર સ્તુતિ કર્યાની અને શ્રુત-દેવતાની ૭૬મા અને ૮૦મા પદ્યમાં બીજી અને ત્રીજી વાર સ્તુતિ કર્યાની તેમજ **અંબા** દેવીની ૮૮મા અને ૯૬મા પદ્યમાં એમ બે વાર સ્તુતિ કર્યાની વાત પણ ભૂલી જવા જેવી નથી.

આ ઉપરથી જોઇ શકાય છે કે આ કંઇ પ્રમાદને લીધે બન્યું હોય એમ નથી, ત્યારે શું એમ માનવું કે **કાલી** અને **મહાકાલી** એ બે વિદ્યા-દેવીઓ કવિરાજની ઇષ્ટ દેવીઓ કે પરમ ઉપકારક હશે તેથી એમ બન્યું હોય? પરંતુ એમ વાત અંગીકાર કરવામાં આવે તો પણ **શ્રીશોભન** સૂરિજીએ, **શ્રીમેરૂવિજય** મુનિજીએ તેમજ **શ્રીયશોવિજય** ઉપાધ્યાયજીએ પણ **કાલી** દેવીની ફરીથી સ્તુતિ કરી છે તેનું કેમ એ પ્રશ્ન ઉભો રહે છે. સાથે સાથે આ ત્રણે વિદ્વદ્-રત્નોએ કારણ વિના આ પ્રમાણે સ્તુતિ કરી એમ પણ માનવું સહેલું નથી. અત્ર એમ નિવેદન કરવામાં આવે કે 'સૂરિ-મંત્ર'માં **કાલી** અને **મહાકાલી** એ બે દેવીઓના સંબંધમાં વધારે વાર ઉલ્લેખ આવતો હોવાથી એ દેવીઓની બીજી વાર સ્તુતિ કરવામાં આવી છે તો કેમ? આ પ્રશ્નનો ખુલાસો પાઠક-મહાશયને પૂછતો હું વિરમું છું.

---

૧ શ્રુત-દેવતાની સ્તુતિ એકથી વધારે વાર કરવામાં આવે તેમાં અડચણ નહિ હોય, કેમકે **શ્રીપાલરાજા**ના રાસમાં પણ પ્રથમ તેમજ દ્વિતીય ખણ્ડના પ્રારંભમાં એમ બન્યું છે.

१७ श्रीकुन्थुजिनस्तुतयः

अथ श्रीकुन्थुनाथस्य स्तुतिः—

हन्तुं महामोहतमोऽक्षमाणा-
मोजो नृणां योऽकृत मोक्षमाणा ।
यं चातिकृच्छ्राज्जनताऽऽप देवः
स्थाप्यात् स 'कुन्थुः' शिवतापदे वः ॥ ६५ ॥

—इन्द्रवज्रा

टीका

महामोह एव तमस्तत् हन्तुं अक्षमाणां—असमर्थानामोजो—बलं योऽकृत—कृतवान् । मोक्षमाणा—मोक्तुकामा जनता यं कुन्थुं आप—प्राप्तवती अतिकृच्छ्रात्—अतिदुःखात् । स स्थाप्यात् शिवतायाः पदे ॥ ६५ ॥

अन्वयः

यः महत्-मोह-तमः हन्तुं अ-क्षमाणां नृणां ओजः अकृत, मोक्षमाणा जनता यं च अति-कृच्छ्रात् आप, स 'कुन्थुः' देवः शिवता-पदे वः स्थाप्यात् ।

શબ્દાર્થ

हन्तुं (धा० हन्)=હણવાને, નાશ કરવાને.
तमस्=અંધકાર.
महामोहतमः=મહામોહરૂપ અંધકારને.
अक्षमाणां (मू० अक्षम)=અસમર્થ.
ओजस्=બલ, જોર.
अकृत (धा० कृ)=કરતા હવા.
मोक्षमाणा=મોક્ષની અભિલાષા રાખનારી, મુમુક્ષુ.
कृच्छ्र=સંકટ, કષ્ટ.
अतिकृच्छ्रात्=મહા મહેનતે.
आप (धा० आप्)=પ્રાપ્ત કર્યા.
देवः (मू० देव)=ઈશ્વર.
स्थाप्यात् (धा० स्था)=સ્થાપો.
कुन्थुः (मू० कुन्थु)=કુન્થુ (નાથ).
शिवता=કલ્યાણ.
पद=સ્થાન.
शिवतापदे=કલ્યાણના સ્થાનમાં.

શ્લોકાર્થ

શ્રીકુન્થુનાથની સ્તુતિ—

"જે મહામોહરૂપી અંધકારનો નાશ કરવામાં અસમર્થ એવા જનોને બલ આપતા હવા, તેમજ મુમુક્ષુ લોકને મહા મહેનતે જેનો મેળાપ થયો, તે [1]કુન્થુ(નાથ) (હે ભાવિક જનો!) તમને કલ્યાણના સ્થાનમાં સ્થાપો."—૬૫

---

૧ આ તીર્થંકરના સંબંધી સ્થૂલ માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૧૯૮).

સ્પષ્ટીકરણ

મીમાંસા—

આ પદ્ય 'ઇન્દ્રવજ્રા' વૃત્તમાં રચાયેલું છે અને એનું લક્ષણ નીચે મુજબ આપવામાં છે:—

" यस्यां त्रिषट्सप्तममक्षरं स्याद्
 ह्रस्वं सुजङ्घे ! नवमं च तद्वत् ।
गत्या विलज्जीकृतहंसकान्ते !
 तामिन्द्रवज्रां ब्रुवते कवीन्द्राः ॥ "—શ્રુત૦ શ્લો૦ ૨૦

આનો અર્થ એ છે કે—હે સુન્દર જંઘાવાળી (પ્રમદા)! જે વૃત્તમાં ત્રીજા, છઠ્ઠા સાતમા અક્ષરો હ્રસ્વ હોય અને તેની માફક નવમો અક્ષર પણ હ્રસ્વ હોય, તેને હે વડે લજ્જાસ્પદ કરી છે હંસની પ્રભાને જેણે એવી (પદ્મિની)! કવીશ્વરો 'ઇન્દ્રવજ્રા' છે. આ વૃત્તના દરેક ચરણમાં ૧૧ અક્ષરો હોય છે અને વળી તેના પાંચમા તેમજ અગિયારમા છઠ્ઠા અક્ષર ઉપર વિશ્રામ લઇ શકાય છે. એમાં त, त અને ज એમ ત્રણ ગણો છે અને છેવટના બે અક્ષરો દીર્ઘ હોય છે. આ વાત ધ્યાનમાં આવે તેટલા માટે આ પદ્યનું ચરણ વિચારીએ.

– – ⏑ – – ⏑ ⏑ – ⏑ – –
हन् तुम् म । हा मो ह । त मोऽकू प । मा णा
त त ज ग ग

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાં કંઇ નવીન પ્રકારના યમકના દર્શન થતા નથી. પરંતુ તૃતીય પદ્યમાં જે નો આરંભ કરવામાં આવ્યો હતો, તેના અત્ર અન્તિમ દર્શન થાય છે.

* * * *

जिनदर्शनस्य प्रभावः—

संसाररूपः सुबृहन्नुदन्वा-
 नलङ्घि पीडानिवहं नुदन् वा ।
यद्दर्शनात् प्रापि जनेन नाकः
 स्तूयाज्जिनांस्तान् भुवने न ना कः? ॥ ६६ ॥

—उपजातिः

टीका

संसारो रूपं यस्य स संसाररूपः सुबृहन्–महान् उदन्वान्–समुद्रोऽलङ्घि । दर्शनात् पीडौघं नुदन्–प्रेरयन् । वा चशब्दार्थे । नुदन् स्वर्गविशेषणम् । एवंविधः [ ] नाकः–स्वर्गः प्रापि–प्राप्तवान् (सः) जनेन । तान् जिनान् को ना–पुरुषो न स्तूयात्? किन्तु स्तूयादेव ॥ ६६ ॥

अन्वयः

यद्-दर्शनात् जनेन संसार-रूपः सु-बृहन् उदन्वान् अलङ्घि, पीडा-निवहं नुदन् नाकः वा प्रापि, तान् जिनान् भुवने कः ना न स्तूयात् ?।

શબ્દાર્થ

संसार=(૧) ચોર્યાસી લાખ જીવ-યોનિમાં પરિભ્રમણ કરવું તે; (૨) ચોર્યાસી લાખ જીવ-યોનિ; (૩) કર્મબદ્ધ અવસ્થા.
रूप=રૂપ.
संसाररूपः=સંસારરૂપી.
सुबृहन् (મૂ૰ सुबृहत्)=અતિશય મોટો.
उदन्वान् (મૂ૰ उदन्वत्)=દરિયો, સાગર.
अलङ्घि (ધા૰ लङ्घ्)=ઉલ્લંઘન કરાયો.
पीडा=દુઃખ.
निवह=સમૂહ.
पीडानिवहं=સંતાપના સમૂહને.
नुदन् (મૂ૰ नुदत्)=પ્રેરણા કરતો, નાશ કરતો.
वा=અને.
दर्शन=દર્શન, જોવું તે.
यद्दर्शनात्=જેના દર્શનથી.
प्रापि (ધા૰ आप्)=પ્રાપ્ત કરાયું.
जनेन (મૂ૰ जन)=મનુષ્યથી.
नाकः (મૂ૰ नाक)=સ્વર્ગ.
स्तूयात् (ધા૰ स्तु)=સ્તવે, સ્તુતિ કરે.
जिनान् (મૂ૰ जिन)=તીર્થંકરોને.
तान् (મૂ૰ तद्)=તેમને.
भुवने (મૂ૰ भुवन)=જગતને વિષે.
कः (મૂ૰ किम्)=કયો.

શ્લોકાર્થ

જિનેશ્વરોના દર્શનનો પ્રભાવ—

"જેના દર્શન (માત્ર)થી મનુષ્ય સંસારરૂપી [1]મહાસાગર ઓળંગી જતા હવા તેમજ સંતાપના સમૂહને દૂર કરનારા એવા સ્વર્ગને (પણ) પ્રાપ્ત કરતા હવા, તે તીર્થંકરોની જગત્માં કયો માનવ સ્તુતિ નહિ કરે ? (અર્થાત્ સર્વ જન કરેજ.) "—૬૬

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

'પાદાંતસમચતુરક્ષરપુનરાવૃત્તિ' નામના યમકથી વિભૂષિત એવા આ પદ્યનાં દ્વિતીય સિવાયનાં સમસ્ત ચરણો 'ઇન્દ્રવજ્રા'માં રચાયેલાં છે, જ્યારે દ્વિતીય ચરણ 'ઉપેન્દ્રવજ્રા'માં રચવામાં આવ્યું છે. આવા સંમિશ્રિત વૃત્તને 'ઉપજાતિ' તરીકે ઓળખાવવામાં આવે છે. 'ઇન્દ્રવજ્રા'નું લક્ષણ તો આપણે ગત શ્લોકમાં જોઇ ગયા છીએ. વાસ્તે અત્ર **ઉપેન્દ્રવજ્રા** અને **ઉપજાતિ** પરત્વે વિચાર કરવામાં આવે છે.

"यदीन्द्रवज्राचरणेषु पूर्वे
भवन्ति वर्णा लघवः सुवर्णे !।
अमन्दमाद्य-मदने ! तदानी-
मुपेन्द्रवज्रा कथिता कवीन्द्रैः ॥"—શ્રુત૦ શ્લો૦ ૨૧

---

૧ સંસારને મહાસાગર કહેવો તે યોગ્ય છે, એ વાત ઉપર **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૪૭) પ્રકાશ પાડે છે.

અર્થાત્—હે સુન્દર વર્ણવાળી (વનિતા)! જો ઇન્દ્રવજ્રાનાં ચારે ચરણોનો પ્રથમ વર્ણ હ્રસ્વ હોય, તો તે વૃત્તને, વિપુલ તેમજ હર્ષકારી છે કંદર્પ જેનો એવી હે (યુવતિ)! કવીશ્વરો 'ઉપેન્દ્રવજ્રા' કહે છે.

ઉપજાતિના સંબંધમાં એમ કહેવામાં આવે છે કે—

"यत्र द्वयोरप्यनयोस्तु पादा
भवन्ति सीमन्तिनि ! चन्द्रकान्ते ! ।
विद्वद्भिराद्यैः परिकीर्तिता सा
प्रयुज्यतामित्युपजातिरेषा ॥"—શ્રુત૦ શ્લો૦ ૨૨

અર્થાત્—"હે સીમન્તિની (ઉત્તમ સેંથાવાળી સુન્દરી)! જે વૃત્તમાં ઇન્દ્રવજ્રાનાં તેમજ ઉપેન્દ્રવજ્રાનાં ચરણો હોય, તેને હે ચન્દ્રના જેવી પ્રભાવાળી (પ્રમદા)! પ્રાચીન વિદ્વાનોએ 'ઉપજાતિ' તરીકે ઓળખાવેલ છે, એમ તું જાણ."

આ ઉપરથી જોઇ શકાય છે કે 'ઇન્દ્રવજ્રા' અને 'ઉપેન્દ્રવજ્રા' મળીને 'ઉપજાતિ' છંદ થાય છે. 'ઇન્દ્રવજ્રા'માં કયા કયા ગણો છે, તે વાત આપણે ગત શ્લોકમાં વિચારી ગયા છીએ, એટલે અત્ર 'ઉપેન્દ્રવજ્રા' સંબંધી વિચાર કરવો બાકી રહે છે. 'ઉપેન્દ્રવજ્રા'ના સંબંધમાં કહ્યું છે કે—

"उपेन्द्रवज्रा जतजास्ततो गौ"

અર્થાત્—'ઉપેન્દ્રવજ્રા' છંદમાં ज, त અને ज એમ ત્રણ ગણો છે અને છેવટના બે અક્ષરો દીર્ઘ છે. આ વાત સ્પષ્ટ રીતે ધ્યાનમાં આવે એટલા માટે આ પદ્યનું દ્વિતીય ચરણ વિચારીએ.

⏑ – ⏑ – – ⏑ ⏑ – ⏑ – –
अ लङ्घि । पी डा नि । व ह्रं नु । वृन् वा ।
ज त ज ग ग

* * * *

जिनवाणीमाहात्म्यः—

वज्रा[illegible]नां दुष्कृतपर्वतानां
निर्वाणदानात् कृतपर्वतानाम् ।
जिनेन्द्रवाणीमव[illegible]तानेष्ठां
समाश्रयध्वं स्वव[illegible]तानेष्ठाम् ॥ ६७ ॥

—उप०

टीका

[illegible]कृतान्येव पर्वतास्तेषां विदारणे वज्राशनीम् । निर्वाणदानात्—मोक्षदानात् कृतं पर्वणां—[illegible]त्सवानां तानो—विस्तारो यया सा ताम् । नास्यां वदन्ति परवादिन[illegible] त्ववदा,

अवदा चासौ अतनिष्ठा-- हत्प्रमाणा च । सुष्ठु अवदातः-शोभनो निष्ठः-पर्यन्तो यस्याः सा ॥ ६७ ॥

अन्वयः

दुष्कृत-पर्वतानां वज्र-अशनीं, निर्वाण-दानात् कृत-पर्व-तानां अ-वद-अ-तनिष्ठां सु-अवदात-निष्ठां जिन-इन्द्र-वाणीं समाश्रयध्वम् ।

શબ્દાર્થ

वज्राशनीं (મૂ० वज्राशनी)=ઇન્દ્રના વજ્ર (તુલ્ય).
दुष्कृत=પાપ.
पर्वत=પર્વત, પહાડ.
दुष्कृतपर्वतानां=પાપરૂપ પર્વતોના.
निर्वाण=મોક્ષ, મુક્તિ.
दान=આપવું તે.
निर्वाणदानात् =મોક્ષના દાનથી.
पर्वन्=મહોત્સવ.
तान=વિસ્તાર.
कृतपर्वतानां=કર્યો છે મહોત્સવોનો વિસ્તાર જેણે એવી.
वाणी=દેશના.
जिनेन्द्रवाणीं=જિનવરની વાણીને.
अवद=નહિ બોલનારા છે (વાદીઓ) જેને વિષે એવી.
अतनिष्ठ=અનલ્પ, અતિશય વિસ્તારયુક્ત.
अवदातनिष्ठां=(વાદીઓને) મૌન ધારણ કરાવનારી તેમજ અતિશય વિસ્તારવાળી.
समाश्रयध्वम् (धा० श्रि)=તમે આશ્રય કરો.
अवदात=નિર્મલ.
निष्ठा=અન્ત, છેવટ.
स्ववदातनिष्ठां=સુનિર્મલ છે અન્ત જેનો એવી.

શ્લોકાર્થ

જિન-વાણીનું માહાત્મ્ય—

"પાપરૂપ પર્વતોનું (વિદારણ કરવામાં) ઇન્દ્રના વજ્રતુલ્ય એવી, તથા વળી મુક્તિનું દાન દઇને કર્યો છે મહોત્સવોનો વિસ્તાર જેણે એવી, (વાદીઓને) મૌન ધારણ કરાવનારી તેમજ અતિશય પ્રમાણવાળી તેમજ વળી સુનિર્મલ છે અન્ત જેનો એવી જિનવરની વાણીનો (હે સન્તો !) તમે આશ્રય લો."—૬૭

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ પદ્યનાં પ્રથમનાં બે ચરણો 'ઇન્દ્રવજ્રા' વૃત્તમાં રચાયેલાં છે, જ્યારે અંતિમ બે ચરણો તો 'ઉપેન્દ્રવજ્રા' વૃત્તમાં રચવામાં આવ્યાં છે. આથી કરીને આ પદ્ય પણ 'ઉપજાતિ' વૃત્તમાં રચાયેલું છે, એમ કહી શકાય.

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાં પ્રથમ દૃષ્ટિ-ગોચર થતો યમક નજરે પડે છે. વિશેષમાં હવે પછી આ પ્રકારના યમકના આ કાવ્યમાં દર્શન થતા નથી, એ વાતનો અત્ર ઉલ્લેખ કરવો અનાવશ્યક નહિ ગણાય.

* * * *

महाकाल्या देव्याः स्तुतिः—

घण्टेन्द्रशस्त्रं सफलाक्षमालं
नृस्था वहन्ती विमला क्षमाऽलम् ।
वरेषु वः पातु तमालकान्ता
देवी 'महाकाल्य'समालकान्ता ॥ ६८ ॥ १७ ॥

—उप०

टीका

घण्टा च इन्द्रशस्त्रं–वज्रं च ततः समाहारः । फलं च अक्षमाला च ताभ्यां सह–सहितं यत् घण्टेन्द्रशस्त्रं (तत्) वहन्ती–धारयन्ती । मनुष्ये स्थिता । विगतमला । क्षमा–समर्था । वरेषु कर्तव्येषु । तमालस्येव कान्ता–मनोज्ञा । अलकाः–केशाः ॥ ६८ ॥

अन्वयः

सह–फल–अक्ष–मालं घण्ट–इन्द्र–शस्त्रं वहन्ती, नृ–स्था, वि–मला, वरेषु अलं क्षमा, तमाल–कान्ता, अ–सम–अलक–अन्ता 'महाकाली' देवी वः पातु ।

શબ્દાર્થ

शस्त्र=આયુધ, હથિયાર.
इन्द्रशस्त्र=ઇન્દ્રનું આયુધ, વજ્ર.
घण्टेन्द्रशस्त्रं=ઘણ્ટ અને વજ્રને.
सफलाक्षमालं=ફલ અને જપ-માલાથી યુક્ત.
वहन्ती (धा० वह्)=વહન કરનારી, ધારણ કરનારી.
विमला (मू० विमल)=જતો રહ્યો છે મળ જેમાંથી એવી, નિર્મલ.
क्षमा (मू० क्षम)=સમર્થ.
वरेषु (मू० वर)=ઉત્તમ (કાર્યોને વિષે).
कान्त=મનોજ્ઞ, મનોહર.
तमालकान्ता=તમાલ (વૃક્ષ)ના જેવી મનોહર.
देवी=દેવતા.
असम=(૧) સરખા નહિ તે, વક્ર; (૨) અસાધારણ.
अलक=કેશ, વાળ.
अन्त=છેડો.
असमालकान्ता=વક્ર અથવા અસાધારણ છે કેશના અન્ત જેના એવી.

શ્લોકાર્થ

મહાકાલી દેવીની સ્તુતિ—

" ફલ તેમજ જપ-માલાથી યુક્ત એવાં ઘણ્ટ અને વજ્રને ધારણ કરનારી, મનુષ્યના ઉપર આરૂઢ થનારી, નિર્મલ, તથા વળી ઉત્તમ (કાર્યોને વિષે) સર્વથા સમર્થ, તમાલ (વૃક્ષ)ના જેવી મનોહર અને વક્ર [અથવા અનુપમ] છે કેશના અન્ત જેના એવી મહાકાલી દેવી (હે ભવ્યો !) તમારૂં રક્ષણ કરો. "—૬૮

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આપણે જોઇ ગયા તેમ ૬૫મું પદ્ય 'ઇન્દ્રવજ્રા' વૃત્તમાં અને ત્યાર પછીનાં બે પદ્યો 'ઉપજાતિ' વૃત્તમાં રચવામાં આવ્યાં છે, પરંતુ તેમાં કંઇક ફરક છે. એવીજ રીતે આ પદ્યના સંબંધમાં પણ સમજવું. અર્થાત્ આ પદ્યનાં પ્રથમ, દ્વિતીય અને ચતુર્થ ચરણો 'ઇન્દ્રવજ્રા'માં અને તૃતીય ચરણ 'ઉપેન્દ્રવજ્રા'માં રચાયેલ છે. આથી કરીને આ પદ્ય પણ 'ઉપજાતિ' વૃત્તમાં રચાયેલું છે એમ કહેવું ખોટું નહિ ગણાય.

અત્ર એ ધ્યાનમાં રાખવું કે એકંદર રીતે 'ઉપજાતિ'ના ચૌદ પ્રકારો છે. આ પ્રકારો ઇન્દ્રવજ્રા કે ઉપેન્દ્રવજ્રાના એકજ વૃત્તમાં કેટલાં ચરણો છે અને તે પ્રથમ, દ્વિતીય, તૃતીય કે ચતુર્થ ચરણરૂપ છે તેને લક્ષ્યમાં રાખી પાડવામાં આવ્યા છે. આ [1]ચૌદ પ્રકારોમાંના ત્રણ પ્રકારો તો આ તેમજ તેની પૂર્વેનાં બે પદ્યો ઉપરથી જોઇ શકાય છે.

પદ્ય-ચમત્કાર—

આ પદ્યના પદ્ય-ચમત્કારના સંબંધમાં એટલુંજ નિવેદન કરવું બસ છે કે છઠ્ઠા પદ્યમાં જે 'પાદાંતસમચતુરક્ષરપુનરાવૃત્તિ' નામનો યમક પ્રથમતઃ દૃષ્ટિ-ગોચર થયો હતો, તેના અત્ર અન્તિમ દર્શન થાય છે.

---

૧ ત્રણ ચરણો ઇન્દ્રવજ્રાનાં હોય અને એક ચરણ ઉપેન્દ્રવજ્રાનું હોય એવા ઉપજાતિ છંદના તેમજ ત્રણ ચરણો ઉપેન્દ્રવજ્રાનાં હોય અને બાકીનું એક ચરણ ઇન્દ્રવજ્રાનું હોય એવા પણ ઉપજાતિ છંદના ચાર પ્રકારો પડે છે. બે ચરણો ઇન્દ્રવજ્રાનાં અને બે ચરણો ઉપેન્દ્રવજ્રાનાં હોય એવા ઉપજાતિ છંદના છ પ્રકારો પડે છે. આ ઉપરથી જોઇ શકાય છે કે ઉપજાતિના બધા મળીને ૪+૪+૬=૧૪ પ્રકારો પડે છે.

१८ श्रीअरजिनस्तुतयः

अथ श्रीअरनाथस्य स्तुतिः—

स्तुत तं येन नि त्या-मरञ्जि नवरञ्जनाः ।
विहाय लक्ष्मीर्जगता-'मरं' जिनवरं जनाः ! ॥ ६९ ॥

—अनुष्टुप्

टीका

स्तुत तम् । येन निर्वृत्यां-मोक्षेऽरञ्जि-रक्तम् । नवं-विविधप्रकारं रञ्जनं-चित्ताकर्षणं यासां ताः । विहाय-हित्वा । काः ? लक्ष्मीः जगताम् ॥ ६९ ॥

अन्वयः

जगतां नव-रञ्जनाः लक्ष्मीः विहाय येन निर्वृत्यां अरञ्जि, तं 'अरं' जिनवरं (हे) जनाः ! स्तुत ।

શબ્દાર્થ

स्तुत (धा० स्तु)=તમે સ્તુતિ કરો, સ્તવો.
येन (मू० यद्)=જે.
निर्वृत्यां (मू० निर्वृति)=મુક્તિમાં, સિદ્ધિમાં.
अरञ्जि (धा० रञ्ज्)=રક્ત બન્યા, રાગી થયા.
नव=નૂતન, નવનવા.
रञ्जन=પ્રીતિ ઉત્પન્ન કરનાર, ચિત્તાકર્ષણ.
नवरञ्जनाः=નવનવાં છે ચિત્તાકર્ષણો જેમાં એવી.
विहाय (धा० हा)=ત્યજી દઇને.
लक्ष्मीः (मू० लक्ष्मी)=ધનને, દોલતને.
जगतां (मू० जगत्)=દુનિયાઓની.
अरं (मू० अर)=અર(નાથ)ને.
जिनवरं (मू० जिनवर)=જિનેશ્વરને.

શ્લોકાર્થ

શ્રીઅરનાથની સ્તુતિ—

" નવનવાં ચિત્ત—આકર્ષણો છે જેમાં એવી દુનિયાઓની સંપત્તિઓનો ત્યાગ કરીને (અર્થાત્ [1]ચક્રવર્તીની લક્ષ્મીને પણ જલાંજલિ આપીને) જે મુક્તિ(રૂપી રમણી)ના રાગી બન્યા, તે [2]અર (નામના) જિનેશ્વરને હે મનુષ્યો ! તમે સ્તવો. "—૬૯

---

૧ ચક્રવર્તીની સ્થૂલ રૂપરેખા **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૧૯૯-૨૦૦, ૨૦૯-૨૧૭)માં આલેખવામાં આવી છે. એ સંબંધી વિશિષ્ટ માહિતી માટે તો જુઓ જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ, તૃતીય વક્ષસ્કાર.

૨ આ અઢારમા તીર્થંકર શ્રીઅરનાથ કે જેઓ સોળમા અને સત્તરમા તીર્થંકરોની જેમ ચક્રવર્તીની લક્ષ્મી પણ પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી બન્યા હતા, તેમના જીવનની કંઇક રૂપરેખા **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૨૦૮) ઉપરથી જોઇ શકાશે.

સ્પષ્ટીકરણ

પદ્ય-ચમત્કાર—

૨૫મા પદ્યમાં જેમ દ્વિતીય અને ચતુર્થ ચરણોની સમાનતા દૃષ્ટિ-ગોચર થઇ હતી, તેમ આ પદ્યમાં તેમજ ત્યાર પછી પણ છેક ૯૨મા પદ્ય પર્યંત ચરણોની સમાનતારૂપી પદ્ય-ચમત્કાર નજરે પડે છે. આ સંપૂર્ણ કાવ્યમાં આ પ્રકારનો પદ્ય-ચમત્કાર પ્રધાન પદ ભોગવે છે; કેમકે આવા ચમત્કારથી અલંકૃત પદ્યોની સંખ્યા ૨૯ની છે, જ્યારે અન્ય પ્રકારના ચમત્કારથી વિભૂષિત પદ્યોની સંખ્યા વધારેમાં વધારે ૧૨ની જોવામાં આવે છે.

* * * *

जिनकदम्बकस्य स्तुतिः—

त्रिलोकीं फलयन् पातु, सन्मनःपादपां स वः ।
जिनौघो यस्य वन्द्याः श्रीसद्मनः पादपांसवः ॥ ७० ॥

—अनुष्टुप्

टीका

स जिनौघो वः पातु । त्रिलोकीं यः फलयन् फलवतीं कुर्वन् सन्ति-शोभनानि मनांसि येषां त एव पादपा-वृक्षा यस्यां सा, त्रिलोकीविशेषणम् । तथा यस्य पादानां पांसवो-रेणवः । वन्द्या-वन्दनीयाः । श्रीसद्मनः-श्रीगृहस्य, यस्य (जिनसमूहस्य) विशेषणम् ॥७०॥

अन्वयः

यस्य श्री-सद्मनः पाद-पांसवः वन्द्याः, स जिन-ओघः सत्-मनस्-पादपां त्रि-लोकीं फलयन् वः पातु ।

શબ્દાર્થ

त्रिलोकीं (मू० त्रिलोकी)=ત્રૈલોક્યને.
फलयन्=ફળવાન્ કરતો થકો.
पादप=વૃક્ષ, ઝાડ.
सन्मनःपादपां=સારા મન(વાળા મનુષ્યો)રૂપી વૃક્ષો છે જેને વિષે એવા.
जिनौघः (मू० जिनौघ)=જિનોનો સમુદાય.
यस्य (मू० यद्)=જેના.
वन्द्याः (मू० वन्द्य)=પૂજનીય, વન્દનીય.
सद्मन्=ગૃહ.
श्रीसद्मनः=લક્ષ્મી છે ગૃહ જેનું એવાના.
पाद=ચરણ.
पांसु=રજ.
पादपांसवः=ચરણની રજો.

શ્લોકાર્થ

જિન-સમુદાયની સ્તુતિ—

" લક્ષ્મી છે ગૃહ જેનું એવા જે (જિન-સમૂહ)નાં ચરણની રજો (રાજરાજેશ્વરોને પણ) વન્દનીય છે, તે, શુભ ચિત્ત(વાળા મનુષ્યો)રૂપ વૃક્ષો છે જેને વિષે એવા ત્રૈલોક્યને ફળવાન્ કરતો થકો જિનોનો સમુદાય (હે ભવિકો !) તમારું પરિપાલન કરો. "—૭૦

* * * *


वैरोख्या

[illegible]

जैन्यव्याद् वाक् सतां दत्त–मानन[illegible] न वा[illegible] ।
जय्या स्तुता च नीतीना–माननं दानवादिभिः ॥ ७१ ॥

—अनुष्टुप्

टीका

जैनी वाक् अव्यात्–रक्षतात् । सतां दत्तौ माननन्दौ–[illegible]जासमृद्धी यया सा । न वादिभिः जय्या–जेतुं शक्या । दानवप्रमुखैर्देवैः स्तुता च । नीतीनां आननं–मुखं या ॥७१॥

अन्वयः

सतां दत्त-मान-नन्दा, वादिभिः न जय्या, दानव-आदिभिः स्तुता, नीतीनां च आननं जैनी वाग् अव्यात् ।

શબ્દાર્થ

जैनी=જિન-વિષયક.
अव्यात् (धा० अव्)=રક્ષણ કરો.
सतां (मू० सत्)=સજ્જનોને.
दत्त (धा० दा)=અર્પણ કરેલ.
मान=પૂજા.
नन्द=(૧) હર્ષ; (૨) સમૃદ્ધિ.
दत्तमाननन्दा=અર્પણ કર્યાં છે પૂજા અને આનન્દ જેણે એવી.
वादिभिः (मू० वादिन्)=વાદીઓ વડે.
जय्या (मू० जय्य)=જીતી શકાય તેવી.
स्तुता (धा० स्तु)=સ્તુતિ કરાયેલી.
नीतीनां (मू० नीति)=નીતિઓના.
आननं (मू० आनन)=મુખ.
दानवादिभिः=દાનવ વિગેરે દ્વારા.

શ્લોકાર્થ

જિન-વાણીની સ્તુતિ—

"સજ્જનોને અર્પણ કર્યાં છે પૂજા અને આનન્દ જેણે એવી, વાદીઓ વડે નહિ જીતી શકાય તેવી, દાનવ (માનવ, સુર) ઇત્યાદિક વડે સ્તુતિ કરાયેલી તેમજ નીતિઓના મુખરૂપ એવી જિનેશ્વર-વિષયક વાણી (હે ભવ્યો ! તમારું) રક્ષણ કરો."—૭૧

* * * *

वैरोट्याः देव्याः स्तुतिः—

श्यामा नागाश्वपत्रा वो, 'वैरोट्या'ऽरं भयेऽवतु ।
शान्ता[illegible]तिर्यथाऽत्वल्न[illegible]वैरोऽत्व[illegible]मयव तु ॥ ७२ ॥ १८ ॥

—अनुष्टुप्

टीका

[illegible]यामवर्णा या । नागाः–सर्पा एव अश्वं पत्रं–वाहनं च यस्याः सा । वैरो[illegible] देवी ।

भये उत्पन्ने अवतु वः । शान्तः-प्र ान्ताऽरातिः-वैरी यया सा । अत्युग्रं वैरं यस्य सः । अत्या-गमनं तस्या आरम्भस्तस्मिन् । एवः अवधारणे । अत्र सन्धिरस्ति ॥ ७२ ॥

अन्वयः

यया अति-उग्र-वैरः अरातिः अत्या-आरम्भे एव तु शान्तः, (सा) श्यामा, नाग-अस्त्र-पत्रा 'वैरोट्या' भये वः अरं अवतु ।

શબ્દાર્થ

श्यामा (मू० श्याम)=કૃષ્ણવર્ણી.
नाग=સર્પ, સાપ.
अस्त्र=અસ્ત્ર.
नागास्त्रपत्रा=સર્પ છે અસ્ત્ર તેમજ વાહન જેનાં એવી.
वैरोट्या=વૈરોટ્યા (દેવી).
भये (मू० भय)=ભયને વિષે.
शान्तः (मू० शान्त)=શાંત કરેલ.
अरातिः (मू० अराति)=શત્રુ.
उग्र=તીવ્ર.
वैर=દુશ્મનાવટ, અદાવત.
अत्युग्रवैरः=અત્યંત તીવ્ર વેર છે જેને વિષે એવો.
अत्या=ગમન.
आरम्भ=શરૂઆત.
अत्यारम्भे=ગમનની શરૂઆતમાં.
तु=વિશેષતાવાચક અવ્યય.

શ્લોકાર્થ

વૈરોટ્યા દેવીની સ્તુતિ—

"અત્યંત તીવ્ર વેરને ધારણ કરનારો એવો દુશ્મન (પણ) જેના વડે ગમનની શરૂઆતમાંજ (અર્થાત્ જેને આવતી જોઇનેજ) શાંત થઇ ગયો, તે શ્યામવર્ણી તેમજ વળી સર્પ છે આયુધ તેમજ વાહન જેનાં એવી **વૈરોટ્યા** (દેવી) (હે ભવ્યો!) તમારૂં ભયમાંથી સત્વર રક્ષણ કરો."—૭૨

સ્પષ્ટીકરણ

વૈરોટ્યા દેવીનું સ્વરૂપ—

'અન્યોન્યના વૈરની શાન્તિ માટે આગમન છે જેનું તે વૈરોટ્યા' એ **વૈરોટ્યા** શબ્દનો વ્યુત્પત્તિ-અર્થ છે. આ પણ એક વિદ્યા-દેવી છે. એના સંબંધમાં **નિર્વાણ-કલિકા**માં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"**तथा वैरोट्यां श्यामवर्णामजगरवाहनां चतुर्भुजां खड्गोरगालङ्कृतदक्षिणकरां खेटकाहि तवा-मकरां चेति**" અર્થાત્–**વૈરોટ્યા** દેવીનો વર્ણ શ્યામ છે અને અજગર એ એનું વાહન છે. વળી તેને ચાર હાથ છે. તેના જમણા બે હાથો ખડ્ગ અને સર્પથી વિભૂષિત છે, જ્યારે તેના ડાબા બે હાથ ઢાલ અને સર્પથી અલંકૃત છે.

આચાર-દિનકરમાં તો આ દેવીનું સ્વરૂપ નીચે મુજબ આપ્યું છે:—

"**खड्गस्फुरत्स्फुरितवीर्यव [illegible]हस्ता**
सद्दन्दशूकवरदापरहस्त [illegible]ग्मा ।
सि [illegible]सनाऽब्ज [illegible] चारगौरा
वैरोट्ययाऽप्यभिधयाऽस्तु शिवाय देवी ॥–વસન્તતિલકા

—પત્રાંક ૧૬૩

१९ श्रीमल्लिजिनस्तुतयः

अथ श्रीमल्लिनाथस्य स्तुतिः—

करोतु नो 'मल्लि'जिनः, प्रियं गुरु चिरं हतिम् ।
द्विषां च तन्यात् सिद्धेश्च, प्रियङ्गुरुचिरंहतिम् ॥ ७३ ॥

—अनुष्टुप्

टीका

करोतु नः—अस्माकम् । प्रियम्—इष्टम् । गुरु—बृहत् । चिरं—प्रभूतकालम् । द्विषां हतिं—विनाशं च करोतु । सिद्धेश्च अंहतिं—दानं तन्यात् । प्रियङ्गोरिव रुचिः—कान्तिर्यस्य सः ॥ ७३ ॥

अन्वयः

प्रियङ्गु-रुचिः 'मल्लि'-जिनः नः गुरु चिरं प्रियं करोतु, द्विषां हतिं च सिद्धेः अंहतिं च तन्यात् ।

શબ્દાર્થ

करोतु (धा० कृ)=કરો.
जिन=તીર્થંકર.
मल्लिजिनः=મલ્લિ જિન.
प्रियं (मू० प्रिय)=ઇષ્ટ.
चिरं (मू० चिर)=ઘણા લાંબા સમય પર્યંતનું.
हतिं (मू० हति)=વિનાશને.
द्विषां (मू० द्विष्)=શત્રુઓના.
तन्यात् (धा० तन्)=કરો.
सिद्धेः (मू० सिद्धि)=મુક્તિનું.
प्रियङ्गु=વૃક્ષ-વિશેષ.
प्रियङ्गुरुचिः=પ્રિયંગુના જેવી છે કાન્તિ જેની.
अंहतिं (मू० अंहति)=દાનને.

શ્લોકાર્થ

શ્રીમલ્લિનાથની સ્તુતિ—

" પ્રિયંગુના જેવી છે કાન્તિ જેની એવા [1]મલ્લિ જિન અમારૂં લાંબા કાલ પર્યંત અતિશય અભીષ્ટ કરો, અમારા દુશ્મનોનો વિનાશ કરો અને અમને મુક્તિનું દાન દો. "—૭૩

* * * *

૧ આ ઓગણીસમા તીર્થંકરનું સ્થૂલ સ્વરૂપ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૨૭)માં આપવામાં આવ્યું છે.

जिनजन्ममहिमा—

जैनं जन्म श्रियं स्वर्ग–समग्रामं दधातु नः ।
क्षणदं मेरुशिरसः, समग्रामन्दधातुनः ॥ ७४ ॥

—अनुष्टुप्

टीका

जैनं जन्म श्रियं दधातु नः । स्वर्गस्य समा ग्रामा यस्मिन् जन्मनि तत् । क्षणदम्–उत्सवदम् । मेरुशिरसः । समग्राः–संपूर्णा अमन्दाः–स्पष्टा धातवो–हिंगुलादयो यस्मिन्, मेरु(शिरसः)विशेषणम् ॥ ७४ ॥

अन्वयः

समग्र–अ–मन्द–धातुनः मेरु–शिरसः क्षण–दं, स्वर्ग–सम–ग्रामं जैनं जन्म नः श्रियं दधातु ।

શબ્દાર્થ

जन्म (मू० जन्मन्)=જન્મ, ઉત્પત્તિ.
श्रियं (मू० श्री)=લક્ષ્મીને.
स्वर्ग=સ્વર્ગ.
ग्राम=ગામ.
स्वर्गसमग्रामं=સ્વર્ગસમાન થાય છે ગામો જેને વિષે એવા.
दधातु (धा० धा)=ધારણ કરો.
क्षण=મહોત્સવ.
क्षणदं (मू० क्षणद)=મહોત્સવ-દાયક.
शिरस्=શિખર.
मेरु=મેરૂ (પર્વત).
मेरुशिरसः=મેરૂના શિખરના.
समग्र=સંપૂર્ણ.
अमन्द=સ્પષ્ટ.
धातु=ધાતુ.
समग्रामन्दधातुनः=સંપૂર્ણ તેમજ સ્પષ્ટ છે ધાતુઓ જેને વિષે એવા.

શ્લોકાર્થ

જિનેશ્વરનો જન્મ-મહિમા—

" સંપૂર્ણ તેમજ સ્પષ્ટ (હિંગુલ વિગેરે) ધાતુઓ છે જેને વિષે એવા મેરૂ-શિખરને ઉત્સવ-દાયક એવો તેમજ સ્વર્ગસમાન બને છે ગામો જેને વિષે (અર્થાત્ જેનો ઉદય થતાં) એવો જિન-વિષયક જન્મ અમારૂં કલ્યાણ કરો. "—૭૪

* * * *

जिनवाण्याः संस्कारः—

जिनस्य भारती तमो–वनागसङ्गनाशिनाम् ।
उपेत हे जनता–वनागसं घनाशनीः ॥ ७५ ॥

—प्रमाणिका

टीका

भारतीं उपेत–प्राप्नुत । तम एव वनं तमोवनं तदेव अगाः–पर्वतास्तेषां सङ्घः–समुदायस्तस्य नाशनीम् । उन्नतिः–ऋद्धिस्तस्यां हेतुं–कारणम् । न विद्यते आगः–अपराधो यस्याः सा, वाग्विशेषणम् । तमोवनागनाशकत्वात् घनाशनीम् ॥ ७५ ॥

अन्वयः

जिनस्य तमस्-वन-अग-सङ्घ-नाशनीं, (अत एव) घन-अशनीं, उन्नतौ हेतुं अन्-आगसं भारतीं उपेत ।

શબ્દાર્થ

जिनस्य (मू० जिन)=તીર્થંકરની.
भारतीं (मू० भारती)=વાણીને.
तमस्=અજ્ઞાન.
सङ्घ=સમુદાય.
नाशनी (मू० नाशन)=નાશ કરનારી.
तमोवनागसङ्घनाशनीं=અજ્ઞાનરૂપી વન તે રૂપી પર્વતોના સમુદાયનો વિનાશ કરનારી.
उपेत (धा० इ)=તમે પ્રાપ્ત કરો.
हेतुं (मू० हेतु)=કારણ(રૂપ).
उन्नतौ (मू० उन्नति)=સમૃદ્ધિને વિષે.
अनागसं=અવિદ્યમાન છે પાપ જેને વિષે એવી, દોષ-રહિત.
घनाशनीं (मू० घनाशनी)=(૧) વજ્ર(સમાન); (૨) મેઘાગ્નિ(સમાન).

શ્લોકાર્થ

જિન-વાણીનો સ્વીકાર—

"અંધકારરૂપી વન તે રૂપી પર્વતોના [અથવા અંધકારરૂપ વનો છે જેમાં એવા પર્વતોના] સમુદાયનો વિનાશ કરનારી, અને (એથી કરીને તો) વજ્રના સમાન, વળી ઉન્નતિના કારણભૂત તથા વળી દોષ-રહિત એવી તીર્થંકરની વાણીનો (હે ભવ્યો !) તમે સ્વીકાર કરો."—૭૫

સ્પષ્ટીકરણ

પદ્ય-વિચાર—

આ પદ્ય 'પ્રમાણિકા' છંદમાં રચવામાં આવ્યું છે. વૃત્તરત્નાકર પ્રમાણે એનું લક્ષણ નીચે મુજબ છે:—

"प्रमाणिका जरौ लगौ"

અર્થાત્ આ પદ્યમાં જ અને ર એમ બે ગણો છે અને છેવટના બે અક્ષરો અનુક્રમે લઘુ અને ગુરૂ છે. આ વાત ધ્યાનમાં આવે તેટલા માટે આ પદ્યનું પ્રથમ ચરણ વિચારીએ.

⏑ – ⏑ – ⏑ – ⏑ –
जि नस्य । भा र तीं । त मो ।
ज　　　र　　　ल ग

* * * *

---

૧ આવો છંદ આચાર-દિનકર (પૃ૦ ૧૬૪) માં પણ દૃષ્ટિ-ગોચર થાય છે.

श्रुतदेवतायाः स्तुतिः—

वाग्देवी वरदीभूत-पुस्तिकाऽऽपन्मलक्षितौ ।
आपोऽव्याद् बिभ्रती हस्तौ, पुस्तिकापद्मलक्षितौ ॥७६॥१९॥

—अनुष्टुप्

टीका

वरदीभूतं पुस्तकं-लेप्यं प्रतिमा यस्याः सा । आपदेव मलं तस्य क्षितौ-विनाशे आपः-पानीयं या । पुस्तिका च पद्मं च ताभ्यां लक्षितौ हस्तौ बिभ्रती या ॥ ७६ ॥

अन्वयः

वरदीभूत-पुस्तिका आपद्-मल-क्षितौ आपः, पुस्तिका-पद्म-लक्षितौ हस्तौ बिभ्रती वाच्-देवी अव्यात् ।

શબ્દાર્થ

वाग्देवी=શ્રુત-દેવતા, સરસ્વતી.
वर=વરદાન.
वरदीभूत=વરદાન દેવું એ છે સ્વરૂપ જેનું તે.
पुस्तिका=ધાતુ, કાષ્ઠ વિગેરેની બનાવેલી વસ્તુ, લેપ્ય, પ્રતિમા.
वरदीभूतपुस्तिका=વરદાન દેનારી છે પ્રતિમા જેની એવી.
क्षिति=નાશ.
आपन्मलक्षितौ=વિપત્તિરૂપ મલનો નાશ કરવામાં.
आपः (મૂ૦ आपस्)=જલ.
बिभ्रती (ધા૦ भृ)=ધારણ કરનારી.
हस्तौ (મૂ૦ हस्त)=હાથને.
पुस्तिका=પોથી, પુસ્તક.
लक्षित=ચિહ્નિત.
पुस्तिकापद्मलक्षितौ=પુસ્તક અને પદ્મ વડે લક્ષિત.

શ્લોકાર્થ

શ્રુત-દેવતાની સ્તુતિ—

" વરદાન દેનારી છે પ્રતિમા જેની એવી, વળી વિપત્તિરૂપ મલનો નાશ કરવામાં (અર્થાત્ તેનું પ્રક્ષાલન કરવામાં) જલસમાન તથા વળી પુસ્તક અને પદ્મ વડે લક્ષિત એવા હાથને ધારણ કરનારી શ્રુત-દેવતા (હે ભવ્યો ! તમારૂં) રક્ષણ કરો."—૭૬

સ્પષ્ટીકરણ

શ્રુત-દેવતાની સ્તુતિ સંબંધી વિચાર—

જેમ ચોથા પદ્યમાં શ્રુત-દેવતાની સ્તુતિ કરવામાં આવી હતી તેમ આ પદ્યમાં પણ (તેમજ વળી હવે પછીના ૮૦મા પદ્યમાં પણ) તેની કવિરાજે સ્તુતિ કરી છે, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે. આ પ્રમાણે એક કાવ્યમાં ત્રણ વાર શા માટે શ્રુત-દેવતાની સ્તુતિ કરવામાં આવી હશે, એવો અત્ર પ્રશ્ન ઉદ્ભવે છે. એના ઉત્તર તરીકે એમ નિવેદન કરી શકાય કે જૂદા જૂદા તીર્થંકરોની દ્વાદશાંગીરૂપ શ્રુતની અધિષ્ઠાયિકા દેવી એક ન હોવાથી આમ વારંવાર સ્તુતિ કરવામાં આવી હશે.

२० श्रीमुनिसुव्रतजिनस्तुतयः

श्री[illegible]निसुव्रतनाथस्य स्तुतिः—

[illegible] 'सुव्रत !' भव्यशिखण्डिना-
मरहितापघनाञ्जननीलताम् ।
दधदलं फलयंश्च समं भुवा-
ऽमरहितापघनां जननीलताम् ॥ ७७ ॥

—द्रुतविलम्बितम्

टीका

भव्या एव शिखण्डिनो–मयूरास्तेषाम् । अरहितापश्चासौ घनश्च तस्यामन्त्रण[illegible] । अ[illegible]नामेव नीलतां दधत् त्वं जयसि । भुवा–पृथ्व्या समम् । जननीलतां फलवतीं कुर्वन् । अमरेभ्यो [illegible]तानि अपघनानि–अङ्गानि यस्याः सा ताम् ॥ ७७ ॥

अन्वयः

(हे) 'सुव्रत !' भव्य-शिखण्डिनां अ-रहित-आप-घन ! अञ्जन-नीलतां दधत्, भुवा समं अमर-हित-अपघनां जननी-लतां अलं फलयन् च (त्वं) जयसि ।

શબ્દાર્થ

जयसि (धा० जि)=તું જય પામે છે.
सुव्रत ! (मू० सुव्रत)=હે સુવ્રત (નાથ), હે [1]મુનિ-સુવ્રત !
भव्यशिखण्डि[illegible]=ભવ્યરૂપી મયૂરોના.
आप=જલનો સમૂહ.
अरहितापघन !=નથી રહિત જલના સમૂહથી એવા મેઘસમાન ! (સં૦)
नीलता=કૃષ્ણતા, કાળાશ.
अञ्जननीलतां=કાજલના જેવી કાળાશને.
दधत् (धा० धा)=ધારણ કરતો થકો.
समं=સાથે સાથે, એકજ વખતે.
भुवा (मू० भू)=પૃથ્વીથી.
अपघन=અવયવ.
हित=કલ્યાણકારી.
अमरहितापघनां=દેવોને હિતકારી છે અવયવો જેનાં એવી.
जननीलतां=માતારૂપી વેલને.

1 આ સંબંધમાં જુઓ પૃ૦ ૯૫.

શ્લોકાર્થ

શ્રીમુનિસુવ્રતનાથની સ્તુતિ—

" હે [1]સુવ્રત (નાથ)! હે ભવ્ય (જીવ)રૂપ મયૂરને (આનંદ આપવામાં) જલથી પરિપૂર્ણ એવા મેઘસમાન! કાજલના જેવી કૃષ્ણતાને ધારણ કરતો તેમજ પૃથ્વી (ઉપરના જીવો)ની સાથે સાથે દેવોને (પણ) હિતકારી છે અવયવો જેનાં એવી માતારૂપી વેલને અત્યંત ફલવતી કરતો થકો તું જય પામે છે."—૭૭

* * * *

समग्रजिनवराणां स्तुतिः—

> प्रतिजिनं क्रमवारिरुहाणि नः
> सुखचितानि हितानि नवानि शम् ।
> दधति रान्तु पदानि नखप्रभा-
> सुखचितानि हि तानि नवानिशम् ॥ ७८ ॥

—द्रुत०

टीका

जिनं जिनं प्रति क्रमाणामधो वारिरुहाणि अनिशं शं-सुखं रान्तु-ददतु । सुखेन चितानि हितानि-पथ्यानि नवानि-प्रत्यग्राणि दधति-धारयमाणानि । कानि ? पदानि । किंभूतानि ? नखानां प्रभया सुष्ठु-अतीव खचितानि-रञ्जितानि । हिः पूरणे । तानि कियत्प्रमाणानि ? नव ॥ ७८ ॥

अन्वयः

सुख-चितानि हितानि नख-प्रभा-सु-खचितानि पदानि दधति तानि नवानि नव प्रति-जिनं क्रम-वारिरुहाणि नः हि अनिशं शं रान्तु ।

શબ્દાર્થ

प्रतिजिनं=પ્રત્યેક જિન પ્રતિ, દરેક તીર્થંકર પ્રતિ.
वारि=જલ.
रुह्=ઉગવું.
वारिरुह=કમલ.
क्रमवारिरुहाणि=ચરણોની (નીચે મૂકેલાં) કમલો.
चित (धा० चि)=ગોઠવેલ.
सुखचितानि=સુખે ગોઠવેલાં.
हितानि (मू० हित)=હિતકારક.
नवानि (मू० नव)=પ્રત્યગ્ર, તાજાં.
दधति (मू० दधत्)=ધારણ કરનારાં.
रान्तु (धा० रा)=આપો.
पदानि (मू० पद)=પગલાં.
नख=નખ.
खचित=વ્યાપ્ત.
नखप्रभासुखचितानि=નખની કાન્તિવડે અત્યંત વ્યાપ્ત.
हि=પાદપૂર્તિવાચક અવ્યય.
तानि (मू० तद्)=તે.
नव (मू० नवन्)=નવ.
अनिशं=પ્રતિદિન, સર્વદા.

---

[1] આ વીસમા તીર્થંકરની સ્થૂલ રૂપરેખા સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૩૯)માં આલેખવામાં આવી છે.

श्लोकार्थ

સમગ્ર જિનેશ્વરોની સ્તુતિ—

"સુખે ગોઠવેલાં, તથા હિતકારક તેમજ નખની કાન્તિવડે અત્યંત શોભે એવાં પગલાંને ધારણ કરનારાં તે દરેક જિનનાં ચરણની નીચે (સ્થાપન કરાતાં) નવીન નવ કમલો આપણને સર્વદા સુખ સમર્પો."—૭૮

* * * *

जिनमतप्रशंसा—

जयति तत् समुदायमयं दृशा-
मतिकवी रमते परमे धने ।
महति यत्र विशालबलप्रभा-
मतिकवीरमते परमेधने ॥ ७९ ॥

—द्रुत०

टीका

तन्मतं जयति सर्वदर्शनानां निपातात् समु० । अतिकविः रमते । मतमेव धनं तस्मिन् । विशाला बलप्रभामतयो यस्य एवंविधश्चासौ वीरश्च तस्य मते । परम्—अत्यर्थं एधने—वर्धने ज्ञानादिभिः ॥ ७९ ॥

अन्वयः

यत्र परमे धने महति परं एधने विशाल-बल-प्रभा-मति-क-वीर-मते अति-कविः रमते, तत् दृशां समुदाय-मयं (मतं) जयति ।

શબ્દાર્થ

समुदाय=સંગ્રહ.
समुदायमयं=સંગ્રહરૂપ.
दृशां (मू० दृश्)=દૃષ્ટિઓના, દર્શનોના, મતોના.
कविः=(૧) કવિ, કાવ્ય રચનાર; (૨) પણ્ડિત.
अतिकविः=(૧) મહાકવિ, કવીશ્વર; (૨) મહાપણ્ડિત.
रमते (धा० रम्)=રમે છે.
परमे (मू० परम)=ઉત્કૃષ્ટ.
धने (मू० धन)=લક્ષ્મીને વિષે.
महति (मू० महत्)=વિશાળ, મોટા પ્રમાણવાળા.
यत्र=જ્યાં, જેને વિષે.
विशाल=વિસ્તીર્ણ.
बल=પરાક્રમ.
मति=બુદ્ધિ.
मत=દર્શન.
विशालबलप्रभामतिकवीरमते=વિશાળ છે પરાક્રમ, તેજ અને બુદ્ધિ જેનાં એવા જિનના મતને વિષે.
परं=અત્યંત.
एधने (मू० एधन)=વૃદ્ધિને વિષે.

શ્લોકાર્થ

જિન-મતની પ્રશંસા—

"ઉત્કૃષ્ટ લક્ષ્મીરૂપ તથા મહાન્ એવા, તથા વળી (જ્ઞાનાદિક વડે) અત્યંત વૃદ્ધિ પામવારૂપ તેમજ વળી વિશાળ છે પરાક્રમ, તેજ અને બુદ્ધિ જેનાં એવા જે જિનના મતને વિષે કવિરાજ રમે છે, તે (વિવિધ) મતોના સંગ્રહરૂપ મત જયવંતો વર્તે છે."—૭૯

સ્પષ્ટીકરણ

મત-વિચાર—

આ પદ્યમાં પણ ૫૧મા પદ્યની જેમ **વીર**-મતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આથી એ પ્રશ્ન ઉદ્ભવે છે કે સાધારણ રીતે સિદ્ધાન્તની સ્તુતિ કરતી વેળાએ અમુક તીર્થંકરનો સિદ્ધાન્ત (મત કે વચન) એવો નિર્દેશ કરવામાં આવતો નથી અને કદાચ તેમ થતું હોય તો પણ જે તીર્થંકરવિષયક સ્તુતિ-કદમ્બક હોય તે તીર્થંકરનું નામ આપવું જોઇએ અને નહિ કે અન્યનું; તો અત્ર શું કારણ છે? આના સમાધાનમાં નિવેદન કરવાનું કે અત્ર તેમજ ૫૧મા પદ્યમાં 'વીર' શબ્દનો 'ચોવીસમા તીર્થંકર' એવો અર્થ ન કરતાં તે શબ્દની '**विदारयति यत् कर्म**' ઇત્યાદિ નિરૂક્ત વિચારી તેનો તીર્થંકર, જિન એવો અર્થ કરવો. આવો અર્થ ૫૧મા પદ્યની ટીકામાં પણ દૃષ્ટિ-ગોચર થાય છે.

* * * *

श्रुतदेवतायाः स्तुतिः—

श्रुतानिधीशिनि! बुद्धिवनावली-
दवमनुत्तमसारचिता पदम्।
भवभियां मम देवि! हरादरा-
दवमनुत् तमसा रचितापदम् ॥ ८० ॥ २० ॥

—द्रुत०

टीका

तमसा—अज्ञानेन रचितापदं। भवभियां पदम्। बुद्धय एव वनं तस्य आवली तस्यां दवं यत्। अनुत्तमं-प्रधानं सारं-उत्कर्षस्ताभ्यां चिता-व्याप्ता सती। अवमं-पापं नुदतीति-नुत् ॥ ८० ॥

अन्वयः

(हे) श्रुत-निधि-ईशिनि! देवि! अनुत्तम-सार-चिता अवम-नुत् बुद्धि-वन-आवली-दवं, तमसा रचित-आपदं भव-भियां पदं आदरात् हर।

---

૧ જુઓ વીર-ભક્તામર (પૃ૦ ૧૦).

શબ્દાર્થ

निधि=ભંડાર.
ईशिनी=સ્વામિની.
श्रुतनिधीशिनि !=હે શ્રુતના ભંડારની સ્વામિની !
बुद्धि=મતિ.
द्धिवनावलीदवं=મતિરૂપી વનની શ્રેણિ પ્રતિ દાવાનલ(સમાન).
अनुत्तम= જેનાથી કોઇ શ્રેષ્ઠ નથી તે, સર્વોત્તમ.
सार=સાર, ઉત્કર્ષ.
अ-त्तमसाराचिता=સર્વોત્તમ સાર વડે વ્યાપ્ત.
भवभियां=ભવ (-ભ્રમણ)ના ભયોના.
हर (धा० हृ)=હરી લે, નાશ કર.
आदरात् (मू० आदर)=ખંતથી.
नुद्=પ્રેરણા કરવી.
अवमनुत्=પાપને દૂર કરનારી.
तमसा (मू० तमस्)=અંધકાર વડે.
रचित (धा० रच्)=રચેલ, ઉત્પન્ન કરેલ.
रचितापदं=ખડી કરી છે આપત્તિઓ જેણે એવા.

શ્લોકાર્થ

શ્રુત-દેવતાની સ્તુતિ—

"હે શ્રુતના ભંડારની સ્વામિની ! હે (સરસ્વતી) દેવી ! સર્વોત્તમ સાર વડે વ્યાપ્ત, તથા પાપને હાંકી કાઢનારી એવી તું, મતિરૂપ અરણ્યની શ્રેણિને (બાળીને ભસ્મીભૂત કરવામાં) દાવાનલસમાન એવા તેમજ (અજ્ઞાનરૂપી) અંધકાર વડે ખડી કરી છે આપદાઓ જેણે એવા ભવ (-ભ્રમણ)રૂપ ભયોના સ્થાનને આદરપૂર્વક હરી લે."—૮૦

२१ श्रीनमिजिनस्तुतयः

अथ श्रीनमिनाथस्य स्तुतिः—

विपदां शमनं शरणं
यामि 'नमिं' दूयमानमनुजनतम् ।
सुखकुमुदौघविकाशे
यामिनमिन्दूयमानमनुजनतम् ॥ ८१ ॥

—गीतिः

टीका

शरणं यामि—गच्छामि । दूयमानाश्च ते मनुजाश्च तैर्नतम् । सुखान्येव कुमुदानि तेषां (ओघस्तस्य) विकाशे इन्दूयमानं—चन्द्रायमाणम् । यामा—नियमा अस्य सन्तीति (तं) यामिनम् । जनताया योग्यं अनुजनतम् ॥ ८१ ॥

अन्वयः

विपदां शमनं, दूयमान-मनुज-नतं, सुख-कुमुद-ओघ-विकाशे इन्दूयमानं, यामिनं अनुजनतं 'नमिं' शरणं यामि ।

શબ્દાર્થ

विपदां (मू० विपद्)=વિપત્તિઓના, કષ્ટોના.
शमनं (मू० शमन)=નાશ (રૂપ).
यामि (धा० या)=હું જાઉં છું.
नमिं (मू० नमि)=નમિ (નાથ)ને.
दूयमान (धा० दु)=પીડાતો.
मनुज=માનવ, મનુષ્ય.
नत (धा० नम्)=નમન કરાયેલ.
दूयमानमनुजनतं=પીડાતા મનુષ્યો વડે નમન કરાયેલા.
विकाश=વિકાસ, ખીલવણી.
सुखकुमुदौघविकाशे=સુખરૂપ કુમુદના સમુદાયનો વિકાસ કરવામાં.
यामिनं (मू० यामिन्)=વ્રત-નિયમધારી પ્રતિ.
इन्दु=ચન્દ્ર.
इन्दूयमानं (मू० इन्दूयमान)=ચન્દ્રની જેમ આચરણ કરનારા.
अनु=યોગ્યતાવાચક અવ્યય.
अनुजनतं=જન-સમાજને યોગ્ય.

શ્લોકાર્થ

શ્રીનમિનાથની સ્તુતિ—

" વિપત્તિઓના વિનાશક, [1]દુ:ખી જનો વડે નમન કરાયેલા, સુખરૂપ કુમુદના

---

[1] સરખાવો—" સુખમાં સોની, દુ:ખમાં રામ."

સમુદાયને વિકસ્વર કરવામાં ચન્દ્રતુલ્ય, વ્રત–નિયમને ધારણ કરનારા તેમજ જન–સમાજને(સેવવા) યોગ્ય એવા [1]નમિ(નાથ)ને હું શરણે જાઉં છું. "—૮૧

સ્પષ્ટીકરણ

પદ્ય–મીમાંસા—

આ તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યોનો પણ 'જાતિ'ની કોટિમાં અંતર્ભાવ થાય છે, કેમકે એનાં ચરણોની રચના માત્રા ઉપર આધાર રાખે છે. આર્યાની માફક આ પદ્યનાં પ્રથમ તેમજ તૃતીય ચરણમાં બાર બાર (૧૨) માત્રાઓ છે, જ્યારે આનાં દ્વિતીય અને ચતુર્થ ચરણોમાં અઢાર અઢાર (૧૮) માત્રાઓ છે. આથી કરીને આ પદ્ય ગીતિના નામથી ઓળખાય છે.

આ વાત ધ્યાનમાં ઉતરે તેટલા માટે આ પદ્યનાં પહેલાં બે ચરણો વિચારીએ.

I I S I I I S I I S S I I I S S I S I I I I I S
वि प दां श म नं श र णं, या मि न मिं द्रु य मा न म नु ज न तम्

શ્રુત–બોધમાં 'ગીતિ'નું લક્ષણ નીચે મુજબ આપવામાં આવ્યું છેઃ—

"आर्यापूर्वार्धसमं, द्वितीयमपि यत्र भवति हंसगते ! ।
छन्दोविदस्तदानीं, गीतिंताममृतवाणि ! भाषन्ते ॥ "

અર્થાત્ હે હંસગામિની ! જે પદ્યના પૂર્વાર્ધ તેમજ ઉત્તરાર્ધ આર્યાના પૂર્વાર્ધના સમાન હોય, તે પદ્યને હે અમૃતસમાન (મધુર) વાણીવાળી (વનિતા)! છન્દઃશાસ્ત્રના જાણકારો 'ગીતિ' કહે છે.

* * * *

जिनेश्वराणां प्रार्थना—

यैर्भव्यजनं त्रातुं
येते भवतोऽजिनास्थिरहिता ये ।
ईशा निदधतु सुस्था-
ये ते भवतो जिना स्थिरहिताये ॥ ८२ ॥

—गीतिः

टीका

संसारात् भव्यजनं त्रातुं येते—प्रयत्नः कृतः । ये जिना अजिनं—चर्म अस्थि च ताभ्यां रहिता वर्तन्ते । सुस्थाये—शोभनस्थाने निदधतु—स्थापयन्तु । स्थिरहित आयो-लाभो यस्मिन् ॥ ८२ ॥

अन्वयः

यैः भवतः भव्य-जनं त्रातुं येते, यै (च) अजिन-अस्थि-रहिताः ईशाः, ते जिनाः स्थिर-हित-आये सु-स्थाये भवतः निदधतु ।

---

૧ આ એકવીસમા તીર્થંકરના સંબંધી સ્થૂલ માહિતી સ્તુતિ–ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૪૮)માંથી મળશે.

શબ્દાર્થ

भव्यजनं=ભવ્ય જનને.
त्रातुं (ધા० त्रा)=બચાવવાને.
येते (ધા० यत्)=પ્રયત્ન કરાયો.
भवतः (મૂ० भव)=સંસારથી.
अजिन=ચર્મ, ચામડું.
अस्थि=હાડકું.
अजिनास्थिरहिताः=ચામડા અને હાડકાંથી રહિત.
ईशाः (મૂ० ईश)=ઈશ્વરો, મહાદેવો.
निदधतु (ધા० धा)=સ્થાપો.
स्थाय=સ્થાન.
शुस्थाय=શુભ સ્થાનમાં.
स्थिर=નિશ્ચળ, કાયમ.
स्थिरहिताये=કાયમનો કલ્યાણનો લાભ છે જે વિષે એવા.

શ્લોકાર્થ

જિનેશ્વરોને પ્રાર્થના—

"જેમણે ભવ્ય જનોનું ભવ (-ભ્રમણ)થી રક્ષણ કરવાને પ્રયત્ન કર્યો, તથા વળ જેઓ ચર્મ અને અસ્થિથી રહિત છે તેમજ ત્રૈલોક્યના સ્વામી છે, તે તીર્થંકરો કાયમન કલ્યાણનો લાભ છે જેને વિષે એવા (મુક્તિરૂપી) શુભ સ્થાનમાં (હે ભવ્યો!) તમ સ્થાપો."—૮૨

સ્પષ્ટીકરણ

ચર્મ અને અસ્થિથી રહિત એટલે શું?—

'ઈશ' શબ્દનો અર્થ 'મહાદેવ' પણ થાય છે. આથી કરીને શું વૃષભના વાહનવાળ **પાર્વતી** નામની અર્ધાંગનાને ડાબા અંકમાં અને **ગણપતિ**ને જમણા અંકમાં બેસા નારા, હાથમાં ખટ્વાંગ, ત્રિશૂલ અને પિનાક રાખનારા, ગળામાં રૂણ્ડ (ધડ)-માલા પહેરનાર ભસ્મ લગાવેલા દેહને વ્યાઘ્ર-ચર્મથી આચ્છાદિત કરનારા, પાંચ મુખવાળા, ત્રણ લોચનોથ યુક્ત, લલાટને વિષે ચન્દ્ર રાખનારા, મસ્તક ઉપર **ગંગા**ને ધારણ કરનારા, વિવિધ ભૂત-ગણો વિકુર્વિત કરનારા તથા દિગમ્બરસ્વરૂપી તેમજ સૃષ્ટિનો સંહાર કરી પોતાના 'રૂદ્ર' એ નામ ચરિતાર્થ કરનારા એવા **મહાદેવ**થી વૃષ (ધર્મ)ના પ્રરૂપક, સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિ રૂપી ત્રણ લોચનોથી યુક્ત, ભામંડલથી વિભૂષિત, ગણધરોથી અલંકૃત તથા ત્રૈલોક્યનો ઉદ્ધા કરનારા નહિ કે સંહાર કરનારા એવા જિનેશ્વરની ભિન્નતા સૂચવવા 'ચર્મ અને અસ્થિથી રહિ તેમજ ભવ્ય જીવોનું ભવથી રક્ષણ કરનારા' એમ કહેવામાં આવ્યું છે. નિર્વાણ પ્રાપ્ત કર્યા બ જિનેશ્વરો દેહ-રહિત અને એથી કરીને ચર્મ અને અસ્થિથી પણ રહિત બને છે તેથી આ કહ્યું છે એમ માનવું વધારે યુક્તિ-યુક્ત હોય એમ લાગતું નથી.

* * * *

---

૧ 'ઇશ'શબ્દના અર્થ સારૂ તેમજ 'મહાદેવ'ના સ્વરૂપ સારૂ વિચારો આ શ્લોકઃ—

"बिभ्रत् पायः कपर्दे सुरनगरनदीमिन्दुलेखां ललाटे
नेत्रान्तः कालवह्निं गरलमपि गले व्याघ्रचर्मा भागे।
पञ्चास्यो वै त्रिनेत्रो वृषभगतिरतिर्वाममागार्धवामः
संदिश्यात् सम्पदं वः सह सकलगुणैरद्भुताकार ईशः" ॥—સ્રગ્ધરા

—સુભાષિતરત્નભાણ્ડાગાર, પૃ૦ ૯.

जिनशासनस्य विजयः—

जिनशासनं विजयते
विशदप्रतिभानवप्रभङ्गमवत् ।
त्रिजगद् भवकान्तारं
विशदप्रतिभानवप्रभं गमवत् ॥ ८३ ॥

—गीतिः

टीका

विशदप्रतिभानानां-बुद्धिविशेषाणां वप्राः-केदारा भङ्गाश्च यस्मिन् । अवत् त्रिजगत् । विशत्-प्रविशत् । किं? संसारारण्यम् । अप्रतिस्पर्द्धिनी भा-दीप्तिर्यस्य नवा प्रभा यस्य तत्, समाहारः । गमाः-सदृशपाठा विद्यन्ते यस्मिन् तत् ॥ ८३ ॥

अन्वयः

विशद-प्रतिभान-वप्र-भङ्गं, भव-कान्तारं विशत् त्रि-जगत् अवत्, अप्रति-भा-नव-प्रभं, गम-वत् जिन-शासनं विजयते ।

શબ્દાર્થ

शासन=શાસન, આજ્ઞા.
जिनशासनं=જૈન શાસન.
विजयते (ધા० जि)=જયવંતું વર્તે છે.
प्रतिभान=નિરંતર નૂતન વિકાસ પામતી બુદ્ધિ, પ્રતિભા.
वप्र=ક્યારો.
भङ्ग=જલનિર્ગમ, નહેર.
विशदप्रतिभानवप्रभङ्गं=નિર્મલ પ્રતિભાના ક્યારા તેમજ નહેરો છે જેને વિષે એવું.
अवत् (ધા० अव्)=રક્ષણ કરનારૂં, બચાવનારૂં.
त्रिजगत्=ત્રૈલોક્યને.
भवकान्तारं=સંસારરૂપી વનને.
विशत् (ધા० विश्)=પ્રવેશ કરતું.
प्रति=પ્રતિકૂલતાવાચક અવ્યય.
भा=તેજ.
अप्रतिभानवप्रभं=પ્રતિકૂલતારહિત છે તેજ તેમજ નવીન પ્રભા જેની એવું.
गम=[2]આલાપક, સદૃશ પાઠ, આલાવો.
गमवत्=આલાપકથી યુક્ત.

શ્લોકાર્થ

જિન-શાસનનો વિજય—

"નિર્મલ પ્રતિભાના ક્યારાઓ અને નહેરો છે જેને વિષે એવા સંસારરૂપી અરણ્યમાં પ્રવેશ કરતા ત્રિભુવનનું રક્ષણ કરનારૂં, તથા વળી અસાધારણ છે તેજ તેમજ નૂતન પ્રભા જેની એવું તથા વળી આલાપકોથી યુક્ત એવું જૈન શાસન જયવંતું વર્તે છે."—૮૩

१ अयं विग्रहश्चिन्तनीयः । भा च नवप्रभा चेत्यनयोः समाहारो भानवप्रभं, अप्रतिस्पर्द्धि भानवप्रभं यस्येति समासः, अन्यथा भाशब्दस्य ह्रस्वतापत्तिः ।

૨ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ૪૧).

સ્પષ્ટીકરણ

ભા અને પ્રભામાં શું ફેર ?—

એવો સહજ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું ભા અને પ્રભામાં કંઇ ફેર છે કે ભૂલથીજ આવો ઉલ્લેખ થઇ ગયો છે? આ પ્રશ્નનો વિચાર કરીએ તે પૂર્વે એ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિના ૪૩મા સૂત્રમાંના 'जयणं विजयणं' પાઠ ઉપરથી [1]જય અને વિજયમાં ભિન્નતાનું સૂચન થાય છે.

આ ઉપરથી જોઇ શકાય છે કે ભા અને પ્રભામાં ફરક હોવો જોઇએ અને 'ગોબલીવર્દ' ન્યાય પ્રમાણે તે એ છે કે 'ભા' એટલે 'તેજ' અને 'પ્રભા' એટલે 'વિશિષ્ટ તેજ.'

* * * *

अच्छुप्तादेव्याः स्तुतिः—

साऽच्छुप्ताऽव्याद् गौरी-
ह वाजिना याति या नमस्यन्ती ।
द्वैषमसिकार्मुकजिता-
ऽऽहवा जिनायातियानमस्यन्ती ॥ ८४ ॥ २१ ॥

—गीतिः

टीका

गौरी वर्णेन । वाजिना-अश्वेन याति-गच्छति । या नमस्यन्ती-नमस्कुर्वाणा जिनाय । द्वैषं अतियानं-अतिप्रयाणं या अस्यन्ती-क्षिपन्ती । असिकार्मुकाभ्यां जितः सङ्ग्रामो यया सा ॥ ८४ ॥

अन्वयः

या असि-कार्मुक-जित-आहवा द्वैषं अति-यानं अस्यन्ती जिनाय नमस्यन्ती इह वाजिना याति, सा गौरी 'अच्छुप्ता' अव्यात् ।

શબ્દાર્થ

अच्छुप्ता=અચ્છુપ્તા (દેવી).
वाजिना (मू० वाजिन्)=અશ્વ વડે, ઘોડા વડે.
याति (धा० या)=જાય છે.
नमस्यन्ती (धा० नम्)=પૂજતી, નમતી.
द्वैषं (मू० द्वैष)=શત્રુના સંબંધી.
कार्मुक=ધનુષ્ય.
आहव=સંગ્રામ, યુદ્ધ.
असिकार्मुकजिताहवा=ખડ્ગ અને ધનુષ્ય વડે જીત્યાં છે યુદ્ધો જેણે એવી.
जिनाय (मू० जिन)=તીર્થંકરને.
यान=પ્રયાણ.
अतियानं=મોટા પ્રયાણને.
अस्यन्ती (धा० अस्)=દૂર ફેંકતી.

---

૧ જય અને વિજય વચ્ચે રહેલા તફાવતના સંબંધમાં જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિની શ્રીહીરસૂરિકૃત વૃત્તિમાં નીચે મુજબ ઉલ્લેખ મળી આવે છે:—

" जयः सामान्यत उपद्रवादिविषयः, विजयः स एव विशिष्टतरः प्रचण्डपरचक्रमर्दनसमुद्भवः. "



[illegible] -

अश्वारूढां [illegible]

[illegible]

શ્લોકાર્થ

અચ્છુપ્તા દેવીની સ્તુતિ—

"જેણે ખડ્ગ અને ધનુષ્ય વડે યુદ્ધોમાં જીત મેળવી છે તેમજ શત્રુ-વિષયક મહાપ્રયાણને દૂર ફેંકતી (અર્થાત્ તેનો નાશ કરી તેને સ્તબ્ધ કરતી) થકી જિનને નમતી એવી જે (દેવી) આ જગત્‌માં અશ્વ ઉપર સ્વારી કરે છે, તે ગૌરવર્ણી અચ્છુપ્તા (દેવી) (હે ભવ્યો! તમારું) રક્ષણ કરો."—૮૪

સ્પષ્ટીકરણ

અચ્છુપ્તા દેવીનું સ્વરૂપ—

'પાપનો સ્પર્શ નથી જેને તે' 'અચ્છુપ્તા' એવા વ્યુત્પત્તિ-અર્થવાળી આ **અચ્છુપ્તા** પણ એક વિદ્યા-દેવી છે. **અચ્યુતા** એનું નામાન્તર હોય એમ લાગે છે. આ **અચ્છુપ્તા** દેવીનો વર્ણ સુવર્ણસમાન છે. તેના હાથમાં ધનુષ્ય, બાણ, ખડ્ગ અને ઢાલ (અથવા ભાથો) એ ચાર આયુધો છે. વિશેષમાં એને અશ્વનું વાહન છે. તેનું સ્વરૂપ **આચાર-દિનકર** પ્રમાણે નીચે મુજબ છે:—

"सव्यपाणि तकार्मुकस्फरा-
न्यस्फुर विशिखखड्गधारिणी ।
विद्युदाभतनुरश्ववा ना-
ऽच्छुप्तिका भगवती ददातु शम् ॥"–રથોદ્ધતા

—પત્રાંક ૧૬૨.

નિર્વાણ-કલિકામાં પણ આ વિદ્યા-દેવી વિષે ઉલ્લેખ છે. ત્યાં કહ્યું છે કે—

"**तथा अच्छुप्तां तडिद्वर्णां तुरगवाहनां चतुर्भुजां खड्गबाणयुतदक्षिणकरां धनुःखेटकान्वितवाम-हस्तां चेति**" અર્થાત્ **અચ્છુપ્તા** દેવીનો વર્ણ વીજળીના જેવો છે અને ઘોડો એ એનું વાહન છે. વળી તેને ચાર હાથ છે. તેમાં તે જમણા બે હાથમાં ખડ્ગ અને બાણ રાખે છે, જ્યારે ડાબા બે હાથમાં ધનુષ્ય અને ખેટક ધારણ કરે છે.

२२ श्रीनेमिजिनस्तुतयः

अथ श्रीनेमिनाथायाभ्यर्थना—

चिरपरिचितलक्ष्मीं प्रोज्झ्य सिद्धौ रतारा-
दमरसदृशमर्त्यावर्जितां देहि 'नेमे!'।
भवजलधिनिमज्जज्जन्तुनिर्व्याजबन्धो!
दमरसदृशमर्त्या वर्जितां देहिने मे ॥ ८५ ॥

—मालिनी

टीका

देहो विद्यते यस्यासौ देही तस्मै । मे—मह्यम् । दमे—इन्द्रियदमे रसा—प्रधाना दृग्—दृष्टिः सम्यग्दर्शनं तां देहि । तां चिरपरिचितां लक्ष्मीं प्रोज्झ्य—त्यक्त्वा मोक्षे रत ! आमन्त्रणम् । आरात्—दूरवर्तिनीम् । अमरैः सदृशाः—तुल्याः । के? वासुदेवादयो मर्त्यास्ते आवर्जिता—अनुकूलीकृता यया सा ताम् । भवजलधिनिमज्जज्जन्तूनां निर्व्याजो—मायारहितो बन्धुः हे० । अर्त्या वर्जितां—दुःखवर्जितां, दृष्टेर्विशेषणम् ॥ ८५ ॥

अन्वयः

आरात् अमर-सदृश-मर्त्य-आवर्जितां चिर-परिचित-लक्ष्मीं प्रोज्झ्य सिद्धौ रत ! 'नेमे' ! भव-जलधि-निमज्जत्-जन्तु-निर्व्याज-बन्धो ! देहिने मे अर्त्या वर्जितां दम-रस-दृशं देहि ।

શબ્દાર્થ

चिर=લાંબા સમયની.
परिचित (धा० चि)=પરિચય પામેલી.
चिरपरिचितलक्ष्मीं=લાંબા સમયના પરિચય વાળી લક્ષ્મીને.
प्रोज्झ्य(धा० उज्झ्)=તજી દઇને, ત્યાગ કરીને.
रत ! (मू० रत)=હે આસક્ત !
आरात्=દૂરથી.
सदृश=તુલ્ય, જેવા.
मर्त्य=માનવ.
आवर्जित (धा० वर्ज्)=અનુકૂલ કરેલ.
अमरसदृशमर्त्यावर्जितां=દેવતુલ્ય માનવોને અનુકૂલ કરેલ છે જેણે એવી.
देहि (धा० दा)=તું અર્પણ કર.
नेमे ! (मू० नेमि)=હે નેમિ(નાથ) !
जलधि=સમુદ્ર.
निमज्जत् (धा० मस्ज्)=ડૂબતા.
जन्तु=જીવ, પ્રાણી.
निर्=અભાવવાચક અવ્યય.
व्याज=કપટ.
निर्व्याज=નિષ્કપટી, સાચા.
भवजलधिनिमज्जज्जन्तुनिर्व्याजबन्धो !=હે સંસારરૂપ સમુદ્રમાં ડૂબી જતા જીવોના નિષ્કપટી મિત્ર !
दम=ઇન્દ્રિય-દમન, સંયમ.
रस=પ્રધાન.
दमरसदृशं=દમનને વિષે પ્રધાન દૃષ્ટિને, સમ્યક્ત્વને.
अर्त्या (मू० अर्ति)=પીડાથી.
वर्जितां (मू० वर्जित)=રહિત.
देहिने (मू० देहिन्)=શરીરધારી.
मे (मू० अस्मद्)=મને.

શ્લોકાર્થ

શ્રીનેમિનાથને પ્રાર્થના—

"દેવતુલ્ય માનવોને (અર્થાત્ [1]વાસુદેવાદિકોને) અનુકૂલ કરી લીધા છે જેણે એવી તેમજ લાંબા સમયના પરિચયવાળી લક્ષ્મીને દૂરથી તજી દઇને મુક્તિને વિષે આસક્ત બનેલા હે (બાવીસમા તીર્થંકર)! હે [2]નેમિ(નાથ)! હે સંસાર-સમુદ્રમાં ડૂબી જતા જીવોને (સહાય કરવામાં) નિષ્કપટી મિત્ર(સમાન)! દેહધારી એવા મને પીડાથી રહિત એવી (ઇન્દ્રિય-) દમનને વિષે પ્રધાન એવી દૃષ્ટિ (અર્થાત્ સમ્યક્ત્વ)નું અર્પણ કર."—૮૫

* * * *

जिनवराणां स्तुतिः—

विदधदिह यदाज्ञां निर्वृतौ शंमणीनां
सुखनिरतनुतानोऽनुत्तमास्तेऽमहान्तः ।
ददतु विपुलभद्रां द्राग् जिनेन्द्राः श्रियं स्वः-
सुखनिरतनुता नोऽनुत्तमास्ते महान्तः ॥ ८६ ॥

—मालिनी

टीका

येषामाज्ञां विदधत्-कुर्वन् निर्वृतौ-मोक्षे शं-सुखं तदेव मणयस्तेषां सुखनिः-शोभनखनिः सन् । अतनुः-महान् तानो यस्य स हत्प्रमाणः सन् आस्ते-तिष्ठति । कथं? अनुत्तं-अप्रेरितम् । महानां-उत्सवानां अन्तो न विद्यते यस्य सः । स्वर्गसुखेषु निरता-आसक्ता इन्द्रादयस्तैर्नुताः । अनुत्तमाः-प्रधानाः । महान्तो-महापुरुषास्ते जिनेन्द्राः । नः-अस्मभ्यम् ॥ ८६ ॥

अन्वयः

यद्-आज्ञां इह विदधत् (प्राणी) शं-मणीनां सु-खनिः (सन्) अ-तनु-तानः (सन्) निर्वृतौ अ-नुत्तं आस्ते, अ-मह-अन्तः (वर्तते च), ते स्वर्-सुख-निरत-नुताः अनुत्तमाः महान्तः जिनेन्द्राः नः विपुल-भद्रां श्रियं द्राक् ददतु ।

---

૧ આ સંબંધમાં જુઓ વીર-ભક્તામર (પૃ૦ ૫).

૨ આ તીર્થંકરની સ્થૂલ રૂપરેખા સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૫૮)માં આલેખવામાં આવી છે.

શબ્દાર્થ

विदधत् (धा० धा)=આચરણ કરનારો.
आज्ञा=શાસન, હુકમ.
यदाज्ञां=જેની આજ્ઞાને.
निर्वृतौ (मू० निर्वृति)=મોક્ષને વિષે.
[illegible] (मू० शं+मणि)=સુખરૂપ રત્નોની.
खनि=ખાણ.
सुखनि=શોભનીય ખાણ.
तनु=અલ્પ.
अतनुतानः=અનલ્પ છે વિસ્તાર જેનો એવો.
अनुत्तं=અપ્રેરિતપણે.
अम[illegible]न्तः=અવિદ્યમાન છે ઉત્સવોનો અંત જેને વિષે એવા.

विपुल=વિશાળ.
भद्र=કલ્યાણ.
विपुलभद्रां=વિશાળ છે કલ્યાણ જેમાં એવી.
जिनेन्द्राः (मू० जिनेन्द्र)=જિનવરો.
स्वर्=સ્વર્ગ.
नि=અત્યંતવાચક અવ્યય.
रत=આસક્ત.
नुत (धा० नु०)=સ્તુતિ કરાયેલ.
स्वःसु[illegible]ताः=સ્વર્ગના સુખમાં અત્યંત આસક્ત એવા (દેવો) વડે સ્તુતિ કરાયેલાં.
अनुत्तमाः (मू० अनुत्तम)=સર્વોત્તમ.
महान्तः (मू० महत्)=મોટા.

શ્લોકાર્થ

જિનેશ્વરોની સ્તુતિ—

"જેમની આજ્ઞાનું અત્ર આચરણ કરનારો (અર્થાત્ જેમના આદેશ પ્રમાણે વર્તન કરનારો પ્રાણી) સુખરૂપ રત્નોની સુશોભિત ખાણ થયો થકો મોટા વિસ્તારવાળો (અર્થાત્ ઓછામાં ઓછી બત્રીસ આંગળની અવગાહનાવાળો) બની મોક્ષમાં અપ્રેરિતપણે રહે છે તેમજ અખંડિત મહોત્સવોને ભોગવે છે, તે, સ્વર્ગના સુખમાં રચી પચી રહેનારા (સુરો) વડે સ્તુતિ કરાયેલા એવા, વળી સર્વોત્તમ, તેમજ મહત્ત્વશાળી એવા જિનવરો અમને અત્યંત કલ્યાણકારી લક્ષ્મી સત્વર અર્પો."—૮૬

* * * *

जिनसिद्धान्तस्मरण[illegible]—

कृत[illegible]स्तरुग्मृत्युदोषं
परम[illegible]तसमानं [illegible]नसं पातकान्तम् ।
प्रति दृढरुचि कृत्वा शासनं जैनचन्द्रं
परम[illegible]तसमानं मानसं पात कान्तम् ॥ ८७ ॥

—मालिनी

टीका

शासनं मानसं पात—रक्षत इति क्रिया । किं कृत्वा? मानसं—चित्तं प्रति दृढा रुचिर्यस्य तत् [illegible] कृत्वा कृताः शोभना मतिबल[illegible]द्धयो येन तत् एवंविधं च तत् ध्वस्त-रुग्मृ[illegible]दोषं च ततः कर्मधारयः । परमं—प्रधानं ऋतं—सत्यं च तत् पर[illegible]त्यय पातकानामन्तो यस्मिन्[illegible] ॥ ८७ ॥

अन्वयः

मानसं प्रति दृढ-रुचिं कृत्वा, कृत-सुमति-बल-ऋद्धि-ध्वस्त-रुग्-मृत्यु-दोषं, अमृत-समानं, परं पातक-अन्तं, परमं ऋत-स-मानं कान्तं जैनचन्द्रं शासनं मानसं पात।

શબ્દાર્થ

ऋद्धि=સંપત્તિ.
ध्वस्त (धा० ध्वंस्)=નષ્ટ કરેલ.
मृत्यु=મરણ.
कृतसुमतिबलर्द्धिध्वस्तरुग्मृत्युदोषं=(અર્પણ) કર્યાં છે સુબુદ્ધિ, સુપરાક્રમ અને સુસંપત્તિ જેણે એવા તેમજ નાશ કર્યો છે રોગ અને મરણરૂપ દોષોનો જેણે એવા.
अमृत=સુધા, અમૃત.
अमृतसमानं=અમૃતના જેવા.
मानसं (मू० मानस)=મન.
पातक=પાપ.
पातकान्तं=પાપનો અન્ત છે જેને વિષે એવા.
दृढ=તીવ્ર.
रुचि=અભિલાષા, ઇચ્છા.
दृढरुचि=તીવ્ર અભિલાષાવાળું.
कृत्वा (धा० कृ)=કરીને.
शासनं (मू० शासन)=શાસનને.
जैनचन्द्रं=જિન-ચન્દ્રના સંબંધી.
मान=સત્કાર, સંમાન.
ऋतसमानं=સત્ય તેમજ સંમાનયુક્ત.
मानसं (मू० मानस)=માનસ (સરોવર).
पात (धा० पा)=તમે રક્ષણ કરો.
कान्तं (मू० कान्त)=મનોહર.

શ્લોકાર્થ

જિન-સિદ્ધાન્તનું સ્મરણ—

"(અર્પણ) કર્યાં છે સુબુદ્ધિ, સુપરાક્રમ, અને સુસંપત્તિ જેણે એવા, તેમજ વિનાશ કર્યો છે રોગ અને મરણરૂપ દોષોનો [અથવા રોગ, મરણ અને અપરાધનો] જેણે એવા, વળી સુધાસમાન (પ્રીતિકર), તથા વળી પાપનો અત્યંત અંત આણનારા, તેમજ ઉત્કૃષ્ટ, [1]સત્ય તથા સંમાનયુક્ત અને વળી મનોહર એવા જિન-ચન્દ્રવિષયક શાસનરૂપી માનસ સરોવરનું (હે ભવ્ય જનો !) તમે મનમાં તીવ્ર ઉત્કણ્ઠા ધારણ કરીને (અર્થાત્ તીવ્ર અભિલાષાપૂર્વક) રક્ષણ કરો."—૮૭

* * * *

अम्बादेव्याः स्तुतिः—

जिनवचासे कृतास्था संश्रिता कम्रमाम्रं
सम्मुदितमनस्कं दिव्यसौदामनीरुक् ।
दिशतु सततमम्बा' प्रीतिपुष्पात्मकं नः
समुदितमनस्कं दिव्यसौ दाम नीरुक् ॥ ८८ ॥ २२ ॥

—मालिनी

---

१ સત્યના સંબંધી માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ६९-७०).

टीका

असौ अम्बा देवता दिवि-देवलोके । भूतयः-स-द्धय एव ..प्पाणि आत्मा यस्य तत् । दाम-स्रक् । नः-अस्मभ्यं दिशतु । कम्रं-कम.नीयं आम्रं-चूतं संश्रिता । स-दिता-एका-ताः मनसः-.प्पाणि यस्मि- दाम्नि तत् । दिव्या सौ.ामनी-विद्युत् तद्वत् रुक्-दीप्तिर्यस्याः सा । स-दिताः-सहर्षाः सुमनसः-सम्यग् ष्टया यस्मि- दामदाने तत्, इदं क्रियाविशेषणम् । अपगता रुजो-रोगा यस्मात् दाम्नस्त. ॥ ८८ ॥

अन्वयः

जिन-वचसि कृत-आस्था, कम्रं आम्रं संश्रिता, दिव्य-सौदामनी-रुक्, असौ 'अम्बा' समुदित-सुमनस्कं, दिवि भूति-पुष्प-आत्मकं, निर्-रुग् दाम स-मुदित-सु-मनस्कं नः सततं दिशतु ।

શબ્દાર્થ

जिनवचसि=તીર્થંકરના વચનમાં.
आस्था=શ્રદ્ધા, આકીન.
कृतास्था=કરી છે શ્રદ્ધા જેણે એવી.
संश्रिता (ધા૦ श्रि)=આશ્રય કરેલી, આશ્રીને રહેલી.
कम्रं (મૂ૦ कम्र)=મનોમોહક, કમનીય.
आम्रं (મૂ૦ आम्र)=આમ્રને, આંબાને.
समुदित (ધા૦ इ)=એકત્રિત કરેલ.
सुमनस्=પુષ્પ, કુસુમ.
समुदितसुमनस्कं=એકત્રિત કરેલ છે કુસુમો જેને વિષે એવી.
सौदामनी=વિદ્યુત, વીજળી.
दिव्यसौदामनीरुक्=દિવ્ય વીજળીના જેવી પ્રભા છે જેની એવી.
दिशतु (ધા૦ दिश्)=અર્પો.
सततं=સર્વદા, હમેશાં.
अम्बा=અમ્બા (દેવી).
भूतिपुष्पात्मकं=આબાદીરૂપ ફૂલો છે જેનું એવી.
नः (મૂ૦ अस्मद्)=અમને.
मुदित=હર્ષ.
समुदित=હર્ષિત.
सुमनस्=સમ્યગ્દૃષ્ટિ.
समुदितसुमनस्कं=સમ્યગ્દૃષ્ટિ હર્ષ પામે તેવી રીતે.
असौ (મૂ૦ अदस्)=આ.
दाम (મૂ૦ दामन्)=માલા.
नीरुक्=નષ્ટ થયો છે રોગ જેનાથી એવી.

શ્લોકાર્થ

અમ્બા દેવીની સ્તુતિ—

" જિન-વચનને વિષે શ્રદ્ધાળુ એવી તથા મનોમોહક આમ્રનો આશ્રય લીધેલી, દિવ્ય વિદ્યુત્‌ના જેવી પ્રભા છે જેની એવી આ **અમ્બા** (દેવી) એકત્રિત થયેલાં છે પુષ્પો જેમાં એવી, તેમજ સ્વર્ગવિષયક અભ્યુદયરૂપ કુસુમો છે સ્વરૂપ જેનું એવી તથા વળી નષ્ટ થયા છે રોગો જેનાથી એવી માલા સમ્યગ્-દૃષ્ટિ આનંદ પામે તેવી રીતે અમને સર્વદા સમર્પો. "—૮૮

સ્પષ્ટીકરણ

અમ્બા દેવીની સ્તુતિ પરત્વે વિચાર—

અત્યાર સુધી તો કવિરાજે શ્રુત-દેવતા અને વિદ્યા-દેવીઓની સ્તુતિ કરી છે, પરંતુ આ પદ્યમાં તો તેમણે શાસન-દેવીની સ્તુતિ કરી છે, કેમકે ' અમ્બા ' એ તો બાવીસમા તીર્થંકર


अंबिकादेवी

[illegible] —

[illegible]

શ્રીનેમિનાથની શાસન-દેવીનું નામ છે. અત્ર પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ ગ્રન્થમાં સોળે સોળ વિદ્યા-દેવીઓની સ્તુતિ પૂર્ણ કરવાની વાત તો કોરે મૂકી એકાએક કવીશ્વરે શાસન-દેવતાની કેમ સ્તુતિ કરી છે?

અમ્બા દેવીનું સ્વરૂપ—

અમ્બા દેવીના સંબંધમાં ઘણે સ્થલે ઉલ્લેખ મળી આવે છે. **ઉજ્જયન્ત-સ્તવ**માં એના સંબંધમાં કહ્યું છે કે—

" सिंहयाना हेमवर्णा, सिद्धबुद्धसुतान्विता ।
कम्राम्रलुम्बिभृत्पाणि-रत्राम्बा सङ्घविघ्नहृत् । "
—૧૩ મું પદ્ય.

આચાર-દિનકરમાં નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

" सिंहारूढा कनकतनुरुग् वेद्बाहुश्च वामे
हस्तद्वन्द्वेऽङ्कुशतनुभुवौ बिभ्रति दक्षिणेऽत्र ।
पाशाम्राली सकलजगतां रक्षणैकार्द्रचित्ता
देव्यम्बा नः प्रदिशतु समस्ताघविध्वंसमाशु ॥ "

નિર્વાણ-કલિકામાંથી પણ આ દેવીના સંબંધી માહિતી મળી શકે છે, પરંતુ ત્યાં આ દેવીનું નામ '[1]કૂષ્માણ્ડી' હોવાનો ઉલ્લેખ છે. આ રહ્યો તે ઉલ્લેખઃ—

" तस्मिन्नेव तीर्थे समुत्पन्नां कूष्माण्डीं देवीं कनकवर्णां सिंहवाहनां मातुलिङ्गपाशयुक्तदक्षिण-करां पुत्राङ्कुशान्वितवामकरां चेति. "

અર્થાત્-તેજ (બાવીસમા તીર્થંકરના) તીર્થને વિષે ઉત્પન્ન થયેલી **કૂષ્માણ્ડી** દેવીનો વર્ણ સુવર્ણના સમાન છે અને સિંહ એ એનું વાહન છે. એને ચાર હાથ છે. એના જમણા બે હાથ બીજોરા અને પાશથી અલંકૃત છે, જ્યારે એના ડાબા બે હાથ પુત્રો અને અંકુશ વડે વિભૂષિત છે. આ દેવીના પૂર્વ ભવની માહિતી **અમ્બિકાદેવીકલ્પ**માંથી મળી શકે તેમ હોવાથી અત્ર એ કલ્પ અનુવાદસહિત નીચે મુજબ આપવામાં આવે છેઃ—

अम्बिकादेवीकल्पः

सिरिउज्जयंत(गिरि)सिहरसेहरं पणमिऊण नेमिजिणं ।
कोहंडिदेविकप्पं, लिहामि वुड्ढोवएसाओ ॥—[2]अज्जा

अत्थि 'सुरट्ठा'विसये धणकणयसंपयजणसमिद्धं 'कोडीनारं' नाम नयरं । तत्थ 'सोमो' नाम रिद्धिसमिद्धो छकम्मपरायणो वेयागमपारगमो बंभणो हुत्था । तस्स घरिणी 'अंबिणी' नाम महग्घसीलालंका-

---

१ આ નામાન્તર છે એ વાતની **અમ્બિકાદેવીકલ્પ** પણ સાક્ષી પૂરે છે.

२ छाया—

श्री'उज्जयन्त'(गिरि)शिखरशेखरं प्रणम्य 'नेमि'जिनम् ।
'कोहण्डि' देवीकल्पं लिखामि वृद्धोपदेशात् ॥

अस्ति 'सौराष्ट्र'विषये धनकनकसम्पज्जनसमृद्धं 'कोडीनारं' नाम नगरम् । तत्र 'सोमो' नाम ऋद्धिसमृद्धः षट्कर्मपरायणो वेदागमपारगमो ब्राह्मणः आसीत् । तस्य गृहिणी 'अम्बिका' नाम महार्घशीलालङ्कारभूषिताङ्गी।

रभूसियसरीरा आसि । तेसिं विसयसुहमणुहवंताणं उप्पन्ना दुवे पुत्ता—पढमो सिद्धो बीओ बुद्धुत्ति । अन्नया समागए पिअरपक्खे भट्टसोमेणं निमंतिआ बंभणा सद्धदिणे । कत्थवि ते वेयमुच्चारन्ति, कत्थवि आढवन्ति पिण्डपयाणं, कत्थवि होमं करिंति वइसदेवं च । सम्पाडिआ सालि-दालि-वंजण-पक्कन्न-भेअ-खीर-खण्डपमुहा जेमणा । अवि(अंबि)णीए अ सासुआ ण्हाणं काउं पयट्टा । तम्मि अवसरे एगो साहू मासोववासपारणए भिक्खट्ठा संपत्तो । तं पलोइत्ता हरिसभरनिब्भरपुलइअंगी उट्ठिआ अंबिणी । पडिलाभिओ तीए मुणिवरो भत्तिबहुमाणपुव्वं अहापवित्तेहिं भत्तपाणेहिं । जाव गहिअभिक्खो साहू वलिओ ताव सासुआवि ण्हाऊण रसवईठाणमागया । न पिच्छइ पढमसिहं । तओ तीए कुविआए पुट्ठा बहुआ । तीए जहट्ठिए वुत्ते अंबाडिआ सा अज्जूए—हा पावे किमेयं तए कयं ? अज्जवि देवया न पूइआ, अज्जवि न भुंजाविआ विप्पा, अज्जवि न भरिआइं पिंडाइं, अग्गसिहा तए किमत्थं साहुणो दिन्ना ? । तओ तीए भणिओ सव्वोवि वइअरो सोमभट्टस्स । तेण संरुट्ठेण अप्पछंदिअत्ति निक्कालिआ गिहाओ । सा परिभवदूमिआ सिद्धं करंगुलीए धरित्ता बुद्धं च कडीए चडावित्ता चलिआ नयराओ बाहिं । पंथे तिसाभिभूएहिं दारएहिं जलं मग्गिआ । जाव सा अंसुजलपुन्नलोअणा संवुत्ता ताव पुरओ ठिअं सुक्कसरोवरं तिस्सा अणग्घेणं सीलमाहप्पेणं तक्खणं जलपूरिअं जायं । पाइआ दोन्नि सीअलं नीरं । तओ छुहिएहिं भोअणं मग्गिआ बालएहिं । पुरओ सुक्कसहयारतरू तक्खणं फलिओ । दिन्नाइं फलाइं अंबिणीए तेसिं, जाया ते सुत्था । जाव सा चूअच्छायाए वीसमइ ताव जं जायं तं निसामेह—जं तीए बालयाई पढमं जेमाविआ तेसिं भुत्तुतरं पत्तलीओ तीए बाहिं उज्झिआओ आसि ताओ सीलमाहप्पाकंपिअमणाए सासणदेवयाए सोवन्नकच्चोलयरूवाओ कयाओ । जे अ उच्छिट्ठसित्थकणा भूमीए पडिआ ते मुत्तिआइं संपाइआइं । अग्गसिहा य सिहरेसु तहेव दंसिआ । एअमब्भुअं सासुए दट्ठूण निवेइअं 'सोम'विप्पस्स । सिद्धं(ट्ठं) च जहा—वच्छ ! सुलक्खणा पइव्वया

आसीत् । तयोर्विषयसुखमनुभवतोः उत्पन्नौ द्वौ पुत्रौ—प्रथमः 'सिद्धः' द्वितीयो 'बुद्ध' इति । अन्यदा समागते पितृपक्षे 'सोम'भट्टेन निमन्त्रिताः ब्राह्मणाः श्राद्धदिने । कुत्रचित् ते वेदमुच्चारयन्ति, कुत्रचित् आरभन्ते पिण्डप्रदानं, कुत्रचित् होमं कुर्वन्ति वैश्वदेवं च । सम्पादितानि शालि-दालि-व्यञ्जन-पक्वान्न-भेद-क्षीर-खण्डप्रमुखानि जेमनानि । 'अम्बिका'-याश्च श्वश्रूः स्नानं कर्तुं प्रवृत्ता । तस्मिन्नवसरे एकः साधुः मासोपवासपारणके भिक्षार्थं संप्राप्तः । तं प्रलोक्य हर्षभरनिर्भरपुलकिताङ्गी उत्थिता 'अम्बिका' । प्रतिलाभितस्तया मुनिवरो भक्तिबहुमानपूर्वं यथाप्रवृत्तैर्भक्तपानैः । यावद् गृहीतभिक्षः साधुः वलितः तावत् श्वश्रूरपि स्नात्वा रसवतीस्थानमागता । न प्रेक्षते प्रथमशिखाम् । ततस्तया कुपितया पृष्टा वधूः । तया यथास्थिते उक्ते तिरस्कृता सा आर्यया (श्वश्वा)—हा पापे ! किमेतत् त्वया कृतं ? अद्यापि देवता न पूजिता, अद्यापि न भोजिता विप्राः, अद्यापि न भरिताः पिण्डाः, अग्रशिखा त्वया किमर्थं साधवे दत्ता ? । ततस्तया भणितः सर्वोऽपि व्यतिकरः 'सोम'भट्टस्य । तेन संरुष्टेन आत्मच्छंदिकेति निष्कासिता गृहात्, सा परिभवदूना 'सिद्धं' कराङ्गुल्यां धृत्वा 'बुद्धं' च कट्यां आरोप्य चलिता नगराद् बहिः । पथि तृषाभिभूताभ्यां दारकाभ्यां जलं मार्गिता । यावत् सा अ[illegible]जलपूर्णलोचना संवृत्ता, तावत् पुरतः स्थितं शुष्कसरोवरं तस्याः अनर्घेण शीलमाहात्म्येन तत्क्षणं जलपूरितं जातम् । पायितौ द्वौ शीतलं नीरम् । ततः क्षुधिताभ्यां भोजनं मार्गिता बालकाभ्याम् । पुरतः शुष्कसहकारतरुः तत्क्षणं फलितः । दत्तानि फलानि अम्बिकया तयोः, जातौ तौ सुस्थौ । यावत् सा चूतच्छायायां विश्राम्यति तावद् यद् जातं तद् निशामयत—यत् तया बालकादयः प्रथमं जेमिताः, तेषां भुक्तोत्तरं पत्राल्यः तया बहिः उज्झिताः आसीरन्, ताः शीलमाहात्म्याकम्पितमनसा शासनदेवतया सौवर्णकच्चोलकरूपाः कृताः, (ये) उच्छिष्टसिक्थकणाः भूमौ पतिताः ते मौक्तिकानि संपादितानि [illegible] च शिखरेषु दर्शिता । एतदद्भुतं श्वश्र्वा दृष्ट्वा निवेदितं 'सोम'विप्रस्य, सिद्धं च

य एसा वहू, ता पच्चाणेहि एअं कुलहरंति जणणीपेरिओ पच्छायावानलडज्झंतमाणसो गओ वहुयं वालेउं 'सोम'भट्टो। तीए पिट्ठओ आगच्छन्तं दिअवरं निअवरं दट्ठूण दिसाओ पलोइआओ। दिट्ठओ अग्गओ मग्गकूवओ। तओ जिणवरं मणे अणुसरिऊण सुपत्तदाणं अणुमोअंतीए अप्पा कूवंमि झंपाविओ। सुह-ज्झवसाणेण पाणे चइऊण उप्पन्ना कोहंडविमाणे सोहम्मकप्पहिट्ठे चउहिं जोअणेहिं अंबीअदेवी नाम महड्ढिआ देवी। विमाणनामेणं कोहंडीवि भन्नइ। 'सोम'भट्टेणवि तीसे महासईए कूवे पडणं दट्ठुं अप्पा तत्थेव झंपाविओ। सो अ मरिऊण तत्थेव जाओ देवो। आभिओगिअकम्मुणा सिंहरूवं विउ-व्वित्ता तीए चेव वाहणं जाओ। अन्ने भणंति—'अंबिणी' 'रेवय'सिहराओ अप्पाणं झंपावित्ता तप्पिट्ठओ 'सोम'भट्टोवि तहेव मओ। सेसं तं चेव। सा य भगवई। चउब्भुआ दाहिणहत्थेसु अंबलुंबिं पासं च धारेइ, वामहत्थेसु पुण पुत्तं अंकुसं च धारेइ। उत्तत्तकणयसवण्णं च वण्णमुव्वहइ सरीरे। सिरि'नेमि'-नाहस्स सासणदेवयत्ति निवसइ 'रेवइ'गिरिसिहरे। मउड-कुंडल-मुत्ताहलहार-रयणकंकण-नेउराइस-व्वंगीणाभरणरमणिज्जा पूरेइ सम्मदिट्ठीण मणोरहे, निवारेइ विग्घसंघायं। तीए मंतमंडलाईणि आ-रोहित्ताणं भविआणं दीसंति अणेगरूवाओ रिद्धिसिद्धीओ, न पहवंति भूअ-पिसाय-साइणी-विसम-ग्गहा, संपज्जंति पुत्त-कलत्त-मित्त-धण-धन्न-रज्ज-सिरिओ त्ति।

अंबिआमंता इमे—

वयवीअसकुलकुल—जलहरिह्यअकंतपेआइं।
पणइणिवायावसिओ, अंबिअदेवीइ अह्मंतो ॥ १ ॥—अज्जा

धुवभुवणदेवि संबुद्धिपासअंकुसतिलोअपंचसरा।
णहसिहिकुलकलअज्झासियमायपरपणामपयं ॥ २ ॥ ,,

वागुब्भवं तिलोअं, पासंसिणीहाउ तइअवन्नस्स।
कूहंडअंबिआए, नमु त्ति आराहणामंतो ॥ ३ ॥ ,,

यथा-वत्स! सुलक्षणा पतिव्रता च एषा वधूः, तस्मात् प्रत्यानय एतां कुलगृहं इति जननीप्रेरितः पश्चात्तापानलद-ह्यमानमानसो गतो वधूकां वालयितुं 'सोम'भट्टः। तया पृष्ठतः आगच्छन्तं द्विजवरं निजवरं दृष्ट्वा दिशः प्रलोकिताः, दृष्टः अग्रतः मार्गकूपकः, ततो जिनवरं मनसि अनुस्मृत्य सुपात्रदानं अनुमोदयन्त्या आत्मा कूपे प्रक्षिप्तः। शुभाध्य-वसानेन प्राणान् त्यक्त्वा उत्पन्ना 'कोहण्ड'विमाने सौधर्मकल्पस्याधस्तात् चतुर्भिर्योजनैः 'अम्बिका'देवी नाम महर्द्धिका देवी। विमाननाम्ना कोहण्डी अपि भण्यते। 'सोम'भट्टेनापि तस्या महासत्याः कूपे पतनं दृष्ट्वा आत्मा तत्रैव संक्षिप्तः। स च मृत्वा तत्रैव जातो देवः, आभियोगिककर्मणा सिंहरूपं* विकुर्व्य तस्या एव वाहनं जातः। अन्ये भणन्ति— 'अम्बिका' 'रैवत'शिखरात् आत्मानं क्षिप्त्वा तत्पृष्ठतः 'सोम'भट्टोऽपि तथैव मृतः, शेषं तदेव। सा च भगवती चतुर्भुजा दक्षिणहस्तयोः आम्रलुम्बिं पाशं च धारयति, वामहस्तयोः पुनः पुत्रं अंकुशं च धारयति, उत्तप्तकनकसवर्णं च वर्णमुद्वहति शरीरे, श्री'नेमि'नाथस्य शासनदेवता इति निवसति 'रैवत'गिरिशि-खरे, मुकुट-कुण्डल-मुक्ताफलहार-रत्नकङ्कण-नूपुरादिसर्वाङ्गीणाभरणरमणीया पूरयति सम्यग्दृष्टीनां मनोरथान्, निवा-रयति विघ्नसंघातम्। तस्या मन्त्रमण्डलादीनि आरुह्य भव्यानां दीयन्ते अनेकरूपा ऋद्धिसिद्धयः, न प्रभवन्ति भूतपि-शाचशाकिनीविषमग्रहाः, संपद्यन्ते पुत्रकलत्रमित्रधनधान्यराज्यश्रिय इति। अम्बिकामन्त्रा इमे (आम्नायाभावात् अस्मन्मतस्याभावाच्च न प्रतिसंस्कृताः)।

एवं अन्नेऽवि अंबादेवीमंता अप्पपररक्खाविसया सुमरणाजुग्गा मग्गखेमाइगोअरा य बहवो चिट्ठंति । ते अ तहा मंडलाणि अ इत्थ न भणिआणि गंथवित्थरभएणंति गुरुमुहाओ नायव्वाणि ।

एअं अंबियदेवी—कप्पं अविअप्पचित्तवित्तीणं ।
वायंतसुणंताणं, पुज्जंति समीहिआ अत्था ॥ १ ॥

॥ इति अम्बिकादेवीकल्पः ॥

અમ્બિકાદેવીકલ્પનો અનુવાદ.

શ્રીઉજ્જયન્ત (ગિરનાર) ગિરિના શિખર ઉપર મુકુટસમાન **નેમિનાથ** તીર્થંકરને પ્રણામ કરીને વૃદ્ધના ઉપદેશથી **કોહણ્ડિ** (અંબા) દેવીનો કલ્પ લખું છું. **સૌરાષ્ટ્ર** દેશમાં ધન, સુવર્ણ ઇત્યાદિ સંપત્તિ તેમજ જનો વડે સમૃદ્ધ એવું 'કોડીનાર' નામનું નગર છે. ત્યાં ઋદ્ધિશાળી, છ કર્મમાં તત્પર અને વેદ-શાસ્ત્રનો જાણકાર એવો **સોમ** નામનો બ્રાહ્મણ રહેતો હતો. મહામૂલ્યવાળા શીલરૂપી અલંકારથી અલંકૃત એવા દેહવાળી તેને **અંબિકા** નામની પત્ની હતી. આ દંપતીને વિષયસુખ ભોગવતાં અનુક્રમે **સિદ્ધ** અને **બુદ્ધ** એ નામના બે પુત્રો થયા. અન્યદા [1]પિતૃ-પક્ષ આવ્યું એટલે શ્રાદ્ધને દિને **સોમભટ્ટે** બ્રાહ્મણોને આમન્ત્રણ આપ્યું. કોઇક સ્થલે તેઓ વેદનું ઉચ્ચારણ કરતા હતા, તો કોઇક સ્થલે તેઓ પિણ્ડ આપવાનો આરંભ કરતા હતા, તો કોઇક સ્થલે હોમ તેમજ અગ્નિ કરતા હતા. શાલિ (ભાત), દાળ, શાક, અનેક જાતનાં પકવાન્ન, ખીર, ખાંડ વિગેરે જમણો તૈયાર કરવામાં આવ્યાં હતાં. રસોઇ તૈયાર થઇ એટલે **અંબિકાની** સાસુ સ્નાન કરવા ગઇ. એ સમયે એક સાધુ એક મહિનાના ઉપવાસના પારણા માટે ભિક્ષાર્થે ત્યાં આવી પહોંચ્યા. તેને જોઇને હર્ષના સમૂહ વડે રોમાંચિત થયેલા દેહવાળી **અંબિકા** ઊભી થઇ અને તેણે ભક્તિ અને બહુમાનપૂર્વક શુદ્ધ ભોજન અને પાન વડે તે મુનિવરને પ્રતિલાભિત કર્યા. ભિક્ષા ગ્રહણ કરીને તે સાધુ ચાલ્યા ગયા, એટલે આ **અંબિકાની** સાસુ સ્નાન કરીને રસોડામાં આવી પહોંચી, પરંતુ ત્યાં (ભોજનના ઉપરની તરીરૂપ) અગ્રશિખા તેના જોવામાં આવી નહિ. તેથી તે ગુસ્સે થઇને પોતાની વહુને તેનું કારણ પૂછવા લાગી. ખરી હકીકત તેણે તેને કહી એટલે તેની સાસુએ તેનો તિરસ્કાર કરતાં કહ્યું કે—"અરે પાપિણી! આ તેં શું કર્યું? હજી દેવોની પૂજા તો થઇ નથી, બ્રાહ્મણોને ભોજન પણ કરાવ્યું નથી, પિણ્ડો પણ ભર્યા નથી, તો પછી તેં અગ્રશિખા સાધુને કેમ આપી?" ત્યાર બાદ તેણે આ સર્વ વૃત્તાન્ત પોતાના પુત્ર **સોમભટ્ટને** નિવેદન કર્યો. તે કોપાયમાન થયો અને પોતાની પત્નીને સ્વચ્છંદી માનીને તેને ઘરમાંથી કાઢી મૂકી. આ સ્ત્રી પરાભવથી પીડિત થતાં તે પોતાના **સિદ્ધ** પુત્રને આંગળીએ લઇને અને બીજા પુત્ર **બુદ્ધને** કેડે બેસાડીને નગરની બહાર ચાલી નીકળી. માર્ગમાં તેના બે પુત્રો તૃષાતુર થયા એટલે તેમણે જલ માગ્યું. આ સાંભળીને તે સ્ત્રીની આંખમાં પાણી ભરાઇ આવ્યાં. પરંતુ તત્કાલ તેની સામે રહેલું સુકું સરોવર તેના અમૂલ્ય શીલના પ્રભાવથી જલપૂર્ણ બની ગયું.

एवं अन्येऽपि अम्बिकादेवीमन्त्रा आत्मपररक्षाविषयाः स्मरणयोग्याः मार्गक्षेमादिगोचराश्च बहवः तिष्ठन्ति (सन्ति) ते च तथा मण्डलानि च अत्र न भणितानि ग्रन्थविस्तारभयेनेति गुरुमुखाद् ज्ञातव्यानि ।

एतं अम्बिकादेवीकल्पं अविकल्पचित्तवृत्तीनां ।
वाचयतां (च) श्रृण्वतां पूर्यन्ते समीहिता अर्थाः ॥ १ ॥

॥ इति अम्बिकादेवीकल्पः ॥

१ 'પિતૃ-પક્ષ' એટલે ભાદ્રપદ (ભાદરવા) માસનો કૃષ્ણ પક્ષ; લોકોમાં આને 'સરાધિયા' કહેવામાં આવે છે.

એટલે તેણે પોતાના પુત્રોને તેના શીતલ જલનું પાન કરાવ્યું. ત્યાર બાદ ક્ષુધાતુર થયેલા એવા તે બાળકોએ ભોજન માંગ્યું, એટલે તત્કાલ સામે રહેલા સુકા આંબાના ઝાડ ઉપર ફળ આવ્યાં. **અંબિકાએ** તે ફળો લઇને બાળકોને આપ્યાં એટલે તેઓ સ્વસ્થ થયા. ત્યાર પછી તેઓ આંબાના ઝાડની છાયા નીચે આરામ લેવા લાગ્યાં. એટલામાં ત્યાં (સાસરામાં) એવો બનાવ બન્યો કે આ સ્ત્રીએ પોતાના બાળકોને પ્રથમ જમાડી તેનું ઉચ્છિષ્ટ તેમજ પત્રાવલી જે બહાર ફેંકી દીધાં હતાં, તેના આ સ્ત્રીના શીલના પ્રભાવથી આશ્ચર્યાંકિત બનેલા શાસન-દેવતાએ સુવર્ણના કચોળા બનાવી દીધા અને જે ઉચ્છિષ્ટ સિક્થ કણો ભૂમિ ઉપર પડેલા હતા, તેના મુક્તાફળ બનાવી દીધાં અને અગ્ર-શિખા તો શિખરો જેવી દેખાય તેમ વિકુર્વી. આ પ્રમાણેનો અદ્‌ભુત બનાવ **અંબિકાની** સાસુએ જોયો એટલે તેણે પોતાના પુત્ર **સોમભટ્ટને** તે વાત નિવેદન કરી અને કહ્યું કે-"હે વત્સ! આ વહુ તો સુલક્ષણી અને પતિવ્રતા છે, વાસ્તે તું એને આપણે ઘેર પાછી લઇ આવ." આ પ્રમાણે પોતાની માતાના વચનથી પ્રેરાયેલો તેમજ પશ્ચાત્તાપરૂપી અગ્નિથી સંતપ્ત મનવાળો તે **સોમભટ્ટ** પોતાની પત્નીને પાછી વાળવા નીકળ્યો. પોતાના વર **સોમભટ્ટ** બ્રાહ્મણને પાછળ આવતો જોઇને **અંબિકાએ** દિશાઓ તરફ નજર ફેંકી. તેમ કરતાં અગ્રે એક માર્ગ-કૂપ તેના જોવામાં આવ્યો. જિનેશ્વરનું મનમાં ધ્યાન ધરીને સુપાત્ર-દાનનું અનુમોદન કરતી તેણે તે કૂપ (કુવા)માં ઝંપાપાત કર્યો. શુભ અધ્યવસાયપૂર્વક મરણ પામીને તે **સૌધર્મ** કલ્પથી ચાર યોજન નીચે આવેલા **કોહણ્ડ** વિમાનમાં **અંબિકા** નામની મહર્દ્ધિકા દેવી તરીકે ઉત્પન્ન થઇ. એ વિમાનનું નામ 'કોહણ્ડી' હોવાથી એને **કોહણ્ડી** પણ કહેવામાં આવે છે. **સોમભટ્ટે** પોતાની પત્ની મહાસતીને કૂવામાં પડેલી જોઇને પોતે પણ તેમાં પડતું મેલ્યું. તે પણ મરીને તે વિમાનમાં આભિયોગિક દેવ તરીકે ઉત્પન્ન થયો. પોતાના કર્માનુસાર સિંહરૂપ વિકુર્વીને તે **અંબિકા** દેવીનો વાહન થઇ રહ્યો (આ સંબંધમાં મત-ભેદ છે, કેમકે કેટલાક કહે છે કે **રૈવત (ગિરનાર)** ગિરિ ઉપરથી **અંબિકાએ** ઝંપલાવ્યું હતું અને તેની પાછળ તેના પતિએ પણ તેમ કર્યું હતું).

આ ભગવતી **અંબિકા** દેવીને ચાર હાથ છે. તે જમણા બે હાથમાં આંબાની લટકતી ડાળ અને પાશ ધારણ કરે છે, જ્યારે ડાબા બે હાથમાં પુત્ર અને અંકુશ રાખે છે. તેના શરીરનો વર્ણ તપાવેલા સુવર્ણના જેવો છે. વળી તે **નેમિનાથની** શાસન-દેવી થઇને **ગિરનાર** ગિરિના શિખર ઉપર વસે છે. મુકુટ, કુણ્ડળ, મોતીનો હાર, રત્નનાં કંકણ, ઝાંઝર ઇત્યાદિ આભૂષણોથી વિભૂષિત તે દેવી સમ્યગ્-દૃષ્ટિઓના મનોરથોને પૂર્ણ કરે છે, વિઘ્ન-સમુદાયનો વિનાશ કરે છે અને વળી મંત્ર-મંડલાદિકનું આરોહણ કરીને ભવ્ય પ્રાણીઓને તે અનેક પ્રકારની ઋદ્ધિ તેમજ સિદ્ધિ સમર્પે છે. એના પ્રભાવથી ભૂત, પિશાચ, શાકિની તેમજ દુષ્ટ ગ્રહ ઉપદ્રવ કરી શકતા નથી એટલુંજ નહિ, પણ પુત્ર, પત્ની, મિત્ર, ધન, ધાન્ય અને રાજ્ય-લક્ષ્મી પ્રાપ્ત થાય છે. **અંબિકા** દેવીના મન્ત્રો મૂળમાં આપ્યા મુજબ છે (શુદ્ધ પ્રત ન મળવાથી તેમજ આમ્નાય ન હોવાથી મંત્રનો ઉદ્ધાર કર્યો નથી.)

આ પ્રમાણે બીજા પણ **અંબિકા** દેવીના મંત્રો છે અને તે પણ આત્મ-રક્ષા તથા પર-રક્ષા કરવામાં સમર્થ છે તેમજ સ્મરણ કરવા લાયક છે તેમજ માર્ગમાં શાન્તિદાયક છે. એ મન્ત્રો તેમજ મણ્ડલો ગ્રન્થ-ગૌરવના ભયથી અત્ર આપ્યાં નથી, પરંતુ તે ગુરૂમુખથી જાણી લેવાં.

આ **અંબિકાદેવીકલ્પને** સ્થિર ચિત્તપૂર્વક વાંચનારાના તેમજ સાંભળનારાના મનોરથો પૂર્ણ થાય છે.

અમ્બિકાદેવીકલ્પ સમાપ્ત.

२३ श्रीपार्श्वजिनस्तुतयः

अथ श्रीपार्श्वनाथाय प्रणामः—

नमामि जिन'पार्श्व' ! ते शमितविग्रहं विग्रहं
महानिघनमेरुके वरद ! शान्त ! कृत्स्नापितम् ।
शुभैस्त्रिभुवनश्रियाः सुरवरैरनीचैस्तरा-
महानिघनमेरुकेऽवरदशान्तकृत् ! स्नापितम् ॥ ८९ ॥

—पृथ्वी

टीका

ते-तव विग्रहं नमामि । शमं नीता विग्रहाः-कलहा येन तत् । महान्तो निघाः-समारोहपरिणाहा नमेरवो-वृक्षविशेषा यत्र तस्मिन् । मेरोः के-शिरसि । अहानयो-हानिरहिता घना यत्र तस्मिन् स्नापितम् । कैः ? सुरवरैः-इन्द्रैः । अनीचैस्तराम् । त्रिजगल्लक्ष्म्याः शुभैः-पुण्यैः आपितं-लब्धम् । अवरा-अशोभना दशा-अवस्था तस्या अन्तं करोतीति कृत् तस्यामन्त्रणम् ॥ ८९ ॥

अन्वयः

(हे) जिन-'पार्श्व' ! वरद ! शान्त ! कृत्स्न ! अ-वर-दशा-अन्त-कृत् ! ते शमित-विग्रहं, महा-निघ-नमेरुके, अ-हानि-घन-मेरु-के अ-नीचैः-तरां सुर-वरैः स्नापितं, त्रि-भुवन-श्रियाः शुभैः आपितं विग्रहं नमामि ।

શબ્દાર્થ

पार्श्व=પાર્શ્વ (નાથ), ત્રેવીસમા તીર્થંકર.
जिनपार्श्व !=હે પાર્શ્વ જિન !
ते (मू० युष्मद्)=તારા.
विग्रह=કલહ, લડાઈ.
शमितविग्रहं=શાંત થયા છે કલહ જેનાથી એવા.
विग्रहं (मू० विग्रह)=દેહને, શરીરને.
निघ=જેની ઊંચાઇ, લંબાઇ સરખી હોય તે.
नमेरु=એક જાતનું ઝાડ, દિવ્ય વૃક્ષ.
महानिघनमेरुके=અત્યંત નિઘ છે નમેરૂ વૃક્ષો જેને વિષે એવા.
वरद ! (मू० वरद)=હે વરદાન દેનારા !
शान्त ! (मू० शान्त)=હે શાન્ત !
कृत्स्न ! (मू० कृत्स्न)=હે સંપૂર્ણ !
आपितं (मू० आप्)=પ્રાપ્ત થયેલા.
शुभैः (मू० शुभ)=પુણ્યો વડે.
त्रि=ત્રણ.
त्रिभुवनश्रियाः=ત્રૈલોક્યની લક્ષ્મીના.
सुरवरैः (मू० सुरवर)=ઇન્દ્રો દ્વારા.
नीच=અધમ.
अनीचैस्तरां=શ્રેષ્ઠ.
हानि=હાનિ.
क=મસ્તક, શિખર.
अहानिघनमेरुके=હાનિથી રહિત છે મેઘ જેને વિષે એવા મેરૂના શિખર ઉપર.
दशा=અવસ્થા.
अवरदशान्तकृत् !=હે નીચ અવસ્થાનો અંત આણુનારા !
स्नापितं (मू० स्नापित)=સ્નાન કરાવેલા.

શ્લોકાર્થ

શ્રીપાર્શ્વનાથને પ્રણામ—

"હે [1]પાર્શ્વ જિનેશ્વર! હે વરદાનને દેનારા (વામા-નન્દન)! હે શાન્ત (તીર્થંકર)! હે (સર્વ ગુણોએ કરીને) સંપૂર્ણ (સ્વામિન્)! હે અશુભ અવસ્થાનો અંત આણનારા (યોગિરાજ)! શાંત થયા છે કલહ જેનાથી એવા, તથા વળી સર્વથા સરખી ઊંચાઇ લંબાઇવાળા નમેરૂ વૃક્ષો છે જેને વિષે એવા તેમજ (જલની) હાનિથી રહિત (અર્થાત્ જલથી પરિપૂર્ણ) એવા મેઘ છે જેને વિષે એવા મેરૂ (પર્વત)ના શિખર ઉપર અત્યુત્તમ ઇન્દ્રો દ્વારા સ્નાન કરાવેલા (અર્થાત્ જલાભિષેક કરાયેલા) તેમજ ત્રૈલોક્યની લક્ષ્મીનાં પુણ્યો વડે પ્રાપ્ત થયેલા એવા તારા દેહને હું પ્રણામ કરૂં છું."—૮૯

⁂ ⁂ ⁂ ⁂

जिनपतिभ्यः प्रार्थना—

सुखौघजलमण्डपां दुरितघर्मभृद्भ्यो हिता
शुभव्यजनकामिताङ्कुशलसत्पताकारिणः ।
जिनेन्द्रचरणेन्दवः प्रवितरन्तु लक्ष्मीं सदाऽऽ–
शु भव्यजनकामितां कुशलसत्पताकारिणः ॥ ९० ॥

—पृथ्वी

टीका

लक्ष्मीं ददतु । आशु–शीघ्रम् । सुखौघ एव जलमण्डपो–मज्जनमण्डपो यस्याः सा ताम् । दुरितान्येव घर्मस्तं धारयन्ति ये तेभ्यो हितां–श्रेयस्करीम् । शोभनं व्यजनकं–तालवृन्तं यस्याः सा । इतानि–प्राप्तानि अङ्कुशलसत्पताका अरीणि–चक्राणि यैस्ते चरणविशेषणम् । भव्यजनैः कामितां–वाञ्छितां लक्ष्मीम् । कुशलाः–साधवस्तान् सता–शोभनप्रकारेण पान्ति–रक्षन्ति ये ते कुशलसत्पाः, तेषां भावः कु०सत्पता, तां कुर्वन्ति ये ते ॥९०॥

अन्वयः

इत–अङ्कुश–लसत्–पताका–अरिणः, कुशल–सत्–प–ता–कारिणः जिन–इन्द्र–चरण–इन्दवः सुख–ओघ–जल–मण्डपां, दुरित–घर्म–भृद्भ्यः हितां, शुभ–व्यजनकां, भव्य–जन–कामितां लक्ष्मीं सदा आशु प्रवितरन्तु ।

---

१ આ ત્રેવીસમા તીર્થંકરના સંબંધી સ્થૂલ માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૭૦).

શબ્દાર્થ

मण्डप=માંડવો.
जल=પાણી.
सुखौघजलमण्डपां=સુખ-સમૂહરૂપી જલમણ્ડપ છે જેનો એવી.
दुरिततापभृद्भ्यः=પાપરૂપ તાપને ધારણ કરનારાને.
हितां (मू० हिता)=હિતકારી, કલ્યાણકારી.
शुभव्यजनकां=સુશોભિત પંખાવાળી.
इत (धा० इ)=પ્રાપ્ત થયેલ.
पताका=ધ્વજા, વાવટો.
इताङ्कुशलसत्पताकारिणः=પ્રાપ્ત થયાં છે અંકુશ, દેદીપ્યમાન ધ્વજા તેમજ ચક્ર જેમને એવા.
जिनेन्द्रचरणेन्दवः=જિનવરના ચરણરૂપી ચન્દ્રમાઓ.
प्रवितरन्तु (धा० तॄ)=અર્પો, વિતરણ કરો.
लक्ष्मीं (मू० लक्ष्मी)=લક્ષ્મીને.
आशु=જલદી.
कामित=વાંછિત, અભીષ્ટ.
भव्यजनकामितां=ભવ્ય જનોએ વાંછેલી.
कुशल=સજ્જન, સાધુ.
कुशलसत्पताकारिणः=સજ્જનોનું રૂડી રીતે રક્ષણ કરવા રૂપ ભાવને ઉત્પન્ન કરનારા.

શ્લોકાર્થ

જિનપતિઓને પ્રાર્થના—

"પ્રાપ્ત થયાં છે અંકુશ, દેદીપ્યમાન ધ્વજા અને ચક્ર જેમને એવા તથા સજ્જનોનું રૂડી રીતે રક્ષણ કરનારા એવા જિનવરનાં ચરણરૂપ ચન્દ્રો સુખ-સમૂહરૂપ જલ-મણ્ડપ (અર્થાત્ સ્નાન-ગૃહ) વાળી એવી, અને વળી (એથી કરીને તે) પાપરૂપ તાપથી તપ્ત થયેલાને હિતકારી તેમજ સુશોભિત પંખાવાળી એવી તેમજ વળી ભવ્ય-જનોએ વાંછેલી એવી લક્ષ્મી (હે ભવ્યો! તમને) સદા શીઘ્ર સમર્પો."—૯૦

* * * *

जिनमतस्वरूपम्—

अशक्यनुतिकं हरेरपि भवाद्रिनिर्धा(र्दा)रणे
स्वरूपममलङ्घनं मनसि किन्नरैरञ्चितम् ।
नयैर्जिनपतेर्मतं जन ! शिवस्पृहश्चेदिति-
स्वरूपममलं घनं मनसि किं न रैरं चितम् ? ॥ ९१ ॥

—पृथ्वी

टीका

हे जन ! शिवस्पृहश्चेत् त्वमसि ततो जिनमतं किं न मनसि ?—किं नाभ्यस(स्य)सि ? । हरेरपि—इन्द्रस्यापि अशक्या नुतिः—स्तुतिर्यस्य तत् । भवाद्रिनिर्धा(र्दा)रणे—विद्रावणे । स्वरूपमं—वज्रोपमम् । नैव लङ्घितुं शक्यते परवादिभिः तदलङ्घनम् । मनसि किन्नरैर्व्यन्तरविशेषैरञ्चितम् । नयैश्चितं—व्याप्तम् । इतिस्वरूपं यस्य अनन्तरोक्तरूपं घनं-गुपिलं प्रत्यक्षादिभिः रा—द्रव्यं तद् ददातीति रैरम् ॥ ९१ ॥

अन्वयः

(हे) जन ! चेत् (त्वं) शिव-स्पृहः (असि), (तर्हि) हरेः अपि अ-शक्य-नुतिकं, भव-अद्रि-निर्दारणे स्वरु-उपमं, अ-लङ्घनं, रै-रं, नयैः चितं, अमलं, घनं, किन्नरैः मनसि अञ्चितं इति-स्वरूपं जिन-पतेः मतं किं न मनसि ? ।

શબ્દાર્થ

अशक्य=અસંભવિત.
नुति=સ્તુતિ.
अशक्यनुतिकं=અસંભવિત છે સ્તુતિ જેની એવા.
हरेः (मू० हरि)=ઇન્દ્રને.
निर्दारण=ભેદવું.
भवाद्रिनिर्दारणे=સંસારરૂપ પર્વતને ભેદવામાં.
स्वरु=ઇન્દ્રનું વજ્ર.
उपमा=ઉપમાન, સરખાપણું.
स्वरूपमं=ઇન્દ્રના વજ્રની ઉપમા છે જેને એવા.
लङ्घन=ઓળંગવું તે.
अलङ्घनं=અલંઘનીય.
मनसि (मू० मनस्)=ચિત્તમાં, મનમાં.
किन्नरैः (मू० किन्नर)=કિન્નરો વડે.
अञ्चितं (मू० अञ्चित)=પૂજિત.
नयैः (मू० नय)=નયો વડે.
पति=સ્વામી, નાથ.
जिनपतेः (मू० जिनपति)=જિનેશ્વરના.
जन ! (मू० जन)=હે લોક !
स्पृहा=ઇચ્છા, અભિલાષા.
शिवस्पृहः=મોક્ષની અભિલાષા છે જેને એવો.
चेत्=જો.
स्वरूप=સ્વભાવ.
इतिस्वरूपं=આ પ્રમાણેનું સ્વરૂપ છે જેનું એવા.
मनसि (धा० मन्)=તું અભ્યાસ કરે છે.
किं=કેમ.
रै=લક્ષ્મી.
रा=આપવું.
रैरं (मू० रैर)=લક્ષ્મીને સમર્પણ કરનારા.
चितं (धा० चि)=વ્યાપ્ત.

શ્લોકાર્થ

જૈન સિદ્ધાન્તનું સ્વરૂપ—

"હે માનવ ! જો તું મોક્ષની અભિલાષા રાખતો હોય, તો ઇન્દ્રને પણ અશક્ય છે સ્તુતિ (કરવી) જેની એવા, વળી સંસારરૂપ પર્વતનું વિદારણ કરવામાં ઇન્દ્રના વજ્રના સમાન, તથા વળી (કુવાદીઓને પણ) અલંઘનીય, લક્ષ્મીને સમર્પણ કરનારા, (નૈગમ આદિ વિવિધ) નયો વડે વ્યાપ્ત, (પરસ્પર વિરોધાદિ દોષો નહિ હોવાને લીધે) નિર્મલ, (પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે) ગહન તેમજ વળી [1]કિન્નરો વડે મનમાં વન્દન કરાયેલા એવા સ્વરૂપવાળા જિનેશ્વરના સિદ્ધાન્તનો તું કેમ અભ્યાસ કરતો નથી ?"—૯૧

❀ ❀ ❀ ❀

यक्षराजस्य स्तुतिः—

जिनार्चनरतः श्रितो मदकलं न तुल्यस्यदं
द्विपं न मनसा धनै रतिसमानयक्षीजनः ।
जयत्यखिलयक्षराट् प्रथितकीर्तिरत्युन्नमद्-
विपन्नमनसाधनैरतिसमानयक्षीजनः ॥ ९२ ॥ २३ ॥

—पृथ्वी

१ 'કિન્નર' એ વ્યન્તર જાતિના દેવોનો એક પેટા-વિભાગ છે.

टीका

श्रितो द्विपं-हस्तिनम् । मदेन कलं-मनोहरम् । मनसा-चेतसा न नैव तुल्यस्यदं ? किन्तु मनसा तुल्यः स्यदो-वेगो यस्य तम् । अत्युन्नमन्त्यो-महत्यो विपदस्तासां नमने साधनैः-समर्थैः धनैः प्रथिता-विस्तृता कीर्तिर्यस्य सः । रतिसमानो यक्षीजनो यस्य सः । अतिक्रान्तानि समाः-तुल्या देवा अनयाः क्ष्वीजनानि-अव्यक्तशब्दा येन सः ॥ ९२ ॥

अन्वयः

जिन-अर्चन-रतः, मद-कलं, मनसा न न तुल्य-स्यदं द्विपं श्रितः, रति-समान-यक्षी-जनः, अति-उन्नमत्-विपद्-नमन-साधनैः धनैः प्रथित-कीर्तिः, अति-सम-अनय-क्ष्वीजनः अखिल-यक्ष-राट् जयति ।

શબ્દાર્થ

अर्चन=પૂજન, પૂજા.
रत (ધા० रम्)=રાગી.
जिनार्चनरतः=જિન-પૂજાનો રાગી.
श्रितः (ધા० श्रि)=આશ્રય લીધેલ.
मद=મદ, હાથીના કુંભસ્થલ પાસેથી ઝરતું જળ.
कल=મનોહર.
मदकलं=મદ વડે મનોહર.
स्यद=વેગ.
तुल्यस्यदं=સમાન છે વેગ જેનો એવા.
द्विपं (મૂ० द्विप)=કુંજર, હાથી.
मनसा (મૂ० मनस्)=મનની સાથે.
धनैः (મૂ० धन)=લક્ષ્મી વડે, દોલત વડે.
रति=કંદર્પની પત્ની.
यक्षी=યક્ષની પત્ની.
यक्षीजनः=યક્ષનો સ્ત્રી-વર્ગ.
रतिसमानयक्षीजनः=રતિના સમાન છે યક્ષનો સ્ત્રી-વર્ગ જેનો એવો.
यक्ष=એક જાતનો વ્યન્તર દેવ.
अखिलयक्षराट्=સમસ્ત યક્ષોનો રાજા.
प्रथित (ધા० प्रथ्)=(૧) પ્રસિદ્ધ થયેલ; (૨) વિસ્તાર પામેલ.
कीर्ति=યશ, આબરૂ.
प्रथितकीर्तिः=પ્રસિદ્ધ થયો છે અથવા વિસ્તાર પામ્યો છે યશ જેનો એવો.
उन्नमत् (ધા० नम्)=ઉદય પામતી.
नमन=નમાવી દેવું તે.
साधन=ઉપાય.
अत्युन्नमद्विपन्नमनसाधनैः=અતિશય ઉદય પામતી આપત્તિઓનો નાશ કરવામાં સાધનભૂત.
अति=ઉલ્લંઘનવાચક અવ્યય.
अनय=અનીતિ.
क्ष्वीजन=અવ્યક્ત શબ્દ.
अतिसमानयक्षीजनः=અતિક્રમણ કર્યું છે સમાન (દેવતાઓ)નું, અનીતિઓનું અને અવ્યક્ત શબ્દોનું જેણે એવો.

શ્લોકાર્થ

યક્ષરાજની સ્તુતિ—

" જિન-પૂજાનો રાગી, વળી મદથી મનોહર તેમજ વળી મનની સાથે બરોબરી કરનારા વેગને નહિ ધારણ કરનારો એમ નહિ (અર્થાત્ ચિત્તના જેવા વેગવાળા) એવા કુંજર ઉપર આરૂઢ થનારો, તથા વળી રતિસમાન છે યક્ષીજન જેનો એવો, તેમજ અતિ ઉગ્ર આપત્તિઓનો વિનાશ કરવામાં સાધનભૂત એવી લક્ષ્મી વડે પ્રસિદ્ધ થયો

છે [અથવા વિસ્તાર પામ્યો છે] યશ જેનો એવો તેમજ અતિક્રમણ કર્યું છે સમાન (દેવોનું), અનીતિઓનું અને અવ્યક્ત શબ્દનું જેણે એવો સમસ્ત યક્ષનો રાજા વિજયી વર્તે છે."—૯૨

સ્પષ્ટીકરણ

યક્ષરાજનું સ્વરૂપ—

આ યક્ષરાજ કંઇ **શ્રીપાર્શ્વનાથ**ના શાસન-દેવ હોય તેમ લાગતું નથી. કેમકે તે યક્ષને તો **પાર્શ્વ** અથવા **વામન**ના નામથી ઓળખવામાં આવે છે અને તેનું વાહન તો કૂર્મ (કાચબો) છે. અન્ય કોઇ તીર્થંકરના યક્ષના સંબંધી અત્ર સ્તુતિ કરવામાં આવી હોય, એ વાત તો બનવા જોગ નથી. તો પછી સ્તુતિ-**ચતુર્વિંશતિકા**ના ૭૯મા પદ્યની કવિવર **ધનપાલ** પ્રમુખ વિદ્વાનોએ લખેલી ટીકાનુસાર આ યક્ષરાજનું નામ '**કપર્દી**' હોવું જોઇએ.

---

૧ આ યક્ષરાજના સ્વરૂપ સારૂ જુઓ **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૨૩૫-૨૩૭).

२४ श्रीवीरजिनस्तुतयः

अथ श्रीवीरनाथस्य स्तुतिः—

न त्वा नत्वाऽपवर्गप्रगुणगुरुगुणव्रातमुद्भूतमुद् भू-
रंहोरंहोभवानां भवति घनभयाभोगदानां गदानाम् ।
नन्ताऽनन्ताज्ञमेवं वदति यमघनं भासुराणां सुराणां
पाता पातात् स 'वीरः' कृततततमलिनज्ञानितान्तं नितान्तम् ॥९३॥

—स्रग्धरा (७, ७, ७)

टीका

स वीरः पातात् । भासुराणां सुराणां पाता-इन्द्रो यं वीरं एवं वदति । कथं? त्वा-भवन्तं नत्वा नन्ता-नम्रशीलः पुरुषः गदानां-रोगाणां भूः-अवस्थानं न भवति । अपवर्गं प्रति ऋजूनां गुरुगुणानां व्रातो यस्य तम् । उद्भूता मुद्-हर्षो यस्य सः, नन्ताविशेषणम् । अंहः-पापं तस्य रंहो-वेगस्तस्मिन् भवानां-उत्पन्नानाम् । घनभयस्याभोगो-विस्तारः तं ददतीति घ०दाः तेषाम् । अनन्ता आज्ञा यस्य स तम् । कृतस्ततमलिनज्ञानितायाः अन्तः-पर्यन्तो यस्मिन् क्षणे तत् क्रियाविशेषणम् ॥ ९३ ॥

अन्वयः

अपवर्ग-प्रगुण-गुरु-गुण-व्रातं, अनन्त-आज्ञं अन्-अघं त्वा नत्वा उद्भूत-मुद् नन्ता अंहस्-रंहस्-भवानां घन-भय-आभोग-दानां गदानां भूः न भवति एवं यं (वीरं) भासुराणां सुराणां पाता वदति स 'वीरः' कृत-तत-मलिन-ज्ञानिता-अन्तं नितान्तं पातात् ।

શબ્દાર્થ

त्वा (मू० युष्मद्)=તને.
प्रगुण=સરળતાવાળું, સરલ.
व्रात=સમૂહ.
अपवर्गप्रगुणगुरुगुणव्रातं=મોક્ષ પ્રતિ સરલ તેમજ મહાન્ એવા ગુણોના સમૂહરૂપ.
उद्भूत (धा० भू)=ઉત્પન્ન થયેલ.
मुद्=હર્ષ.
उद्भूतमुद्=ઉત્પન્ન થયો છે હર્ષ જેને વિષે એવો.
भूः (मू० भू)=સ્થાન, ભૂમિ.
रंहस्=વેગ.
भव=ઉત્પત્તિ.
अंहोरंहोभवानां=પાપરૂપ વેગને વિષે ઉત્પન્ન થયેલા.
आभोग=વિસ્તાર.
घनभयाभोगदानां=અત્યંત ભયના વિસ્તારને આપવા વાળા.
गदानां (मू० गद)=રોગોના.
नन्ता (मू० नन्तृ)=નમન કરનાર.
अनन्त=નિઃસીમ, અપાર.

आज्ञा=આદેશ.
अनन्ताज्ञं=અનન્ત છે આજ્ઞાઓ જેની એવા.
एवं=આ પ્રકારે.
वदति (धा० वद्)=કહે છે.
अनघं=અવિદ્યમાન છે પાપ જેને વિષે એવા, પાપ-રહિત.
भासुराणां (मू० भासुर)=દેદીપ્યમાન.
सुराणां (मू० सुर)=દેવતાઓનો.
पाता (मू० पातृ)=પાલક.
पातात् (धा० पा)=રક્ષણ કરો.
वीरः (मू० वीर)=**વીર** (ભગવાન્).
मलिन=મેલું.
ज्ञानिता=જ્ઞાનિપણું.
कृततततमलिनज्ञानितान्तं=કર્યો છે વિસ્તારવાળા તેમજ મલિન જ્ઞાનીપણાનો નાશ જેમાં એવી રીતે.
नितान्तं=અત્યન્ત.

શ્લોકાર્થ

શ્રીવીરપ્રભુની સ્તુતિ—

" મોક્ષ (મેળવવામાં સાધનભૂત એવા) સરલ તેમજ મહાન્ ગુણોના સમુદાય-રૂપ, વળી અનન્ત છે આજ્ઞા જેની એવા (અર્થાત્ શ્રદ્ધા કરવા યોગ્ય અનન્ત પદાર્થોનું જ્ઞાન કરાવનારા) તેમજ પાપ-રહિત એવા તને નમસ્કાર કરવાથી, ઉત્પન્ન થયો છે હર્ષ જેને એવો નમન કરનારો (પ્રાણી) પાપરૂપ વેગને વિષે ઉત્પન્ન થયેલા તેમજ અત્યંત ભયનો વિસ્તાર કરનારા એવા રોગોનું સ્થાન થતો નથી, એમ જેને ઉદ્દેશીને દેદીપ્યમાન દેવોનો પાલક બોલે છે, તે [1]**વીર** (ભગવાન્) વિસ્તારવાળા મલિન જ્ઞાનીપણાનો નાશ કરવા પૂર્વક (હે ભવ્યો! તમારું) અત્યન્ત રક્ષણ કરો. "—૯૩

સ્પષ્ટીકરણ

પદ્ય-મીમાંસા—

આ તેમજ ત્યાર પછીનાં ત્રણ પદ્યો સાધારણ રીતે મોટા ગણાતાં અને આ કાવ્યનાં બીજાં પદ્યોની અપેક્ષાએ તો સૌથી મોટા ગણી શકાય તેવા 'સ્રગ્ધરા' વૃત્તમાં રચાયેલાં છે. આ વૃત્તનું લક્ષણ એ છે કે—

> " **चत्वारो यत्र वर्णाः प्रथममलघवः षष्ठकः सप्तमोऽपि**
> **द्वौ तद्वत् षोडशाद्यौ मृगमदमुदिते ! षोडशान्त्यौ तथाऽन्त्यौ ।**
> **रम्भास्तम्भोरुकान्ते ! मुनिमुनिमुनिभिर्दृश्यते चेद् विरामो**
> **वाले ! वन्द्यैः कवीन्द्रैः सुतनु ! निगदिता स्रग्धरा सा प्रसिद्धा ॥ "**
>
> —શ્રુત૦ શ્લો૦ ૪૨

આ ઉપરથી જોઇ શકાય છે કે—હે કસ્તૂરીની સુવાસથી પ્રસન્ન થયેલી (પ્રમદા)! જે વૃત્તમાં પ્રથમના ચાર વર્ણો તેમજ છઠ્ઠા અને સાતમા વર્ણો અને તેવી રીતે સોળમાની પૂર્વેના બે (અર્થાત્ ચૌદમા અને પંદરમા) વર્ણો તથા સોળમાની પછીના બે (અર્થાત્ સત્તરમા અને અઢારમા) વર્ણો તેમજ છેવટના બે (અર્થાત્ વીસમા અને એકવીસમા) વર્ણો દીર્ઘ હોય અને જો તેમાં હે કદલીના સ્તમ્ભના સમાન જંઘાવાળી (તરૂણી)! સાતમે, ચૌદમે અને એકવીસમે અક્ષરે યતિ યાને વિશ્રામ-સ્થાન હોય, તો હે બાલા! હે સુન્દરી! તે વૃત્તને પૂજનીય કવિરાજો 'સ્રગ્ધરા' એવા પ્રસિદ્ધ નામથી ઓળખાવે છે.

---

૧ આ પ્રભુના ટુંક ચરિત્ર માટે જુઓ **વીર-ભક્તામર**, તથા **સ્તુતિ-ચતુર્વિંશતિકા** (પૃ૦ ૩૯૮).

આ એકવીસ અક્ષરના સમવૃત્તમાં म, र, भ, न, य, य અને य એમ સાત ગણો છે. આથી કરીને તો એનું લક્ષણ વૃત્તરત્નાકરમાં એમ પણ બાંધવામાં આવ્યું છે કે—

"म्रभ्नैर्यानां त्रयेण त्रिमुनियतियुता स्रग्धरा कीर्तितेयम्"

આ વાત ધ્યાનમાં આવે તેટલા માટે આ પદ્યના પ્રથમ ચરણ તરફ દૃષ્ટિપાત કરવો ઉચિત સમજાય છે.

— — — — ⏑ — — ⏑ ⏑ ⏑ ⏑ ⏑ ⏑ — — ⏑ — — ⏑ — —

नत् वा नत् । वा प वर् । गप् र गु । ण गु रु । गु णव् रा । त मुद् भू । त मुद् भू ।

म र भ न य य य

પદ્ય-ચમત્કાર—

આ પદ્યમાંના પ્રથમ ચરણમાં જેમ પ્રથમના બે અક્ષરોની તેમજ અન્તના ત્રણ અક્ષરોની પુનરાવૃત્તિ દૃષ્ટિ-ગોચર થાય છે, તે હકીકત બાકીનાં ચરણો પૈકી પણ જોઇ શકાય છે. વિશેષમાં આ પછીનાં ત્રણ પદ્યો પણ આ પ્રકારના શબ્દાલંકારથી શોભે છે એ વાત ભૂલવા જેવી નથી.

સ્પષ્ટીકરણ

મલિન જ્ઞાન—

આ પદ્યમાં 'મલિન જ્ઞાનીપણાનો નાશ' એમ જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં મલિન જ્ઞાનથી શું સમજવું એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નનો ઉત્તર બે રીતે સંભવી શકે છે, કેમકે એક તો મલિન જ્ઞાનનો અર્થ અજ્ઞાન થાય છે અને બીજો અર્થ [1]છદ્મસ્થનું જ્ઞાન થાય છે. તેમાં અજ્ઞાનના ત્રણ પ્રકારો છે—(૧) મત્યજ્ઞાન, (૨) શ્રુતાજ્ઞાન અને (૩) વિભંગ-જ્ઞાન. સામાન્ય રીતે એવો કોઇ સંસારી જીવ નથી કે જેને મતિ અને શ્રુત ન હોય. મતિ અને શ્રુત જ્ઞાનો પરત્વેની વિપરીતતા તે મત્યજ્ઞાન અને શ્રુતાજ્ઞાન કહેવાય છે. [2]અવધિજ્ઞાનનો અસત્ય પ્રકાશ તે વિભંગજ્ઞાન છે. એ ધ્યાનમાં રાખવું કે સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધીનું જ્ઞાન તે ખરૂં જ્ઞાન નથી પણ તેને શાસ્ત્રકાર અજ્ઞાન કહે છે.

મલિન જ્ઞાનનો અર્થ છદ્મસ્થનું જ્ઞાન (અર્થાત્ વધારેમાં વધારે બારમા [3]ગુણસ્થાનક સુધી આરૂઢ થયેલાનું નહિ કે એ ગુણસ્થાનકથી આગળ વધેલાનું જ્ઞાન) એમ કરવાથી એ સમજી શકાય છે કે મલિન જ્ઞાનથી મતિ-જ્ઞાન, શ્રુત-જ્ઞાન, અવધિ-જ્ઞાન અને મનઃપર્યય-જ્ઞાન સમજવાં, કેમકે આ જ્ઞાનોનો પ્રાદુર્ભાવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી નહિ કે આત્યન્તિક ક્ષયથી થતો હોવાથી તે જ્ઞાનવાળો જીવ જ્ઞાનાવરણીય કર્મરૂપી મલથી યુક્ત હોવાને લીધે તેનું જ્ઞાન મલિન છે. નિર્મલ જ્ઞાન તો કેવલજ્ઞાન જ છે, કેમકે તે જ્ઞાન પ્રાપ્ત થાય

---

૧ छादयतीति छद्म-कर्माभिधीयते, छद्मनि तिष्ठतीति छद्मस्थः ।

૨ નરકમાં પણ કેટલાક જીવોને શુદ્ધ અવધિજ્ઞાન હોઇ શકે છે અને આ હકીકત ઉપાન્ત્ય ભવમાં જે તીર્થંકરો પહેલી, બીજી કે ત્રીજી નરકમાં (આ સિવાયની બાકીની ચાર નરકોમાં આગલેજ ભવે તીર્થંકર તરીકે ઉત્પન્ન થનાર જીવ હોઇ શકે નહિ) હોય, તેને તો લાગૂ પડે છેજ.

૩ 'ગુણસ્થાનક' એ જૈનોનો પારિભાષિક શબ્દ છે. 'ગુણસ્થાન' એટલે આત્મિક 'ગુણોના વિકાસનું સ્થલ.' આવો વિકાસ ક્રમશઃ થાય છે. આત્માનો સંપૂર્ણ વિકાસ ચૌદમે સ્થાનકે થાય છે. આ ચૌદ સ્થાનકની માહિતી માટે જુઓ શ્રીમાન્ રત્નશેખરકૃત 'ગુણસ્થાન-ક્રમારોહ,' શ્રીહરિભદ્રસૂરિકૃત 'યોગ-દૃષ્ટિસમુચ્ચય,' શ્રીવિનયવિજયજીકૃત 'લોકપ્રકાશ' અને શ્રીનેમિચન્દ્રસૂરિકૃત 'પ્રવચન-સારોદ્ધાર.'

તે પૂર્વે આત્મા સ્વપ્રદેશમાંથી પોતાના અનાદિકાળના શત્રુરૂપ જ્ઞાનાવરણીય કર્મને સદાને માટે દેશવટો દે છે અને આ પ્રમાણે આ શત્રુ દેશપાર થતાં આત્મા સર્વજ્ઞ બને છે.

આ ઉપરથી તો એમ સૂચન થાય છે કે કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ મતિજ્ઞાનાદિક ચાર જ્ઞાનોનો સદ્ભાવ સંભવતો નથી. આ વાતને વાચકવર્ય શ્રીઉમાસ્વાતિ પણ ટેકો આપે છે, કેમકે **તત્ત્વાર્થાધિગમસૂત્ર**ના પ્રથમ અધ્યાયના ૩૧મા સૂત્ર દ્વારા તેઓ કહે છે કે—

"एकादीनि भाज्यानि युगपदेकस्मिन्ना चतुर्भ्यः"

આ સંબંધમાં મત-ભેદ જોવામાં આવે છે અને તે એ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં તારા નક્ષત્રાદિકની પ્રભા તેમાં સમાઇ જાય છે, પરંતુ તેથી કંઇ તેનો નાશ થયેલો ગણાય નહિ, તેવી રીતે અથવા તો જેમ સર્વજ્ઞ થયા બાદ પાંચ દ્રવ્યેન્દ્રિયો રહેવા છતાં પણ જેમ સર્વજ્ઞ ભાવેન્દ્રિયથી સર્વ કાર્ય કરે છે તેમ કેવલજ્ઞાન પ્રાપ્ત થયા બાદ પણ બાકીનાં ચાર જ્ઞાનો સંભવે છે; પછી ભલે તે અકિંચિત્કર રહે.

જો કે આ પ્રમાણે વિચાર કરતાં પાંચે જ્ઞાનોનો સદ્ભાવ સંભવી શકે છે છતાં પણ એ ભૂલી જવું જોઇએ નહિ કે ક્ષાયિકભાવમાં વિચરનારા સર્વજ્ઞને ક્ષાયોપશમિક ભાવથી ઉત્પન્ન થતાં જ્ઞાનો કેમ સંભવે એ પ્રશ્ન જેવો ને તેવોજ ખડો રહે છે તેનું શું?

આ સંબંધમાં અત્ર વિશેષ ઉહાપોહ ન કરતાં તેના જિજ્ઞાસુને ઉપર્યુક્ત સૂત્ર ઉપરના ભાષ્ય અને ટીકા તેમજ **વિશેષાવશ્યક** વિગેરે ગ્રન્થો તરફ દૃષ્ટિપાત કરવા ભલામણ કરવામાં આવે છે.

* * * *

जिनेश्वराणां स्तुतिः—

येऽमेये मेरुमूर्धन्यतुलफलविधासत्तरूपात्तरूपाः
सस्नुः सस्नुत्यजीर्यद्दृषदि सुरजलैः प्रास्तमोहास्तमोहाः ।
जातौ जातौजसस्ते द्युतिचितिजितसत्कुन्ददन्ता ददन्ता-
मध्यामध्यानगम्याः प्रशममिह जिनाः पापदानां पदानाम् ॥ १४ ॥

—स्रग्०

टीका

ये जिना जातौ—जन्मनि मेरुमूर्धनि सुरजलैः सस्नुः—स्नापिता सन्तः । पापदानां पदानां—स्थानानां प्रशमं ददतु—प्रयच्छन्तु । अमेये—निष्प्रमाणे । किंभूता जिनाः ? अतुलफलानां विधानं विधा तस्यां सत्तरूणां—शोभनतरूणां संबन्धि उपात्तं—प्राप्तं रूपं यैस्ते । सस्नुत्यो—जलैः प्रस्रवणाः अजीर्यन्त्यः प्रत्यग्राः दृषदः—शिला यस्मिन् मेरौ । प्रास्तो मोहो यैस्ते । तमो जहति ये ते तमोहाः । जातं ओजो—बलं येषां ते । द्युतेः चितिः (द्युति०)

द्युतिचित्या दन्तानां संबन्धिन्या जितानि सत्कुन्दानि यैर्दन्तैस्ते । अध्यामं-स्पष्टं च तद् ध्यानं च तेन गम्या-गमनीया ये ते ॥ ९४ ॥

अन्वयः

ये जातौ अ-मेये स-स्रुति-अ-जीर्यत्-दृषदि मेरु-मूर्धनि सुर-जलैः सस्नुः, ते अतुल-फल-विधा-सत्-तरु-उपात्त-रूपाः, प्रास्त-मोहाः, तमस्-हाः, जात-ओजसः, द्युति-चिति-जित-सत्-कुन्द-दन्ताः अध्याम-ध्यान-गम्याः जिनाः पापदानां पदानां प्रशमं इह ददन्ताम् ।

શબ્દાર્થ

अमेये (મૂ॰ अमेय)=માપ-રહિત, અત્યંત મોટા.
मेरुमूर्धनि=મેરૂના શિખર ઉપર.
विधा=વિધાન.
उपात्त (ધા॰ दा)=પ્રાપ્ત કરેલ, મેળવેલ.
अतुलफलविधासत्तरूपात्तरूपाः=અનુપમ ફલનું વિધાન કરવામાં ઉત્તમ વૃક્ષ સંબંધી પ્રાપ્ત કર્યું છે રૂપ જેમણે એવા.
सस्नुः (ધા॰ स्ना)=સ્નાન કર્યું.
स्रुति=ઝરવું તે.
अजीर्यत्=નહિ ખવાઈ ગયેલા.
दृषद्=પત્થર.
सस्रुत्यजीर्यद्दृषदि=જળના ધોધ વડે નથી ખવાઇ ગયેલા પત્થરો જેને વિષે એવા.
सुरजलैः=દેવના જલો વડે.
प्रास्त (ધા॰ अस्)=દૂર ફેંકી દીધેલ.
प्रास्तमोहाः=દૂર ફેંકી દીધો છે મોહ જેમણે એવા.
तमोहाः (મૂ॰ तमोह)=અંધકારનો નાશ કરનારા.
जातौ (મૂ॰ जाति)=જન્મને વિષે.
जात (ધા॰ जन्) =ઉત્પન્ન થયેલ.
जातौजसः=ઉત્પન્ન થયું છે બલ જેમને એવા.
चिति=સમુદાય, કલાપ.
दन्त=દાંત.
द्युतिचितिजितसत्कुन्ददन्ताः=તેજના સમૂહ વડે જીત્યો છે સારા કુન્દને જેણે એવા દાંતવાળા.
ददन्ताम् (ધા॰ दद्)=અર્પો.
अध्याम=સ્પષ્ટ.
ध्यान=ધ્યાન, એક તાન.
गम्य=પ્રાપ્ય, મળી શકે તેવા.
अध्यामध्यानगम्याः=સ્પષ્ટ ધ્યાન વડે પ્રાપ્ય.
प्रशमं (મૂ॰ प्रशम)=નાશ.
पापदानां (મૂ॰ पापद्)=પાપ દેનારા, પાપ-જનક.
पदानां (મૂ॰ पद)=સ્થાનોની.

શ્લોકાર્થ

જિનેશ્વરોની સ્તુતિ—

"જેમણે માપ-રહિત તેમજ જલના ઝરવા વડે નથી ખવાઇ ગયેલા પત્થરો જેને વિષે એવા મેરૂ (પર્વત)ના શિખર ઉપર સુરોએ (લાવેલાં) જલ વડે પોતાના જન્મ-સમયે સ્નાન કર્યું, તે તીર્થંકરો કે જેમણે અનુપમ ફલ અર્પણ કરનારા એવા ઉત્તમ વૃક્ષના રૂપને પ્રાપ્ત કર્યું છે, તથા વળી જેમણે મોહને પરાસ્ત કર્યો છે તેમજ (અજ્ઞાનરૂપી) અંધકારનો વિનાશ કર્યો છે, તથા વળી જેમણે (અનંત વીર્યરૂપ) પરાક્રમ પ્રાપ્ત કર્યું છે, તેમજ જેમણે દંતની કાન્તિના કલાપ વડે ઉત્તમ કુન્દ (કુસુમો)ને (પણ) પરાજિત કર્યાં છે તેમજ જેઓ સ્પષ્ટ (અર્થાત્ હીનતા અથવા શ્યામતાથી રહિત એવા) ધ્યાન વડે લક્ષ્ય છે, તે તીર્થપતિઓ પાપ-જનક સ્થાનોનો વિનાશ કરો."—૯૪

✱ ✱ ✱ ✱

जिनवचनविचारः—

दोषो दोषोरुसिन्धुप्रतरणविधिषु न्यायशस्या यशस्याः
प्रादुः प्रादुष्कृतार्थाः कृतनतिषु जयं सम्पराये परा ये ।
ते शान्तेशां नखांशुच्छुरितसुरशिरोराजिनानाजिनाना-
मारामा राद्धिलक्ष्म्या वचनविधिलवा वो दिशन्तां दिशं ताम् ९५

—स्रग्०

टीका

वो–युष्मभ्यं वचनविधिलवा दिशं–अवस्थां ददताम् । दोषा एव उरुसिन्धुः–बृहन्नदी तस्याः प्रतरणविधयस्तेषु दोषो–बाहवो ये, वचनविधिलवविशेषणम् । न्यायेन शस्याः–स्तुत्याः । यशसि हिता यशस्या ये । कृता नतिर्यैस्ते तेषु । प्रादुः–धृतवन्ता ये । कं ? जयम् । क्व ? सम्पराये–सङ्ग्रामे । प्रादुष्कृताः–प्रकाशीकृताः अर्था यैस्ते । पराः–प्रधाना ये । शान्ता ईशा–जिनादयो यस्यां दिशि सा ताम् । नखानां अंशवो–दीप्तयस्तैः छुरिताः–चिताः सुरशिरोराजयः–पङ्क्तयो यैस्ते एवंविधाश्च नानाजिनाश्च तेषाम् । वचनविधिलवाः निर्वृतिलक्ष्म्या आरामा इत्यर्थः ॥ ९५ ॥

अन्वयः

ये दोष–उरु–सिन्धु–प्रतरण–विधिषु दोषः, न्याय–शस्याः, यशस्याः, कृत–नतिषु सम्पराये जयं प्रादुः, ते प्रादुष्कृत–अर्थाः पराः राद्धि–लक्ष्म्याः आरामाः, नख–अंशु–छुरित–सुर–शिरस्–राजि–नाना–जिनानां वचन–विधि–लवाः वः तां शान्त–ईशां दिशं दिशन्ताम् ।

શબ્દાર્થ

दोषः (मू० दोस्)=હસ્તો.
सिन्धु=નદી.
प्रतरण=તરવું તે.
विधि=ક્રિયા.
दोषोरुसिन्धुप्रतरणविधिषु=અપરાધરૂપી વિશાળ નદીને તરી જવાની ક્રિયામાં.
न्याय=ન્યાય, નીતિ.
न्यायशस्याः=ન્યાયે કરીને પ્રશંસા-પાત્ર.
यशस्याः (मू० यशस्य)=કીર્તિના સાધનરૂપ.
प्रादुः (धा० दा)=ધારણ કર્યો.
प्रादुष्कृत (धा० कृ)=પ્રકાશિત કરેલ.
अर्थ=પદાર્થ.
प्रादुष्कृतार्थाः=પ્રકાશિત કર્યા છે પદાર્થો જેમણે એવા.
कृतनतिषु (मू० कृतनति)=કર્યો છે પ્રણામ જેમણે એવાને વિષે.
जयं (मू० जय)=વિજયને, ફત્તેહને.
सम्पराये (मू० सम्पराय)=સંગ્રામને વિષે.
पराः (मू० पर)=ઉત્તમ.
शान्त (धा० शम्)=શાંત.
ईश=ઈશ્વર, તીર્થંકર.
शान्तेशां=શાન્ત છે ઈશ્વરો જ્યાં તે.
अंशु=કિરણ.
छुरित=વ્યાપ્ત.
शिरस्=શીર્ષ, મસ્તક.

जिन=તીર્થંકર.
नखांशुच्छुरितसुराशेरोराजिनानाजिनानां=નખનાં કિરણોથી વ્યાપ્ત કરી છે દેવોના મસ્તકોની શ્રેણિને જેમણે એવા વિવિધ તીર્થંકરોના.
आरामाः (મૂ॰ आराम)=ઉદ્યાનો, વાટિકાઓ, બગીચાઓ.
राद्धि=સિદ્ધિ, નિર્વૃતિ.
राद्धिलक्ष्म्याः=સિદ્ધિરૂપી સંપત્તિની.
वचन=વચન, વાણી.
लव=લેશ, ભાગ.
वचनविधिलवाः=વચનની વિધિના અંશો.
दिशन्तु (મૂ॰ दिश्)=અર્પો, બતાવો.
दिशं (મૂ॰ दिश्)=દિશાને.

શ્લોકાર્થ

જિન-વચનનો વિચાર—

"જે (વાક્યો) અપરાધરૂપ મહાનદીને તરી જવામાં હસ્ત (સમાન) છે (અર્થાત્ તે કાર્યમાં અવલમ્બનરૂપ છે), વળી જે ન્યાયે કરીને પ્રશંસનીય છે તેમજ કીર્તિના સાધનરૂપ છે, તથા વળી પ્રણામ કર્યો છે જેમણે એવા (જનો)ને સંગ્રામમાં જેણે વિજય અર્પણ કર્યો છે, તે, પ્રકાશિત કર્યા છે પદાર્થો જેણે એવા તથા ઉત્તમ તેમજ નિર્વૃતિરૂપી લક્ષ્મીની વાટિકારૂપ એવા, નખની દ્યુતિ વડે વ્યાપ્ત કરી છે જેમણે સુરોના શીર્ષની શ્રેણિને એવા વિવિધ તીર્થંકરોના વચનની વિધિના અંશો તે દિશા કે જ્યાં ઈશ્વરો શાંત (વીતરાગ) છે તે બતાવો."—૯૫

* * * *

अम्बादेव्याः स्तुतिः—

सिंहेऽसिं हेलयाऽलं जयति खरनखैर्वीतनिष्ठेऽतनिष्ठे
शुक्ले शुक्क्लेशनाशं दिशति शुभकृतौ पण्डितेऽखण्डिते खम् ।
याते या तेजसाऽऽढ्या तडिदिव जलदे भाति धीराऽतिधीरा-
पत्याऽऽपत्यापनीयान्मुदितसमपरार्ध्याधमं बाध'मम्बा'॥९६॥२४॥

—स्रग्०

बाधं–पीडां अम्बा देवता अपनीयात् । समा–मध्यमाः परार्ध्या–उत्तमा अधमा–निकृष्टाः, मुदिताः समपरार्ध्याधमा यस्मिन् बाधापनयने तत्, क्रियाविशेषणमिदम् । या सिंहे आरूढा । असिं–खड्गं हेलया जयति–अभिभवति । कैः ? खरनखैः । वीता निष्ठाः–क्लेशाः यस्य स तस्मिन् । अतनिष्ठे–बृहत्प्रमाणे । शुक्ले–धवले । शुचः–शोकाश्च क्लेशाश्च तेषां नाशं या दिशति । कस्यां ? शुभकृतौ । पण्डिते–निपुणे केनचिदप्यखण्डिते । खं–आकाशं याते । एवंविशिष्टे सिंहेऽवस्थिता भाति तेजसाऽऽढ्या । कथं ? तडिदिव जलदे–विद्युदिव मेघे । धीरा–सत्त्ववती । अतीव धीरे अपत्ये यस्याः सा । आपत्य–आगत्य । बाधमपनीयादिति संबन्धः ॥ ९६ ॥

॥ इति बप्पभट्टिसूरिकृतचतुर्विंशतिकाटीका ॥

अन्वयः

या तेजसा आढ्या वीत-निष्ठे अतनिष्ठे शुक्ले पण्डिते अ-खण्डिते खं याते सिंहे ([illegible]) जलदे तडित् इव भाति, खर-नखैः असिं हेलया अलं जयति, शुभ-कृतौ शुच्-क्लेश-नाशं दिशति, सा धीरा अति-धीर-अपत्या 'अम्बा' आपत्य बाधं मुदित-सम-परार्ध्य-अधमं अपनीयात् ।

શબ્દાર્થ

सिंहे (मू० सिंह)=સિંહના ઉપર.
हेलया (मू० हेला)=લીલાપૂર્વક.
खर=તીક્ષ્ણ.
खरनखैः=તીક્ષ્ણ નખો વડે.
वीत (धा० इ)=વિશેષતઃ ગયેલ.
निष्ठा=ક્લેશ.
वीतनिष्ठे=નષ્ટ થયો છે ક્લેશ જેનો એવી.
अतनिष्ठे (मु० तनिष्ठ)=મોટા માપવાળા.
शुक्ले (मू० शुक्ल)=શ્વેત, ધવલ.
शुच्=શોક.
क्लेश=ખેદ.
शुक्क्लेशनाशं=શોક અને ખેદના વિનાશને.
दिशति (धा० दिश्)=આપે છે.
कृति=કાર્ય.
शुभकृतौ=શુભ કાર્યમાં.
पण्डिते (मू० पण्डित)=ચાલાક.
अखण्डिते (मू० अखण्डित)=અખણ્ડિત.
खं (मू० ख)=આકાશ.
याते (मू० यात)=ગયેલ.
तेजसा (मू० तेजस्)=તેજ વડે.
आढ्या (मू० आढ्य)=યુક્ત, વિશિષ્ટ.
तडित्=વીજળી.
जलदे (मू० जलद)=મેઘને વિષે.
भाति (धा० भा)=શોભે છે.
धीरा (मू० धीर)=બળવાળી.
अपत्य=બાળક.
अतिधीरापत्या=અત્યંત ધીર છે બાળક જેનાં એવી.
आपत्य (धा० पत्)=આવીને.
अपनीयात् (धा० नी)=દૂર કરો.
परार्ध्य=શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ.
अधम=નીચ, નિકૃષ્ટ.
मुदित (धा० मुद्)=હર્ષિત.
मुदितसमपरार्ध्याधमं=સાધારણ, ઉત્તમ તેમજ અધમ (વર્ગો) ખુશી થાય તેવી રીતે.
बाधं (मू० बाध)=પીડાને.

શ્લોકાર્થ

અમ્બા દેવીની સ્તુતિ—

"જે તેજ વડે યુક્ત છે તથા વળી નષ્ટ થયો છે ક્લેશ જેનો એવા તથા મહાન્ (અત્યંત પ્રૌઢ) તેમજ શ્વેત અને ચતુર તથા કોઇથી પણ પરાભવ નહિ પામેલ એવા આકાશમાં ગયેલા સિંહ ઉપર, જેમ મેઘને વિષે સૌદામિની શોભે છે, તેમ જે શોભે છે, તેમજ વળી જે તીક્ષ્ણ નખો વડે તરવારને લીલાપૂર્વક સર્વથા પરાજિત કરે છે, તથા વળી શુભ કાર્યને વિષે જે શોક અને ખેદનો વિનાશ કરે છે, તે સત્ત્વવાળી તેમજ અત્યંત ધીર બાળકવાળી અમ્બા (દેવી) (અત્ર) આવીને (હે ભવ્યો ! તમારી) પીડાને મધ્યમ, ઉત્તમ તેમજ અધમ (વર્ગો) રાજી થાય તેવી રીતે દૂર કરો."—૯૬

સ્પષ્ટીકરણ

મનુષ્યોનું વર્ગીકરણ—

જૈન શાસ્ત્રમાં જે અધમતમ, અધમ, વિમધ્યમ, મધ્યમ, ઉત્તમ અને ઉત્તમોત્તમ એમ મનુષ્યના છ પ્રકાર પાડવામાં આવ્યા છે (આ સંબંધી માહિતી માટે જુઓ **મહાનિશીથ,**

તત્ત્વાર્થાધિગમસૂત્રની સંબંધકારિકા અને શ્રીક્ષેમંકરકૃત ષટ્પુરૂષચરિત્ર), તેનો સામાન્યતઃ **ઉપર્યુક્ત** ત્રણ પ્રકારોમાં અંતર્ભાવ થઇ શકતો હોવાથી અત્ર તેવો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ વાતની શ્રીમાન્ **યશોવિજયજી**એ રચેલી **માર્ગદ્વાત્રિંશિકા**નાં નિમ્ન-લિખિત પદ્યો સાક્ષી પૂરે છે એટલું જ નહિ, પરંતુ તેના સ્વરૂપ ઉપર પણ પ્રકાશ પાડે છે.

> "**गुणी च गुणरागी च, गुणद्वेषी च साधुषु ।**
> **श्रूयन्ते व्यक्तमुत्कृष्ट-मध्यमाधमबुद्धयः ॥**
> **ते च चारित्रसम्यक्त्व-मिथ्यादर्शनभूमयः ।**
> **अतो द्वयोः प्रकृत्यैव, वर्तितव्यं यथाबलम् ॥**"

અર્થાત્—(૧) ગુણવાન્, (૨) ગુણાનુરાગી અને (૩) સાધુ જનોના ગુણના દ્વેષી એવા ત્રણ પ્રકારના મનુષ્યો સ્પષ્ટ રીતે સંભળાય છે. આ ત્રણને 'ઉત્તમ' 'મધ્યમ' અને 'અધમ' સમજવા. વળી તેઓ ચારિત્ર, સમ્યક્ત્વ અને મિથ્યાદર્શનની ભૂમિ ઉપર રહેલા છે (અર્થાત્ તેઓ અનુક્રમે ચારિત્રવાન્, સમ્યક્ત્વધારી અને મિથ્યાદૃષ્ટિ છે). વાસ્તે વિવેકી જને પ્રથમના બે પ્રકારના પંથમાં યથાશક્તિ વર્તન કરવું (એટલે કે ગુણ પ્રાપ્ત કરવા કમર કસવી અને વળી અન્યોના ગુણોનું અનુમોદન તો અવશ્ય કરવુંજ).

चतुर्विंशतिका सविवेचना
समाप्ता

शब्द-कोषः

अ

अंशु (पुं०)=કિરણ.
अंस (पुं०)=ખભો.
अंहति (स्त्री०)=દાન.
अंहस् (न०)=પાપ.
अक्ष (न०)=ઇન્દ્રિય.
अक्ष (पुं०)=રૂદ્રાક્ષ.
अक्षम (वि०)=અસમર્થ.
अखण्डित (वि०)=સંપૂર્ણ.
अखिल (वि०)=સમસ્ત, સર્વ.
अग (पुं०)=પર્વત.
अगम (वि०)=દુર્ગમ.
अग्रिम (वि०)=મુખ્ય.
अघ (न०)=પાપ.
अङ्कित (वि०)=લક્ષિત.
अङ्कुश (पुं०)=હાથીને ઠીક ચલાવવાની આંકડ.
अङ्ग (न०)=દેહ.
अङ्घ्रि (पुं०)=ચરણ.
अचर (वि०)=સ્થાવર, સ્થિર રહેનાર.
अच्छुप्ता (स्त्री०)=**અચ્છુપ્તા** (વિદ્યા-દેવી).
अज (वि०)=જન્મ-રહિત.
अजित (पुं०)=જૈનોના દ્વિતીય તીર્થંકર.
अजित (वि०)=નહિ જીતેલ.
अजिन (न०)=ચામડું.
अजेय (वि०)=નહિ જીતાય એવો.
अञ्च् (१०, उ० गतिपूजनयोः)=(૧) જવું; (૨) પૂજવું.
अञ्जन (न०)=કાજળ.
अञ्जसा (अ०)=સત્વર, જલદી.
अट्या (स्त्री०)=ગમન.
अति (अ०)=(૧) અતિશયવાચક અવ્યય; (૨) ઉલ્લંઘનવાચક અવ્યય.
अतिशय (पुं०)=અધિકપણું.
अतीव (अ०)=અત્યંત, ઘણુંજ.
अतुल (वि०)=પુષ્કળ.
अत्र (अ०)=અહિંઆ.
अदस् (स०)=એ.
अद्रि (पुं०)=પર્વત.
अधम (वि०)=નીચ.
अधिक (वि०)=અધિક.
अध्याम (वि०)=સ્પષ્ટ.
अनङ्ग (पुं०)=કામદેવ.
अनन्त (वि०)=પાર વિનાના.
अनन्तजित् (पुं०)=જૈનોના ચૌદમા તીર્થંકર.
अनागस् (वि०)=અપરાધ વિનાનું.
अनाविल (वि०)=નિર્મળ.
अनिशम् (अ०)=સર્વદા.
अनु (अ०)=યોગ્યતાવાચક અવ્યય.
अनुत्तम (वि०)=સર્વોત્તમ.
अनुपम (वि०)=અસાધારણ, નિરૂપમ.
अनेक (वि०)=એક કરતાં વધારે.
अन्त (पुं०)=(૧) નાશ; (૨) છેડો.
अन्तक (वि०)=વિનાશક.
अन्तर (वि०)=આન્તરિક.
अन्ध (वि०)=આંધળો.
अन्वय (पुं०)=સંતતિ, પ્રવાહ.
अप् (स्त्री०)=જળ.
अप (अ०)=દૂરવાચક અવ્યય.
अपघन (पुं०)=અવયવ.
अपत्य (न०)=બાળક.
अपर (वि०)=અન્ય.
अपवर्ग (पुं०)=મોક્ષ, નિર્વાણ.
अपि (अ०)=પણ.
अप्रतिचक्रा (स्त्री०)=**અપ્રતિચક્રા** (વિદ્યા-દેવી).
अब्ज (न०)=કમળ.
अब्धि (पुं०)=સમુદ્ર.
अभिद्रोह (पुं०)=અપકાર.
अभिनन्दन (पुं०)=જૈનોના ચોથા તીર્થંકર.
अभिनन्दन (वि०)=આનંદ આપનાર.
अभिषेक (पुं०)=અભિષેક.
अभ्यधिक (वि०)=સંપર્ણ.

अमत (वि०)=નહિ માનેલ.
अमन्द (वि०)=સ્પષ્ટ.
अमर (पुं०)=દેવ.
अमर्त्य (पुं०)=દેવ.
अमल (वि०)=મેલ વગરનું.
अमृत (न०)=અમૃત.
अमेय (वि०)=નહિ માપી શકાય તેવો.
अम्बा (स्त्री०)=**અમ્બા** (શાસન-દેવી).
अम्बु (न०)=જળ.
अम्बुज (न०)=કમળ.
अम्बुद (पुं०)=મેઘ.
अम्बुधर (पुं०)=મેઘ.
अम्भोज (न०)=કમળ.
अर (पुं०)=જૈનોના અઠારમા તીર્થંકર.
अरम् (अ०)=જલદી.
अराति (पुं०)=શત્રુ, દુશ્મન.
अरि (पुं०)=(૧) દુશ્મન; (૨) પૈડું.
अर्क (पुं०)=સૂર્ય.
अर्गल (न०)=ભોગળ.
अर्च् (१०, ऊ० पूजायाम्)=પૂજવું.
अर्चन (न०)=પૂજા.
अर्चा (स्त्री०)=(૧) પૂજા; (૨) શરીર.
अर्ति (स्त्री०)=પીડા.
अर्थ=પદાર્થ.
अर्पक (वि०)=આપનાર.
अर्यमन् (पुं०)=સૂર્ય.
अलक (पुं०)=વાળ, કેશ.
अलम् (अ०)=અત્યંતતાવાચક અવ્યય.
अलङ्घन (वि०)=નહિ ઓળંગવા લાયક.
अलिन् (पुं०)=ભમરો.
अलीक (वि०)=અસત્ય.
अव् (१, प० रक्षण-गति-कान्ति-प्रीति०वृद्धिषु)=રક્ષણ કરવું.
अवदात (वि०)=નિર્મળ.
अवन (न०)=રક્ષણ, બચાવ.
अवम (न०)=પાપ.
अवान (वि०)=નહિ કરમાઇ ગયેલું, તાજું.
अव्याहत (वि०)=નિર્બાધિત.
अशक्य (वि०)=અસંભવિત.
अशुभ (वि०)=ખરાબ.
अस् (२, प० भुवि)=હોવું, થવું.
अस् (४, प० क्षेपणे)=ફેંકવું.
अस (पुं०)=ફેંકવું તે.
असत् (वि०)=ખરાબ.
असम (वि०)=નિરૂપમ.
असमान (वि०)=નિરૂપમ.
असङ्गता (स्त्री०)=નિઃસંગતા.
असि (पुं०)=તરવાર.
असु (पुं०)=પ્રાણ.
असुमत् (वि०)=પ્રાણી.
अस्त्र (न०)=અસ્ત્ર.
अस्थि (न०)=હાડકું.
अस्मद् (स०)=પ્રથમ પુરૂષવાચક સર્વનામ.
अहित (पुं०)=શત્રુ.
अहो (अ०)=અહો.

आ

आ (अ०)=મર્યાદાવાચક અવ્યય.
आगम (पुं०)=સિદ્ધાન્ત.
आगस् (न०)=પાપ.
आजि (स्त्री०)=લડાઇ.
आज्ञा (स्त्री०)=આદેશ.
आढ्य (वि०)=યુક્ત.
आत्मन् (पुं०)=જીવ.
आदर (पुं०)=ખંત.
आदि (वि०)=શરૂઆત.
आधि (स्त्री०)=માનસિક પીડા.
आनक (पुं०)=દુંદુભિ, નગારૂં.
आनन (न०)=મુખ.
आनन्द (पुं०)=આનન્દ, હર્ષ.
आप् (५, प० व्याप्तौ)=મેળવવું.
आप (न०)=જલનો સમૂહ.
आपद् (स्त्री०)=કષ્ટ.
आपस् (न०)=જળ.
आभा (स्त्री०)=(૧) કાન્તિ; (૨) મળતાપણું.
आभोग (पुं०)=વિસ્તાર.
आमर (वि०)=દેવ-સંબંધી.
आमोद (पुं०)=સુગંધ.
आम्र (पुं०)=આંબો.
आय (पुं०)=લાભ.

आयति (स्त्री०)=ભવિષ્યકાળ.
आरम्भ (पुं०)=શરૂઆત.
आरात् (अ०)=દૂરથી.
आराम (पुं०)=બાગ.
आर्त (स्त्री०)=પીડિત.
आर्हती (स्त्री०)=તીર્થંકરના સંબંધી.
आलय (पुं०)=ગૃહ.
आलि (स्त्री०)=શ્રેણિ, હાર.
आवली (स्त्री०)=પંક્તિ.
आशय (पुं०)=આશ્રય, આધાર.
आशु (अ०)=જલદી.
आस् (२, आ० उपवेशने)=બેસવું.
आसन (न०)=આસન.
आस्था (स्त्री०)=શ્રદ્ધા, આકીન.
आहव (न०)=લડાઇ.

इ

इ (२, प० गतौ)=જવું; उदि=ઉગવું.
इति (अ०)=એમ.
इन्दु (पुं०)=ચન્દ્ર.
इन्द्र (पुं०)=(૧) સુરપતિ; (૨) મુખ્ય.
इव (अ०)=જેમ.
इह (अ०)=અહિંઆં.

ई

ईक्ष् (१, आ० दर्शने)=જોવું.
ईड् (२, आ० स्तुतौ)=સ્તુતિ કરવી.
ईति (स्त्री०)=ઉપદ્રવ.
ईप्सित (वि०)=મેળવવા ઇચ્છેલ.
ईरण (न०)=પ્રેરણ.
ईश (पुं०)=(૧) સ્વામી; (૨) મહાદેવ; (૩) તીર્થંકર.
ईशिनी (स्त्री०)=સ્વામિની.
ईश्वर (पुं०)=નાથ.
ईहित (न०)=ચેષ્ટિત.

उ

उग्र (वि०)=તીવ્ર.
उचित (वि०)=યોગ્ય.
उच्चैस् (अ०)=ઉચ્ચ પ્રકારે.
उज्ज्वल (वि०)=ઉજળું.
उज्झ् (६, प० उत्सर्गे)=છોડી દેવું.
उत्कर (पुं०)=ઢગલો.
उत्तम (वि०)=શ્રેષ્ઠ.
उत्तारक (वि०)=તારનાર.
उदक (न०)=જળ.
उदधि (पुं०)=સમુદ્ર.
उदन्वत् (पुं०)=દરિયો.
उदय (पुं०)=ઉદય.
उदर (न०)=મધ્ય ભાગ.
उदित=(૧) ઉગેલ; (૨) કથેલ.
उदार (वि०)=મુખ્ય.
उद्भव (पुं०)=ઉત્પત્તિ.
उन्नति (स्त्री०)=સમૃદ્ધિ.
उपताप (पुं०)=સંતાપ.
उपमा (स्त्री०)=સરખામણી.
उपमान (न०)=ઉપમા.
उपरि (अ०)=ઉપર.
उपलम्भ (पुं०)=આક્ષેપ.
उपाय (पुं०)=ઉપાય.
उरु (वि०)=વિશાળ.

ऋ

ऋजिम=સરલતા.
ऋण (न०)=દેવું.
ऋत (न०)=સત્ય.
ऋत (वि०)=અભ્યાસ કરવા લાયક.
ऋद्धि (स्त्री०)=સંપત્તિ, વૈભવ.

ए

एकधा (अ०)=એક રીતે.
एधन (न०)=વૃદ્ધિ.
एनस् (न०)=પાપ.
एव (अ०)=જ.
एवम् (अ०)=આવી રીતે.

ओ

ओघ (पुं०)=સમૂહ.
ओजस् (न०)=બળ.

क

क (न०)=(૧) જલ; (૨) મસ્તક.
कज (न०)=કમલ.
कण (पुं०)=અંશ.
कथञ्चित् (अ०)=મહા મહેનતે.

कनक (न०)=સોનું.
कमल (न०)=કમળ.
कम्प्र (वि०)=અસ્થિર.
कम्र (वि०)=મનોહર.
कर (पुं०)=કિરણ.
कर (वि०)=કરનાર.
करण (न०)=ઇન્દ્રિય.
कराल (वि०)=ઊંચા.
कल (वि०)=મનોહર.
कलश (पुं०)=કળશ.
कलुष (न०)=પાપ.
कवि (पुं०)=(૧) કાવ્ય રચનાર; (૨) પંડિત.
कस् (१, प० गतौ)=જવું; विकस्=વિકાસ પામવું.
कानन (न०)=વન.
कान्त (वि०)=મનોહર.
कान्ता (स्त्री०)=સ્ત્રી.
कान्तार (न०)=વન.
कान्ति (स्त्री०)=પ્રભા, તેજ.
काम (पुं०)=કંદર્પ, મદન.
कामित (वि०)=વાંછિત, ઇચ્છેલો.
काय (पुं०, न०)=દેહ.
कार (वि०)=કરનાર.
कारिन् (वि०)=કરનાર.
कार्मुक (न०)=ધનુષ્ય.
काल (पुं०)=યમ.
काली (स्त्री०)=**કાલી** (વિદ્યા-દેવી).
किन्नर (पुं०)=એક જાતનો વ્યંતર દેવ.
किम् (अ०)=શા માટે.
किम् (स०)=કોણ.
कीर्ति (स्त्री०)=આબરૂ.
कु (अ०)=ખરાબવાચક શબ્દ.
कुण्डिका (स्त्री०)=(૧) કમણ્ડળુ; (૨) દાહ કરનારી.
कुन्त (पुं०)=ભાલો.
कुन्थु (पुं०)=જૈનોના સત્તરમા તીર્થંકર.
कुन्द (न०)=મોગરાનું ફુલ.
कुमत (न०)=દુષ્ટ સિદ્ધાન્ત.
कुमुद (न०)=ચન્દ્રવિકાસી કમલ.
कुल (न०)=સમુદાય.
कुवादिन् (वि०)=ખોટા તર્ક ઉઠાવનાર.
कुश (न०)=જળ.
कुशल (वि०)=ચતુર.
कुशेशय (न०)=કમળ.
कुसुम (न०)=પુષ્પ, ફૂલ.
कुसुमबाण (पु०)=કામદેવ.
कूप (पुं०)=કુવો.
कृ (८, उ० करणे)=કરવું.
कृच्छ्र (न०) કષ્ટ.
कृत् (वि०)=કરનાર.
कृतान्त (पुं०)=(૧) યમ; (૨) સિદ્ધાન્ત.
कृति (स्त्री०)=કાર્ય.
कृत्स्न (वि०)=સંપૂર્ણ.
कृश (वि०)=અલ્પ.
कृशानु (पुं०)=અગ્નિ.
केवल (न०)=કેવલજ્ઞાન.
कोकनद (पुं०)=રક્ત કમળ, રાતું પોયણું.
कोप (पुं०)=ક્રોધ, ગુસ્સો.
कोमल (वि०)=કોમળ.
क्रम (पुं०)=ચરણ.
क्लेश (पुं०)=ખેદ.
क्षण (पुं०)=(૧) મહોત્સવ; (૨) પળ.
क्षम (वि०)=સમર્થ.
क्षमा (स्त्री०)=માફી.
क्षय (पुं०)=નાશ.
क्षामता (स्त्री०)=ક્ષીણપણું.
क्षिति (स्त्री०)=નાશ.
क्षीजन (न०)=અવ્યક્ત શબ્દ.

ख

ख (न०)=આકાશ.
खचित (वि०)=વ્યાપ્ત.
खण्डिका (स्त्री०)=નાશ કરનારી.
खनि (स्त्री०)=ખાણ.
खर (वि०)=તીક્ષ્ણ.
ख्याति (स्त्री०)=કીર્તિ, આબરૂ.

ग

गण (पुं०)=સમુદાય.
गद् (१, प० व्यक्तायां वाचि)=કહેવું.
गद (पुं०)=રોગ.
गदा (स्त्री०)=ગદા.
गभीर (वि०)=ઊંડી.
गम् (१, प० गतौ)=જવું.

गम (पुं०)=સમાન પાઠ, આલાપક.
गम्य (वि०)=મેળવી શકાય તેવો.
गरुड (पुं०)=ગરૂડ.
गर्भ (पुं०)=મધ્ય ભાગ.
गल् (१, प० भक्षणे स्रावे च)=પડવું.
गान्धारी (स्त्री०)=ગાન્ધારી (વિદ્યા-દેવી).
गिर् (स्त्री०)=વાણી.
गिरि (पुं०)=પર્વત.
गीर्वाणता (स्त्री०)=દેવપણું.
गुण (पुं०)=ગુણ.
गुपिल (वि०)=ગહન.
गुरु (वि०)=મોટું.
गृह (न०)=ઘર.
गो (स्त्री०)=વાણી.
गोधा (स्त्री०)=એક જાતનો સાપ, ઘો.
गौर (वि०)=ધોળું.
गौरी (स्त्री०)=ગૌરી (વિદ્યા-દેવી).
ग्राम (पुं०)=ગામ.

घ

घण्टा (स्त्री०)=ઘંટ.
घन (पुं०)=મેઘ.
घन (वि०)=ગાઢ.
घनाशनी (स्त्री०)=વજ્ર.
घर्म (पुं०)=તાપ.
घस्मर (वि०)=ભક્ષણશીલ.
घातक (वि०)=હણનાર.

च

च (अ०)=અને.
चन्द्र (पुं०)=ચન્દ્ર.
चन्द्रप्रभ (पुं०)=જૈનોના આઠમા તીર્થંકર.
चमू (स्त्री०)=લશ્કર, ફોજ.
चर (वि०)=હાલતું ચાલતું.
चरण (न०)=પગ.
चामर (पुं०, न०)=ચામર.
चारु (वि०)=મનોહર.
चि (५, उ० चयने)=એકઠું કરવું.
चिति (स्त्री०)=સમુદાય.
चित्त (न०)=મન.
चिर (वि०)=લાંબા કાળનું.

चिरम् (अ०)=લાંબા કાળ સુધી.
चेत् (अ०)=જો.
चेतस् (न०)=મન.
चोर (पुं०)=ચોર.
च्यु (१, आ० गतौ)=પડવું.

छ

छद (पुं०)=પત્ર, પાંદડું.
छवि (स्त्री०)=શોભા.
छिद् (७, उ० द्वैधीकरणे)=કાપવું.
छुरित (वि०)=વ્યાપ્ત.

ज

जगत् (स्त्री०)=દુનિયા.
जन् (४, आ० प्रादुर्भावे)=ઉત્પન્ન થવું.
जन (पुं०)=લોક.
जनता (स्त्री०)=લોક.
जननी (स्त्री०)=માતા.
जन्म (न०)=જન્મ.
जन्मन् (न०)=જન્મ.
जन्तु (पुं०)=જીવ.
जय (पुं०)=જીત.
जय्य (वि०)=જીતી શકાય એવો.
जल (न०)=પાણી.
जलद (पुं०)=મેઘ.
जलधि (पुं०)=સમુદ્ર.
जात (न०)=સમૂહ.
जाति (स्त्री०)=જન્મ.
जाल (न०)=સમૂહ.
जि (१, प० जये)=જીતવું.
जिन (पुं०)=(૧) તીર્થંકર; (૨) સામાન્યકેવલી.
जीव (पुं०)=જીવ, પ્રાણી.
जुष् (६, आ० प्रीतिसेवनयोः)=સેવવું.
जेय (वि०)=જીતવા લાયક.
जैन (वि०)=જિન-સંબંધી.
ज्यायस् (वि०)=વધારે મોટું.
ज्वल् (१, प० दीप्तौ)=બળવું.
ज्वलन (न०)=અગ્નિ.
ज्ञानिता (स्त्री०)=જ્ઞાનિપણું.

त

तडित् (स्त्री०)=વીજળી.
तत (वि०)=વિસ્તીર્ણ.
तत्त्व (न०)=સાર.
तद् (स०)=તે.
तन् (८, ऊ० विस्तारे)=વિસ્તાર કરવો.
तनिष्ठ (वि०)=અત્યન્ત અલ્પ.
तनु (स्त्री०)=દેહ.
तनु (वि०)=અલ્પ.
तमस् (न०)=(૧) અંધકાર; (૨) અજ્ઞાન.
तमाल (न०)=તમાલ વૃક્ષ.
तरु (पुं०)=વૃક્ષ, ઝાડ.
तरुण (वि०)=નૂતન.
तल (न०)=તળિયું.
